પી. પી. સવાણી ગ્રુપ

દીકરીઓના
વહાલ અને વેદનાના
પત્રો

ભોજલરામ
મોવલીયા પરિવાર

# પારેવડી

તા. ૨૪/૧૨/૨૦૧૭, રવિવાર

**પારેવડી છું હું...**

'**પાપા**' તમારા ફૂલ સમા બાગને,
રડતો મૂકી એક દિવસ ઉડી જઈશ હું.

હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી સહિત
તમામ જ્ઞાતિઓની
**૨૫૧ વહાલી દીકરીઓનો**
ભવ્ય લગ્ન સમારોહ...

પી. પી. સવાણી ગ્રુપ

"દીકરીઓના
વહાલ અને વેદનાના
પત્રો"

મોવલીયા પરિવાર

# પારેવડી

RUDRA
PUBLICATION
...publishing positivity...

25/B, Govt. Society, B/h, Municipal Market.
Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Ph. : 079-26447393 • Mobile : 098259 25947

rudrapublication1@gmail.com
inforudrapublication@gmail.com
www.rudrapublication.com
Buy online www.clickabooks.com

**For Home Delivery : Mobile : +91-99241 43847**

# પારેવડી - ૨૦૧૭

'દીકરીઓના વહાલ અને વેદનાના પત્રો'

**કિંમત રૂ. ૨૦૦/-**


પી.પી.સવાણી ગ્રૂપ

**શિક્ષા સાગર**

RNI No.: GUJGUJ/2006/21077

**શૈક્ષણિક ક્ષેત્રનું અખબાર**

બાળકોના જીવનમાં ભણતર સાથે ગણતર આપતું
અને શિક્ષણ સાથે સંસ્કાર આપતું એક માત્ર
અખબાર એટલે શિક્ષા સાગર.

**: Printing :**
Shiksha Sagar
+91 9825108550

**: Publisher :**
P. P. Savani Group & Movaliya Family



**: Address :**
Mitul Squre
4th Floor, B/h. Rahul Raj Mall,
Vesu, Surat.
Ph.No. +91 73838 77000

# "પારેવડી"





અર્પણ

પૂજ્ય બા - બાપુજી
ને અર્પણ
શ્રી વલ્લભભાઈ પી. સવાણી અને શ્રીમતી અંજવાળીબહેન સવાણી

## પ્રસ્તાવના

આ પુસ્તકનો હેતુ કોઈ માર્કેટિંગ કે પ્રસિદ્ધિનો નથી ને નથી કોઈ કમાણીનો... પી.પી.સવાણી ગ્રુપ અને મોવલીયા પરિવાર આયોજિત "પારેવડી" લગ્ન સમારોહના ૨૪/૧૨/૨૦૧૭ના શુભ અવસરે આ પુસ્તક પબ્લિશ કરવાનો જો કોઈ મારો ધ્યેય હોઈ તો એક માત્ર સમાજને લાગણી તેમજ સંવેદનાશીલતા અનુભૂતિ કરાવવાનો છે કે આ પત્રો વાંચી સમાજમાં લોકોના હદયમાં દીકરી પત્યેની સહાનુભૂતિ પ્રગટ થાય.

આમ તો આ મારી તમામ દીકરીઓના "પત્રો" હું પુસ્તકરૂપે આપવા ઈચ્છતો જ ન હતો પરંતુ સમાજના ઘણા વિદ્વાનોએ મને આ પત્રોનું પુસ્તક બનાવી સમાજ સમક્ષ રાખવા પ્રેરિત કર્યો. જેનો હેતુ ફક્ત સમાજને પ્રેરણા આપવાનો છે.

અત્યાર સુધીમાં પી. પી. સવાણી પરિવાર ૯૬૦ દીકરીઓના લગ્ન કરાવી ચુક્યો છે અને ચાલુ વર્ષે "પારેવડી" લગ્ન સમારોહમાં અમારી ઓફિસે પિતા ગુમાવનાર દીકરીઓના ૬૦૦થી વધુ લગ્ન ફોર્મ ભરાયાં હતાં, જેમાંથી ૨૫૧ લગ્ન નિર્ધાર્યા છે. ૬૦૦ લગ્ન ફોર્મ ભરાયાં એ કઈ ગર્વ કરવા જેવી વાત નથી પરતું સમાજનું દુર્ભાગ્ય કહેવાય. અમારો પ્રયત્ન એ જ છે કે આ ફોર્મ ભરાવવાની સંખ્યા વખતોવખત ઓછી થતી જાય, એ ત્યારે જ શક્ય થશે કે જયારે લોકો એકબીજાની આંગળી પકડતા થશે, પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓને તેમના જ કાકા-બાપાના ભાઈઓ, સગા-સંબધીઓ પાસેથી હૂફ અને સહારો પ્રાપ્ત થઇ શકશે, જો આ પુસ્તક વાંચવાથી કોઈ એક પરિવાર તેમના જ સગા-સંબધીઓ કે તેમના ગામ-સોસાયટીઓમાંથી આવી કોઈ એક દીકરીની પણ લગ્નની જવાબદારી ઉપાડશે તો પણ આ પુસ્તક સાર્થક થશે.

આજ સુધીમાં સાસરે વળાવેલી બધી દીકરીઓની એક વાત ખુબ સામાન્ય જોવા મળી છે કે જ્યારે કોઈ દીકરી તેના પિતા ગુમાવે છે ત્યારે સગાં-સંબંધી પહેલાં 2/3 મહિના તો ખુબ જ સલાહ-સૂચનો અને દેખીતી હૂંફ આપે છે પરંતુ ત્યાર બાદ ધીરે ધીરે દૂર થતા જાય છે. જાણે અંદરથી તેઓને ભય રહેતો હશે કે આ દીકરીની જવાબદારી ક્યાંક મારા માથે ન આવી જાય. પરતું હું જાણું છું કે આ દીકરીઓને તમારી મિલકત નથી જોઈતી હોતી ફક્ત તમારી હુંફ અને લાગણીની જરૂર છે ધામધૂમથી લગ્ન કરવો

તો જ જવાબદારી પૂરી પડી શકાય એવું નથી પરતું તમે આ દીકરીઓના લગ્નમાં ફક્ત સમય ફાળવી તેમની સાથે ઊભા રહેશો તો પણ આ દીકરી ને તેમના સ્વર્ગવાસ પામેલ પિતાનો ખાલીપો નહીં સતાવે અને દીકરીને વિદાય સમય થશે કે મને વળાવવા મારું આખું ગામ મારી સાથે આવ્યું અને હેતે હેતે સાસરીયે જશે...

આજે ૯૬૦ દીકરીઓને પી.પી. સવાણી ગ્રુપે સાસરે વળાવી આ દીકરીઓની સગી બહેનો સહિત કુલ ૨૦૦૦થી વધુ દીકરીઓ મને "પપ્પા" કહીને બોલાવે છે તેનો મને ગર્વ છે. આ કાર્યમાં સમાજમાંથી ઘણા લોકો મને હુંફ અને સહકાર આપે છે કે અને આગળ પણ આ કાર્ય કરતું રહેવાની હિમ્મત પૂરી પાડે છે એવા "દિશા" ચિંધનારાઓને હું આભાર માનું છું અને ખુબ જ વંદન કરું છું. ખાસ શ્રી બટુકભાઈ ફૂલાભાઈ મોવલીયાને કે જેમને મને કહ્યું કે "તમે કોઈ પણ દીકરીઓને લગ્ન ફોર્મ માટે ના નહી કહેતા જે સ્વીકારી લેજો." જેથી આ વર્ષે ૧૨૫ દીકરીઓના તમામ લગ્નખર્ચની જવાબદારી બટુકભાઈ એ ઉપાડી છે, હું વંદન કરું છું તેમના વિચારોને કે જેમને આ કાર્યમાં દર વર્ષ માટે પી.પી. સવાણી ગ્રુપ સાથે સહભાગી થયા. આ પુસ્તક વાંચી ને બટુકભાઈ જેમ અમારી સાથે આ કાર્ય માં જોડાયા એવી જ રીતે આવતા વર્ષ માટે સુરેશભાઈ લખાણી (મારુતિ ઈમ્પેક્ષ) અને વર્ષ ૨૦૧૯ માટે દિલીપભાઈ અને વિનોદભાઈ રવાણી (રવાણી ડેવલોપર્સ) જોડાયા છે જેનો અમને ખુબ જ આનંદ છે અને ઈચ્છીએછીએ કે વધુ ને વધુ લોકો આવા કાર્યો કરે અને સમાજમાંથી પિતાનું છત્ર ગુમાવનાર નિર્દોષ દીકરીઓને હુંફ મળી રહે અને એક સુંદર સમાજનું નિર્માણ થાય.

**- મહેશ સવાણી.**

**(પી.પી.સવાણી ગૃપ)**



# સવાણીની સરવાણી,
# સગપણનું ગળપણ....

■ જય વસાવડા

વિધાતાએ દીકરી ઘડીને ત્યારે ખૂબ ખંતે
કસબી હાથેથી એણે કરી કમાલ !
રૂપનો અંબાર કરું, મીઠપ અપાર ભરું
ખજાનો ખુટાડી કરું મલકને ન્યાલ.
દેવીયું કનેથી માંગી લીધો મલકાટ
અને મધરાતે માપી સીમાડા સુદૂર,
ચપટીક રજ લીધી નક્ષત્ર તણી
અને દીકરીની આંખે ભર્યાં દમકતાં નૂર.
સાકરનો લઈને સવાદ એણે દીકરીમાં
તજ ને લવિંગ વળી ભેળવ્યાં જરીક,
સૂરજનાં ધોળાં ફૂલ હાસ ને ઉલ્લાસ દીધાં
જોઈ કારવીને કીધું, હવે કાં'ક ઠીક.
વિધાતાએ દીકરી ઘડીને વળી જોઈ જોઈ
વારે વારે હસું હસું થાય એનું મુખ
હૈયે એને હાશ, હર માવતર કાજે ધર્યું
હર્યુંભર્યું હેત, નર્યું નીતર્યું આ સુખ.

- મકરન્દ દવે

દીકરી એટલે ઘરનું ઢાંકણ. દીકરી એટલે માનું વિસ્તરણ. દીકરી એટલે પરમાત્માએ પૃથ્વી પર મોકલેલી પરીઓ. દીકરી એટલે કીર્તિ, દીપ્તિ, જ્યોતિ, ભક્તિ, પ્રીતિ, નીતિ, શક્તિ, સન્મતિ !

મહેશ સવાણી સંસારના સુખી માણસોમાંના એક છે. કારણ કે એ બીજાની જિંદગીને સુખી બનાવવામાં સતત પ્રવૃત્ત છે. નર્યું નીતર્યું સુખ એ દર વર્ષે સેંકડો બાપ વિનાની દીકરીઓનું ભવ્યાતિભવ્ય કન્યાદાન કરીને મેળવે છે. આટલી દીકરીઓનું દુઆ લેનાર બાપ એટલે સુરતમાં સેવા માટે સુખનું સરનામું. સ્નેહગાંઠે બંધાયેલા આ પિતામાં વિચાર અને વહાલનો અનોખો સમન્વય થયેલો છે. એઈડ્સગ્રસ્ત બાળકોથી શરૂ કરીને વડીલોની વંદના કરવા હરહંમેશ હાજર મહેશભાઈ આખા ગુજરાતમાં ઓળખાય છે - નાતાલ પર થતાં એમના સમૂહલગ્નના ટનાટન આયોજનથી. સગો બાપ પણ ન કરે એવી ધામધૂમથી દરેક વર્ગ, સમાજ, જ્ઞાતિ, ધર્મની દીકરીઓને મહેશભાઈ બાપની હૂંફ સાથે શિયાળાની ગુલાબી ઠંડીમાં વિદાય આપે. પણ એ સાથે સંબંધ પૂરા ન થાય. નવા રળિયામણા રિશ્તાની શરૂઆત થાય. એ જ દીકરીઓના હરવા ફરવા ઉપરાંત સાંસારિક સુખ દુઃખમાંય મહેશભાઈ વહાલનો વડલો બનીને છાંયડો આપતા રહે!

હું લગભગ નિયમિતપણે થોડાં વર્ષોથી એમના કાર્યક્રમમાં હાજર હોઉં છું. સામાન્ય સંજોગોમાં આપણા આંગણે અવસરમાં ન આવે એવા મહેમાનો મહેશભાઈના નોતરે હોંશે હોંશે આ સમૂહલગ્નમાં હાજર રહે. કિલોમીટરો લાંબી તો લાઈનો હોય કારની! દીદી ઋતંભરાજી ખાસ આવે. એમની સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ મહેશભાઈ ખાબો આપીને ટેકો બને. ગુજરાત અને ભારતના સ્ટેજ પર સમાય નહિ એમ આભના સિતારા જેવી હસ્તીઓ આ પ્રસંગે પોંખવા માટે હાજર રહે. સમૂહલગ્નના કોન્સેપ્ટની શરૂઆત સુરતમાં કાનજીભાઈ ભાલાળા જેવા મિત્રોએ કરી, તો મહેશભાઈએ એને એક નવી ઊંચાઈ આપી. આટલી ભીડ છતાં વ્યવસ્થા ને ભોજન ટકોરાબંધ. અરે, અત્યાર સુધીમાં જેટલી દીકરીઓને એમણે સાસરે વળાવી, એ દરેકના સંપર્કમાં ખુદ મોબાઈલ ફોનથી સતત રહે. માત્ર અવસર પૂરતા નહીં, પણ સમગ્ર જીવતર પૂરતા પિતા એટલે મહેશ સવાણી.

મૂળ તો શિક્ષણના જીવ. પોતે એન્જિનિયરિંગ ભણ્યાને ડાયમંડથી રિયલ એસ્ટેટમાં કમાયા,પછી આજે ય મેં નજરે એમને વતનના ગામડાની શાળામાં સહાયરૂપ

બનવા રૂબરૂ જતા જોયા છે. સરળતા, સંતોષ, સ્મિત, સારપને સેવા એનું પંચામૃત એટલે મહેશભાઈનું વ્યક્તિત્વ. ફોન પર પણ એમના અવાજનો ઉમળકો ભીંજવી દે. મળીને છોટા પડે પછી ય એમનો હસતો ચહેરો આપણી આંખોની આસપાસ મલક્યા કરે. પોઝિટિવિટીની રિયાલિટી એટલે મહેશ સવાણી. મેં એમના જ આ કાર્યક્રમમાં ગત વર્ષે કહેલું કે મહેશભાઈએ જેટલી દીકરીઓના લગ્ન - નિકાહ ( હા, આમાં મુસ્લિમ દીકરીઓ પણ હોય છે) કરાવ્યા છે, ને દર વર્ષે જે રીતે કરાવી રહ્યા છે. એ જોતાં આ દીકરીઓનો પરિવાર વિસ્તરશે ત્યારે આખું એક સવાણીનગર ગામ વસાવી શકશે !

આખો પરિવાર સુખ્યાત સવાણી સ્કૂલ્સથી તો વિખ્યાત જ. બાપુજી તરીકે ઓળખાતા એમના સમર્થ પિતા વલ્લભભાઈ સવાણીએ તો હાર્ટ ઈન્સ્ટિટયુટથી ઘણા સામાન્ય માણસોના દિલની અસામાન્ય સારવાર કરી છે અને દીકરી-જમાઈના દિલને જોડવાનું સેતુરૂપ કામ મહેશભાઈ કરી રહ્યા છે. સુરતની આ જ તો લાક્ષણિકતા છે. અહીં પોલિશ થતા ડાયમંડ ભલે બેશકીમતી ગણાય, ખરા અમૂલ્ય તો આ માનવરત્નોનો ઝળહળાટ છે.

અને મહેશભાઈ તો નોખા-અનોખા પ્રયોગનો યોગ કરે એવા ઈન્સાન. એમણે ભારતભરમાં અજોડ અને અનુકરણીય એવો 'પાંચમો ફેરો' એ આ લગ્નોમાં કરાવે છે. જેમાં સાસુ-સસરાએ પુત્રવધૂને દીકરી ગણવાના શપથ લેવાના હોય છે! વાહ! મેં કહેલું જ કે, આપણે એક નવો મોબાઈલ ફોન લઈએ એમાં જૂના ફોનનો ડેટા ટ્રાન્સફર કરીએ ત્યારે ધીરજ રાખવી પડે છે. થોડાક મહિનાના ડેટામાંય જરાક કાળજી ન રાખો ને વચ્ચે વચ્ચે જોયા-સ્પર્શ્યા કરો તો મોબાઈલ હેંગ થઈ જાય. તો પછી વર્ષો સુધી સાવ જુદા જ વાતાવરણમાં જુદા જ સ્નેહીઓ સાથે, જુદી જ ખાણીપીણી, રહેણી-કહેણી સાથે ઉછરેલી કન્યા ઘરમાં વહુ તરીકે આવે, ત્યારે એને સેટ થવા ને એડજસ્ટ થવા થોડો સમય આપવો જોઈએ. આ ભાવના મહેશભાઈના પાંચમા ફેરામાં ચરિતાર્થ થાય છે.

અને આ સંપાદન. પત્રનું વિશ્વ આજે વોટ્સએપ મેસેજીઝની બે બ્લ્યુ ટિકમાં સમાઈને સંકોચાઈ ગયું છે, ત્યારે આ પ્યારી દીકરીઓ દર વખતે એમના ડીઅર ડેડી બનેલા પપ્પા મહેશભાઈને કેવા કેવા ભાવસભર પત્રો લખે છે! એમાં અંતરના સમંદરની મીઠી ભરતીની ચાલક હોય છે. એમાં ભલે ક્યાંક ભાષા સાહિત્યિક ન હોય. પણ મહત્વ લાગણીનું હોય છે. જોડણીનું નહિ! સંવેદનાને વેદનાને મોકળા મને ઠાલવી શકાય એવા હૈયાંની અછત તો રણમાં પાણીની અછત કરતાં વધુ તરસ પેદા કરે એમ છે. આ

સંગ્રહોમાં છપાય છે, એ કેવળ ડોટર્સ લેટર્સ નથી. એ દિલના દસ્તાવેજ છે. પ્રેમના પુરાવા છે. માણસાઈનાં મહાકાવ્યો છે. મહેશભાઈ પોતાના સ્વભાવને ભાવથી ભીનો રાખે છે, એટલે દીકરીઓની લીલીછમ હરિયાળી હંમેશાં ત્યાં મહોરતી રહે છે.

આ પત્રોમાં કોયલના ટહૂકા ને ચાંદનીના વાટકા છે. સુગંધી સપનાને વિપદની વેદના છે. અરમાનોનો ઉમંગને સ્ત્રીની ઋજુતાના તરંગ છે. આવતીકાલની આશા અને વીતેલા સમયનાં સ્મરણોની પુષ્પ પાંદડીઓ છે. એમાં અક્ષરની આંગળીએ છલકાતો આભાર છે. એમાં પીડાથી ખદબદતી પૃથ્વીમાં એક માણસની મદદે ચમકાવેલા આનંદના આભલા છે. એમાં આકાશના સિતારાઓ ને ઉછળતા ઝરણાની અલ્લડ અદાઓ છે. એમાં શુભમંગલના  ગુલાબ અને શકુંતલાની સાથે વનમાં રમતાં હરણનાં બચ્ચાં જેવી માસૂમિયત છે.

આ બધામાંથી પસાર થતા યાદ આવે કે, અમેરિકાના સુખ્યાત ટેનિસ ખેલાડી આર્થર એશે એની પુત્રી કેમેરાને લખેલા પત્રમાં પરિવાર ને સંસ્કૃતિ વિષે શું લખેલું.... એ લખે છે : “મોટા વૃક્ષના જીવનનું રહસ્ય તેની શક્તિ, તેના મૂળની આ ઊંડાઈ છે. ખાસ કરીનેએવાં મૂળ જેણે ઘણા સમય પહેલાં પ્રથમ અંકુરિત થઈને ધરતીમાં ઊંડે ઊંડે સ્થાનજમાવ્યું હતું. ક્યાંય પણ તું ભવ્ય વૃક્ષ જુએ તો તું જોઇશ કે તે વૃક્ષેટકી રહેવા માટે ઝઝૂમવું પડ્યું હતું, આમથી તેમ ઝોલાં ખાવાં પડ્યાં હતાં. પરિવાર જગતની બધી જ સંસ્કૃતિમાં કેન્દ્રસ્થાને છે. બેટા, તું આ પુસ્તક હાથમાં લે અને વાંચે ત્યારે અથવા ગડથોલિયુંખાઈને પડી જાય ત્યારે અને ફરીથી તું ઊભી શકીશ કે નહીં તે જાણતી ન હો ત્યારેમને યાદ કરજે. હું તને જોઇ રહ્યો હોઇશ, સ્મિત કરી રહ્યો હોઇશ અને તનેપ્રોત્સાહન આપતો હોઈશ.” હું જાણું છું કે મહેશભાઈની પણ આ જ લાગણી છે.

વિશ્વવિખ્યાત ગુજરાતી વાર્તા ‘પોસ્ટ ઓફિસ’માં પુત્રીના પત્રની રાહ જોતા કોચમેન અલી ડોસાની આંખમાં આંસુ હતા. પણ મહેશભાઈ સવાણીના આ લગ્નયજ્ઞમાં તો હેત ને સ્મિત તણા તુલસીક્યારા છે. આ નિમિત્તે આ દીકરીઓને દાંપત્યજીવન માટે ય આજની ભાષામાં કશુંક શેર કરવું છે.

***

કેન્ડલ લાઈટ ડિનર વેચાતું મળે છે. પણ સપનાની પેલે પાર પ્રેમની આપ-લેની સમજણ ક્યાંથી વેચાતી મળશે ? કોઈ પણ બ્યુટીફૂલ લવ રિલેશનશિપનું રેડ રોઝ ખાતર,

પાણી અને માટી માંગી લે છે. માટી છે: અન્ડરસ્ટેન્ડિંગ, પાણી છે: ટ્રસ્ટ, ખાતર છે: કેર! આ ત્રણ બાબતો વિના લવસ્ટોરીમાં સ્ટોરી જ રહે, લવ નહિ!

કામ કરતી હથેળી હંમેશાં થોડી બરછટ હોવાની. પસીનાની ગંધ હંમેશાં પરફ્યુમને ઓવરટેઇક કરી જવાની. સુંવાળપ દિલની શોધવાની છે. મહેક લાગણીની સૂંઘવાની છે. ફિલ્મી પડદે- સ્ટાઇલ મારતા 'માચો મેન' સ્ટાઇલના કૂલ જવાનિયા બાઇક, ગોગલ્સ, ટ્રેન્ડી આઉટફિટ્સ સાથે ઊભા જ છે. કૂલ બેબ્સ એમની અદાઓથી હોટ થઈ જાય છે. આ છે અસલી મર્દ, પ્રિન્સ ચાર્મિંગ, એવી ભ્રમણા એને વ્હાલી લાગે છે. એટલે સ્તો રખડુમવાલી ચેલેન્જ લાગે છે. એમની સ્માર્ટ કૉમેન્ટ્સ અને 'ચીકની ચૂપડી બાતે' જેવી સ્વીટ ટોક એટ્રેક્શન ઊભું કરે છે. ઓહ હી ઈઝ સો ફની! હી ઈઝ સો ગ્લેમરસ !

અરે, જોકબૂક કે ફેશન મેગેઝિન ખરીદવાનું નથી. લાઈફનો સવાલ છે પણ છતાં ય નિહાળજો- તમારી આસપાસ પરિણીત પુરુષોને, ગામના ઉતાર જેવા ક્રિમિનલ્સને કોઈ સીધાસાદા શાંત સરળ ભોળા પુરુષ કરતાં વધુ ગર્લફ્રેન્ડ્સ હશે ! એડવાન્ટેજ : ચલતા પૂર્જા કિસમના પુરુષો. એક સિમ્પલ સી બાત હૈ એ લોકો હંમેશાં સાચા પ્રેમી કરતાં પ્રદર્શનમાં, વાતચીતમાં, એટિટયૂડની શો ઓફફમાં અને ક્રિએશનમાં બે ડગલાં આગળ રહેવાના! કારણ કે, એમને આ ગેઈમનો પૂરતો એક્સપિરિયન્સ છે! એમણે વધુ 'નૅટ પ્રેક્ટિસ' કરી છે. માત્ર પ્યાર પાછળ સમર્પિત થવાની તપસ્યા નથી કરી ! એની સામે ખરો સરળ, નિખાલસ પ્રેમી ભોંદુરામ જેવો જ લાગવાનો! એક્ચ્યુલી, ઓર્ડિનરી લાગતા પણ ભરપૂર પ્રેમ કરતા પુરુષો જ એક્સ્ટ્રા ઓર્ડિનરી છે કારણ કે સાચું, નિર્દોષ, સાફ અને સરળ દિલ પ્લેટીનમ કરતાં પણ દુર્લભ છે.

અરે, મોટા ભાગના પ્રેમસંબંધનું અંતિમ લક્ષ્ય છેઃ લગ્ન! જો પ્રેમમાં પડયા પછી લગ્ન થઈ ગયાં તો સારું. ન થયાં તો ખરાબ. જો લગ્ન થઈ જાય તો મિલ્સ એન્ડ બૂનની પ્રેમકથાઓની સ્ટાઈલમાં 'એન્ડ ધે લિવ હેપીલી એવર આફટર' લખાઈ જાય છે. પછી સમાજને એ પ્રેમી યુગલમાંથી રસ ઓછો થઈ જાય છે. લગ્ન ન થાય તો 'અફસાના'ને મંઝિલ ન મળી એવું માની કોઈ નિરાશ પ્રેમી હાર્ટના થાઉઝન્ડ થાઉઝન્ડ પીસીઝ કલેકટ કરતો કરુણ ગીતો ગાય છે. કોઈ વળી દિલ તૂટયાના બદલામાં રૌદ્રરસમાં આવી, હાથમાં છરી લઈ બેવફા કે મજબૂર પ્રિયજનનું સાચ્ચેસાચું દિલ જ કસાઈની ક્રૂરતાથી ચીરે છે.

પ્રેમમાં સાથે મરી જવું કે મારી નાખવું બહુ સહેલું છે. અઘરું છે સાથે જીવવાનું.

કદી વિચાર્યું છે કે 'ખાધું, પીધું અને રાજ કર્યું' વાળા વાસ્તવિક કે કાલ્પનિક કિસ્સાઓમાં ખાધા, પીધા અને રાજ (કિ તારાજ!) કર્યા પછી શું થતું હશે? હીર-રાંઝાએ જીવતા રહીને લગ્ન કર્યા હોત, તો હીર દળણું લઈને ચક્કીએ જતી હોત? રાંઝા ત્રણ દિવસે આવતા નળમાંથી પાણીની ડોલ ભરતો હોત? રોમિયો- જુલિયેટની આડે વડિલો ન આવ્યા હોત, તો જુલિયેટ ટ્યુશન કરતી હશે? રોમિયો કાળા ચામડાની બેગ લઈને સેલ્સમેનશિપ કરવા નગરી નગરી દ્વારે દ્વારે બસયાત્રા કરતો હશે? શીરીં- ફરહાદનો સંસાર વસ્યો હોત, તો શીરીં ઈડલીનો આથો નાખતી હશે? ફરહાદ ટેલિફોનનું બિલ ભરવા લાઈનમાં ઊભો હશે? લૈલા-મજનૂ જન્નતને બદલે આ જહાનમાં જ સાથે જિવ્યા હોત તો લૈલાએ કછાટો વાળીને સાવરણીથી કરોળિયાના જાળા પાડયા હોત? મજનૂ શિક્ષકની નોકરી કરવા માટે ટ્રસ્ટીઓને લાંચ આપવા લાગવગની ચિઠ્ઠી લઈને ફરતો હોત?

લગ્ન પહેલાં પોતપોતાને ઘેરથી સજીધજીને પાર્કમાં કે થિયેટરમાં મળવાનું હોય છે. ખોળામાં માથું અને વાળમાં આંગળીઓ પરોવી સપનાં જોવાનાં હોય છે.

લગ્ન પછી 'પેકેજિંગ' નીકળી જાય ! હવે ન્હાયા, તૈયાર થયા વિનાનું પ્રિયજનનું બદન પણ સામે આવે છે. પહેલાં પણ ગુસ્સો આવતો, પીડા થતી. એ ખાનગીમાં થતી. એકલા થતી. ઘરની વાતો ઘેર દાટીને પલાયન કરવા પ્રિયજનો સાથે પ્રેમાલાપ કે 'ફોનાલાપ' કે 'ચેટાલાપ' હતો. જાણે બધા દુ:ખોનું સોલ્યુશન ભાવિ જીવનસાથી સાથે જીવવામાં હોય એમ 'ચલો ઈસ દુનિયા સે દૂર આપના ઘર બસાયે'નું ખ્વાબ આવતું.

મૃત્યુ સિવાય આ દુનિયાથી દૂર કોઇ સ્વર્ગીય ટાપુ નથી. જે છે એ આ જિંદગી છે. લગ્ન પછી તમારી અંગત નબળાઈઓ પણ તમારા લાઇફ પાર્ટનર સાથે શેર કરવી પડે છે. એન્ડ વાઈસા વર્સા. અત્યાર સુધી કેવળ પ્લસ પોઈન્ટસ જ હાઈલાઈટ થયા હતા. હવે માઈનસ પોઈન્ટસ ઉજાગર થવા લાગે છે. એ અણધાર્યુ છે. અપેક્ષાભંગ કરનારૂ છે. ઐશ્વર્યા રાયની બ્યુટી પત્ની તરીકે મળી હોય, તો ઐશ્વર્યા પણ ઉલિયું કરવાની છે. સવારે એના મોઢામાં પણ થૂંક ઉભરાઇ શકે છે. હ્રીતિક રોશનની પર્સનાલિટી પતિ તરીકે મળી હોય, તો હ્રીતિકને પણ ગંધાતી ઉલટી થઇ જાય છે. એને પણ પેટમાં ગેસ થતાં વાછૂટ થાય છે. ધેટ્સ રિયાલિટી!

બ્યુટી અને પર્સનાલિટી ખૂબ ખૂબ ગમતી વાત છે. અને એને ઘણું ઘણું મહત્વ

અપાવું જ જોઈએ. પણ ૨૪ કલાકો અને ૩૬૫ દિવસો કાઢવા માટે આટલું જ પૂરતું નથી. સતત સહવાસ અને સારા - નરસા પાસાના પરિચય પછી પતિ - પત્ની હંમેશા મિત્રો - સંબંધીઓ - ઓફિસથી ભાગી શકે છે, પણ એકબીજાથી નહિ! સેકસલાઈફ પણ રૂટિન બને છે. બન્નેને એકબીજાની આદત પડતી જાય છે બંને એકબીજાને 'ટેકન ફોર ગ્રાન્ટેડ' લેતા જાય છે.

આકાશના તારાઓ તોડવાની વાયદાઓથી રસ્તામાં કાંટાઓ પણ વીણાતા નથી!લગ્ન કરવાના ઉદેશ માટે સુંદર શરીર જોઈએ, અને ટકાવવાના આદેશ માટે સુંદર મન.

એક ફાંકડું વેસ્ટર્ન વનલાઈનર છેઃજો 'આઈ એમ' (I am) અંગ્રેજી ભાષાનું સૌથી ટૂંકું વાક્ય ગણાતું હોય તો 'આઈ ડુ' (I do) એ અંગ્રેજીનું સૌથી લાંબું વાક્ય છે.

'આઈ ડુ' એટલે પશ્ચિમી લગ્નોમાં પાદરી સમક્ષ જીવનસાથી સાથે આજીવન સાથ નિભાવવાનું કમિટમેન્ટ આપવું તે! બોલવામાં એક સેકન્ડ થાય, પાળવામાં આખી જિંદગી!

મેરેજમાં પ્રોબ્લેમ્સ છે. અરે, કોઈ પણ રિલેશનશિપમાં- પ્રોબ્લેમ છે. પણ પ્રોબ્લેમ આવે કે ભાગી છૂટવું, હાથ ઊંચા કરી દેવા એ લાસ્ટ ઓપ્શન હોવો જોઈએ. એને બદલે ઘણા કપલ્સ એને ફર્સ્ટ ઓપ્શન બનાવે છે!

લોકો હવે પ્રેમના શબ્દોમાં પાવરધા થતા જાય છે. ઈન્ટરનેટ છે, ટીવી છે, મોબાઈલ છે. અદભુત કવિતાઓ, રંગબેરંગી કાર્ડસ બધું જ હાથવગું છે. ક્રિએટિવ, પોએટિક વર્ડસના બર્ડ ચોમેર ઉડાઉડ થાય છે.

પણ એ શબ્દોમાં વજન નથી. કારણ કે એની પાછળ કમિટમેન્ટની તાકાત નથી. કમિટમેન્ટ. પઠાન કા જબાન. પથ્થર પે લકીર. એક અહેસાસ, એક વિશ્વાસ કે આ બોલ્યું પાળશે. પ્રોમિસ આપશે, તો એને પૂરું કરવા જીવ લગાવી કોશિશ કરશે. હાથ પકડશે પછી ગમે તેવા ઝંઝાવાતોમાં છોડશે નહીં. રાહમેં આયેંગે કઈ મોડ અન્જાને/ સાથ તેરા છોડુંગા ના, બાકી ખુદા જાને!

લવ ઈઝ વેવ. એ મોજું છે, જેની જોરદાર છાલકમાં તરબતર ભીંજાવાનો અનુભવ આહલાદક છે. પણ મોજું જેટલા જોરથી આવે, એટલા જોરથી વિખેરાય. માટે

લગ્ન પછી ઘણી વાર શૂન્યાવકાશ લાગે છે. 'પહેલા જેવું કેમ નથી?'ની ફરિયાદ જાગે છે. ભૂખ્યો માણસ પહેલો કોળિયો ખાય ત્યારે જેવો રોમાંચ થાય, એવો દસમો કોળિયો રહેતો નથી. પણ પછી ધીરજ રાખે તો ખાવાનું પચશે, ફરી ભૂખ લાગશે. એ જ થાળીમાં થોડો સ્વાદ બદલાવીને નવો ચટાકો માણી શકાશે. પ્રેમના ઉભરાતા મોજા વિખેરાઈ શકે છે, કંઈ દરિયો સૂકાતો નથી. જો ચાહત આત્માના ઉંડાણથી હશે તો ફરી પૂનમ આવશે ને નવી ભરતી ઉઠશે!

કમ્પેનિયનશિપ એ તો પન્નાલાલ પટેલની 'મળેલા જીવ'માં કહેવાયું છે એમ 'લોહીના કોગળા અને પ્રીતના ઘૂંટડા'ની સંતાકૂકડી છે. એકબીજાને દોષ દેવા નહિ, પણ એકબીજાની ભૂલો કે દોષ પણ પોતાના માથે ઓઢી લેવા એનું નામ સહજીવન છે! - સામાનો દોષ દલીલોથી સાચો સાબિત કરવાને બદલે, સહજતાથી એને સ્વીકારવા - માફ કરવા અને જરૂર પડે વિના પ્રયત્ને એ પોતાના પર લઈ લેવાની જે તીવ્ર સંવેદના છે - એનું નામ પ્રેમ છે.

બસ, બધી જ 'પારેવડી'ઓને પ્રિય મહેશભાઈ સવાણી વતીએ મંગલ કામના કે : કલ્યાણ કરજોને કલ્યાણ મેળવજો. બે આંખ એક દ્રશ્ય જુએ ને બે કાન એક ગુંજન સાંભળે એમ સંસારમાં બે જીવનનું મિલન કરજો. આપણે ત્યાં લગ્ન બે વ્યક્તિ વચ્ચે જ નહિ, બે પરિવાર વચ્ચે પણ થાય છે. તો સમજણ, સ્નેહને સંવાદના આ સેતુથી આપણી સિવાય બીજાને પણ મદદરૂપ થવાના સંસ્કારનો સત્કાર ઘરમાં કરતા રહેજો. કેસરિયાળા સાફાને કંકુવરણા પગલાંને વધામણાં !

**- જય વસાવડા**

( jayvaz@gmail.com )





# वात्सल्य ग्राम

दीदी माँ
**साध्वी ऋतम्भरा जी**
संस्थापिका-वात्सल्य ग्राम

जीवन का सच्चा आनन्द बांटने में है। कोई व्यक्ति चाहे जितना बटोर ले एक सीमा के बाद वह निरर्थक लगने लगता है लेकिन अपना अर्जित किया हुआ यदि उन लोगों में बांटा जाए जिन्हें उसकी ज़रूरत है तो वह अनिवर्चनीय आनन्द होता है। महेशभाई सवानी एक ऐसे ही व्यक्तित्व हैं जिन्हें परमात्मा ने जिस उदारता से धन-सम्पदा प्रदान की, उन्होंने उस सम्पदा को बहुत विनम्रतापूर्वक परमात्मा की मानकर औरों में बांटा है। मैं तो उस बेटी की कल्पना किया करती हूँ, काल ने जिसके पिता को असमय निगल लिया हो, घर में अकेली माँ हो और वह बेटी उम्र की उस दहलीज पर आ खड़ी हुई हो जिसके पार बस उसे ससुराल जाना ही हो। कैसे कर सकती है वो माँ उस बेटी के हाथ पीले करने की तैयारी। महेशभाई ने यह जिम्मा उठाया...जहाँ भी, जो भी ऐसी बेटी उन्हें मिली उन्होंने उसे अपनी बेटी मानकर पूरी प्रतिष्ठा के साथ उसके विवाह को सम्पन्न करवाया। यह एक ऐसा आनन्द है जिसे स्वयं वे भी अपने शब्दों में व्यक्त नहीं कर सकते।

मैं समझती हूँ कि महेशभाई के जीवन का यह भाव उनके अनेक जन्मों के संचित पुण्यकर्मों का फल है जो वे जाने कितनी आँखों में श्रद्धा का जल बनकर छलछला रहा है। मुझे ज्ञात हुआ कि उनकी इन बहुत सारी बेटियों ने, जिनके हाथ स्वयं महेशभाई ने पीले किए हैं, मिलकर उन्हें लिखे सुन्दर पत्रों का संकलन प्रकाशित किया है। मुझे विश्वास है कि गुजरात की इन बेटियों ने इन पत्रों में अपने जो स्नेह भाव श्री महेशभाई के लिए व्यक्त किए हैं, वे निश्चित रूप से समाज के अन्य बंधुओं के लिए भी प्रेरणा बन सकेंगे। बच्चों और बूढ़े-बुजुर्गों के लिए अपना स्नेह लुटाने वाले महेशभाई को परमात्मा निरन्तर इतनी ऊर्जा देते रहें कि कभी रुके नहीं...बस चलते रहें वात्सल्य के पथ पर।

मैं महेशभाई की उन बहुत सारी बेटियों को अपना बहुत सारा आशीष प्रदान करती हूँ जिन्होंने बड़े सौभाग्य से उनका प्यार पाया है। उनके भावपूर्ण पत्रों का यह ग्रंथ अपनी प्रेरणा से समाज को बहुत सारे महेशभाई दे सके, इसी मंगलकामना के साथ

साध्वी ऋतम्भरा

(दीदी माँ साध्वी ऋतम्भरा)
वात्सल्य ग्राम, वृन्दावन, उ०प्र०

मथुरा वृन्दावन मार्ग, पोस्ट प्रेम नगर, वृन्दावन -281003, उ० प्र० दूरभाष : 0565-2456888
मुख्य कार्यालय : लव-102 - 103, अग्रसेन आवास, 66, इन्द्रप्रस्थ विस्तार, दिल्ली -110092
दूरभाष : 011-65260557 टेलीफैक्स : 91-11-22238751
e-mail : info@vatsalyagram.org Web : www.vatsalyagram.org




ડો. દક્ષેશ ઠાકર

કુલપતિ

૮૨ નર્મદ દ.ગુ.યુનિ.

સુરત

૯૧૨૩૪૩૩૯૮૫


"હોય તિમિર ત્યાં ટમટમતું એક ફાનસ થઈએ
માણસનો અવતાર મળ્યો છે માણસ થઈએ"

કવિ સૌમ્ય જોશીની આ કાવ્ય પંકિતઓ લખવા માટે કલમ હાથમાં પકડતાં જ આંગણીના ટેરવે આવી ચઢી. માત્ર અને માત્ર સાત્વિક ભાવથી પ્રેરાઈને શ્રી મહેશભાઈ સવાણી દીકરીઓના જીવનમાં લાગણીઓનું વાવેતર કરે છે તે ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખવી જોઈએ તેવી એક વિરલ ઘટના છે. મહેશભાઈની વિવિધ યોજનાની મદદથી અનેક દીકરીઓ લાભાન્વીત થઈ છે અને બિચારી બનતા અટકી છે. આ જિંદગી એક પ્રવાહ છે અને જિંદગીના પ્રવાહમાં કેટલાક લોકો તરે છે, કેટલાક લોકો તણાય છે પણ બહુ થોડા લોકો પોતે તરી પાર નીકળી બીજાઓને પણ તારે છે!

મહેશભાઈ આ ત્રીજા પ્રકારના માણસ છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે સારી પ્રવૃત્તિમાં વપરાયેલી સમજ, સમય અને સંપતિ સાર્થક થાય છે. પણ સારી પ્રવૃતિ ત્યારે જ થાય જયારે માણસની વૃતિ સારી હોય. મહેશભાઈ ઉદાર હાથે અને હૈયે ઉમદા પ્રવૃત્તિ કરે છે તેથી તેમની વૃત્તિ સારી હોવાની પ્રતીતિ થાય છે.

સબંધ એટલે સમ+બંધ. સરખી રીતે જોડાયેલા. મહેશભાઈ અને બધી જ દીકરીઓ પરસ્પર અતૂટ સ્નેહથી જોડાયેલ છે. 'પપ્પા' કહીને જ એમને સંબોધન કરે. ભગવાને એમને પોતાની દીકરી ન આપીને જે અન્યાય કર્યો હતો તેને મહેશભાઈએ સ્વયં અનેક દીકરીઓને પોતાની કરીને ન્યાયમાં ફેરવી દીધો. પાનેતર પહેરીને દેશદેશાવર ઉડી જનાર દીકરીઓ માટે પોતાનો બાપ ન કરે તેવી માવજત મહેશભાઈ કરે છે. દીકરીઓના વિદાય પ્રસંગે મેં એમની આંખોમાં અશ્રુધારાને વહેતી જોઈ છે. દીકરીઓ તો સદ્ભાગી છે કે એમને મહેશભાઈનો ટેકો મળ્યો, હૂંફ મળી, પ્રેમ મળ્યો. પણ મહેશભાઈ પણ સદ્ભાગી છે કે એમને એક કરતાં વધુ લાગણીથી છલકાતી ઝરણાં જેવી દીકરીઓ મળી. આ દીકરીઓએ મહેશભાઈને સંબોધીને જે શબ્દો લાગણીથી મઢયા છે – જે પત્રો લખ્યાં છે તેને પુસ્તક સ્વરૂપે પ્રગટ થતાં જોઈ રાજી રાજી થાઉ છું. એકવીસમી સદીમાં જયારે સબંધો પાતળા પડી રહયાં છે તેવી બૂમાબૂમ સંભળાય છે ત્યારે આ પત્રપુસ્તક સ્હેજ જુદી જ વાત ચીંધે છે.

આ પુસ્તકને હું શિયાળાની વહેલી સવારના ઝાકળથી આવકારું છું.

(દક્ષેશ ઠાકર)
કુલપતિ

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પાના નં |
|---|---|---|
| [illegible] | [illegible] | [illegible] |






# સોજીત્રા દિપ્તી જિજ્ઞેશકુમાર

જન્મતારીખ:- ૨૮/૧૦/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૧૯/૦૭/૨૦૦૮

***Dear Papa,***

***"સૂર્યને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું."***

પપ્પા બધા લોકો એવું માને છે કે, ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી પરંતુ ભગવાને મને કુદરતના આ નિયમોની વિરુદ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશપપ્પામાં જ મારા પપ્પાને મહેસૂસ કરું છું. પપ્પા તમે મારી લાઈફમાં આવ્યા પછી તમે મારા પપ્પાના પ્રેમની ખોટ પૂરી કરી છે.

Thanks a Lot dear Papa

દુનિયામાં બધા જ લોકો ખુશ નથી હોતા. બધા જ લોકોને સુખ અને દુ:ખનો સામનો કરવો પડ્યો છે. મારા પપ્પા બીમાર હોવાથી તે કામ કરી શકતા ન હતા. મારા પપ્પા ૭ વર્ષ સુધી બીમાર હતા ત્યારે મારા મમ્મી ફોલ-સ્ટીચ, ભરતકામ અને ટાંકવાનું લઈ આવતાં તેમાંથી અમારા સ્કૂલની ફી, પપ્પાના દવાખાનાનો ખર્ચો તેમજ ઘર ખર્ચ પણ તેમાંથી જ પૂરો પાડતા પછી મારી મોટી બહેન ૧૦ ભણીને સાડીની દુકાનમાં જતી.

મારી બહેન ૧૬ વર્ષની હતી ત્યારે મારા પપ્પા મૃત્યુ પામ્યા હતા. ત્યારે હું ૧૪ વર્ષની અને મારો નાનો ભાઈ ૧૦ વર્ષનો હતો. તે ક્ષણે તો મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું. કારણકે તે સમયે મારો નાનો ભાઈ પાંચમા ધોરણમાં અને હું નવમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી. ત્યારબાદ હું પણ સિલાઈનું કામ કરવા લાગી હતી. લેસપટ્ટીનું કામ કરવા લાગી. તેમાં ઘરનો ખર્ચો અને ભણતરની ફી ભરતા. આમ અમારા ઘરમાં કરકસર કરીને અમે આગળ વધ્યા હતા. મારો નાનો ભાઈ પણ કામમાં મદદ કરતો. તે સ્કૂલેથી આવીને તે અમે જે માલ લેસપટ્ટીમાં બનાવ્યો હોય તે ગડી કરી દેતો. પરંતુ જ્યારે વલ્લભદાદા વિધવા સહાય આપે છે. તે સ્કૂલમાં વલ્લભદાદાએ મારા ભાઈ માટે બે વર્ષની ફી ભરી દીધી અને જ્યારે મારી મોટી બહેનની સગાઈ થઈ ત્યારે મારાં મમ્મી અને અમે ખુબ જ દુ:ખી હતાં. કેમ કે બાપ વગરની દીકરીના લગ્ન કેમ ઉકેલાશે. અર્જુનકાકા અમારા ઘરે આવ્યા. તેમને વાત



કરી કે મહેશભાઈ સવાણી જે દીકરીના પિતા ન હોય અને જેની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તેના લગ્ન કરાવી આપે છે અને તેમણે મારી મોટી બહેનનું લગ્નનું ફોર્મ ભરી દીધું ત્યારથી હું તેને દિલથી ખૂબ ખૂબ ધન્યવાદ કરું છું. કારણકે તેમના દ્વારા હું મહેશપપ્પાને મળી અને તેમણે મારા પપ્પાની કમી પૂરી કરી દીધી. કેમ કે મહેશ પપ્પામાં હું મારા પપ્પાને જોતી અને મહેસુસ કરતી. પપ્પાને મળતાની સાથે જ લાગ્યું કે હવે મને મારા પપ્પા મળી ગયા અને ત્યારે તેમને મને વહાલી દીકા કહીને સંબોધી ત્યારે મારી આંખોમાંથી હરખના આંસુ સરી પડ્યા.

પપ્પાનો દિવસ દીકરીઓના ગુડ મોર્નિંગથી શરૂ થાય છે અને ગુડનાઈટથી પૂરો થાય છે. ગમે તેવો કામનો બોજ હોય તો પણ પપ્પા દીકરીઓને મેસેજ કરવાનું ભૂલતા નથી. હંમેશાં અમારી ખુશીઓનો વિચાર કરતા હોય છે કોઈ પણ દીકરીની વિદાય વખતે રડવા લાગે છે અને હંમેશાં આશીર્વાદ આપતા મહેશપપ્પા પ્રેમથી દીકરીઓની વિદાય આપે છે.

આમ પપ્પાને પણ ભુલાવી દેનાર મારા મહેશપપ્પાને દિલથી આભાર વ્યક્ત કરું છું.

ભગવાનને મારી એક જ પ્રાર્થના છે કે મહેશપપ્પાને તેમના દરેક કાર્યમાં તમને ખૂબ જ સફળતા મળે. તમારું જીવન અને તમારા પરિવારજનોનું જીવન હંમેશાં સુખમય રહે. તમે મન અને ધનથી ખુશ રહો. આપ શ્રી મહેશસવાણીને મારા કોટી કોટી વંદન.

દીકરી બાપના દિલનો ટુકડો નથી પરંતુ પૂરેપૂરું હ્રદય છે. વહાલસોયીને પારકે ઘર મોકલતા પિતાનું હ્રદય ચિરાઈ જતું હશે ?

"જબ ચલ બસે થે પાપા મેરે, તૂટ કે બીખર ગયા પરિવાર મેરા,
જૈસે ભી થે આધાર થે વો હમારે, પર ફિર તો ન રહા કોઈ સાથ,
ના કોઈ સંગાથ ઓર ના હી કિસીકા ઈન્તજાર, પર મિલ ગયા જીનકા સહારા,
મિલ ગયા બિન બાપ કી બેટી કો પાપા કા પ્યાર, ઔર ભગવાનને ભેજા
હમારે પાસ એક ફરિશ્તા મહેશભાઈ સવાણી કે રૂપ મેં.
આમ મેં મારા પપ્પાનો સારાંશ ટૂંકમાં વર્ણવ્યો.

Thank You Papa......& Love You So Much Papa

**લિ. તમારી વહાલી દીકરી,**
**દિપ્તી**





# કચ્છી શિલ્પા સુરેશભાઈ

જન્મતારીખ:- ૧૮/૦૬/૧૯૯૦
પિતાની પુણ્યતિથિ:- ૦૧/૦૫/૧૯૯૪
માતાની પુણ્યતિથિ:- ૦૧/૦૫/૧૯૯૪

***વહાલા પપ્પા,***
***જય રામાપીર,***

પપ્પા એ સંબોધનથી હું પત્ર લખીશ એ મેં કદી વિચાર્યું પણ નહોતું. પણ એ સ્વપ્ન આજે હકીકતમાં ફેરવાયું છે, ત્યારે પપ્પા હું તમારી જોડે કેટલીક મારા મનની વાતો કરવા માંગું છું.

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાનું એક નાનકડું ગામ હિપાવડલીમાં હું ઉછરીને મોટી થઈ છું. હું ત્રણ વર્ષની હતી ત્યારે મારા પપ્પા બીમાર પડ્યા અને તા. ૦૧/૦૫/૧૯૯૪નો એ અંધારિયો દિવસ હતો જ્યારે સવારના ચડતા પહોરે મારા પપ્પાની જીવનસંધ્યા ઢળી ગઈ અને મારા પપ્પા આ દુનિયામાં અમને નિરાધાર મૂકીને જતા રહ્યા. મારા મમ્મી- પપ્પાનો સ્નેહ એટલો પ્રગાઢ હતો કે મારા મમ્મી મારા પપ્પા વગર જીવી શકે એમ જ ન હતા અને એમણે પોતાનો જીવ આપી દીધો. તે જ દિવસે બપોર પછી મમ્મી પણ પપ્પા સાથે ચાલી નીકળ્યા અને એક જ દિવસમાં મમ્મી-પપ્પા બંનેને કુદરતે અમારી પાસેથી છીનવીને અમને ભાઈ-બહેનને નિરાધાર બનાવી દીધા. મારા દાદા-દાદીએ અમને ઉછેર્યો. મારા દાદી મારા જસોદા મા છે. એમણે કોઈ દિવસ મને માની ઉણપ વર્તાવા દીધી નથી.

ધીરે-ધીરે હું ભણી-ગણીને આગળ વધી અને એક સરકારી શાળામાં શિક્ષિકા બની. મારા શિક્ષણ પાછળ મારા દાદીનો ખુબ જ મોટો ફાળો છે. પછી મારી સગાઇ થઇ અને મેં લગ્ન માટે પી. પી. સવાણી ગ્રુપમાં ફોર્મ ભર્યું પપ્પાને જયારે હું પહેલીવાર મિટિંગમાં મળી તો પહેલા તો મને મનમાં થોડો સંકોચ હતો. પણ પપ્પાએ માથે હાથ મૂકીને કહ્યું, " દીકા, કોઈ ચિંતા હવે નથી કરવાની. હું જ તારા પપ્પા છું." અને મારી બધી જ ચિંતાઓનો જાણે કે હિમાલય જેવડો ભાર મારા માથેથી ઊતરી ગયો. મને એવું લાગ્યું કે હું મારા પપ્પા સાથે મારા ઘરમાં જ બેઠી છું મને મારા પપ્પા આટલાં વર્ષો પછી પાછા મળી ગયા. જ્યારે મારી સગાઇ થઇ ત્યારે મને એક જ વિચાર આવતો કે જે પ્રસંગમાં સૌથી વધારે આવશ્યકતા પિતાની હોય છે તે પ્રસંગ એટલે કે મારા લગ્ન કેવી રીતે ઉકલશે? અને મારી બધી જ ચિંતાઓ મહેશપપ્પા મળતા દૂર થઇ ગઈ. પપ્પા દેશમાં મારા ઘેર આવ્યા ત્યારે મને પપ્પા સાથે બેસીને વાતો કરવાનો ખૂબ જ આનંદ આવ્યો. પછી સંજોગોવસાત અને અમુક

કારણોસર મારી સગાઇ ફોક થઇ અને હું ખુબ જ ટેન્શનમાં આવી ગઈ મને એવું લાગતું હતું કે ક્યારે તકલીફોનો અંત આવશે? પણ ત્યારે પપ્પા હંમેશાં મને આત્મવિશ્વાસ આપતા અને મને મનથી મજબૂત બનાવતા. મારો કોન્ફિડન્સ વધારતા. પપ્પા હંમેશાં અમને પૂછતા કે, કાઈ તકલીફ નથીને દીકા? કોઈ વાતે મૂંઝાવું નહિ. ચિંતા કરવાની નહિ. હવે તું મારી દીકરી છે. હવે તારી ચિંતા મારે કરવાની.” થોડા મહિનાઓ પછી મારી સગાઇ થઇ. પ્રથમ સગાઇ ફોક થઇ અને બીજી સગાઇ થઇ એ વચ્ચેના સમયમાં હું ખુબ જ ચિંતિત હતી પણ પપ્પાએ મને ખુબ જ પ્રેમથી, હૂંફથી અને લાગણીથી મારું મનોબળ વધાર્યું અને આજે હું ખુબ જ ખુશ છું.

વહાલા પપ્પા તમે વહાલનો દરિયો લઈને આવ્યા છો. મારા પપ્પાને ઈશ્વર હંમેશાં સ્વસ્થ રાખે અને અમારી જિંદગીનાં વર્ષો તમને આપે. પપ્પા સતયુગમાં ભાગીરથી ગંગાને ધરતી પર લાવ્યા હતા ને આ કળિયુગમાં પપ્પા તમે “સ્નેહગંગા” ધરતી પર વહેતી કરી છે. તમારા આ કાર્યથી હજારો લોકો પ્રેરિત થયા છે. મારા પપ્પા World Best Papa છે. દુનિયામાં તમે અનન્ય અને અતુલ્ય છો. પપ્પા, એક સમય એવો પણ આવ્યો કે જ્યારે મને એમ થતું કે, દુનિયામાં ખરેખર ઈશ્વર છે? અને જો હોય તો આટલો અન્યાય ન હોય અને ત્યારે જાણે કે મારો આ પ્રશ્ન ઈશ્વરે સાંભળી લીધો હોય એમ મહેશપપ્પા મને મળ્યા.

પપ્પા, મને જિંદગીનાં આટલાં વર્ષોમાં ઘણા અનુભવ થયા છે. જ્યારે હું નવામાં ધોરણમાં ભણતી હતી ત્યારે મારા દાદા પથારીવશ થઇ ગયા અને મારાં દાદી અને હું એકલાં પડી ગયાં હતાં. ત્યારથી મહેશપપ્પા મળ્યા ત્યાં સુધી બધી જ જગ્યાએ મને પપ્પાની ખોટ વર્તાતી હતી આ દુનિયામાં ‘કોઈ કોઈનું નથી’ એવા સમયમાં પપ્પા તમે નિ:સ્વાર્થ લાગણીઓ અને પ્રેમનો અખૂટ ભંડાર અમારા માટે ખોલ્યો છે. પપ્પા, એવું લાગે છે કે ભગવાન પણ કામ કરતા થાકી ગયા અને એમણે પિતા વગરની અમારા જેવી દીકરીઓને પ્રેમ આપવા અને એનો આધાર બનવા તમને દેવદૂત બનાવ્યા. નહિતર પપ્પા આ ઘોર કળિયુગમાં બધા સ્વાર્થના સગા હોય છે, પરંતુ તમે તો બિલકુલ નિ:સ્વાર્થ અમને વહાલ આપ્યું છે બસ, હું છેલ્લે એટલું જ કહીશ કે .........

**“સ્નેહામૃતનો આ અમીકુંભ લઈને, પપ્પા તમે આવ્યા આ વસુધા પર,**
**લાગે છે મને તો એવું ,પોતાની અસ્તિત્વની ખાતરી,**
**મોકલ્યા આપને ઈશ્વરે જ, નહિ તો આ દરિયાવદિલના**
**પ્રેમ ઝરણમાં નિત્ય નવી ઉર્મિ!, અમથું અમથું વહાલ ન ઊપજે**
**અમથું અમથું વહાલ ન ઊપજે, મોકલી અમારી જિંદગીમાં પપ્પાને**
**અસ્તિત્વ પોતાનું ઈશ્વરે પણ, સાબિત કર્યું હોય એવું લાગે છે.”**

અને અંતે એટલું જ માગીશ ભગવાન પાસે કે ઈશ્વર મારા પપ્પાને અને પરિવારને હંમેશાં તંદુરસ્ત રાખે અને પપ્પા તમને દીર્ઘ આયુષ્ય ભગવાન અર્પે.

**લિ. તમારી વહાલી દીકા,**
**શિલ્પા**





## રાણા પૂજા રાજુભાઈ

જન્મતારીખઃ- ૧૩/૦૧/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૦૮/૨૦૦૦

***Dear papa,***
***જય શ્રીકૃષ્ણ.***

પપ્પા તમારા માટે હું શું લખું? એ મને સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું? પણ પપ્પા તમારા માટે જેટલા શબ્દો લખું એટલા ઓછા છે. જેમ "ગોળ વિના મોળો કંસાર છે, તેમ પપ્પા વિના સૂનો સંસાર છે." આ કહેવત એક દીકરી માટે છે. પણ હું એક પપ્પા માટે કહેવા માગું છું. આ દુનિયામાં પપ્પા નહિ તો કંઈ જ નહિ. એ જે રીતે પોતાની દીકરીને પ્રેમ કરે છે, એને સંભાળે છે અને એની બધી ઇચ્છાઓ પૂરી કરે છે તેવું તો કોઈ જ ન કરી શકે. પણ પપ્પા આજે હું તમને એક વાત કહેવા માગું છું કે તમે એક ભગવાનના રૂપમાં પપ્પા સ્વરૂપમાં મળ્યા છો. જે પોતાની દીકરીને ખૂબ જ પ્રેમ કરે છે અને એની બધી ઈરછા પૂરી કરે છે.

હું પાંચ વર્ષની હતી. ત્યારે મારો સ્કૂલે જવાનો પહેલો જ દિવસ હતો પણ તે દિવસે મને શું થયું કે મારે જવું જ નહીં હતું. તો પણ મારી મમ્મી મને જબરદસ્તી લઇ ગઈ અને ત્યાં હું ખૂબ જ રડી. તે દિવસે તો ટીચરે પછી કીધું કે તમે એને લઈ જાઓ કાલે મોકલી આપજો અને ઘરે ગયા પછી પપ્પાને એકદમ જ ઝાડા-ઊલટી થવા લાગ્યા અને એમનું અવસાન થયું. એમને ટી.બી. હતું. ટી.બી.ની અસરના કારણે આવું થયું હતું અને મેં તો મારા પપ્પાનો ચહેરો જ જોયો નહોતો. એ સમયે તો અમારી પરિસ્થિતિ પણ ખરાબ હતી. અમારી પાસે કઈ હતું પણ નહીં પણ મારી મમ્મીએ હિંમત હારી નહીં અને એકબીજા પાસેથી મદદ લઈ બધી વિધિ પૂરી કરાવી. પછી તો મારી મમ્મી, મારી બહેન અને હું એકલા પડી ગયા. કેમ કે તે સમયે મારી બહેન પણ નાની હતી. મારી મમ્મીએ એકલા મહેનત કરીને જેમ તેમ અમને ભણાવ્યા. જેમ જેમ મારી બહેન બધું સમજવા લાગી તેમ તે કામ કરવા લાગી અને સાથે ભણતી ગઈ. એ સાત ભણીને ઉઠી પછી પણ તેને આગળ ભણવું હતું પણ ઘરની પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે તે ના ભણી શકી અને તે જરીકામ પર લાગી ગઈ. પછી

મારી મમ્મી અને બહેન ખૂબ જ મહેનત કરીને અમે અમારું ગુજરાન ચલાવતા તો પણ અમને અમુક વાર ઘરમાં પૈસાની બાબતે અછત રહેતી હતી. મારી મમ્મીનો પગ એ જે જરી મશીનમાં કામ કરતી હતી એ મશીનમાં આવી ગયો હતો અને એની પગની ઢાંકણીનાં ટુકડા થઇ ગયા હતા. તો પણ એ લેપ લગાવીને એ કામ પર જતી હતી. અમુકવાર પગમાં દુખે તો તે રડતી પણ હતી પણ શું કરે ગુજરાન ચલાવવા માટે કામ પર તો જવું જ પડેને? દવા પીને દિવસો પસાર કરતી હતી. પછી મારી બહેન મોટી થઇ અને એના લગ્નની વાત આવવાં લાગી મારી મમ્મીએ થોડાક એમના બચાવેલા પૈસા અને થોડી ઘણી બીજાની મદદ લઇ બહેનના લગ્ન કરાવ્યાં. મારી બહેનના લગ્ન પછી અમને સુનું સુનું લાગતું હતું, અમને ગમતું પણ ના હતું અને તે સમયે પણ અમને ઘરમાં બહેન વગર ઘરમાં પૈસાની અછત પડતી હતી. કારણ કે હું ત્યારે દસમા માં ભણતી હતી. પછી મને આગળ ભણવું હતું પણ ઘરમાં મમ્મી એકલી પડી ગઈ હતી અને પરિસ્થિતિ પણ ન હતી. એટલે હું પણ જોબ કરવા લાગી ગઈ. અને મારી મમ્મી અને હું ઘરનું ગુજરાન ચલાવતા હતા. મને મારી મમ્મી પર ગર્વ છે. પછી જેમ જેમ દિવસ પસાર થવા લાગ્યા તેમ મારા લગ્નની વાત આવવા લાગી. ત્યારે મારી મમ્મીને ચિંતા થવા લાગી કે મારી દીકરીના લગ્ન કેવી રીતે કરીશ અને આ દીકરી પણ ચાલી જશે તો હું શું કરીશ અને એકલી પડી જઈશ અને અમને થોડું દેવું પણ છે તો હું કેવી રીતે પૂરું કરીશ અને અને એકલી પડી જઈશ.પછી બધા તેને સમજાવતા કે દીકરીને અત્યારે નહિ તો પછી તો જવું જ પડશેને. તમે ટેન્સન ના લો બધું ભગવાન પર છોડી દો એ કરશે તો બધું સારું જ થશે. એનું પણ બધું સારી રીતે થઇ જશે અને અમને પછી સગા વહાલાઓએ જાણ કરી કે પી.પી. સવાણીમાં મહેશભાઈ સવાણી પિતા વગરની દીકરીઓના લગ્ન ખૂબ જ સારી રીતે કરાવી આપે છે તો તમે ત્યાં જાઓ અને અમને નંબર આપ્યો અને એડ્રેસ આપ્યું તો અમે ત્યાં ગયા અને અમને ફોર્મ આપ્યું એ ફોર્મ ભરીને અમે સબમીટ કર્યું. અમારું ફોર્મ પાસ થયું.

પહેલીવાર અમને મિટિંગમાં બોલાવ્યા ત્યારે અમને ઓફિસમાં મહેશપપ્પાને મળ્યા અંદર જતા મહેશપપ્પાએ કહ્યું કે આવો મારી દીકાઓ. ત્યારે હું એટલી ખુશ થઇ ગઈ કે અમને અમારા પપ્પા મળી ગયા.

મહેશપપ્પાએ ત્યારે મમ્મીઓને કીધું કે આજથી તમારી દીકરી મારી દીકાઓ છે. આજથી તમારી બધી જ જવાબદારી પૂરી અને બધી દીકરીઓની જવાબદારી મારી છે. તમારે ચિંતા નહિ કરવાની. ત્યારે મને એટલી ખુશી થઇ કે અમારું બધું ટેન્શન દૂર થઇ ગયું.

આજે હું પોતાને એટલી નસીબદાર માનું છું કે તમે મને એક પપ્પાના રૂપમાં મળ્યા છો. જેટલો મને મારા પપ્પાનો પ્રેમ નથી મળ્યો એટલો



મહેશપપ્પાનો મળ્યો છે. જેનું કોઈ ના હોય તેને ભગવાન કોઈ ને કોઈ રૂપમાં એની મદદ માટે આવી જાય છે. ભગવાન અમને મહેશપપ્પાના સ્વરૂપમાં મળી ગયા છે. મહેશ અર્થ “મહાદેવ” એટલે મહાદેવના રૂપમાં અમને મહેશપપ્પા મળ્યા. મહેશપપ્પાને ભગવાન લાંબું આયુષ્ય આપે અને એમને સ્વસ્થ રાખે એ જ મારી ભગવાનને પ્રાર્થના છે અને હું ભગવાન એવી પ્રાર્થના કરીશ કે બધા જન્મમાં હું મહેશ પપ્પાની દીકા બનીને આવું.

ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન, પ્રણામ. પપ્પા, અમે આ ઋણ ક્યારેય અદા નહિ કરી શકીએ.

**“ભૂલો ભલે બીજું બધું મા બાપને ભૂલશો નહિ”**

**I love you papa. Thank you papa.**

**લિ. તમારી વહાલી દીકા,**

**પૂજા રાણા**



## શાહ રાજવી રાજેન્દ્રકુમાર

જન્મતારીખઃ- ૦૫/૦૪/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૦૮/૨૦૦૪



**Dear Mahesh papa,**
**I love you papa,**
**દુનિયાના બેસ્ટ મહેશપપ્પા,**

પપ્પા વિના જીવન અધૂરું છે. પપ્પા તમારા વિશે જેટલું કહું એટલું ઓછું છે. હું બધાના પપ્પાને જોઉ છું તો મને પણ પપ્પાની ખૂબ જ યાદ આવે છે. જે આજે મહેશપપ્પાએ પૂરી કરી.

અમારૂ ત્રણ જ સભ્યનું નાનું કુટુંબ હતું. હું નવ જ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. અમારી પાસે કમાણીનું કોઈ જ સાધન ન હતું. મારી મમ્મીએ ગમે તેમ કરીને નોકરી કરી, મહેનત કરીને મને ભણાવી, મને માતા અને પિતાનો પ્રેમ આપ્યો, જ્યારે જ્યારે બધાના પપ્પાને જોઉ છું ત્યારે મને પપ્પાની ખુબ જ યાદ આવે છે. મારી ઉમર લગ્ન યોગ્ય થઈ ત્યાં જ મને મહેશપપ્પા વિશે જાણવા મળ્યું તો હું ખુશીની મારી ઉછળી પડી. મને મારા પપ્પા મળી ગયા. જેની મને કલ્પના પણ ન હતી. કે મને મારા પપ્પા મળી જશે. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે, હે ભગવાન મારા મહેશપપ્પાનું સ્વાસ્થ્ય હંમેશાં સારું રહે.

ભગવાન એમને આનાથી પણ વધારે શક્તિ આપે, જેથી તેઓ મારા જેવી હજારો દીકાઓનો સહારો બની રહે અને એમને આ દુનિયામા પપ્પાની કમી મહેસૂસ ન થવા દેશે અને બીજુ પપ્પાની સાથે મને મારા ભાઈઓ પણ મળી ગયા એનાથી વધારે બીજું શું જોઈએ.

મહેશપપ્પા, જો કંઈ મારાથી લખવામાં ભૂલ થઇ હોય તો મને તમારી દીકરી સમજીને માફ કરજો...

**I love you papa.**
**લિ. તમારી વહાલી દીકા,**
**રાજવી.**





# વનરા મનાલી જયસુખભાઈ

જન્મતારીખ:- ૨૭/૧૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથિ:- ૧૪/૦૭/૨૦૧૧

***My dear papa,***

જય રામાપીર પપ્પા, આજે મારે પણ મારા પપ્પા વિશે કંઈક કહેવું છે. આમ તો મારા પપ્પા વિશે જેટલું લખું તેટલું ઓછું જ છે કેમકે મારા પપ્પા સહનશીલ, લાગણીશીલ અને પ્રેમાળ હતા. તે પોતે દુ:ખી થઈને બીજાને ખુશ કરતા, મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતા હતા, એ એમ જ કહેતા કે, 'તું તો મારે દીકરી નહિ પણ દીકરો છે.' હું દસ- બાર વર્ષની થઇ ત્યાં સુધી ખોળામાં બેસાડીને ખવડાવતા, એ દિવસો મને આજે યાદ આવી જાય તો મારી આંખો ભીની થઇ જાય છે. માતા વિશે તો કવિઓ અને સાહિત્યકારો કહે છે, પણ પિતા વિશે કંઈ કહેવાનું આવે તો એ એક દીકરી જ કહી શકે. એક દીકરી માટે તેના પિતા દુનિયામાં બેસ્ટ હોય છે.

આજે હું મારી લાગણી અહીં વ્યક્ત કરું. હું ૧૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું. મારા પપ્પા ગયા તેને આજે છ વર્ષ પુરાં થયાં, અવસાન થયાની સાથે જ મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું. અમે બે બહેન અને એક ભાઈ છીએ, એમાં હું જ મોટી હતી. મારી નાની બહેન નવમું ભણતી અને ભાઈ ત્રણ વર્ષનો જ હતો એટલે પપ્પાનાં અવસાન બાદ લગભગ બધી જવાબદારી મારી ઉપર આવી ગઈ, પછી હું ૧૦ ભણીને ઊઠી ગઈ. પપ્પાના અવસાન પહેલાં અમે ભાવનગર રહેતાં હતાં, ત્યાં મારા પપ્પા હીરા ઘસતા હતા. પછી લાંબા સમયથી હીરા ઘસતા એટલે થોડી આંખો પણ નબળી પડી ગઈ હતી અને હીરામાં ધીમે-ધીમે મંદી આવી એટલે પછી અમે સુરત આવવાનું વિચાર્યું. ૨૦૧૧નું વેકેશન પડતાંની સાથે અમે સુરત રહેવા આવ્યા ને ધીમે-ધીમે ધંધો ચાલુ કર્યો, અમે સુરત આવ્યાને અઢાર દિવસ જ થયા હતા ને એક રાત્રે અચાનક જ સાંજે જમીને સૂતા ત્યાં સુધી તો કાંઈ હતું પણ નહિ, હસતા-બોલતાને વાતો કરતાં - કરતાં સુઈ ગયાને અડધી રાત્રે જયારે મારા પપ્પાના પ્રાણ વયા ગ્યાતા. કંઈ પણ બોલ્યા નહિ કાંઈ ભલામણ ન કરી છેલ્લી ઘડીએ પગ નીચેથી જમીન સરકી ગઈ ને મારી નાની બહેન તો બેભાન થઈને પડી ગઈ પછી પાણી પાયું ત્યારે સારું થયું ને કંઈ સૂજતું જ નોતું કે શું કરવું પછી મારા પપ્પાના

મૃત દેહને અમારા ગામડે લઈ ગયા ને ત્યાં બધું કાર્ય પૂર્ણ કર્યું ને મારા મામાએ ૧૦ હજાર મમ્મીના હાથમાં દઈને અમને બસમાં બેસાડ્યાં.

બધું કાર્ય પતાવીને પાછા સુરત આવ્યા તો જાણે મારા પરિવાર ઉપર તો જાણે આભ તૂટી પડ્યું. નો કંઈ ધંધો. મારા મમ્મી તો સાવ બધી રીતે પડી ભાંગ્યા હતા. **કહેવત છે ને કે 'મા જાય તો મોસાળ જાય અને પિતા જાય તો કુટુંબ જાય;** બસ, એવી રીતે જ અમારૂં આખું કુટંબ અમારાથી દૂર થઇ ગયું હતું પણ ભગવાન નહિ, ભગવાનને ત્યાં દેર છે પણ સાવ અંધેર નથી.

આવું બની જતાં પણ અમે હિંમત ન હારીને અમે સુરતમાં જ ધીમે- ધીમે બંને બહેનો કામે લાગી ગયા અને ઘરનું ગુજરાન ચાલવા લાગ્યું, પછી અમને ટી.વી. દ્વારા આજુ-બાજુમાં પણ બધા કહેવા લાગ્યા કે સવાણી પરિવારવાળા પિતાવિહોણી દીકરીના લગ્ન કરાવે છે, પછી અમે મનોમન નક્કી કરી લીધું હતું ત્યાં જ લગ્ન કરવા છે.

કહેવાય છે કે લોહીના સંબંધ કરતાં લાગણીના સંબંધ સાચા હોય છે એમ આજે અમારા સંબંધી દૂર રહેવાના ને એ મારા પપ્પાનું અધૂરું સપનું મારા મહેશપપ્પા પૂરું કરશે. હું મને પોતાને ખૂબ જ નસીબદાર માનું છું કે મને પાછો આ જન્મમાં પપ્પા કહેવાનો મોકો મળ્યોને એ પણ મહેશપપ્પા. મારા પપ્પાના અવસાન બાદ જો કોઈ આજુબાજુમાં કે મારા મિત્ર વર્ગમાં પપ્પાની વાતો થતી ત્યારે મને ખૂબ દુ:ખ થાતું એ દુ:ખ પણ આજે દૂર થયું ને ૬ વર્ષ બાદ પાછા મને મારા પપ્પા મળ્યા હોય તેવું લાગે છે.

આમ તો મહેશપપ્પા વિષે જેટલું લખું તેટલું ઓછું જ પડશે પણ જ્યારે પેલી મિટિંગમાં પહેલી વાર પપ્પાને મળી ત્યારે મને ખુબ જ આનંદ થયો ને જયારે તેમણે મારા મમ્મીને કીધું કે આજથી આ દીકરી મારી, ત્યારે મારી આંખો ભરાઈ આવી. આમ જોઈએ તો આજે મારાં મમ્મીને મારા પ્રત્યે જે પણ ટેન્શન હતું તે આજે પપ્પાએ તેના માથા પર ચડાવી લીધું.

રામદેવ પીર બાપા પાસે મારી એટલી જ પ્રાર્થના છે કે મારા મહેશપપ્પાને લાંબું આયુષ્ય આપે અને સુખી રાખે અને આવા જ સત્કાર્યો કરતા રહો ને જેવી રીતે મારી જિંદગીમાં આવીને તમે મારા પપ્પાનું સ્વપ્ન પૂરું કરશો એવી રીતે પિતાવિહોણી દીકરીઓની છત્રછાયા બનો એ જ મારી પ્રભુને પ્રાર્થના છે.

હવે મારાં મમ્મીને મારું જિંદગી ભરનું ટેન્શન દૂર થઇ ગયું. Thank you papa તમે મને આ પરિવારનું એક સદસ્ય બનાવવા માટે તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે. જ્યારે પપ્પાની સામે જોઈએ તેને મળવા તો આપણું બધું દુ:ખ આપણને ભુલાય જાય.

Thank you so much papa.



**લિ. તમારી વહાલી દીકા,**
**મનાલી.**



## નાકરાણી કાજલ લાલજીભાઈ


જન્મતારીખ:- ૨૦/૧૨/૧૯૯૦
પિતાની પુણ્યતિથિ:- ૧૯/૦૪/૧૯૯૪

***Dear papa,***
***jay ramapeer,***

**પપ્પા, શું કહું તમારા માટે?**
**હું ક્યાંથી શરૂઆત કરુ એજ નથી સમજાતું**
**અને મારી લાગણી વ્યક્ત કરવા શબ્દો જ નથી.**

દરેક દીકરીના જીવનમાં તેના પપ્પા તેના માટે હીરો હોય છે. કારણકે તે પોતાની દીકરીની દરેક ઇચ્છાઓ પૂરી કરવા હંમેશાં તૈયાર હોય છે. તેનાથી બને એટલું વધારે તે દીકરી માટે કરે છે.જયારે જીવનમાં કોઈ મુશ્કેલી હોય તો કોઈ સાથ આપે કે ન આપે પણ પપ્પા હંમેશાં તેની દીકરીનો સાથ આપે જ. મારા પપ્પાના અવસાન સમયે હું એવડી પણ નહોતી કે એ સમજી શકું ત્યારે હું ફક્ત સાડા ત્રણ વર્ષની હતી અને મારી બહેન દોઢ વર્ષની હતી. એટલે પપ્પાના પ્રેમનો અમને અનુભવ જ નહોતો. પપ્પાની ગેરહાજરીમાં અમારે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. મારાં નાના-નાની નહોતાં અને મારાં મામાનું પણ ત્યારે જ અવસાન થયું હતું. મારાં મમ્મી વાડી માં કામ કરવા જતાં પછી અમે સુરત આવ્યા અને ૧૨ધોરણ ભણી, એ પછી પણ મને ભણવાની ઈચ્છા હોવા છતાં ઘરની પરિસ્થિતિ નબળી હોવાને કારણે ભણતર છોડવું પડ્યું અને અમે સાડી બનાવવાનું શરૂ કર્યું અને મારી નાની બહેન પણ એ જ કામ કરે છે. પણ તેની તબિયત સારી નથી રેહતી એટલે મારા એક પર જ ઘર ચાલે છે.

તા. ૦૨/૧૦/૨૦૧૬ના રોજ મારી સગાઇ થઇ. અને સાદાઈથી લગ્ન કરવાનું વિચાર્યું પછી અમારી બાજુમાં રહેતા ભાઈએ અમને પી.પી. સવાણીમાં ફોર્મ ભરવાનું કહ્યું એમની પત્ની ધર્મિષ્ઠા શેલડીયાનાં લગ્ન એમાં જ થયાં હતાં. એમણે અમને મહેશપપ્પા વિશે જણાવ્યું કે તે દરેક પિતાવિહોણી દીકરીને પોતાની દીકરીની જેમ જ રાખે છે. અમારું ફોર્મ સિલેક્ટ થયું એ દિવસ મારા માટે ખુશીનો હતો કે ધામધૂમથી લગ્ન કરવાનો ખ્યાલ પણ લાવવાનો નહોતો ત્યારે આ બધું સ્વપ્ન જેવું લાગ્યું. મારા પણ લગ્ન દરેક દીકરીની જેમ થાય છે. મારા મહેશપપ્પા પણ મારા લગ્નમાં હશે.



દુનિયામાં દરેક લોકો તમારા જેવા વિચાર ધરાવતા હોય તો આ દુનિયામાં અનાથ દીકરીને જીવવા માટે વધારે મુશ્કેલીનો સામનો ન કરવો પડે. મારા પપ્પા પણ આજે હોત તો મારી દરેક ઈચ્છા પૂરી ન કરી શક્યા હોત. જયારે એક પિતા પોતાની એક દીકરીની ઈચ્છા પૂરી નથી કરી શકતા ત્યારે તમે એટલી બધી પિતાવિહોણી દીકરીઓની દરેક ઈચ્છા પૂરી કરો છો. ત્યારે એમ થાય છે કે ભગવાન એક હાથે લે છે અને બીજા હાથે દે છે. એમને જ તમને અમારા માટે મોકલ્યા છે ભગવાન હંમેશાં તમને સુખ, શાંતિ અને સ્વસ્થ આરોગ્ય આપે તમારો હાથ અમારે માથે હંમેશાં માટે બની રહે.

**લિ. તમારી વહાલી દીકા**
**કાજલ**





## ધામેલીયા જેમીસા અલ્પેશભાઈ

જન્મતારીખ:- ૦૧/૦૬/૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૦૬/૦૮/૨૦૧૦

***My Papa is best in the world.***
***Love u papa***

**જય રામાપીર સાથે જણાવવાનું કે હું મજામાં છું. અને તમે પણ મજામાં હશો.**

આજે હું મારા દિલની વાત કહું છું કે હું અગિયારમા ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારે તા. ૦૬/૦૮/૨૦૧૦ના રોજ મારા પપ્પાને કેન્સરના રોગની બીમારી આવી હતી. અમારા પરિવાર ઉપર જાણે ક્યાંથી આવી મોટી આફત આવી. પપ્પાનું અવસાન થયું ત્યારે માત્ર હું ૧૫ વર્ષની હતી. પપ્પા વિનાનું ઘર સૂનું થઈ ગયું. પપ્પા બોલવાના શબ્દો જતા રહ્યા મારા પિતાના અવસાન પછી અમને ખુબ જ તકલીફ ભોગવવી પડી હતી. મારા દાદાના એકના એક પુત્ર હોવાથી મારા કોઈ કાકા હતા નહિ. અમારા ઘરમાં મમ્મી અને દાદીમા બેનો જ સહારો હતો. હું એક બહેન અને બે નાના ભાઈ છે. તે મારાથી બંને નાના છે. પછી ઘરની બધી જ જવાબદારી મમ્મી ઉપર આવી. મમ્મી ઘરનું ગુજરાન ચલાવવા માટે હીરા ઘસવાનું કામ કરવા લાગ્યા. દાદી અમને ઘરે સાચવતા, થોડા સમય પછી દાદીનું પણ અવસાન થયું. અમારે બીજો સહારો પણ જતો રહ્યો એટલે બધી જ જવાબદારી મમ્મી ઉપર આવી. F.Y. B.Com એક વર્ષ કર્યા પછી પરિસ્થિતિને કારણે મેં પણ અભ્યાસ છોડી દીધો અને જોબ કરવા લાગી. મારાં પપ્પાની ઈચ્છા હતી કે મારા લગ્ન ખૂબ જ સારી રીતે થાય પણ અમારી એવી પરિસ્થિતિ ન હતી કે મારા લગ્ન થઈ શકે.

પછી સંબંધીઓ પાસેથી વાત જાણવા મળી કે મહેશભાઈ સવાણી છે જે એ પપ્પા વગરની દીકરીઓને દત્તક લઈને તેમના કરિયાવરથી માંડીને કન્યાદાન સુધીનું ઉત્તમ કાર્ય કરે છે. આજીવન પિતા વગરની દીકરીઓની જવાબદારી પોતાની દીકરી માનીને લે છે અને સુખ દુ:ખમાં સાથ આપે છે. મારા લગ્નની જવાબદારી પપ્પાએ લીધી પછી મારા મમ્મી અને ભાઈને લગ્નનું ટેન્શન હળવું થઈ ગયું. એવા સંકટના સમયે પપ્પા તમે મને મળ્યા. જેમને મારા લગ્નની તમામ જવાબદારી ઉપાડી એક સાચા પિતાની ફરજ બજાવી મારા જેવી અનેક દીકરીઓના તમે લગ્ન કરાવ્યા ત્યારે હું ગર્વ અનુભવું છું કે તમે મારા પપ્પા છો.

Thank you so much papa

**જય રામાપીર.**

**લિ. તમારી વહાલી દીકા, જેમિસા ધામેલીયા.**



# તડવી સોનલ કાંતિભાઈ

જન્મતારીખઃ- ૨૮/૦૯/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૨૪/૦૬/૧૯૯૮



**જય રામાપીર,**
**મારા વહાલા મહેશપપ્પા,**

મારા મહેશપપ્પા, તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે. મારા જીવનમાં તમે ભગવાનનું રૂપ છો. પપ્પા તમે ખૂબ જ પ્રેમાળ અને શાંત સ્વભાવના છો. હું તમને રોજ યાદ કરું છું અને તમારા મેસેજ રોજ વાંચું છું. તમારા મેસેજથી જ મારી સવાર થાય છે. પપ્પા તમારા મેસેજ ખૂબ જ યાદગાર હોય છે. પપ્પા હું ખૂબ જ ખુશ છું અને મને પણ આશા છે કે તમે પણ ખૂબ જ ખુશ હશો.

મારા પપ્પાને ગયા ૨૦ વર્ષ પુરા થયા છે. મારા પપ્પાનું અવસાન એક એક્સિડન્ટમાં થયું હતું. ૨૮/૦૯/૧૯૯૮ના રોજ સુરતથી ગામડે જતા હતા ત્યારે ઝગડિયા તાલુકા પાસે તેમનું એક્સિડન્ટમાં મૃત્યુ થયું હતું. અમે અમારા ઘરમાં ત્રણ વ્યક્તિ છીએ. હું જયારે ૨ વર્ષની હતી ત્યારે મારો નાનો ભાઈ ૬ મહિનાનો હતો અને આવા સમયમાં મારા પપ્પા અમારો સાથ છોડીને મૃત્યુ પામેલા. મારે બે બહેન અને એક નાનો ભાઈ છે. પપ્પા મૃત્યુ પામ્યા પછી કોઈએ પણ અમારો સાથ ન આપ્યો. મારી મમ્મીએ જ અમને મોટા કર્યા છે અને ઘરકામ કરીને અમને ચારને ભણાવ્યા છે અને સારું જીવન આપ્યું છે. પણ મારી મોટી બહેન વધારે અભ્યાસ ન કરી શકી કારણ કે કોલેજમાં ફી ભરવાના પૈસા ન હતા. હું એકથી સાત સરકારી સ્કૂલમાં ભણી. પછી આઠમાથી હાઈસ્કૂલમાં અભ્યાસ કરવા માટે મારી મમ્મીએ પોતાની સોનાની ચેન વેચીને સ્કૂલની ફી ભરી હતી. પછી નવમાં ધોરણમાં આવી ત્યારે પી.પી. સવાણી તરફથી જ સ્કૂલની ફી ભરવામાં આવે છે. તે દિવસથી આજના દિવસ સુધીની ફી પી.પી. સવાણી તરફથી જ ભરવામાં આવે છે. હું આજે કોલેજમાં અભ્યાસ કરું છું. તે ફી પણ મહેશપપ્પા તરફથી જ ભરવામાં આવે છે.

પપ્પા, thank you. મારા માટે તમે ઘણું બધું કરો છો.

I love you papa..."મારા પ્રિય મહેશપપ્પા, ભાવના મમ્મી, પૂજ્ય બા-બાપુજી, વહાલા ભાઈ-ભાભી I miss you so much, I love you



**"ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહિ".**

**લિ. તમારી લાડકી દીકા, સોનલના જય રામાપીર.**



# ગોસ્વામી ભાવિકા મહેશગીરી

જન્મતારીખઃ- ૧૦/૦૫/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૨૪/૦૫/૨૦૧૦

***Thanks a lot dear papa for coming in my life.***

આજે તમારો દીકો તમને સાચા મનથી લાગણીમય પત્ર લખી રહી છે. પપ્પા, હું તમને મારી જિંદગીની વાત કરવા માંગું છું. તમારા વિશે હું કઈ જાણતી નહોતી પણ જયારે જાણ્યું ત્યારે ખૂબ જ આનંદ થયો. મને મારા પપ્પા પાછા મળ્યા. જ્યારે હું તમને પહેલીવાર મિટિંગમાં મળી ત્યારે તમે કહ્યું કે તમે મારી જ દીકરીઓ છો ત્યારે મારી આંખોમાંથી આંસુ આવી ગયા અને થયું કે હવે તમે જ મારા પપ્પા છો. મહેશપપ્પા પાસે તો ઘણી બધી દીકરીઓ છે. જો મારા મહેશપપ્પા જેવા પપ્પા બધી દીકરીઓ પાસે હશે તે દીકરીનું જીવન ધન્ય બની જશે. કારણ કે દીકરી તો તુલસીનો ક્યારો છે. હું મારી ચાર બહેનો અને મારા મમ્મી-પપ્પા ખુશહાલ જિંદગી જીવતા હતા. મારે ભાઈ નથી પણ મારા મમ્મી-પપ્પા એ અમને દીકરાની જેમ જ રાખી છે. મારી જિંદગીમાં અચાનક એક દુઃખદ ઘટના આવી મારા પપ્પાને હુમલો આવ્યો અને તેમનું અવસાન થયું.

૨૪/૦૫/૨૦૧૦ મારા પપ્પા રવિવારે ઘરે પણ નહોતા અને રાત્રે અમે તેની રાહ જોતા હતા પણ પપ્પાને હુમલો આવ્યો. જે અમે સપને પણ નહોતું વિચાર્યું કે પપ્પા અમને આમ મુકીને જતા રહેશે અને મારા લગ્નનું સપનું પણ અધૂરું રહી ગયું. તે દિવસ તો પાછો નહી આવે પણ મારા લગ્નનું સપનું મારા મહેશપપ્પા પૂરું કરશે. મહેશપપ્પાનો ઉપકાર હું જિંદગીભર નહી ભૂલું. love you papa. તમે અમારા ઘરની જવાબદારી તમારી ઉપર લીધી અમને પી.પી. સવાણીમાં સામેલ કર્યા. મારી બહેનો પણ તમને રક્ષાબંધનમાં મળીને અમને પણ ખૂબ જ આનંદ થયો અને કહ્યું કે મોટા માણસો તો ઘણા જોયા પણ આજે એક પરિવારમાં આટલી બધી લાગણી મિતુલભાઇ મારી પાંચ બહેનોના ભાઈ બન્યા. એ ભાઈનું જીવન ખુશીમય અને આનંદમય રાખે એવી અમારી પાંચ બહેનોની અને મારા મમ્મીને એક દીકરા મળ્યા છે. મને પપ્પા મળ્યા અને ભાઈ મળ્યો એટલે મારો



પરિવાર તમને સાચા દિલથી આભાર માને છે.

**"જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહિ,**
**દુઃખને દેખાડ્યું નહી સુખને છલકાવ્યું નહી,**
**હસતો રાખી ચહેરો અચાનક લીધી વિદાય, પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ,**
**એ ખોટ કદી ભુલાય નહિ,**
**પ્રભુ મારા પપ્પાના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.**

પિતા વગરનું જીવન જીવવું બહુ કઠીન છે. પણ જે આ દુઃખમાંથી પસાર થાય તેને જ ખબર પડે. પિતા વગરનું ઘર એટલે થડ વગરનું ઝાડ. થડ વગરનું ઝાડ કદી ઉભું રહી શકતું નથી. ઝાડના થડને પિતાનું બિરુદ આપવામાં આવ્યું છે. કેમકે ઝાડની ડાળી, પાંદડા, ફળ, ફૂલ તેમના સંતાનો કહેવાય છે. હવે જે ઝાડનું થડ જ તૂટી પડે તો પાંદડાં, ડાળીની હાલત કેવી થાય. તે તો બધા જાણે જ છે અને પિતા ન હોય તો પરિવારની હાલત કેવી થાય તેની મને ખબર છે. પણ એ દુઃખથી હારી જવું અને આપણી જવાબદારીમાંથી પાછા પડી જવું એ કાયરતા છે. પણ આપણી જવાબદારી પરિવાર માટે ત્યારથી જ શરૂ થાય છે. આપણને દુઃખ જ બધું શીખવાડી જાય છે. મહેશપપ્પા તમારો દીકો તમારી જેમ તો નહી પણ એમ બનવાની કોશિશ કરીશ.

**love you papa..miss you..**
**લિ. તમારી વહાલી દીકા,**
**ભાવિકા.**





# નાયકા શ્વેતા ગોકુળભાઈ

જન્મતારીખઃ- ૧૩/૦૩/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૨૩/૦૭/૨૦૧૬

***મારા લાગણીભીના મહેશપપ્પા, તમારી દીકરીના જય રામાપીર,***

***મહેશપપ્પા, આજે હું તમને મારા હૃદયની વાત એક પત્રથી કરવા જઈ રહી છું.***

હું ૭ વર્ષની થઇ ત્યારે મને અચાનક ખબર પડી કે હવેથી પપ્પા અમારી સાથે નથી રહેવાના. હા, મારા પપ્પા અને મમ્મી એકબીજાની સહમતીથી છુટા પડ્યા હતા. એ એક ક્ષણ મારા માટે પ્રશ્ન છોડી ગઈ, શા માટે?-જવાબ ના મળ્યો. પપ્પા હોવા છતાં પપ્પાના પ્રેમ વગર, પપ્પાની સુરક્ષા વગર રહેવાનું ખૂબ જ અઘરું લાગતું હતું, તેમ છતાં જીવન પસાર થતું હતું અને હું મોટી થતી ગઈ. નાના નાનીને ત્યાં. પપ્પાને હોસ્પિટલાઈઝ કર્યાના સમાચાર મળ્યા. હું એમને મળવા ગઈ. અમારા બે વચ્ચે મૌન પથરાઈ રહ્યું. થોડા દિવસોમાં પપ્પાએ આ દુનિયામાંથી પણ વિદાય લઇ લીધી. મારા મનમાં એક અફસોસ રહ્યો કે મને પપ્પાનો પ્રેમ ન મળ્યો.

એક દિવસ મારો રાજકુમાર મારી સામે આવી ઊભો રહ્યો અને શરૂ થઇ મારા લગ્નની વાતો. આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને મારા લગ્ન સમૂહમાં નોંધવાના પ્રયત્ન કર્યો. શ્રી હિંમતભાઈ ભગવાનભાઈ ઈટાલીયાએ અમને માર્ગદર્શન આપ્યું અને તેમને અમે મળ્યા. મહેશપપ્પા, સાચું કહું તો તમે સમૂહલગ્નના આયોજકની સાથે 'પપ્પા' પણ છો. તમે જનક બની તમારી દત્તક લીધેલ સીતાને દરેક પ્રકારે શણગારીને, સાચવીને, સવારીને આશીર્વાદના બે બોલ સાથે વિદાય કરો છો ને સાથે દરેક દીકરીને ભીડભરી પરિસ્થિતિમાંથી છોડાવી હસતી કરો છો.

હા, હવે હું પણ કહી શકું છું કે મને પણ પપ્પાનો પ્રેમ મળવા લાગ્યો છે અને હું જ નહિ મારું કુટુંબ પણ તમારા હાથ નીચે સુરક્ષિત છે. મહેશપપ્પા તમારું મને પૂછવું, 'દીકા તુ ખુશ તો છે ને?' મને ભીની લાગણીથી તરબતર કરી ગયું. મહેશપપ્પા તમને મારા કોટિ કોટિ વંદન. હે પ્રભુ, તમે મને મહેશપપ્પા આપીને જે કૃપા મારા પર વરસાવી છે તે માટે તમારો ખૂબ ખૂબ આભાર.

**લિ. તમારી લાગણીને ક્યારેય ન ભૂલી શકનાર,**
**તમારી દીકરી શ્વેતા.**



## ભલાણી ધર્મિષ્ઠા કરશનભાઈ

જન્મતારીખઃ- ૨૧/૦૬/૧૯૯૪

પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૦૧/૨૦૦૨



**Dear papa, I love you.**
**Jay ramapir papa,**

હું જ્યારે ૭ વર્ષની હતી. ત્યારે મારા પપ્પા બીમારીના કારણે અવસાન પામ્યા હતા. અમે ત્રણ બહેનો. તેમાં હું સૌથી મોટી હતી. પપ્પાના અવસાન વખતે મારી અને મારી બહેનોની ઉંમર પિતાની લાગણી, પિતાનો પ્રેમ, પિતાનો સ્નેહ અનુભવવાની હતી. પરંતુ ભગવાન એમ નહિ ઈચ્છતા હોય કે અમને પિતાનો પ્રેમ મળે.

મારા પપ્પાના અવસાન પછી હું મારાં ફોઈને ત્યાં સુરત રહેતી. ફોઈએ મને ભણાવીને મારું પાલન-પોષણ કરી ખુબ જ સારી રીતે મારી દેખભાળ કરી મને મોટી કરી પરંતુ જયારે જયારે મને પપ્પાની યાદ આવી જાય છે. ત્યારે મારાથી ખુબજ રડાય જાય મગજ કામ કરતું થોડી વાર માટે બંધ થઇ જાય. બેચેની અનુભવાય કોઈ સાથે વાત કરવાની ઈચ્છા ન થાય. માત્ર એક જ વિચાર આવે ભગવાન એ આવું મારી સાથે શું કામ કર્યું હશે..? પરંતુ ભગવાનને ગમ્યું તે સાચું એમ સમજી મારા મનને માનવી લેતી હતી. મારું ભણતર પૂર્ણ કરી જયારે હું નોકરી માટે પહેલી વાર ઈન્ટરવ્યુ આપવા પી.પી. સવાણી સ્કૂલ હીરાબાગ પર ગઈ. ત્યાં મારી નોકરી લાગી ગઈ. પછી મને મારા ટ્રસ્ટી હર્ષદભાઈ રાજ્યગુરુ દ્વારા એવું જાણવા મળ્યું કે મહેશપપ્પા સાથે અને બાપુજી સાથે અવારનવાર મુલાકાત થતી. જોત જોતામાં મારી સગાઇ થઇ. પહેલેથી જ જાણતી હતી કે મહેશપપ્પા પપ્પા વગરની દીકરીઓના લગ્ન કરાવે છે. તો મને પણ એમાં ફોર્મ ભરવા હર્ષદસરે કહ્યું મેં ફોર્મ ભર્યું અને જયારે પહેલી વખત પપ્પા સાથે મુલાકાત થઇ ત્યારે પપ્પાએ મને કહ્યું દિકા આપડે તો પહેલેથી જ એક પરિવારના સભ્ય છે. એ સાંભળી મારા દિલને ખુબ જ આનંદ થયો. પછી તો વારંવાર પપ્પાને મળવાનું થતું રવિવારે પણ બીજી કોઈ જગ્યાએ જવા કરતા પપ્પાને મળવા જવાનો વધારે આનંદ મળતો.

મારા પપ્પાના અવસાન પછી હું બીજાના મોઢે પપ્પાનું નામ સાંભળતી ત્યારે મારા દિલને ખૂબ જ દુઃખ થતું. પરંતુ આજે મને કહેતા પણ ગર્વ થાય



છે કે મારા પપ્પા મારી સાથે છે.

**"हर कदम पर सफलता मिले भगवान की कृपा से पप्पा के जीवन में ख़ुशी ही खुशी मिले".**

પપ્પા હંમેશાં કહે છે દીકા તમારે હવે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. તમારા પપ્પા તમારી સાથે જ છે. તો હંમેશાં ખુશ જ રહેવાનું એટલી બધી દીકરી હોવા છતાં પપ્પા બધી દીકરીઓને ખૂબ જ સારી રીતે અને નામ સાથે ઓળખી શકે છે. પપ્પાને બધાને ખૂબ જ સારો એવો પ્રેમ આપે છે. જયારે પપ્પા વ્યક્તિગત સવાર-સાંજ Good morning અને Good night મેસેજ કરે છે અને groupમાં બધા સાથે વાત કરે છે, ત્યારે ખરેખર ખૂબ જ આનંદ અનુભવાય છે. ખરેખર મહેશપપ્પાએ પપ્પા નહિ. પરંતુ ભગવાન સ્વરૂપે આવેલા પપ્પા છે. love you so much papa, I miss you papa.

મને લાગે છે કે આનાથી આગળ હું મારી લાગણી શબ્દોમાં વ્યક્ત નહી કરી શકું કેમકે મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. જેનો ઉલ્લેખ કાગળ કે પેનથી નહિ થાય. એતો મારું દિલ જ જાણે પપ્પા વિશેનો પ્રેમ.

**"મા ઘરનું ગૌરવ તો, પિતા ઘરનું અસ્તિત્વ હોય છે.<br>મા પાસે અશ્રુની ધારા તો, પિતા પાસે સંયમ હોય છે.<br>બે સમયનું ભોજન મા બનાવે અને જીવનભરના ભોજનની વ્યવસ્થા પિતા કરે."**

છેલ્લે બસ એટલું જ કહીશ કે "બંગડી અને ઝાંઝરનો રણકાર એના ઘરમાં જ ગુંજે જેના નસીબમાં દીકરી હોય" અને પપ્પા તમે ભાગ્યશાળી છો કે આટલી બધી દીકરીઓના બંગડી અને ઝાંઝરનો રણકાર તમારા ભાગ્યમાં છે. દરેક દીકરીને તમારા જેવા પપ્પા મળે.

Thank you papa....I love you papa..

**"લઈને આવી કેટલું પૂછે દુનિયા એટલું, પૂછો તો ખરા કેટલું છોડીને આવી છે, પોતાના છોડ્યા ને છોડી દીધા વતન"**

આવી વિદાયને મારા પપ્પા સમજી શકે છે એનો મને બહુ જ આનંદ છે. Thank you so much papa આજે મને કહેતા ગર્વ થાય છે કે હું મહેશભાઈ સવાણી એટલે કે મહેશપપ્પાની દીકરી છું. કહેવાય છે કે લોહીના સબંધ કરતા પણ લાગણીનો સંબંધ ઉચો હોય છે એવો જ સંબંધ આપણો છે. પપ્પા,

**"કીસીને પૂછા વો કૌન સી જગહ હૈ, જહાં હર કર્મ, જુર્મ ઓર હર ગુનાહ માફ હો જાતા હૈ? મેંને મુસ્કુરાતે હુયે કહા, મેરે પાપા કા દિલ......"**

**લિ. તમારી લાડકી દીકા,<br>ધર્મિષ્ઠા ભલાણીના જય રામાપીર.**



# ભલાણી અંકિતા જયંતીભાઈ

જન્મતારીખઃ- ૦૪/૦૪/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૧૧/૨૦૦૭



**મારા વહાલા પપ્પા,**
**જય રામાપીર**

હું જયારે પહેલીવાર પપ્પાને મળી ત્યારથી જ મારું બધું ટેન્શન ઓછું થઇ ગયું. અમે ગામડે રહેતા હતા. હું જયારે ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારે મારા પપ્પાનો સ્વર્ગવાસ થયો હતો. મારા પપ્પાને હું બહુ જ પ્રેમ કરું છું. ત્યારે હું સાવ ભાંગી પડી હતી. અમે ક્યારેય સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે પપ્પા વગર અમારે જીવવું પડશે. મારા પપ્પાની ઈચ્છા હતી કે હું ખૂબ જ ભણું, પણ પપ્પાના ગયા પછી મારી ભણવાની ઈચ્છા નહોતી. પણ મમ્મીએ કીધું ભણવાનું છોડવાનું નથી. મમ્મીએ મશીન ચલાવી અને ખેતી કરીને અમને ચારેય ભાઈ-બહેનને ભણાવ્યા, આમ ખેતીકામ કરતા-કરતા મેં B.com પૂરું કર્યું. મને નાનપણથી ઈચ્છા હતી કે હું વકીલ બનું, પણ પરિસ્થિતિને લીધે હું L.L.B. ન કરી શકી.

અમે સુરત રહેવા આવ્યા તેને ૧વર્ષ થયું છે. મારી સગાઇ થઇ એટલે એક કાકાની સાથે હું, મમ્મી અને ધાર્મિકભાઈ અમે મહેશપપ્પાને મળવા આવ્યા. જયારે તમે ધાર્મિકભાઈને કહ્યું કે કાલથી જ ઓફિસે આવી જજે તને જે ફાવશે એ કામ આપીશ. ત્યારે અમારી ખુશીનો પાર ન રહ્યો, મને કેટલાય સમયથી ટેન્શન હતું કે મારા ગયા પછી મમ્મી કઈ રીતે ઘર ચલાવશે. મશીન ચલાવીને અમે ગુજરાન ચલાવીએ છીએ, પણ ધાર્મિકને ત્યાં કામ પર રાખીને તમે મારું મોટું ટેન્શન દૂર કર્યું છે.

ભગવાન ભોળાનાથ તમને લાંબું અને નિરોગી આયુષ્ય આપે એવી હૃદયથી મહાદેવને પ્રાર્થના છે. જ્યારથી તમે મળ્યા છો ત્યારથી અમે બધા બહુ જ ખુશ છીએ. મમ્મીને મારા લગ્નની અને ધાર્મિકભાઈના જીવનની કઈ ચિંતા નથી જે ટેન્શન મહેશપપ્પાએ દૂર કર્યું છે. પપ્પા જયારે હું તમારી બુક વાચું છું ત્યારે એમ થાય છે કે સાક્ષાત મહાદેવ પૃથ્વી પર આવ્યા છે અને અમારી જેવી પિતા વગરની દીકરીઓનો આધાર બન્યા છો. જયારે તમારી સામે આવું છું ત્યારે હું કઈ બોલી શકતી નથી બસ આંખમાંથી આંસુ આવી જાય છે. તમે અમારી બધી જ ઈચ્છાઓ પૂરી કરી છે.



Thank you my dear papa..I love you papa
Jay Ramapir. **લિ. તમારી વહાલી દીકા, ભલાણી અંકિતા.**



## જોટંગીયા કાજલ મહેશભાઈ

જન્મતારીખ:- ૦૯/૧૦/૧૯૯૯
પિતાની પુણ્યતિથિ:- ૧૯/૦૬/૨૦૦૭

***પિતા વગરની છત્રછાયા,***
***ત્યાર પછી પિતાવાળી છત્રછાયા***
***My papa is best in the world..***
***love you papa***
***મારા પ્રિય આદરણીય પપ્પા મહેશપપ્પા,***
***જય રામાપીર***

તમને હું પિતા વગરની છત્રછાયાની વાત કરું છું. મારા પપ્પા મહેશભાઈ રવજીભાઈ જોટંગીયા. ગામ:- લુણીધાર, તા:- કુકાવાવ, જિ:- અમરેલીના વતની હતા. મારા પપ્પાનું અવસાન તારીખ:- ૧૯/૦૬/૨૦૦૭ના રોજ  સવારે ૪ વાગ્યે થયું હતું. તેમની ઉમર ૨૮ વર્ષની હતી ત્યારે હું સાવ નાની હતી અમે બે બહેન અને એક ભાઈ છીએ. હું મોટી ત્યાર પછી ભાઈ ત્યાર પછી બહેન. હું ૯ વર્ષની હતી અને ભાઈ ૭ વર્ષનો હતો અને નાની બહેન ૪ વર્ષની હતી. ત્યારે મારા પપ્પાને તાવ આવતો હતો એટલે તાવ આવવાના કારણે મારા પપ્પાનું અવસાન થયું હતું. મારા પપ્પા છોડીને ગયા એના ૧૦થી ૧૧ વર્ષ થઇ ગયા. આજ સુધી મારા મમ્મીએ પપ્પાની ખોટ નથી આવવા દીધી. અમારી બધી જ જરૂરિયાતો મમ્મીએ પૂરી કરી. બંને હોય તો જિંદગી જીવીએ એમાં થોડો ફેર હોય છે.

**"કંઈક ગુમાંવ્યાનો અહેસાસ જિંદગીને રોળી નાખે છે.**
**પપ્પાના જવાથી ભાઈ, બહેન અને મમ્મીની જિંદગી પલટાઈ ગઈ."**
**"સૌ સાથે હોય ત્યારે માયાનું બંધન હોય છે.**
**એ છોડીને જતા રહે પછીની જિંદગી કેવી હોય છે."**

સુરત આવી રહેવા લાગ્યા મમ્મીને થતું રૂમ નહીં ચાલે. ભાડે રહેવાનું તે ટેન્શન લેતા. મેં કીધું બધું રેડી થઇ જશે. મમ્મીએ થોડો સમય જતાં મારી સગાઇ હર્ષદ સાથે નક્કી કરી. પછી હર્ષદ અમારા ઘરનું કોઈ પણ કામ તેના માથે લઇ લીધું ભાઈ નાનો હોય તે જવાબદારી ન સંભાળી શકે. હર્ષદ મારા ઘરને પોતાનું જ ઘર માની લેતા કાંઈ પણ પ્રોબ્લેમ આવે તો અમારી ઘરે આવીને ઊભા રહેતા. મારે હવે મારા ઘરની ઉપાદી ન રહી તે હર્ષદ સંભાળી લે છે.

મારા મેરેજનું નક્કી થયું. મારા જેઠશ્રીએ કીધું પી.પી. સવાણીમાં જોડાય

જવું છે. તે સારા લગ્ન કરાવે છે. મમ્મીને ચિંતા હતી કે ઘરે લગ્ન કરાવે તેવી પરિસ્થિતિ ન હતી. આ પી.પી. સવાણી ગ્રુપની વાત સાંભળી મમ્મીને થોડી નિરાંત થાય. મારા જેઠ નામ લખાવી આવ્યા. એક દિવસ ઓફિસથી દીદીનો કોલ આવ્યો ઓફિસ આવવાનું છે. કાલે ફોર્મ લેવા માટે મને મનમાં થતું મહેશભાઈ સવાણી કેવા હશે તેને હું કાલે મળીશ.

પિતાની છત્ર છાયા મળ્યા પછી

ઓફિસ જતા જ ઓફિસમાં પગ મુકતાં જ પપ્પાએ એમ કીધું આવ દીકા... આ શબ્દ સાંભળ્યો જ ન હતો. હું ખૂબ જ ખુશ થઈ. ત્યાં હું હર્ષદ, મમ્મી ગયા હતા. "દીકા" કીધું મને ખૂબ જ ગમ્યું પપ્પાએ એમ કીધું, 'તું મારી દીકાને હું તારા પપ્પા હો દીકા.' મેં કીધું હા પપ્પાની બધી જ વાત મારે કોને કહેવી હું પણ હવે મારા પપ્પાને બધી જ દિલની વાત શેર કરું છું.

"પપ્પા વાતો કરો તો સારું લાગે, આમ તો દૂરનું આકાશ મારું લાગે,
તમે મૂંગા રહો તો ઝરણું પણ ખારું લાગે, તમે બોલો તો મને બહુ જ સારું લાગે".

થોડી મમ્મીએ શિખામણ આપેલી છે કે આ ઘરને છોડીને જા એટલે સસરાનું ઘર પોતાનું જ માનજે.

પારકાને પોતાના બનાવજે સાસુ-સસરાને માતા-પિતા માનજે, નણંદને નાની બહેન માનજે, દિયરને નાનોભાઈ માનજે, જેઠ-જેઠાણીને મોટા ભાઈ-ભાભી સમાન રાખજે. આ ઘરનો તુલસીનો ક્યારો છો તેમજ એ ઘરનો તુલસી ક્યારાનો દીવો બનીને રહેજે દીકરી.....


**પપ્પાનો પ્રેમ**

**પ્રેમ છે એક મોટો વહાલ જો.... કરો તો ખબર પડે**
**પ્રેમ છે પપ્પાનો સહારો, જો મળે તો ખબર પડે**
**પ્રેમ છે એક બાપ-દીકરીનો સાથ, રહો તો ખબર પડે**
**પ્રેમ છે એક દિલનો દિવાસો, જો કોઈ આપે તો ખબર પડે**
**પ્રેમ છે એક મહેશપપ્પાના આશીર્વાદ, મેળવો તો ખબર પડે**

પ્રેમ મેળવ્યો છે. કાજલ જોટંગીયા એ, જો આ આખો પત્ર વાચો તો ખબર પડે.

પપ્પા તમે મને ખૂબ જ પ્રેમ આપ્યો છે. તમે મને ઘણો સહારો આપ્યો છે. હું જીંદગી ભર તમારો અહેસાન નહિ ભૂલું. ઈશ્વર મારા પપ્પાને લાંબુ આયુષ્ય અને ખૂબ ખુશી આપે એવી દિલથી પ્રાર્થના.

**Papa thank you so much for coming in my life. love you lot papa.**



સંતોની વાણીનું બરાબર રીતે આ સવાણી પરિવાર પાલન કરી રહ્યો છે. જે આ હકીકત છે. એક સારો માણસ જે આખા સમાજના વાતાવરણને શરુ કરી શકે છે. એ જે મહેશભાઈ વલ્લભભાઈ સવાણી પરિવાર આવા ઉમદા અને શ્રેષ્ઠ પરિવારને મારા શત શત પ્રણામ..

જે દીકરીઓ એ માની ચુક્યા છે. એને આવી જ રીતે દીકરીઓ માટે કરે છે. એમાં પિતા વગરની દરેક દીકરીને પિતાની છત્રછાયા આપતા રહ્યા છે અને ભવિષ્યમાં પણ આ સેવા યજ્ઞ ચાલુ રાખવાના છે. ત્યારે કહેવાય છે કે

**"મહેશપપ્પા જીઓ હજારો સાલ, હર સાલ કે દિન હો પચાસ હજાર"**

પરમ પૂજ્ય મહેશપપ્પાને ધન્ય છે. તમારા માતા-પિતાને ધન્ય છે. તમારા શુભ વિચારોને ધન્ય છે,. આ પાલન પિતાને ધન્ય છે અને સવાણી પરિવાર ધન્ય છે...

**I LOVE YOU PAPA..**

**લિ. તમારી વહાલી દિકા,**
**કાજલ.**



## કાનાણી સંગીતા હરદાસભાઈ

જન્મતારીખ:- ૨૯/૦૫/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૦૮/૦૯/૧૯૯૭



**હું કાનાણી સંગીતા હરદાસભાઈ મહેશપપ્પાને હદયથી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માંગું છું અને હદયથી મહેશપપ્પાનો આભાર વ્યક્ત કરું છું.**

Dear papa,

પપ્પા, બધા લોકો એવું મને છે કે ભગવાન પાસે ગયેલા ક્યારેય પાછા નથી આવતા પરંતુ ભગવાને મને કુદરતના નિયમોની વિરુદ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશપપ્પામાં મારા પપ્પાને મહેસૂસ કરું છું. પપ્પા તમે મારી લાઈફમાં આવીને મને ખૂબ જ ખુશીઓ આપી છે. દિલથી આભાર વ્યક્ત કરું છું. Thanks a lot dear papa for coming in my life,

દુનિયામાં બધા જ લોકો ખુશ નથી. બધા લોકોને સુખ અને દુ:ખનો સામનો કરવો જ પડે છે. આવામાં મારો પણ સમાવેશ થાય છે. મારે પણ ઘણા બધા દુ:ખોનો સામનો કરવો પડ્યો હતો.

મારા પપ્પાનું અવસાન થયું ને આજે ૨૦ વર્ષ થયાં છે. ત્યારે હું નાની હતી મારા પપ્પાનું ટ્રેન અકસ્માતમાં અવસાન થયું હતું. ત્યારે અમારા ઘર પર અચાનક દુ:ખ આવી પડ્યું હતું. અમે સુખમાંથી દુ:ખમાં સરી પડ્યા હતા. અમારા ઘરમાં અમે છ બહેનો અને મમ્મી થઈને એમ સાત સભ્ય છીએ. અમારા લગ્ન પહેલાં મારી બે મોટી બહેનોના લગ્ન ગામડે થયા હતા. આ વર્ષે મારા લગ્ન પી.પી. સવાણી પરિવારમાં છે.

હું મારા પપ્પા વિશે વાત કરું તો તેઓ પ્રમાણિક, લાગણીશીલ, સહનશીલ અને પ્રેમાળ હતા. તેમજ બીજાને દુ:ખે દુખી થનાર તેમજ બીજાને ખુશ કરનારા હતા. મજા+મહેનત=જિંદગી . એવું સમજાવતા. જયારે હું મહેશપપ્પાને મળી તેમની સાથે વાત કરી તો મારા અને મમ્મીના બધા જ દુ:ખ દૂર થઈ ગયા. અમારા ઘરમાં સુખ આમ તેમ દોડવા લાગ્યા અને મારા મમ્મીની માથેથી લગ્નનો બોજ દૂર થઈ ગયો. પપ્પા ઈશ્વર તો સુખ દુ:ખ તો બધાને આપે છે પરંતુ તમે તો ફક્ત સુખ જ આપો છો. જેનાથી તમારી દીકરી બનીને સમાજની કોઈ દીકરી કે તેનો પરિવાર દુખી હોઈ શકે. Thank you papa.. my best papa..

Jay ramapir papa.



**લિ. તમારી વહાલી દીકરી, સંગીતા.**

# કાનાણી કૈલાસ હરદાસભાઈ

જન્મતારીખ:- ૦૯/૦૩/૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૦૮/૦૯/૧૯૯૭



Dear papa,

આવતીકાલ કદાચ મારા વગર ઊગે, સૂરજ ઊગે પણ હું ન હોવ, મારા ઘરની દરેક વ્યક્તિ સગા સબંધી હોય પણ એમની વચ્ચે હું એક જ ન હોવ તેવું પણ બને ને બન્યું પણ આવું જ હું તમારા બધાની સાથે મારી સુખદ જિંદગી પસાર કરવા માંગતો હતો પણ કદાચ ભગવાનને પણ મારો સાથ સથવારો વધુ ગમતો હશે. તેમને પણ મારી વધુ જરૂર હતી. હા મારી આવી અચાનક વિદાય તમારા બધાની જિંદગીમાં ન કેહવાય ન સહેવાય તેવો દુ:ખદ ફટકો બની જશે પણ શું મારા સપનાને હું મારી સાથે જ લઈ જાઉ છું? મેં મારી જિંદગીમાં ખૂબ જ સારા કાર્યો કર્યા હતાં કે હું તમારી વચ્ચે ન હોવા છતાં હું ખુશ છું તો મારી આ ખુશીને તમે પણ તમારી ખુશી સમજીને આગળ વધો. મને ક્યાંય ન શોધતા કેમ કે હવે હું આ દુનિયા છોડીને જતો રહ્યો છું. મારા ઘરના દરેક વ્યક્તિના હદયમાં જ્યાં ભગવાનનો વાસ છે બસ, ત્યાં જ ને ત્યાં જ..અરે હા, હું ત્યાં જ હોઈશ અને ત્યાં જ હંમેશાં રહીશ.

આ મારા પપ્પા મને કહેતા હોય એવું મને લાગે છે. મારા પરિવારમાં છ બહેનો અને મમ્મી એમ મળીને કુલ સાત વ્યક્તિનો પરિવાર છે. મારી બે બહેનોના લગ્ન ગામડે થયાં હતાં. આ વર્ષે મારા લગ્ન સવાણી પરિવારમાં છે. મારા પપ્પા પ્રમાણિક, લાગણીશીલ, સહનશીલ, સત્યવાદી અને પ્રેમાળ હતા. તેમજ બીજાના દુ:ખે દુ:ખી થનાર તેમજ બીજાને ખુશ કરનારા હતા. મારા પપ્પા એક દિવસ સાંજના સમયે મારા મમ્મી અને અમે છ બહેનોના હદયમાં સુંદર અને સર્વ શ્રેષ્ઠ સ્થાન છોડીને અમારાથી અત્યંત દુર જતા રહ્યા. મજા+મહેનત =જિંદગી. આવું વેણ કહી સમજાવતા રહ્યા અને જિંદગીની બાદબાકી એટલે મૃત્યુ હથેળીમાં એવું સમજાવી ગયા.

મારી તો બે બહેનોના લગ્ન ગામડે થયા હતા એટલે મહેશપપ્પાની સાથેની મારી પહેલી મુલાકાત થઈ. અને મહેશપપ્પાને પહેલીવાર મિટિંગમાં



મળી હતી.

પરંતુ મહેશપપ્પા તમે અમને પપ્પા તરીકે મળ્યા ત્યારે તો તે દુ:ખ જાણે અમારા સુખમાં બદલાય ગયું આખા ઘર પરિવારમાં ખુશીની લહેર દોડી ગઈ. મારા મમ્મીના માથેથી લગ્નનો બોજ ઉતરી ગયો હોય એવું લાગે છે કદાચ આવા લગ્ન તો શું આવી કોઈ પણ વસ્તુ અમે તો ન જ લઈ શકત, તે અમારા પપ્પા મહેશપપ્પાએ આપી. મહેશપપ્પા તમારો ખૂબ ખૂબ આભાર.

પપ્પા મને હતું કે તમે અમને કપરા સમયમાં અમારી સાથે સાથે ચાલશો પણ તમે મારી સાથે ચાલ્યા નહિ અરે રે.... તમે તો મને ઊચકીને એકલા જ ચાલ્યા.

પપ્પા ઈશ્વર તો સુખ દુ:ખ આપે છે. તમે તો ફક્ત સુખ જ આપો છો. તમે તો મારા Real પપ્પા જ છો. બસ એટલું જ કહીશ કે તમારી દીકરી બનીને સમાજની કોઈ દીકરી કે તેનો પરિવાર દુ:ખી હોય શકે નહિ....

**"મા ઘરનું ગૌરવ તો, પિતા ઘરનું અસ્તિત્વ હોય છે.**
**મા પાસે અશ્રુની ધારા તો, પિતા પાસે સંયમ હોય છે**
**બે સમયનું ભોજન મા બનાવે અને જીવનભરના ભોજનની વ્યવસ્થા પિતા કરે"**

ક્યારેક જો ઠોકર લાગે તો 'ઓહ મા' એમ જ નીકળે પણ રસ્તો પસાર કરતા ટ્રક પાસે આવે તો 'ઓહ બાપરે' જ નીકળી જાય છે. કેમકે નાના સંકટો માટે માતા પિતા ઘટાદાર વૃક્ષ છે. લખવામાં કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.

**I love you papa...**
**લિ. તમારી વહાલી દીકા,**
**કાનાણી કૈલાસ.**





## કુશવાહા જુહી બબ્બુલાલ

જન્મતારીખ:- ૧૭/૦૯/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ:-૧૯/૦૨/૨૦૧૫
માતાની પુણ્યતિથિ:-૨૦/૧૧/૨૦૧૧

***My sweet papa,***
***જય રામાપીર,***

**દુઃખમાં સુખ 'આપ' છો, તડકામાં છાંયડો 'આપ' છો,**
**તરછોડ્યાનાં તારણ 'આપ' છો, નોધારાના આધાર 'આપ' છો,**
**હરપળ હૈયામાં 'આપ' છો, કોઈ કહે કે ના કહે પણ હું કહું છું કે,**
**હજારો દીકાના પાલનહાર 'આપ' છો.**

જ્યારે હું પપ્પા શબ્દ સાંભળું છું ત્યારે મારી આંખો ભીની થઈ જાય છે. કેમકે દીકરી માટે પૃથ્વી પર જો પુરુષ જાતમાં વિશ્વાસ પાત્ર હોય તો એક પિતા જ છે. જે તેને કદી દુઃખી જોઈ શકે નહિ. મારા પપ્પાનું અવસાન થયું તેને ત્રણ વર્ષ થવા આવ્યાં છે અને મારી મમ્મીનું અવસાન થયું ત્યારે મને એટલું દુઃખ નહોતું થયું. કેમ કે ત્યારે મારા પપ્પાએ મા અને બાપ બંનેનો પ્રેમ આપ્યો હતો પણ જયારે મારા પપ્પા મને છોડીને જતા રહ્યા ત્યારે મારા માથે આભ તૂટી પડ્યું હતું કેમ કે પછી હું એકલી પડી ગઈ. મારા પરિવારમાં નહોતો મોટોભાઈ. અને જે એક મોટી બહેન હતી તે પણ સાસરે હતી. આથી હું મારી નાની મા સાથે રહેતી અને થોડું ઘણું કામ કરીને મારું ગુજરાન ચલાવતી. જયારે પણ હું પપ્પાને યાદ કરું ત્યારે મારી આંખોમાંથી આંસુ સરી પડે. હું ભગવાનને રોજ દોષ દેતી કે તે મારા જીવનમાં દુઃખ સિવાય બીજું કંઈ લખ્યું છે કે નહિ પણ મને ખબર નહોતી કે ખુદ ભગવાન જ મારા મહેશપપ્પાના રૂપમાં મને મળશે અને મારા બધા જ દુઃખોને સુખમાં પરિવર્તન કરશે. કોઈ મને પૂછે કે તે ભગવાન જોયા છે? તો હું કહીશ કે મેં પ્રત્યક્ષ ભગવાન નથી જોયા પણ કદાચ એ મારા મહેશપપ્પા જેવા જ હોઈ શકે.

એટલું જ નહિ પણ જે ઈચ્છા મારા પપ્પા પૂરી ન કરી શકેત એ બધી ઈચ્છાઓ મહેશપપ્પાએ પૂરી કરી. મેં મારા જીવનમાં વિચાર્યું પણ ન હતું કે



મારી બધી ઈચ્છાઓ પૂર્ણ થશે પણ લોકો કહે છે ને કે જેનું કોઈ હોતું નથી તેનો ભગવાન હોય છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે બ્રહ્માજી સર્જનકર્તા છે, વિષ્ણુજી ભરણપોષણ કરે છે, મહેશ એટલે શિવજી તે ઉત્પતિ અને વિનાશકર્તા છે. પણ મને શાસ્ત્રમાં થોડું તથ્ય જણાય છે કેમ કે મારી પ્રત્યક્ષ જે મારા પપ્પા એટલે કે મહેશપપ્પાએ શિવજીનું એક નામ છે. તે બધાયને માટે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણેય ભગવાન સ્વરૂપ છે જે હજારો જીવનના સર્જનકર્તા છે, લાખોના પાલનહાર છે. મને એમ લાગે છે કે મારા પપ્પા મને છોડીને ગયા જ નથી. તે મહેશપપ્પાના રૂપમાં અહીં જ છે. મને મારો પરિવાર મળી ગયો. જેમાં મહેશપપ્પા, મિતુલભાઈ જેવા મોટા ભાઈનો પ્રેમ મળ્યો છે ને પરિવાર શું છે તે મને ખબર પડી. હું ભગવાનને રોજ એ જ પ્રાર્થના કરું કે જેને દીકરીનો જન્મ મળે તેને બધાય જન્મમાં મહેશપપ્પા જેવા જ પિતા મળે.

**લિ. તમારી વહાલી દીકા,**
**જુહી.**





## માછી પાયલ અશોકભાઈ

જન્મતારીખઃ- ૨૮/૧૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૨૧/૧૨/૨૦03
માતાની પુણ્યતિથિઃ- ૧૬/૦૬/૨૦૧૩

***Dear Papa,***

તમારી યાદમાં જેટલું લખું એટલું ઓછું છે. તમારા વગર જાણે મારી Lifeમાં કંઈક ખૂટે છે. દરેક દીકરીનું સ્વપ્ન હોય છે કે તેના પપ્પા કન્યાદાન કરે તેને હર્ષ અને ઉલ્લાસથી તેના સાસરે મોકલે પણ પપ્પાના ગયા પછી મને લાગ્યું કે મારું સ્વપ્ન જાણે અધૂરું રહી જશે પણ ભગવાનને એ મંજૂર નોતું એટલા માટે તેણે પપ્પાના સ્વરૂપમાં મહેશપપ્પા જેવા મને પપ્પા મળ્યા, જેના લીધે મારું સ્વપ્ન પુરું થઈ જશે મને પપ્પા મળ્યા એની ખુશી તો હું શબ્દોમાં વ્યકત નહી કરી શકું પણ હંમેશાં ભગવાનનો આભાર માનું છું અને મહેશપપ્પા જેવા પિતાનો પ્રેમ મળે એવી હું આશા રાખીશ.

Thanks a lot dear papa for Coming in my life.

**બધાને 'પપ્પા' અને 'પપ્પા' માટે દીકરી આ શબ્દ ખૂબ જ કીમતી છે.**

**ઘર મેં સબ અપના પ્યાર દિખાતે હૈ**
**પર કોઈ બિન દિખાયે ભી**
**ઈતના પ્યાર કિયે જા રહા થા**
**વો થે પાપા.......**

"I Love U Papa" "I Miss U Papa"

Really Papa I Miss U And I Love U So Much.

**દી - દિલ સાથે જોડાયેલો એક અતૂટ શ્વાસ......**
**ક - કસ્તુરીની જેમ સદાય મહેકતી અને મહેકાવતી......**
**રી - રિધ્ધિ સિધ્ધિ આપનારી અને પરિવારને ઊજળો કરતી એક પરી......**

કોઈપણ પરિવારમાં એક પિતાનો ખખડાવાનો અધિકાર માત્ર દીકરી પાસે જ હોય છે......

દરેક દીકરી પોતાનો પિતાને કેમ સૌથી વધુ પ્રેમ કરે છે?

કેમકે તેને ખબર છે કે આખી દુનિયામાં એક જ પુરુષ છે જે તેને કયારેય દુઃખી નહી કરે...

દીકરી દાંપત્યનો દીવડો છે.

આજે પણ હું બીમાર હોઉ અને એ સાસરેથી મળવા આવે છે ત્યારે અને જોઈને હું મારા બધા દુઃખો ભૂલી જાઉ છું

કદાચ એ જ કારણે વિદાય વેળાએ મા કરતાં બાપને વધુ વેદના થાય છે.

સુખ હોય ત્યારે દીકરી બાપના હોઠનું સ્મિત બની રહે છે. અને દુઃખમાં બાપના આંસુ લૂછવાની હથેળી બની જાય છે.

જોત જોતામાં દીકરી મોટી થઈ જાય છે અને એક દિવસ પાનેતર ઓઢી વિદાય થાય છે.

જોતી વેળાએ પિતાની છાતીએ વળગીને સજળ નેત્રે કહે છે. પપ્પા હું જાઉ છું.... મારી ચિંતા કરશો નહી તમારી દવા બરાબર લેજો અને ત્યારે પોતાની આંખમાં ઉભરો આવતા આંસુઓને તે રોકી શકતો નથી.

આજ પર્યંત મેં કદી ભગવાનને પ્રાર્થના કરી નથી પણ આજે સમજાય છે કે દીકરીના બાપે ભગવાનને એક જ પ્રાર્થના કરવી જોઈએ.

પ્રભુ તું સંસારનાં સંબંધ પુરુષો ખૂબ સમજું અને શાણા બનાવજે કેમ કે એમાંથી કોક મારી દીકરીનો પતી બનવાનો છે. સંસારની બધી સ્ત્રીઓને ખૂબ પ્રેમાળ બનાવજે કેમકે એમાંથી કોક મારી દીકરીની સાસુ કે નણંદ બનવાની છે.

ભગવાન ત્યારે દુનિયાનું નિર્માણ કરવું પડે તો કરજે પણ મારી દીકરીને કોઈ વાતનું દુઃખ પડવા દઈશ નહી.

અગર મારા ઘરમાં દીકરીના હોય તો પિતા પુત્રીના પ્રેમની ધનિષ્ઠા તમે કદી જાણી શકવાના નથી.

ગમે તેવા મન દુઃખો જન્મે તોય પુત્રવધૂને તેના પિતા વિશે કટુ વચનો કદી પણ સંભળાવશો નહીં. ભગવાન વિરુધ્ધ સાંભળી લેશે. પોતાના પિતા વિરુધ્ધ તે સાંભળી શકતી નથી.

Dadicate to all father who have lovely daughter.....

I Love Mahesh Papa......

**લિ. તમારી વહાલી દીકા,**

**પાયલ**





# રાવળ હેતલ ગીરધરભાઈ

જન્મતારીખઃ- ૦૨/૧૧/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૧૨/૨૦૦૬

***Dear Papa,***

જય રામાપીર કહેતા હું મારી વાતની શરૂઆત કરું છું. મારું નામ રાવળ હેતલ ગીરધરભાઈ છે. અમે ઘરમાં ચાર સભ્યો છીએ. જયારે હું ૧૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પા અમને મૂકીને દૂર ચાલ્યા ગયા. અમારો હસતો રમતો પરિવાર અચાનક એક જ ઝટકામાં દુઃખમાં ફરી ગયો. મને એ દિવસ યાદ આવતાં ખૂબ જ દુઃખ થાય છે. પપ્પાના ગયા પછી કેટલી બધી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો પરંતુ અમે હિંમત ન હારીને તેમનો સામનો કર્યો. બધી છોકરી જયારે એના પપ્પાને યાદ કરે ત્યારે મને પણ મારા પપ્પાની ખૂબ જ યાદ આવતી. જયારે વાર તહેવાર કે કોઈ પણ પ્રસંગ આવે ત્યારે મને પપ્પાની ખૂબ જ યાદ આવી જતી. જયારે મારી મમ્મી પણ તેમને યાદ કરીને બહુ જ રડતા. પરંતુ મારી મમ્મીએ કોઈ દિવસ પપ્પાની કમી લાગવા દીધી નથી. તે માટે હું મારા મમ્મીની ખૂબ જ આભારી રહીશ. સમય વીતતો ગયો અને મારી ઉમર થતાં મારી સગાઇ નક્કી થઇ. પરંતુ મારા સસરા હયાત ન હોવાથી ત્યાં પણ હું કોઈને પપ્પા કહી શકતી ન હતી. કદાચ ભગવાને મારા નસીબમાં પપ્પાનું સુખ જ નથી લખ્યું તેમ માની લીધું હતું.

થોડા સમય પછી જયારે મારા લગ્નની વાત ચાલી રહી હતી ત્યારે મારા ભાઈના મિત્રએ અમને પી.પી. સવાણી પરિવાર દ્વારા થતા સમૂહલગ્ન વિશે વાત કરી તેથી અમે આ લગ્નમાં ભાગ લેવા માટે તેનું ફોર્મ ભર્યું અને અમારૂ ફોર્મ સિલેક્ટ થઇ ગયું ત્યાર બાદ મને ત્યાં પ્રથમ વખત મિટિંગમાં મહેશપપ્પાને મળવાનું થયું. પપ્પાને મળીને ખૂબ જ આનંદ થયો. એવું લાગ્યું કે મારા પપ્પા મને ફરીથી પાછા મળી ગયા. પપ્પા હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મારી જેવી પપ્પા વગરની દીકરીને તમારા જેવા પપ્પા મળ્યા. માત્ર લગ્ન સુધીની જ નહિ પરંતુ લગ્ન પછીની પણ તમામ જવાબદારી મહેશપપ્પાએ માથે લીધી છે. તેમજ મહેશ પપ્પાએ અમને ખૂબ જ સારી ખરીદી કરાવી અને મને મનગમતું બધું જ અપાવ્યું.



મારા પપ્પાની ખોટ મહેશપપ્પાએ પૂરી કરી છે. અને મારી મમ્મીની પણ બધી જ ચિંતા દુર થઈ ગઈ છે. એનાથી વધારે ખુશી મારા માટે કોઈ જ નથી. મહેશપપ્પાએ ખૂબ જ સારું કાર્ય કર્યું છે. તે મારી જેવી દીકરીના પપ્પા થઇ અમારી બધી જ જવાબદારી નિભાવે છે. મારા મહેશ પપ્પાને દીકરી ખૂબ જ વહાલી હોય છે. પપ્પા તમે મારા માટે જે કઈ પણ કર્યું છે તેની માટે હું જિંદગીભર આભારી રહીશ.

લિ. તમારી વહાલી દીકા,

**હેતલ.**



## રાવલ બીજલ ગીરધરભાઈ

જન્મતારીખઃ- ૦૮/૦૮/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૧૨/૨૦૦૬

***dear papa,***

***jay ramapir***

હું અમારા ઘરમાં સૌથી નાની છું. મારે એક મોટી બહેન અને એક મોટો ભાઈ છે. તારીખ ૦૫/૧૨/૨૦૦૬ના દિવસે હાર્ટએટેક આવવાથી મારા પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા. આમ, અચાનક પપ્પાના મૃત્યુથી અમારા ઘરમાં શોક છવાઈ ગયો. એ વાતનું અમને ખૂબ જ દુઃખ થયું. એ દિવસ યાદ કરતા અમને ખૂબ જ દુઃખ થાય છે. મારા પપ્પા ગયા પછી અમને કેટલી બધી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. મારા મમ્મીએ અમને મારા પપ્પાની કોઈ દિવસ કમી આવવા દીધી નથી. મારી જરૂરિયાત મારા મમ્મીએ પૂરી કરી છે. તેના માટે હું મારા મમ્મીની ખૂબ આભારી છું. મારા મમ્મીએ અમને ત્રણેય ભાઈ બહેનને ભણાવીને ગ્રેજ્યુએટ કર્યા. સમય જતાં મારી સગાઇ કરવામાં આવી પછી અમને પી.પી. સવાણી દ્વારા કરવામાં આવતા સમૂહલગ્નની જાણ થતાં અમે ફોર્મ ભર્યું. થોડો સમય જતાં અમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું. ત્યારબાદ પહેલી મિટિંગ માટે મારા પર ફોન આવ્યો. અને અમારી મુલાકાત મહેશપપ્પા સાથે થાય ત્યારે મહેશપપ્પાએ મારા મમ્મીને હિંમત આપી કે "આજથી તમારી દીકરીની બધી જ જવાબદારી અમારી"ત્યારે મને એવું લાગ્યું કે અમને અમારા પપ્પા પાછા મળી ગયા. ત્યારે મારું અને મારા મમ્મીનું બધું ટેન્શન દૂર થઇ ગયું. મહેશપપ્પા પિતા વગરની બધી દીકરીની જવાબદારી તેના માથે લે છે. અને લગ્ન પછીની જવાબદારી પણ સારી રીતે નિભાવે છે. મારી એવી ઈચ્છા છે કે મને જેવા પપ્પા મળ્યા છે એવા દુનિયાની બધી જ પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓને મળે. મહેશપપ્પાએ  અમને ખુબ જ સારી ખરીદી કરાવી અને અમને મનગમતું બધું જ અપાવ્યું.

મહેશપપ્પા તમે જે કાર્ય કર્યું છે. તેના માટે હું ખૂબ ખૂબ આભારી રહીશ. હું ખૂબ નસીબદાર છું કે મને મહેશપપ્પા જેવા પપ્પા મળ્યા. હું ભગવાનનો આભાર માનું છું કે અમારી જેવી દીકરીઓને તમારા જેવા પિતા મળ્યા.

Thank you papa ... Love you papa

**લિ. તમારી દીકા. બીજલ.**



## ચોપડા સ્નેહા લવજીભાઈ

જન્મતારીખઃ- ૦૮/૦૭/૧૯૯૦
પિતાની પુણ્યતિથિઃ- 03/૦૬/૨૦૦૪



**મારા વહાલા પપ્પા,**

**જય રામાપીર**

તમારી યાદના શબ્દો હું મનથી વ્યક્ત કરું છું. મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરું કરું.

તમારા માટે શું લખવું એ મને સમજાતું નથી. દુનિયામાં ઘણાય શબ્દો છે પણ એ બધાય શબ્દો ભેગા કરીને પણ તમે જે અમારા માટે કરો છો એનું વર્ણન હું ન કરી શકું. તમારા માટે લખતા લખતા શબ્દો પણ ખૂટી જાય છે.

જેટલું લખું તેટલું તમારા માટે પપ્પા ઓછું છે. પપ્પા તમારી સાથે અમારી પહેલી મિટિંગ થઇ ત્યારે તમને જોતાં જ મને એમ થયું કે જે પ્રેમ મને અત્યાર સુધી પપ્પાનો નથી મળ્યો તે હવે તમારા તરફથી મળશે. ત્યારે પપ્પા તમે મને દીકા કહીને બોલાવી ત્યારે મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો. પપ્પા તમે અમારી મમ્મીને પણ સાંત્વના આપી કે આજથી તમારી દીકરીઓ મારી છે એનું બધું ટેન્શન હવે મારું છે. ત્યારથી મારા મમ્મીનો બધો ભાર હળવો થઇ ગયો અને મારા પપ્પાની કમી પૂરી થઇ ગઈ.

પપ્પા જાણે કે ભગવાન બનીને આવ્યા. પપ્પા તમારા માટે હું શું લખું હું તો ઈચ્છું છું કે મને જન્મોજન્મ તમારા જેવા જ પપ્પા મળે અને દુનિયામાં મારા પપ્પાને બધા જ સુખ મળે અને આમ જ અમારી જેવી દીકરીઓના દુઃખ દૂર કરે. પપ્પા તમારા માટે બે લીટી લખવા માગું છું. My dear papa,

***" ફૂલ કી શુરૂઆત કલી સે હોતી હે,***
***જિંદગી કી શુરૂઆત પ્યાર સે હોતી હે,***
***પ્યાર કી શુરૂઆત અપનો સે હોતી હે,***
***ઓર અપનો કી શુરૂઆત મેરે પપ્પા સે હોતી હે ...."***

**I love you papa.....**
**તમારી વહાલી દીકા,**
**સ્નેહા.**



## ચોપડા નીલમ લવજીભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૪/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૦૬/૨૦૦૪



***પ્રિય પપ્પા,***
***જય રામાપીર,***

***નથી જીવવું હવે બીતા બીતા કેમ કે, સાથમાં છે પપ્પા, હામ છે હૈયામાં,***

હિંમત આપી છે પપ્પાએ, ઉત્સાહ છે આનંદમાં તો ઊજળું કરવાની શક્તિ આપી છે પપ્પાએ.

મારે આજે પિતા વિશે તમને કંઈક જણાવવાનું છે. તો હું વિચારું છું કે પપ્પા વિશે કોઈને કહેવાની જરૂર પડે ખરા..? એ તો સૌ જાણતા જ હોય છે કે માં વિશે દુનિયામાં કવિ તથા સાહિત્યકારોએ ઘણા લેખો, સુવિચારો તથા કહેવતો આપી છે પરંતુ એક પિતા વિશે જયારે કંઈ કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ સાહિત્યકારો પણ ચુપકીદી કરી લેતા હોય છે. વિચારવા માટે એટલે તેમને ત્યાં વિચારવાની જરૂર પડે છે. પપ્પા વિશે તો લેખ કાગળમાં નહિ પણ દિલમાં હોય છે અને એ પણ એક દીકરીના દિલમાં એક દીકરી માટે પિતા દુનિયાના બેસ્ટ પપ્પા છે.


બસ, વધારે તો શું લખું કેમ કે એક દીકરી તેના પપ્પા પ્રત્યેની ભાવના અને લાગણીઓને લખીને કહેવા માટે આ પત્ર ખૂબ જ ટૂંકો પડે.

પપ્પા, તમારા માટે હું કયા શબ્દોમાં વર્ણન કરું તે મને સમજાતું નથી. મને તો એમ જ થાય છે કે તમારા વિશે લખવું હોય તો આખી બૂકમાં “I LOVE YOU PAPA”થી ભરી દઉ. કદાચ વિધાતાએ મારા લેખ એવા લખ્યા હશે કે મારા ભાગ્યમાં તમારી ભેટ મને મળી આવી.

છેલ્લે એક વાત તો જરૂર કહીશ કે ખરેખર નસીબદાર હોય તેને જ આવા પપ્પા મળે.

I LOVE YOU PAPA.

**લિ. તમારી વહાલી દિકા,**
**નિલમ.**



# રાણા નેહા પરેશભાઈ

જન્મતારીખઃ- ૨૪/૧૧/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૧૦/૨૦૧૬



**Dear papa**

તમારા વિષે હું શું લખું એ જ મને સમજાતું નથી. જેટલું પણ લખું એ બધું તમારા માટે ઓછું છે. મારા પિતાનું અવસાન તા. ૧૯/૧૦/૨૦૧૬ના રોજ સાંજે ૧૦ વાગે થયું હતું. તે છેલ્લા બે વર્ષથી બીમાર હતા. તેઓને એ- પ્લાસ્ટિક- એનેમિયા નામનો રોગ થયો હતો. તે રોગમાં તેઓના શરીરમાંથી બ્લડ ઉડી જતું હતું તેઓને દર અઠવાડિયે બ્લડ ચઢાવવું પડતું હતું. આમ મહિનામાં તેઓને ત્રણથી ચારવાર બ્લડ ચઢાવવા માટે તેઓને હોસ્પિટલ લઈ જવામાં આવતા હતાં. ડોક્ટરે અમને કહ્યું કે આ બીમારીનો એક જ ઈલાજ છે તેઓને ૭૦ ઈન્જેક્શન મૂકવાના હતા તેમાં એક ઈન્જેકશન આઠ હજારનું હતું તેવા તેમને ૭૦ મૂકવાના હતા. મારી મોટી દીદી હોસ્પિટલમાં જોબ કરે છે અને હું જરીકામ કરતી હતી. ત્યારે અમારી પાસે એટલા પૈસા પણ ન હતા કે તેઓને આ ઈન્જેક્શન મૂકાવી શકીએ. ત્યારે અમે હિમંત ન હારી અને આમ તેમથી દેવું કરીને મારા પપ્પાને ઈન્જેક્શન મૂકાવ્યા હતાં. ઈન્જેક્શન મુકાવ્યા બાદ એક થી દોઢ વર્ષ તેઓને સારું લાગ્યું પછી પાછું જેવું હતું તેવું જ પાછું તેઓને બ્લડ ચઢાવવામાં આવતું હતું ત્યારે અમને એવું લાગ્યું કે જાણે આકાશ અમારી ઉપર તૂટી પડ્યું હોય. છેલ્લે- છેલ્લે તેઓને બ્લડ ચડાવવા લઈ ગયા ત્યારે તેમને ખૂબ જ તાવ આવતો હતો અને ત્યારે તેમનું અવસાન થયું. મારા પપ્પાના અવસાનના બે દિવસ પહેલા જ મારી સગાઇ થઇ હતી તરે મેં મારા મારા પપ્પાને પૂછ્યું કે પપ્પા છોકરો કેવો છે. ત્યારે મારા પપ્પાએ મારા માથા પર હાથ મૂકી કીધું કે દીકરા તું લગ્ન આની સાથે જ કરજે. આ તને બહુ જ ખુશ રાખશે. અને બે દિવસ પછી મારા પપ્પાનું અવસાન થયું અને મારા તો સસરા પણ ન હતા કે મને સાસરામાં પપ્પાનો લાડ મળે પણ શાયદ ભગવાનને મંજૂર ન હતું કે મને પપ્પાનો લાડ મળે. ત્યારે મારા જીવનમાં મારા પપ્પાના રૂપમાં મહેશપપ્પા મળ્યા. તેઓને મળતા મને એવું લાગ્યું કે મારા પપ્પા મને પાછા મળી ગયા હોય.

મહેશપપ્પા જેવા આ દુનિયામાં કોઈ માણસ એવું ન હોય જેવા મારા મહેશપપ્પા છે. મારા લગ્નની મારા પપ્પાને એક ઈરછા હતી કે ખૂબ ધૂમધામથી થાય એ જ ઈરછા મારા મહેશપપ્પા પૂરી કરશે. મને કરિયાવરમાં બધી વસ્તુઓ જે એક દીકરીને તેના સાસરામાં કામ લાગે મને બધી વસ્તુઓ મારા મનપસંદની મળી છે, જેથી હું મારા મહેશપપ્પાની આભારી છું.

Thank you papa
I love you so much papa

**લિ. તમારી વહાલી દીકા,**
**નેહા.**



## રાણા ડિમ્પલ રજનીકાંત

જન્મતારીખઃ- ૨૭/૦૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૧૮/૦૨/૨૦૧૫



મારું નામ ડિમ્પલ રાણા છે અમારા પરિવારમાં મારી મમ્મી, નાની બહેન અને મારો નાનો ભાઈ છે, મારા ઘરની પરિસ્થિતિ પહેલેથી જ નબળી હતી. તેમાં અચાનક મારા પપ્પાને ૧૮/૦૨/૨૦૧૫ બુધવારના દિવસે હાર્ટ એટેક આવતાં અમે તેમની છત્રછાયા ગુમાવી. આ અમારા માટે ખૂબ મોટો આઘાત હતો. હવે ઘરનું ગુજરાન કેવી રીતે ચાલશે તેની અમને ચિંતા થવા લાગી.

"પિતા વિનાનું ઘર શું છે, એનો અનુભવ કરવો હોય તો એક દિવસ અંગુઠા વિના ખાલી આંગળીઓના ઉપયોગથી દરેક કામ કરી જુવો પિતાની કિમંત સમજાઈ જશે."
થોડા સમયમાં મારું અને મારી બહેનનું નક્કી કર્યું. ત્યાં મારા સાસરે પણ મારા સસરા હયાત ન હોવાથી અહી પણ હું કોને પપ્પા કહું કદાચ ભગવાને મારા નસીબમાં પપ્પાનું સુખ જ લખ્યું નહિ હોય તેમ માની લીધું હતું. ત્યારે ભગવાન રૂપે મારા ફોઈ સાસુએ અમને પી.પી. સવાણી ના ગૃપની મને વાત કરી. તેમાં પિતા વિનાની દીકરીનું કન્યાદાન થાય છે. તેમાં ફોર્મ ભરીને અમે સિલેક્ટ થઇ ગયા. તેમાં અમને લગ્ન કરવાની તક મળી.

જયારે મહેશપપ્પાને મેં જોયા તેમાં મને તેમની છબીમાં મને મારા પપ્પા દેખાયા અને જયારે તેમને મને "દીકા" કહ્યું ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયા. જાણે મને મારા પપ્પા એ બોલાવી હોઈ તેમ મને લાગ્યું.

મહેશપપ્પા વિશે શું લખું કે શું બોલું તે મને કઈ સમજાતું નથી. તેમના માટે હું ગમે તેટલું લખું એ શબ્દ ખૂબ જ ઓછા છે.

"મારા ગુરૂ, મારા સખા, મારા સુખ દુઃખના ભાગીદાર ઈશ્વર એ નીમેલા મારા પાલનહાર પિતા તમને મારા કોટિ કોટિ પ્રણામ.

I love you papa, Jay Ramapir

**લિ. તમારી લાડકી દીકા**
**ડિમ્પલ**





## રાણા શિવાંગી રજનીકાંત

જન્મતારીખઃ- ૦૧/૦૮/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૧૮/૦૨/૨૦૧૫

A LETTER FOR VERY SPECIAL
PERSON IN MY LIFE

મારું નામ શિવાંગી છે. અમારા પરિવારમાં અમે બે બહેનો, ભાઈ અને મમ્મી છીએ. અમે બાળપણથી ખૂબ ખુશહાલ રીતે જીવન જીવતા હતા. મારા પપ્પા જીવનની તમામ જરૂરિયાતો પુરી કરતા હતા. સામાન્ય ભાષામાં કહીએ તો....

**" 'પિતા' એક ઘટાદાર વૃક્ષ હતું,**
**જેની શિતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહેતો હતો."**

પરંતુ અણ-સંજોગે એક દિવસ એવો આવી ગયો કે જેથી અમારું જીવન અંધકારમય બની ગયું તે દિવસ ૧૮/૦૨/૨૦૧૫ના રોજ બુધવારે મારા પ્રિય પિતા ભગવાનના શરણે ગયા. ત્યારે આખું પરિવાર અસ્ત-વ્યસ્ત થઇ ગયું હતું. આ સમયગાળા દરમિયાન હું ઘણી રડી હતી. કહેવાય છે કે પિતાને ખખડાવવાનો અધિકાર એક માત્ર દીકરી પાસે જ હોય છે, પરંતુ પપ્પા મારી પાસેથી આ અધિકાર પણ લઈ ગયા.

"મા" ઘરનું ગૌરવ હોય છે. તો "પિતા" ઘરનું અસ્તિત્વ હોય છે.

નાનાં સંકટો માટે "માતા" છે. પરંતુ મોટા સંકટો આવે ત્યારે "પિતા" જ યાદ આવે છે. બે સમયનું ભોજન "મા" બનાવે છે, પણ જીવનભરનાં ભોજનની વ્યવસ્થા "પિતા" જ કરે છે. ટૂંકમાં કહીએ તો "વધારે આયુષ્ય નહી આવે તો ચાલશે, પરંતુ પિતાની છત્ર-છાયા વિના તો નહી જ ચાલે".

ઘરમાં પિતાની ગેરહાજરીના કારણે ઘણા સંકટો આવવા માંડ્યા તેમજ બહેનના કોઈ સાસુને આ વાતની જાણ થતાં તેમને અમને 'પી.પી. સવાણી ગ્રુપમાં' લગ્ન કરવા પ્રત્યે સમજ આપી. જેથી કરીને અમો એ ત્યાં સંપર્ક સાધ્યો તેમજ અમને ત્યાં સારી રીતે વાત કરીને સમજાવવામાં આવ્યું. અમને જે ભવિષ્યની ચિંતા વ્યક્ત થતી હતી તે ખરેખર 'પી.પી. સવાણી ગ્રુપ' દ્વારા મહેશ પપ્પાનો સાથ મળવાથી તમામ ચિંતા દૂર થઇ. જેમ દુનિયા ગોળ છે. તેમજ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખનું ચક્ર ચાલ્યાજ



કરે છે. તેવી જ રીતે મહેશપપ્પાની હાજરીનો સાથ મળવાથી જીવનમાં આવનારી તમામ પરિસ્થિતિઓનો સામનો કરવાની તાકાત પ્રાપ્ત થઈ છે.

હું મહેશપપ્પા માટે એટલું જ કહીશ કે પપ્પા તમે એકલા આ દુનિયાને બદલી શકશો નહી, પરંતું નદી કિનારે પથ્થર ફેંકીને પાણીની ઘણીબધી લહેર જરૂર લાવી શકો છો. ઘણી બધી દીકાના દુઃખોના હરનાર એવા મહેશપપ્પાને કોટિ કોટિ પ્રણામ કરું છું. મહેશપપ્પા માટે હું કેટલું પણ લખું. પણ ને મારા માટે ઓછું જ પડશે. આદરણીય પ્રણામ.

**લિ. તમારી પ્રિય પુત્રી (દીકા)**
**શિવાંગી રાણા**



## ગોંડલીયા રિંકલ હરસુખભાઈ

જન્મતારીખઃ- ૩૦/૧૧/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૨૪/૦૮/૨૦૦૩



My papa is best in the world. Love you.. papa.

Dear papa

જય રામાપીર, કહીને મારી વાતની શરૂઆત કરું છું કે અમારા ઘરમાં બે બહેન, એક ભાઈ અને મમ્મી તથા પપ્પા એક ખુશહાલ જિંદગી જીવતા હતા.

એવામાં એક દિવસ મારા પપ્પાને મગજમાં આચકો આવ્યો અને તેઓ કોમામાં વઈ ગયા. અને પાંચ દિવસ દવાખાને રહ્યા. એવામાં એમને બ્રેન હેમરેજ થઇ ગયું અને મારા પપ્પાનું અવસાન થયું. તે દિવસે મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું અને મારું ઘર સુખમાંથી દુઃખમાં સરી પડ્યું. મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૯ વર્ષની હતી અને મારી નાની બહેન ૫ વર્ષની હતી અને મારો નાનો ભાઈ ૧:૩૦ વર્ષનો જ હતો. એટલે પછી મારા દાદીમા અમારી સાથે રહેતા. તેઓ મારા મમ્મીની હેલ્પ કરતા. મારા મમ્મી સિલાઈ મશીનનું કામ કરતા અને અમારા ઘરનું ગુજરાન ચલાવતા અને અમારા ત્રણેય ભાઈ- બહેનની સ્કૂલની ફી ભરતા. અને મારા મામા પણ અમારી મદદ કરતા.

પાંચ વર્ષ પછી મારા દાદીને કેન્સર થયું એટલે એમનું પણ અવસાન થયું અને પછી હું મારા મમ્મીની મદદ માટે ભણીને ઉઠી ગઈ અને પછી સિલાઈનું કામ કરવા લાગી. મારી નાની બહેન ૮મું ભણતી અને મારો નાનો ભાઈ પાંચમું ભણતો ત્યારથી પી. પી. સવાણીમાંથી સ્કૂલની ફી આવવા લાગી ત્યારે મને થયું કે એક ટેન્શન તો દૂર થયું કે મારા નાના ભાઈ-બહેન આગળ ભણી શકશે.

હું અને મારા મમ્મી સિલાઈ મશીનનું કામ કરીને ઘરનું ગુજરાન ચલાવતા હતા અને પછી મારી સગાઇ થઇ ગઈ. પછી મારા લગ્નની વાત પી. પી. સવાણીમાં જોડાવવાની થઇ ત્યારે મારા મમ્મીને મારા લગ્નનું ટેન્શન દૂર થઇ ગયું. પછી મેં પી. પી. સવાણીમાં મારા લગ્નનું ફોર્મ ભર્યું અને હું તેમાં સિલેક્ટ થઇ ગઈ. પછી હું પહેલીવાર મહેશપપ્પાને પહેલી મિટિંગમાં મળી ત્યારે અમને એવું લાગ્યું કે મને મારા પપ્પા પાછા મળી ગયા.

મહેશપપ્પા મળ્યા પછી અવાર-નવાર પ્રોગ્રામ કરે ત્યારે અમને મળવા



બોલાવે ત્યારે અમારી સાથે એકદમ શાંતિથી અને સરળતાથી વાત કરે છે. એમના વિશે કહેવા માટે અમારી પાસે શબ્દ પણ ઓછા પડે છે. હું એવું ઇચ્છું છું કે મહેશપપ્પાને લાંબુ અને તંદુરસ્ત સ્વાસ્થ્ય મળે અને આવી જ રીતે મારા જેવી બાપ વગરની દીકરીઓની મદદ કરે. બિઝનેશમેન ઘણા બધા છે પણ આટલું બધું દાન કારવું એ બહુ મોટી વાત છે. આ સંબંધો લોહીના નહિ પરંતુ લાગણીના છે. આ વાત સાથે હું મારો પત્ર પૂરો કરૂ છું.

**જય રામાપીર............**
**લિ. તમારી વહાલી દીકા,**
**રીંકલ.**



## પટેલ મયુરી ભીખુભાઈ

જન્મતારીખઃ- ૨૪/૦૧/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૦૮/૧૧/૨૦૦૫

**મારા વહાલા પપ્પા,**
**જય રામાપીર,**

શું લખું?.. કારણ કે લાગણીની અભિવ્યક્તિ શબ્દોમાં કરતા નથી આવડતું. હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું કે મને પપ્પા મહેશપપ્પાના રૂપમાં મળ્યા.પપ્પા આવ્યાને મારી જિંદગીમાં રોનક આવી ગઈ.પપ્પા રુપી સુરજ મારી જિંદગીમાં ક્યારે પણ અંધારું ન આવવા દે. આ માટે આભાર જેવા શબ્દો પણ નાના લાગે છે. ભગવાનનો કયા શબ્દોમાં આભાર માનવો જેમણે મને આવા ભગવાન રૂપી પપ્પા આપ્યા. હું ભગવાનને એ જ પ્રાર્થના કરું છું કે મને આ જ પપ્પા બધા જ જન્મમાં મળે અને હું એમની દીકરી બનું. મેં મહેશપપ્પાને ન્યુઝમાં જ જોયા હતા. મારું પણ સપનું હતું કે હું મહેશપપ્પાને મળું પણ કઈ રીતે તે સમજાતું નહોતું.પણ જયારે મારા લગ્નનું ફોર્મ ભર્યું ત્યારે મિટિંગમાં મહેશપપ્પાને મળી ત્યારે મારા જીવને શાંતિ થઈ કે હું મારા પપ્પાને મળી ત્યારે હું બહુ જ ખુશ હતી ત્યારે મને લાગ્યું કે હું ખુબ જ ભાગ્યશાળી છું. જેમને હું ન્યુઝપેપરમાં અને ટીવીમાં જોયેલા તે મહેશપપ્પાને આજે મારી સામે છે અને જ્યારથી હું મહેશપપ્પાને મળી ત્યારથી પપ્પા અમને દીકરીની જેમ જ રાખે છે અને બધા જ તહેવારો સાથે મળીને બધી દીકરીઓ સાથે એન્જોય કરીએ છીએ. પપ્પા મને કોઈ પણ કમી મહેસૂસ નથી થવા દેતા. મારા પપ્પા દુનિયામાં બેસ્ટ પપ્પા છે. ભળી જ ફરજ પૂરી રીતે નિભાવે છે. હું આખી દુનિયામાં શોધવા જઈશ તો પણ આવા પપ્પા નહિ મળે. મારા મહેશપપ્પાએ લગ્નની ખરીદી પણ મારી પસંદની કરાવી. જે જોઈએ એ બધું અપાવ્યું. કદાચ મારા પપ્પા પણ હોત તો આટલું કરી ન કરી શકેત.

જયારે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૧૦મા ધોરણમાં ભણતી હતી. મેં ભણવાનું છોડી દીધું. ઘરની પરિસ્થિતિ નબળી હતી. એટલે મારે જોબ કરવાની જરૂર હતી. મારી મમ્મીએ અને મારા ભાઈએ એ પછી જેમ તેમ મને ૧૨ધોરણ સુધી ભણાવી ત્યાર પછીની જિંદગી તો બસ એક દીકરો જેમ મેહનત કરે તેવી રીતે મેહનત કરી.

હું મહેશપપ્પાના સ્વરૂપમાં મને મારા ભગવાન મળી ગયા. પપ્પા તમે

મારી જિંદગીમાં આવ્યા પછી મારા લગ્નની જવાબદારી તમારા માથે લઈ મમ્મીને માથેથી એક ટેન્શન ઓછું કર્યું.

હવે હું ગર્વથી બધાને કહીસ કે મારે પપ્પા છે. પપ્પા તમે અને અમે ખૂબ ભાગ્યશાળી છીએ ક આટલી બધી દીકરીઓ મળી અને અમારા જેવી પપ્પા વગરની દીકરીઓને તમારા જેવા પપ્પા મળ્યા. તમારા વિશે લખતા લખતા કાગળ ભરાઈ જશે પણ શબ્દો ઓછા નહિ થાય.

I love you papa
and miss you papa

**લિ. તમારી વહાલી દીકા,**
**મયુરી.**



# ઠક્કર હિના હર્ષદભાઈ

જન્મતારીખઃ- ૨૬/૦૬/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૨૩/૧૨/૨૦૦૮



અઢી અક્ષરનો "પપ્પા" શબ્દ બહુ નાનો છે. પણ જેવા જઈએ તો માતા પછી એક દીકરી માટે જીવનનું અમૂલ્ય ઘરેણું 'પપ્પા' જ છે. દુનિયાનું વાત્સલ્યપૂર્ણ કોઈ સબંધ હોય તો માનું છું ક તે દીકરી અને પિતા જ છે. મારા પપ્પા મને ખુબ જ પ્રેમ કરતા હતા. તેઓ મારી દરેક ઈચ્છાઓ પૂર્ણ કરતા હતા. પરંતુ ઈશ્વર ને મારા papa પ્રત્યેનું વાત્સલ્ય મંજુર નહિ હતું. મારા પપ્પાનું અવસાન ૨૩/૧૨/૨૦૦૮ થયું હતું. જયારે મારા પપ્પાના દુઃખમય સમાચાર આવ્યા અમારા સંસારરૂપી નવકારનું સુકાન છીનવાય ગયું અને અંધકારમય જિંદગી બની ગઈ.

ક્યારેક હું ભગવાનને કહેતી હતી કે તમે મારા પપ્પાને લઈ લીધા ત્યારે હું ભગવાનને ચિઠ્ઠી પણ લખી હતી કે મને પપ્પા જોઈએ છે ત્યાં ભગવાને પણ મારી વાત સાંભળી લીધી અને મહેશપપ્પા જેવા વ્યક્તિને મારી જિંદગીમાં મોકલી આપ્યા માટે હું ભગવાન અને મહેશપપ્પા ની ખૂબ જ આભારી છું

મારા જેવી અનેક દીકરીઓને વહાલ છાંયડો પૂરો પાડનાર દીકરીઓને પ્રસંગ સાચવી ને નિઃસ્વાર્થ જવાબદારી સ્વીકારનાર સાવર-સાંજ દરરોજ મેસેજ દ્વારા વહાલ પહોંચાડનાર સગા પિતાની ગરજ સારનાર અનુપમ વ્યક્તિને મને આ વાત જણાવતા ખુબ જ ધન્યતાની લાગણી અનુભવાય છે કે મને મહેશપપ્પા મળ્યા પછી અમારી જિંદગીમાં નવો સૂર્યોદય થયો છે.

જયારે મારી જિંદગીમાં મહેશપપ્પાનું આગમન થયું. ત્યારે મારી આંખમાં આંસુ આવી ગયા અને હું ગદગદિત થઇ ઉઠી. ત્યારે મહેશપપ્પાએ કીધું કે ભગવાન એકનો હાથ છોડાવે ત્યારે બીજાનો હાથ પણ પકડાવ્યો અને જયારે મારા પપ્પાએ મારો હાથ છોડયો ત્યાર પછી ભગવાને મારા સસરાનો હાથ પકડાવી અને થોડાક સમય પછી મારા સસરા જે પિતા સમાન હતા. તેનો પણ હાથ છૂટી ગયો. ત્યાર પછી મહેશપપ્પાનું આગમન થયું અને ત્યારે મેં મહેશપપ્પાનો હાથ પકડીને આથી હું મહેશપપ્પા



અને ભગવાનની ખૂબ ખૂબ આભારી છું.

મહેશપપ્પા તમે જે મારા જેવી અનેક દીકરીઓના માટે કર્યું છે. તે શબ્દમાં કહી શકાય તેમ નથી. ક્યારેક પણ મેં આવું વિચાર્યું પણ નહોતું કે મહેશપપ્પાની સાથે મારી મુલાકાત થશે. મારા લગ્નની ખરીદી મારી મનપસંદની થશે સપનામાં વિચાર્યું ન હતું. આથી તે એક દીકરીને મદદ નથી કરતા પણ ઘણી બધી દીકરીઓને મદદરૂપ થાય છે અને જે દીકરીઓને પપ્પા હોતા નથી અને તેમની પરિસ્થિતિ સારી ન હોય ત્યાં મહેશપપ્પા આવીને ઉભા રહે છે અને જે દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી ત્યાં મહેશપપ્પા જેવા પિતા બનીને ગરજ સારે અને પિતાનો પ્રેમ આપનાર એક જ છે જે "મહેશપપ્પા" છે. મહેશપપ્પા બધી દીકરીઓના લગ્ન પણ કરાવે છે. આથી કોઈ પણ દીકરીની સાથે કંઈ ભેદભાવ નથી અજવાળું લાવનાર "મહેશપપ્પા" જ છે. આથી હું મહેશપપ્પાની ખૂબ ખૂબ આભારી છું.

જ્યારથી અમે મહેશપપ્પાને મળ્યા છીએ ત્યારથી અમને ક્યારેક પણ અમારા પપ્પા ની યાદ નથી આવવા દીધી. મહેશપપ્પા જ અમારા સગા પિતાની જેમ ગરજ સારે છે અને પપ્પા જેવો પ્રેમ કરે છે.

જેમ સિક્કાની બે બાજુ હોય છે તેમ જિંદગી પણ પિતા વગરની અને પિતાવાળી જિંદગી બની ગઈ છે. હવે મારી જિંદગી એક જ બાજુ રહેશે એ. "પિતાવાળી જિંદગી"

હું એટલી કમનસીબ છું કે ભગવાનને મારા પિતા સમાન સસરાના પ્રેમથી પણ વંચિત રાખી છે. એમને પણ ભગવાનને ત્યાં બોલાવી લીધા અને એમનું પણ અવસાન થઇ ગયું આથી ભગવાનને એમનાથી પણ મને દુર કરી દીધી મારા સસરાનું અવસાન કેન્સરના કારણે થયું હતું.

ક્યારેક મેં ઠોકર લાગે કે વાગે છે તો, આપનાં મોં માંથી "ઓહ મા" એમ જ નીકળે છે. પણ રસ્તો પાર કરતા કોઈ ટ્રક પાસે આવીને બ્રેક મારે તો આપણા મોં માંથી "ઓહ બાપરે" નીકળી જાય છે.

કેમ કે નાનાં નાનાં સંકટો માટે માતા છે પણ મોટાં મોટાં સંકટો માટે "પિતા" જ યાદ આવે છે.

મારા જેવી કેટલીઓએ પિતાનો પ્રેમ આપનાર દીકરીઓના પ્રસંગોને નિ:સ્વાર્થ ભાવે જવાબદારી સ્વીકારનાર અને સમાજના અનેક એવા કેટલાય કાર્ય કરનાર સગા બનીને ગરજ સારનાર એવા પિતા જે લગ્ન પછી પણ સંપૂર્ણ રીતે બધી જવાબદારી નિભાવે છે. મારા મનમાં હમેશા દુ:ખ રહેવું હતું એ કઈ રીતે આ બધું થશે? પણ મહેશપપ્પા અમારા જીવન માં આવીયા પછી તો એ દુ:ખ વિસરાઈ ગયું. આ ઉપરાંત મેડીકલ કાર્ડથી અમારા જીવનની સંપૂર્ણ રીતે જવાબદારી લીધી તેમના વ્યક્તિત્વ મારા કોટિ કોટિ પ્રણામ.......



મહેશપપ્પા બધી દીકરીઓના લગ્ન કરાવે છે અને સાથે સાથે ખરીદી પણ કરાવે છે. મહેશપપ્પા એમને ખરીદી કરવા લઈ ગયા હતા ત્યાં ઘણી બધી દીદીઓ હતી. અને બધી બહેનો ખૂબ જ સારી હતી અને અમારા લોકોની પણ એ દીદી મદદ કરતા હતા. બધી દીદીઓના સ્વભાવ પણ ખૂબ જ સારો છે અને ખરીદી માટે પણ અમને મદદરૂપ કરતા હતા. આથી દીદીઓને અમારા તરફથી ખૂબ ખૂબ આભાર. thank you so much didi. મહેશપપ્પા તમારા લીધે આજે અમને આટલી સરસ દીદીઓને અમને મળી.

Thank you so much papa
Thank you so much
I love you papa.
I miss you papa.

લિ. તમારી વહાલી દીકા
**ઠક્કર હિના**



## દોંગા ચંદ્રિકા મુળજીભાઈ

જન્મતારીખઃ- ૦૭/૧૨/૧૯૮૯

પિતાની પુણ્યતિથિઃ- ૧૩/૧૧/૨૦૧૦



***My Papa is best in***
***the world***
***Love u Papa***

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે મારા પપ્પા વિશે તમને કઈક જણાવવાનું છે તો હું વિચારું છું કે પપ્પા વિશે તો કોઈને કાઈ કહેવાની જરૂર પડે ? આ તો સૌ જાણતા જ હોય છે. મા વિશે દુનિયામાં ઘણા લેખોને સુવિચારો હશે પરંતુ એક બાપ વિશે જયારે કઈ કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર કે કવિઓ પણ વિચાર કરવા લાગે. કેમ કે પપ્પા વિષે તો લેખ કાગળમાં નહિ દિલમાં હોય છે અને એ પણ એક દીકરીના દિલમાં........એક દીકરી માટે તેના પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે.

મારા પિતાશ્રીનું અવસાન તા.૧૩/૧૧/૨૦૧૦ના રોજ મારા પપ્પાને ડાયાબિટીસની બીમારી હતી અને ખેંચ આવતી હતી. જેથી મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ૨૦ વર્ષની હતી અને ૩ બહેન અને ૧ ભાઈ હતો. અમે ૩ બહેનો હીરાની ઓફિસમાં કામ કરવા લાગી હતી. પપ્પા તમે મારા ભગવાન બનીને જીવનમાં આવ્યા છો. જે રીતે કૃષ્ણ ભગવાને નરસિંહ મહેતાની લાજ રાખી હતી તે જ રીતે તમે મારી ઈચ્છા પૂર્ણ કરી છે જિંદગીમાં જે વસ્તુઓ ક્યારે પણ ખરીદી ન શકતી હતી તે બધી વસ્તુઓ તમે મને આપી. મારી બધી ઈચ્છાઓ પૂરી કરી છે. કદાચ આ ઈચ્છાઓ હું કે મારા પિતા પણ ક્યારેય પણ પૂરી નહિ કરી શકત.

પપ્પા તમે બધી જ દીકરીઓને એક સરખી રીતે જોવો છો. બધાને સરખો વહાલ પ્રેમ કરો છો તે અહેસાસ મને ઘણો આનંદ આપે છે. અને મને પણ તે શીખવા મળ્યું કે બધાની સાથે કઈ રીતે રહી શકાય છે. આજે હું એટલી બધી પોતાને નસીબદાર માનું છું. તમે મને મળ્યા. ભગવાન તમને મોટી આયુષ્ય, ઉમર અને સરસ તંદુરસ્તી જીવન આપે. આજીવન તમે આવા સત્કર્મો કરતા રહો, તમને વંદનીય પપ્પા એવી પ્રાર્થના કરતી રહીશ, ભગવાનના ચરણમાં તમને કોટી કોટી વંદન, પ્રણામ પપ્પા. અમે આ ઋણ ક્યારેય પણ અદા કરી શકીશું નહીં. I Love You Pappa

**લિ. તમારી વહાલસોયી દીકરી, ચંદ્રિકા**



## સાકરિયા ક્રિષ્ના લાલજીભાઈ

જન્મતારીખઃ- ૨૧/૦૯/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૨૨/૧૧/૨૦૧૬

Dear Papa,

સવિનય સાથે પપ્પાને જણાવવાનું કે અમારો પરિવાર અને હું તમારું આજીવન આભારી રહ્યું છે.

પપ્પાના અવસાન બાદ મારા ઘરની પરિસ્થિતિ બદલાઈ ગઈ. થોડા મહિના બાદ ઘરના બધા વડીલોએ મારા લગ્ન માટેની વાત શરૂ કરી. મારી સગાઇ નક્કી થઇ અમે આ પી.પી. સવાણીમાં ફોર્મ ભર્યું. મારું ફોર્મ તેમાં સિલેક્ટ થયું અમે મહેશપપ્પાને મળ્યા ક્યારે મારા પપ્પાને મળતી હોઉ તેવો એહસાસ થયો.

મહેશપપ્પાએ મેરેજ માટે ખૂબ જ સારી રીતે શોપિંગ કરાવી અને બીજું તેમાં બધી દીદીએ મળીને શોપિંગ કરાવવામાં મદદ કરી કદાચ પપ્પા હોત તો પણ મહેશપપ્પા જેવા લગ્ન ન કરાવી આપત. એ દીકરીઓના પાલકપિતા બનીને અમારા જેવી નિરાધાર દીકરીઓ પાછળ ખર્ચ કરવા માટે તમારા જેવા ઉદાર દિલવાળા વ્યક્તિ તો ભાગ્યે જ કોઈ હોય.

કેમ કે પિતા વિશે તો દીકરી જ લખી શકે. મારા પપ્પા મને ખૂબ જ વહાલા છે મારા પપ્પાની ઈચ્છા મહેશ પપ્પા તમે પૂરી કરી તે માટે હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું.

આજે મારા પપ્પા ખૂબ જ ખુશ હશે. કેમ કે હવે તેમની દીકરીને તેના જેવા જ બીજા પપ્પા મળી ગયા છે.

**I Miss You Papa......**

and Thanks God કે એમણે મને મહેશપપ્પા સાથે પિતા તુલ્ય પ્રેમ પાછો અપાવ્યો.

**લિ. Loving Daughter**
**Krishna**



## રાવળ ઉષા જયંતીભાઈ

જન્મતારીખઃ- ૩૧/૧૨/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૦૫/૨૦૦૬



મારા પ્રિય પપ્પા,

મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતી હતી. અને મારા ઘરમાં અમે બે બહેનો અને એક ભાઈ તથા મારી મમ્મી સાથે રહીને જિંદગી વિતાવી રહ્યા હતા પણ અમને વધું આઘાત એટલા માટે લાગ્યો હતો. કારણકે મારા પપ્પાનું અમે મારા મામાના લગ્નમાં ગયા હતા ત્યારે એક્સિડન્ટમાં થયું હતું. મારા પપ્પા મને ખૂબ જ પ્રેમ કરતા હતા મારા પપ્પા મારી બધી જરૂરીયાત પુરી કરતા હતા.

મહેશપપ્પા તમારા માટે શું લખવું એજ ખબર નથી પડતી ઘણું લખવું છે. પરંતું શબ્દો ઓછા પડે છે. એ જ નથી ખબર પડતી કે હું શરૂઆત ક્યાંથી કરું. આજે મારે તેમને એક વાત કહેવી છે. મને એકવાત સતાવતી હતી કે બધાને પપ્પા છે. પણ મારી પાસેથી મારા પપ્પા ભગવાને કેમ છીનવી લીધા મને મારા પપ્પાની યાદ આવતી ત્યારે હું રોજ રડતી અને ભગવાનને કહેતી કે હવે હું રડીશ ત્યારે મારા માથે હાથ મુકીને મને કોણ છાની રાખશે.

પરંતું જયારે હું મહેશપપ્પાની ઓફીસે ગઈતો પપ્પાએ મને 'દીકા' કહીને બોલાવી ત્યારે હું બહું જ ખુશ થઈ મારી ખુશી હું વ્યક્ત કરી શકતી નથી.

જયારે હું બધી દીદીઓ સાથે શોપિંગ કરવા ગઈ ત્યારે મને બહુ ખૂબ જ મજા આવી હતી અને ખૂબ મસ્તી કરી હતી જેટલું મહેશપપ્પાએ કર્યું છે એટલું કોઈ મારા માટે કર્યું નથી હું ભગવાનને એટલી જ પ્રાર્થના કરીશ કે મહેશપપ્પાને ખૂબ જ ખુશ રાખે.

અંતે એટલું કહી શકે પપ્પાને 'થેન્ક યુ પપ્પા' હું બહું જ ભાગ્યશાળી છું કે મને ભગવાને તમારા જેવા પપ્પા આપ્યા છે.

**જય રામદેવપીર....**
**આઈ લવ યુ પાપા....**
**તમારી વહાલી દીકરી....**
**ઉષા**



# મકવાણા મનીષા ધનજીભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૫/૧૯૯૦
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૧૦/૨૦૦૫

My dear papa

**જય રામાપીર મહેશપપ્પા તથા મિતુલભાઇ.**

પપ્પા તરફથી મને ખૂબ જ સાથ સહકાર મળ્યો છે અને તેના માટે હું મારા હદયથી એક પપ્પા તરીકેની લાગણી અનુભવું છું.

પપ્પા તમારા વિષે જેટલું લખું એટલું ઓછું છે. મને મારા પપ્પા જીવથી પણ વધારે વહાલા છે મારા પપ્પાનું અવસાન તા:-૦૩/૧૦/૨૦૦૫ના રોજ થયું હતું. જયારે મારા પપ્પા આ દુનિયામાં અમને મૂકીને ચાલ્યા ગયા ત્યારે મને એમ થયું કે ભગવાન મારા પપ્પાને કેમ લઇ ગયા? અમે ઘરમાં બે બહેન, બે ભાઈ નાના છે અને મમ્મી છે એમ એક ભાઈ વિકલાંગ છે. બીજો ભાઈ ડાયમંડનું કામ કરે છે મારા પપ્પા બીમાર હોવાથી અવસાન થયું છે. ભાવનગરની હોસ્પિટલમાં અવસાન થઇ ગયું હતું. પપ્પા વગરની દુનિયામાં રહેવું મને મુશ્કેલ લાગતું હતું પરંતુ ત્યાર બાદ મહેશપપ્પા અમારી જિંદગીમાં આવતા જાણે પપ્પાની કમી જ દૂર થઇ ગઈ.

મહેશપપ્પાએ અમારા સપના પણ સાકાર કર્યા. મારા પપ્પાની ઈરછા મારી ઈરછા હતી કે મેરેજ કરવાની હતી. મહેશપપ્પા મારા પપ્પાની ઈરછા તમે પૂરી કરી હતી. મારો ભાઈ નાનો વિકલાંગ હોવાથી એટલે મારા મમ્મી એકલા હતા. પછી મારા પપ્પા બીમાર હતા. મારા પપ્પાની કિડનીમાં રસી થઇ ગઈ હતી એના કારણે તેનું અવસાન થયું હતું.

મહેશપપ્પા નામ સાંભળતાંની સાથે જ ભગવાન શિવના રૂપની યાદ આવે છે કેમકે ભગવાન શિવના ત્રણ નામ છે બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ. ભગવાનને જોયા નથી પરંતુ આમાંનું એક નામ પપ્પા તમારી સાથેનું છે. ભગવાન આવા જ હોય છે મહેશપપ્પા જેવા ભગવાનની વ્યાખ્યા આવી જ હોય છે. હા, પપ્પા તમારી પાસે લાગણી સ્નેહ, પ્રેમ, સહાનુભૂતિ, આત્મીયતા આપણા પણ અને સદગુણોનો અમૂલ્ય ભંડાર છે.

મહેશપપ્પા તમે અમને દીકરી તરીકે રાખો છે અને પપ્પા અત્યારના સમયમાં જો કોઈનો સગો બાપ હોય તો પણ તે પોતાની દીકરી માટે આટલું નહિ



કરતો હોય એટલું તમે અમારા માટે કરો છો.

મહેશપપ્પા મારી સગાઈ થઈ હતી. ત્યારે મને ડર હતો કે મારા મમ્મી મારા લગ્ન કેવી રીતે કરશે પરંતુ પપ્પા તમે આવ્યા પછી અમારા ઘરમાં ખૂબ જ ખુશીમાં આવી ગઈ છે. અને પપ્પા હવે મને જરાક પણ કોઈનાથી ડર નથી કારણ કે મારી સાથે હવે મારા મહેશપપ્પા છે.

**ઉપકાર આપનો કદી ભૂલીશ નહિ**
**મુજ જીવનમાં કંઈક આપની સેવા**
**મુજ જીવનમાં કંઈક આપની સેવા કરવા તક મળી**
**જન્મોજન્મ ફરી સેવા કરવા ઈચ્છા રહી મારી,**
**જીવનમાં ઘણા ભૂલો હશે મારી**
**ક્ષમાં કરી દેજો એ જ પ્રાર્થના રહી મારી**
**પ્રભુ નામ સાથે આપ નામ જોડી રહી છે**

**વલ્લભદાદા અને અંજવાળી દાદીમાના આશીર્વાદ.**

**I love you papa**

**લિ. તમારી વહાલી દીકા,**
**મનીષા મકવાણા.**



## ભાદાણી રીના બટુકભાઈ

જન્મતારીખઃ- ૧૨/૦૬/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૧૨/૧૧/૨૦૧૬



Dear Sweet Papa,

**તમારી પારેવડી ડૉ.**
**દીકાના જય રામાપીર.**

દરેક સજીવને જીવવા માટે જેમ ઓકસીજનની જરૂર હોય છે એ જ રીતે મારી lifeનો ઓક્સીજન મારા પપ્પા હતા. પરંતુ જેમનો જન્મ છે એનું મૃત્યુ પણ ચોક્કસ થવાનું જ છે. મારા પપ્પા અમને છોડીને ૧૨/૧૧/૨૦૧૬ના રોજ કાયમ માટે બહુ જ દૂર જતા રહ્યા. એ જ દિવસથી અમારા ઘર પર આભ ફાટે એ રીતે દુઃખ આવી પડ્યું. અમારા ત્રણ ભાઈ-બહેનના લગ્નની જવાબદારી મમ્મી પર આવી પડી. હું મોટી હોવાથી ઘરની બધી જવાબદારી મારા પર આવી. મારા કાકાની સલાહથી મેં લગ્ન સાદાઈથી સમૂહમાં કરવાનું નક્કી કર્યું.

લગ્નનું ફોર્મ ભર્યા બાદ જયારે મહેશપપ્પા સાથે પહેલી મિટિંગ થઇ અને લગ્નની સંપૂર્ણ જવાબદારી ઉઠાવવાની વાત કરી પછીથી અમારું બધું જ ટેન્શન ઉતરી ગયું. પછીથી કાયમ ઘરમાં ખુશીની લહેરો છલકાવા લાગી. જયારે પપ્પાએ પહેલીવાર મને "દીકા તું" બસ, આ શબ્દથી મને લાગ્યું મારા પપ્પા ફરીથી ધરતી પર આવ્યા છે. કે શું? બસ એ જ દિવસથી હું દરેક મિટિંગ કે પપ્પાના પી.પી. સવાણી ગ્રુપના પ્રોગ્રામમાં પપ્પાને જોવા અને મળવા માટે પહોચી જતી.

"I feel safe when you are with me,
I show me fun things to do,
You make my life much better,
the best father I know is you.."

દરેક મિટિંગમાં પપ્પાને મળીને હવે મને મારે પપ્પા નથી એવું ક્યારેય ફિલ નથી થતું. મારા પપ્પાના ગયા પછી મને દરરોજ પપ્પાના સપના આવતા પણ હવેથી તો મને મહેશ પપ્પા સપનામાં આવે છે. મહેશપપ્પામાં મને મારા રીયલ પપ્પા દેખાય છે. I am so Happy..

"Thank you dad for being my pillar of strength &



foundation of wisdom,

Thank you for everything you are, life is more beautiful when you are around."

ગણેશજી મારા ભગવાન છે કેમ કે ભગવાન પણ માતા-પિતાને પોતાની દુનિયા માને છે. હું પણ એજ માનું છું. સતયુગમાં ઋષિમુનિઓને ભગવાનને મેળવવા તપ કરવા પડતા. હું તો ખૂબ જ ભાગ્યશાળી છું કે મને તો ભગવાન સ્વરૂપ જ માતા- પિતા, સાસુ-સસરા અને મહેશપપ્પા વગર તપથી મળી ગયા..

**" વો હાથ સીર પર રખેતો આશીર્વાદ બન જાતા હે, ઉનકો રુલાનેવાલા જલાદ બન જાતા હે, માતા-પિતા કે દિલ કભી ન દુખાના, ઉનકા તો જુઠા ભી પ્રસાદ બન જાતા હે..."**

મહેશપપ્પા તમે મારા ન્યાયમૂર્તિ, પ્રેમમૂર્તિ, પ્રેરણામૂર્તિ અને સર્વ શ્રેષ્ઠ છો. કળીયુગનાં કર્ણ દાનવીર મારા મહેશપપ્પા.

***MY PAPA IS MY HERO***

ભગવાન જેમ ખુબ જ દયાળુ, રક્ષક, શક્તિશાળી, પોષક અને માર્ગદર્શક હોય એ જ રીતે મહેશપપ્પા પણ સમાજના બધા જ પ્રોબ્લેમ્સ દુર કરવા માટે ખૂબ જ મહેનત કરે છે.

૧) સમાજના સ્વાસ્થ્ય માટે પી. પી. સવાણી હાર્ટ હોસ્પિટલ.

૨) અનાથ દીકરીને પરણાવવા પોતાના ખર્ચે સમૂહલગ્ન
(ફક્ત લગ્ન કરાવીને છૂટી નથી જતા જિંદગીભર
દીકરી-જમાઈના સુખ અને દુઃખમાં બાપની જેમ જ સાથ આપે.)

૩) HIV ગ્રસ્ત અનાથ દીકરીઓ માટે "જનનીધામ".

૪) અનાથ બાળકોની ફી માટે "શિષ્યવૃતિ"

૫) દીકરીઓનું અપમાન ન થાય અને ભ્રૂણહત્યા અટકાવવા "લગ્નનો પાંચમો ફેરો"

૬) સમાજમાં વૃદ્ધ લોકો એકલવાયું નીરસ જીવન જીવે છે તો "વડીલ-વંદના", "પ્રેમલક્ષ્મી મંદિર"

૭)મેડીકલ સ્ટુડન્ટને શીખવા માટે "દેહદાન" .

૮)ઉચ્ચતર શિક્ષણ "ઇન્ટરનેશનલ સ્કુલ".

૯)લોહીની ઉણપ "રક્તદાન સમારોહ".

મહેશપપ્પાની સૌથી મોટી ખાસિયત તો એ છે કે આટલાં બધાં ક્ષેત્રોમાં succes હોવા છતાં દરેક માણસ સાથે એક સરખો પ્રેમ અને સાદગીભર્યું અભિમાન વગરનું વર્તન કરે છે.ખરેખર પપ્પા તમારામાંથી ઘણું બધું શીખવાનું છે મારે.જો તમારામાંથી ખાલી એક જ વિચાર અને સંસ્કાર મારામાં આવી જાય તો મારું જીવન ધન્ય બની જાય. હું તમારામાંથી ખાલી આટલું જ શીખી શકીછું.

- માણસ જો સત્યપુર્વક હિંમતથી સામનો કરે તો જીવનની કોઈ પણ

મુશ્કેલીમાંથી બહાર આવી શકે છે.

- પૈસા ભેગા કરવાથી સમાજમાં માન-સમ્માન નથી મળતા પણ જયારે એ પૈસાનો ઉપયોગ સત્કાર્યો કરીને ત્યારે એ બધું મળે છે.
- આપના પૈસાનો દેખાડો કરીને ખોટો ખર્ચ કર્યા વગર કુટુંબના દરેક પ્રસંગ સાદાઈથી ઉજવીશ.
- બસ,પપ્પા આટલું તમારા વિશે તો બૂક લખું તો પણ ઓછી પડે. હું દિલથી ઈચ્છું છું કે તમારા વિશે બૂક નહિ પણ મોટો ગ્રંથ લખાવો જોઈએ. પપ્પા તમે તમારી દીકરીઓ માટે હંમેશા ખુશ અને સ્વસ્થ રહો એ જ ગણેશજીને પ્રાર્થના.

**“હે ભગવાન મેરી એ જમાનત તેરી ઈસ અદાલત મેં રખના**
**મેં રહું ન રહું મેરે મહેશ પપ્પા કો સહી સલામત રખના”**

**લિ.**
**તમારી ડોક્ટર દીકા,**
**રીના ભાદાણી.**



# નડીયાદરા કૃપા વસંતભાઈ

જન્મતારીખઃ- ૧૪/૦૫/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૨૩/૦૫/૨૦૦૫



**જય રામાપીર,**
**આપનીય પ્રીયશ્રી,**

મહેશ પપ્પા આ વાત કરતા મને ખૂબ જ આનંદ અને ઉત્સાહ થાય છે કે મને મહેશપપ્પા મળ્યા. જેથી અમારી જિંદગીમાં સૂર્યોદય થયો દરેક ખુશી અને તહેવારમાં અમને સામીલ કરો એક પપ્પાની ફરજ પૂરી કરી પપ્પા તમારા વિષે કહેવાના શબ્દો તો ખૂટતા જ નથી. પણ આટલું દિલથી કવ છું.

**પપ્પા અમારા હતા મનના મોતી, ગગનમાંથી લાવો કોઈ ગોતી,**
**આખો અમારી હિબકે રોતી, પપ્પાને મળવાની વાટલડી જોતી.**

કહેવાય છે કે દીકરી પિતાના જીવનની છેલ્લી સ્ત્રી છે. એક દીકરી જન્મે એટલે પિતાનો પણ જન્મ થાય છે. સૂર્યને જેમ તેના કિરણ વગર નથી ચાલતું તેમ, દીકરીને પણ પિતા વગર નથી ચાલતું.

**પિતા વિનાની છત્ર છાયા :-** મારું નામ કૃપા અને ચાર બહેન અને એક ભાઈ છે. ચારે બહેન મોટી અને ભાઈ નાનો છે બે બહેન સાસરે ગઈ તેનું વર્ષ થયું અને એક બહેન ધોરણ દસમું ભણતી અને હું સાતમું ધોરણ ભણતી અને ભાઈ સાત વર્ષનો હતો. ત્યારે મારા પિતાને હાર્ટ એટેક આવ્યો અને તેમનું અવસાન થયું. તે વસમો દિવસ હતો. મારી નજરની સામે થયું એ હું ક્યારેય ભૂલી શકતી નથી. કોઈ પણ છોકરી કે મારી ફ્રેન્ડ પિતાની વાત કરે ત્યારે મને ખુબ દુઃખ લાગે છે. ઘરમાં તહેવાર કે પ્રસંગ હોય છે ત્યારે આંખમાંથી આંસુ સારી પડે છે.

મારા પિતાના અવસાન પછી બધી જ જવાબદારી મારા માતા પર આવી અને મારા ત્રીજા નબરની બહેનને અભ્યાસ છોડી દેવો પડ્યો. અને તે સિલાઈ કામ કરી ઘરનું ગુજરાન ચલાવવા લાગી અને તેના લગ્ન પછી મારે પણ અભ્યાસ છોડી દેવો પડ્યો. અને હું પણ સિલાઈ કામ કરવા લાગી અને ભાઈને ભણાવ્યો આજે તે ડીપ્લોમાં બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

**પિતાની છત્ર છાયા :-** મારી સગાઇ થઇ અને મારા સગા સબંધીના લોકોએ મહેશભાઈ સવાણી વિશે જણાવ્યું કે જે પપ્પા વગરની દીકરીને દત્તક



લઈને તેમના કરિયાવારથી માંડીને કન્યાદાન સુધીના કામ કરે છે. આ જીવન પિતા વગરની દીકરીઓની જવાબદારી પોતાની દીકરી હોય તેમ લે છે. આ સાંભળીને જાણે અમારા ઉપર ચમત્કાર થયો. અને મારા ભાઈનું ટેન્શન પણ ઓછું થયું અને મારા પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. પપ્પા અમારા જીવનમાં ભગવાન બનીને આવ્યા. બધી દીદીઓને પણ ધન્યવાદ તેમને અમારી ખરીદીમાં ખૂબ જ મદદ કરી અને બધી ખરીદીમાં અમને સરસ ખરીદી કરાવી. બધી જ વસ્તુઓ પણ અમારા જ પસંદગીની અપાવી. ખરીદીમાં પણ પપ્પા અમને ખૂબ જ મજા આવી.

***"Papa Thanks for comming in my life and god bless you My Dear Papa"***

**લિ. તમારી વહાલી દિકા,**
**કૃપા**
Love You
& Miss you Papa.



## કોટડીયા રંજન અરજણભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૮૭
પિતાની પુણ્યતિથિઃ- ૧૦/૦૫/૨૦૧૪



**Dear papa,**

**તમે મારી સાથે જ છો તો હું એકલી નથી પણ મારી જોડે મારા પપ્પા ઈશ્વરથી પણ મહાન છે.**

મારા પપ્પાનું અવસાન થયું તેના ૫ વર્ષ થયા. મારા પપ્પા બ્લડ કેન્સરના કારણે અચાનક મૃત્યુ પામ્યા. જીવનમાં પિતાની છત્રછાયા કેટલી મહત્વની હોય એ તો અમારા પપ્પાનું અવસાન થયા બાદ અમને પિતાનું મહત્વ સમજાયુ. મારા પરિવારમાં અમે બે ભાઈઓ અને ચાર બહેનો છીએ. મારા પપ્પાનું અવસાન થયા બાદ અમારા ઘરની પરિસ્થિતિ ઘણી નબળી પડી ગઈ હતી. અમને ચિંતા થતી કે બંને બહેનોના લગ્ન કેવી રીતે થશે. ત્યારબાદ અમને મહેશપપ્પા વિશે ખબર પડી પછી અમને અમ થયું કે અમારા જીવનમાં અમારા પપ્પા પાછા આવી ગયા. પછી અમને ચિંતા દૂર થઇ ગઈ. મહેશપપ્પા તમારા વિશે તો જેટલું કહું એટલું ઓછું છે. જેમ હું મારા પપ્પાની લાડકી દીકરી હતી અને જે માંગતી તે મળી જતું તે જ હવે મને મહેશપપ્પા તમારા પાસેથી મળ્યું છે. પપ્પા એટલે સુપરસ્ટાર. પપ્પા એટલે એક જાદુઈ છડી, જે માંગો એ મળે.

***'આજ હો કલ જેસા,***
***કલ હો ગુલાબ જેસા,***
***મહેક હો તાજ જેસા ઓર***
***જિંદગી કે હર જન્મ મેં પાપા હો તો આપ જેસા.'***

તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે. તમારા આવ્યા બાદ મને એમ થયું કે ભગવાન આવ્યા મહેશપપ્પા અમને ભગવાન શિવના રૂપમાં મળ્યા છે. I love you papa...

મહેશપપ્પા, તમારા આવવાથી અમને અમારી પસંદની સાડી, પાનેતર અને ઘરેણાં મળ્યાં છે. તેથી હું આશા રાખું છું કે સાત જન્મ સુધી મને તમારા જેવા મહાન અને વિશાળ દિલના તેમજ દયાળુ પપ્પા મળે. પપ્પા વિશ્વમાં સૌથી વધારે મહાન હશો, જેમને મારી જેવી દીકરીઓને ખુશી અને આનંદ વહેંચ્યો છે. આ બધું આપીને તમે મારા પિતાની છબી ઉભી કરી છે.



જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં,
દુઃખને દેખાડ્યું નહીં સુખને છલકાવ્યું નહીં,
હસતો રાખી ચહેરો અચાનક લીધી વિદાય,
પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ એ ભુલાય નહીં,
પ્રભુ મારા પપ્પાની દિવ્ય આત્માને શાંતિ આપે.

એ જ પ્રાર્થના.
**I love you forever**
**Mahesh papa...**
જય રામાપીર.

**your loving Dika,**
**Ranjan.**



# કોટડીયા કાજલ અરજણભાઈ

જન્મતારીખ:- ૦૮/૦૬/૧૯૯૪
પિતાની પુણ્યતિથિ:- ૧૦/૦૫/૨૦૧૪



Dear papa,
jay ramapeer,

**“ક્યાંક અટકું છું તો સાથ આપે છે**
**કોઈ, ક્યાંક ભટકું છું તો ઈશારો આપે છે કોઈ,**

ઈચ્છાઓ એક પછી એક વધતી રહે છે, દર વખતે ઠોકર ખાધા પછી હાથ આપે છે કોઈ” આ શબ્દો મારા એકના નહી પરંતુ દરેક દીકરીના હોય છે.જેના જીવનમાં પિતાની આંગળી પકડીને પા-પા પગલીથી માંડીને જીવનના દરેક તબક્કે એક આદર્શ અને માર્ગદર્શક તરીકેનું સ્થાન પિતાનું હોય છે. એટલે જ દરેક દીકરી પોતાના પતિમાં પણ પિતાની છબી જ શોધતી હોય છે. ‘પપ્પા’ એક એવો શબ્દ છે જે દરેક દીકરીના મોઢેથી સંભાળવું ગમે. પપ્પા એટલે દીકરીના જીવનના સૌથી પહેલા સુપરસ્ટાર. પપ્પા એટલે એક આવી જાદુઈ છડી કે જે ફરે અને બધી ઈચ્છાઓ પૂરી થઇ જાય, મારા પપ્પા પણ એવા જ હતા. પરંતુ અમારા કરતા વધારે ભગવાનને એમની જરૂર હતી. તા:૧૦/૦૫/૨૦૧૪ના દિવસે મારા પપ્પાનું અવસાન થયું.

મારા પપ્પાને મને ભણાવવાની બહુ જ ઈચ્છા હતી પણ મેં તો સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે આવું થશે. મારા પપ્પાનું અવસાન બ્લડ કેન્સરની બીમારીના લીધે થયું હતું. ત્યારબાદ મને મહેશપપ્પા મળ્યા. જ્યારથી મહેશપપ્પા મને મળ્યા છે ત્યારથી મારી લાઈફ જ બદલાઈ ગઈ છે. હવે મને આવું લાગે છે કે મારા પપ્પા મારી પાસે જ છે. મહેશપપ્પા અમને પોતાની દીકરીની જેમ જ રાખે છે. મહેશપપ્પાએ મને મારા પપ્પાની કમી ક્યારેય મહેસૂસ નથી થવા દીધી. બધી જ ફરજ નિભાવી છે અને આગળ નિભાવશે પણ આખી દુનિયામાં શોધવા જઈશું તો પણ આવા પપ્પા નહી મળે. મારા પપ્પા શિવનું રૂપ છે.

***“મંજિલ દુર અને સફર ઘણી બધી છે,***
***નાનકડી જિંદગીમાં ફિકર ઘણી બધી છે,***



આ દુનિયા તો ક્યારની મારી નાખત પણ પિતાના પ્રેમની અસર ઘણી છે.”

જીવનનો એક ખૂણો જે કાયમ ખાલી રહી જશે તે દીવા સ્વરૂપ મહેશપપ્પાના આવવાથી પ્રકાશથી ભરાઈ ગયો. પપ્પા દ્વારા કરાવવામાં આવેલી લગ્નની ખરીદીમાં મને મારી પસંદગીનો સેટ, પાનેતર, સાડીઓ વગેરે ખરીદવાનો મોકો મળ્યો. તે બદલ તમારો ખૂબ જ આભાર પપ્પા. આજે હું ખૂબ જ ગર્વથી બધાને કહી શકું છું કે આ બધું મારા મહેશપપ્પા એ મને અપાવ્યું છે. મને લાગતું ન હતું કે મારા લગ્ન સારી રીતે થશે. પરંતુ આ બધું જ તમારા લીધે જ શક્ય બન્યું છે પપ્પા. મારા પપ્પાનું અવસાન થયું પછી અમારે ઘણી બધી મુશ્કેલીઓ વેઠવી પડી. અમારા ઘરની જવાબદારી મારા મોટા ભાઈ પર આવી ગઈ હતી. પરંતુ મહેશપપ્પાએ અમને એક રસ્તો આપ્યો. જેનાથી અમારા આખા કુંટુંબ પર જાણે એક સુખનો દરિયો વરસતો હોય તેવું લાગ્યું. I love you papa. એક પંક્તિ છે કે, ‘ન ગગન સુધી ન ધરા સુધી, મારે તો પહોંચવું છે મારા પપ્પાના હૃદય સુધી.’

***World’s greatest Mahesh papa.***

***Thank you so much papa. love you papa.***

બસ, આટલું કહીને પૂર્ણવિરામ આપું છું. ભૂલચૂક થઈ હોય તો તમારી લાડકી દીકરી કાજલને માફ કરજો. જય રામાપીર.

Your loving Dika,
Kajal.



## સાવલીયા દર્શના ગોબરભાઈ

જન્મતારીખઃ- ૧૫/૦૨/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૨૦/૦૧/૨૦૧૨



**Dear Papa,**
**જય રામાપીર,**

***"પપ્પા" આજે તમારી "દીકા"ને તમારા વિશે લખવાનો અવસર મળ્યો છે.***

પપ્પા તમારા માટે હું શું લખું એ મને સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું?પપ્પા શબ્દ જ એટલો મહત્વપૂર્ણ અને વહાલસોયું નામ છે. દરેક દીકરીની "Life"માં પપ્પાનું સ્થાન સૌથી ઉપર જ હોય છે. અને તે તેમના માટે ગૌરવની લાગણી અનુભવે છે. દીકરી મોટી થઇ જાય પરંતુ તેના પપ્પા માટે દીકરી હમેશા નાની જ હોય છે.

તા.૨૧/૧/૨૦૧૨ એ મારી જિંદગીની કદી ન ભૂલી શકાય એવી તારીખ છે. કારણ કે એ દિવસે મારા પપ્પા અમને ભાઈને મમ્મીને મુકીને જતા રહ્યા હતા. અમારો હસતો ખેલતો પરિવાર અચાનક એક જ ઝટકામાં દુઃખ માં ફરી ગયો મારી મોટી બેનની સગાઇ હતી તેના આગળના દિવસે મારા પપ્પાને પાણીની મોટરમાંથી કરંટ લાગવાથી મૃત્યુ થયું હતું. તે ક્ષણે તો મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું હતું. મારા મમ્મીની હિંમત સાવ તૂટી ગઈ હતીઅને એમને બધાએ સમજાવ્યું કે તમે તૂટી પડશો તો તમારા બાળકોનું શું થશે. મારી મમ્મી મજુરી કામ કરતા હતા તેમાંથી ઘર ચલાવતા. પછી મારી મોટી બે બેનનાં લગ્ન કર્યાં. પછી થોડોક ટાઈમ ગામડે રહ્યા પછી અમે બે બેન અને ભાઈ, મમ્મી સુરત આવતા રહ્યા અમે બંને બહેનો મશીન ચલાવતી અને મમ્મી ઘરનું કામ કરતા આવી રીતે મમ્મી ઘર ચલાવતા હતા.

સુરત આવીને એક વર્ષ પછી મારી સગાઇની વાત આવી તો મને ડર લાગતો કે મમ્મી મારા લગ્ન કઈ રીતે કરશે ? ... ત્યાર પછી અમને અમારા ઓળખતા એ કીધું કે મહેશભાઈ સવાણી પિતા વિહોણી દીકરીઓના લગ્ન કરાવે છે ત્યારે અમારી ખુશીનો પાર ન રહ્યો અને તેમાં ફોર્મ ભર્યું અને અમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું. પછી મહેશપપ્પા સાથે અમારી પહેલી મિટિંગ થઇ ત્યારે પપ્પાને જોતા જ એમ થયું કે જે પ્રેમ અમને અત્યાર સુધીમાં નથી મળ્યો એ **પ્રેમ મહેશપપ્પા તરફથી જરૂર મળશે.**



**"પિતાની હાજરી સૂરજ જેવી હોય છે ,**
**સુરજ ગરમ જરૂર થાય છે પણ ના હોય તો અંધારું છવાઈ જાય છે."**

મહેશપપ્પા તમે અમને મળ્યા તો જાણે આખી જિંદગી જ બદલાઈ ગઈ. તમે પપ્પા તરીકે મળ્યા ત્યારે તે દુઃખ જાણે અમારા સુખમાં બદલાઈ ગયું. પપ્પાને મળવા ગઈ ત્યારે તેમણે મને દીકા કહીને બોલાવી ત્યારે હું ખૂબ જ ખુશ થઇ હતી. એમ લાગ્યું કે અમને અમારા પપ્પા પાછા મળ્યા છે. મારી બધી ચિંતા પપ્પાએ દુર કરી દીધી પપ્પા તમે એટલી ખુશી આપી છે કે, હવે જિંદગી પાસેથી કઈ જ લેવાનું બાકી રહ્યું નથી. પપ્પા તમે મારી જિંદગીમાં ભગવાન બનીને આવ્યા છો. એક દીકરીને પપ્પાનો પ્રેમ આપ્યો છે. મહેશપપ્પા, તમે ખરેખર ભગવાન છો.

***Thank You Papa, Miss You So Much Papa***

હું આટલી બધી ભાગ્યશાળી છું કે મને મહેશપપ્પા મળી ગયા છે હું જયારે પપ્પાને મળી ત્યારે મેં તરત જ પપ્પાના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા મેં ક્યારેય સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે મારા જીવનમાં આટલા મહાન અને સ્નેહરૂપી પપ્પા મળશે.

***I Love You Papa....Miss You Papa.***

પપ્પા તમે હંમેશાં મારા હ્રદયમાં છો અને હંમેશાં રહેશો જયારે સવારનું પહેલું કિરણ ખીલેને તરત જ પપ્પાનો મેસેજ આવી ગયો હોય કે દિકા Good Morning. જે લોહીના સબંધ નથી છતાં પણ આટલી સંભાળ રાખે છે એક દીકરી માટે તો દુનિયામાં best Papa છે. મહેશપપ્પા તમારા જેવા માણસો આ દુનિયામાં બહુ ઓછા જોવા મળે છે. તમે તો ખુદ ઈશ્વરે અમારા જેવી વ્યક્તિઓ માટે મોકલેલી એક મહાન વ્યક્તિ છો. જે ગરીબ લોકોની આટલી બધી મદદ કરે છે. અમારા જેવી ઘણી દીકરીઓને પોતાના પપ્પા મળી રહે છે. તે હેતુ થી આપ જે કાર્ય કરી રહ્યા છો તેમાં ભગવાન તમને ખુબ આગળ વધારે અને આવા સારા કાર્યમાં આગળ રાખે એવી અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ પપ્પા તમારો સંપર્ક થયા બાદ અમે ખુબ ખુશ છીએ અને અમારા દુઃખ ને અમે વિસરી જઈએ છીએ.

***"જેમ સૂરજ વિના દિવસ નકામો, તેમ પપ્પા વિનાની જિંદગી નકામી.."***

***Thank You Papa, Love You Papa.***

બસ આટલું જ કહીને પપ્પા તમારા માટેની લાગણીઓ પ્રગટ કરવા માટે તો પેજ પણ ટુકા પડે અને હા ભગવાનને એટલી જ પ્રાર્થના કરીશ પપ્પા કે તમને લાંબું આયુષ્ય આપે અને અમારા જેવી દીકરીના પિતા બનીને તેમને પિતાનો પ્રેમ આપો.

પત્ર લખવામાં મારી પાસે શબ્દની કઈ ભૂલ થઇ હોય તો તમારી દીકા સમજીને માફ કરજો.

**જય રામાપીર**
**Love You Papa**
**લિ. તમારી વહાલી દીકરી,**
**દર્શના.**



## ખાનપરા વંદના અરજણભાઈ


જન્મતારીખઃ- ૧૦/૦૯/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૩૧/૦૮/૨૦૧૬
માતાની પુણ્યતિથિઃ- ૦૫/૦૧/૨૦૧૩



**Dear Papa,**
**જય રામાપીર,**
**પપ્પા તમારા વિશે તો જેટલું કહું એટલું ઓછું કહેવાય.**

આજે હું મારી લાઈફની વાત તમને કહું છું પાપા અમે ચાર બહેનો અને એક ભાઈ છે મારો ભાઈ નાનો છે. મારા પપ્પાનો સ્વભાવ સારો હતો. પપ્પા અમારી બધી જ જરૂરિયાત પૂરી કરતા હતા પણ એક દિવસ એવો આવ્યો કે અમારી જિંદગીમાં અંધારું છવાઈ ગયું અને કઈ જ ખબર પડતી ન હતી અમે સાવ એકલા થઇ ગયા હતા. અમારી લાઈફમાં પપ્પા સિવાય કોઈ આધાર ન હતો અને હું ૨૨ વર્ષની હતી ત્યારે મારા મમ્મી અક્ષરધામ થયા હતા. તા.૧-૫-૨૦૧૩ માં અને ખુશહાલભરી જિંદગીમાં દુઃખનો પહાડ તૂટી પડ્યો પછી તાવ આવતો હતો પછી રિપોર્ટ કરાવ્યો રીપોર્ટમાં કમળો અને ડાયાબિટીસ આવ્યો પછી ભાવનગર હોસ્પિટલમાં એડમિટ કર્યા હતા ત્યાં અમે આઠ દિવસ રોકાણા તોય કોઈ ફેર ન પડતા પછી રજા લીધી અને સુરત રીપોર્ટ કરાવ્યો ત્યારે તેમાં કમળામાંથી કમળી થઇ ગઈ છે પછી અમે નવી સિવિલમાં એડમિટ થયા ત્યાં અમે ૨૦ દિવસ રોકાણ થયું પછી ડોકટરે અમને કહ્યું કે હવે સારું નય થાય પછી અચાનક તબિયત ખૂબ જ ખરાબ થઇ ગઈ પછી આયુષમાં બે દિવસ રાખ્યા તોય સારું ન થયું. અમને મુકીને અક્ષરધામ ગયા. તા. ૩૧/૮/૨૦૧૬ ના રાત્રે ૩ વાગે અવસાન થયું પછી અમે સાવ એકલા થઇ ગયા. અમારે કોઈનો આધાર ન રહ્યો. પણ તેને ઘણો હરખ હતો કે દીકરીનું કન્યાદાન કરીએ ભગવાને અમારા ઉપર ખુબ દુઃખ નાખ્યું પણ હું શું કરું તે સમજાતું નોતું કેમ કે મારો ભાઈ સાવ નાનો છે. પછી તેને હીરામાં બેસાડ્યો પછી નાની બેન સગાઇ કરો પછી હું મૂંઝાય ગઈ લગ્નનો ખર્ચ કેમ કરશું પછી અમને જાણવા મળ્યું કે.

૨૦૧૭માં મારો સંપર્ક શ્રી મહેશભાઈ સવાણી સાથે થયો જેમને હું પપ્પા કહીને સંબોધું છું. તેમના સંપર્ક પછી મારા જીવનનો અંધકાર તેમણે મારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુનો પૂરો પાડી મારા જીવનમાં લગ્નનું સુખ પણ પપ્પા તરફથી મળ્યું છે. હું મારા જીવનમાં ક્યારેય અનુભવી શકત નહિ. તદુપરાંત પપ્પા તરીકે તેમને કન્યાદાન



કર્યું. મહેશપપ્પા જેવા પપ્પા મળી ગયા એવું જ ભગવાનને કહું છું કે, આ જન્મમાં નહિ પણ આવતા જન્મમાં પણ આવા પપ્પા મળે. એવું હું ભગવાન પાસે માગું છું પપ્પાએ મારું પાલન એક દીકરી તરીકે કર્યું છે તેથી હું મારા અંત:કરણપૂર્વક આશીર્વાદ માગું છું.

હે ભગવાન તમારી અદાલતમાં મારી અનામત રાખજો. હું રહું કે ન રહું મારા મમ્મી-પપ્પાને સલામત રાખજો.

***I Love You Papa***

***I Miss You Papa***

**ભૂલચૂક હોય તો માફ કરજો અને તમે હંમેશાં ખુશ રહો.**

**લિ. તમારી લાડકી દીકા વંદના.**



## રાઠોડ જાગૃતિ કનુભાઈ

જન્મતારીખઃ- ૩૧/૦૮/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૧૭/૦૯/૨૦૦૮



***My loving & best papa,***
***Jay ramapeer papa.***

**"નાનકડી ફૂલની ક્યારી દીકરી,**
**નાનકડી મહેકતી કળી દીકરી**
**પપ્પાના હાથનું હેત દીકરી,**
**પપ્પાના દિલથી સરિતા દીકરી"**

- પપ્પાના પ્યારની હેલી ગાતી દીકરી કહે કે...
- મારા પપ્પા સાથેનું મારું જીવન

મારા પરિવારમાં મારા પપ્પા-મમ્મી મારાથી મોટી બે દીદી, હું અને મારો નાનો ભાઈ... ચારેય ભાઈ બહેનમાં હું પપ્પાની લાડકી દીકરી હતી. મારા પપ્પાએ મને નાનપણથી જ ખૂબ લાડકોડથી ઉછેરી છે. એમ પણ કહેવાય કે, "દીકરી તો બાપનું ગર્વ, સન્માન અને હૃદય છે."

મારો જન્મ થયો ત્યારે મારા મમ્મી-પપ્પા, દીદી બધા જ ખૂબ ખુશ હતા. હું સૌથી નાની દીકરી હોવાથી પપ્પાની લાડકી હતી અને પપ્પા મને નાની હતી ત્યારે "બટકી" કહીને જ બોલાવતા.

- **પપ્પાની "બટકી"**

**"નાના પગે પાપા કરતી, નાના-નાના હાથે વ્હાલ કરતી,**
**પપ્પાની આંખોનું તેજ, પપ્પાના હેતની ઊર્મિ આ 'બટકી'."**

**મારા હૃદયની વાત રજુ કરું તો...**

અમે પહેલાં તો ખૂબ સાધારણ હતા. ભાડાનું ઘર હતું. પપ્પા સુથારીકામ કરતા. ગરીબી કોને કહેવાય એ દિવસો મેં પણ જોયા. એ દિવસોમાં પણ પપ્પાનો વ્હાલસોયો હાથ હમેશા અમારા માથે રહેતો. અને અમને કદી ઓછું નથી આવા દીધુ.

- એ જિંદગીનો એક કિસ્સો કહું તો....

હજુ હાલમાં પણ મને યાદ છે કે મારા ચંપલ તૂટી ગયા હતા અને પપ્પા



પાસે એટલા પૈસા નહોતા કે ચંપલ લઇ શકાય. તો પૈસાના થોડા અભાવે પપ્પાએ એમના ચંપલ મને પહેરાવી એ પોતે ઉનાળાના કડકડતા તાપમાં મને સ્કૂલ મુકવા આવ્યા અને ટીચર ને કીધું કે, “આજનો દિવસ ચલાવી લેજો કાલે હું મારી દીકરીને નવા બુટ લઇ આપીશ.”

એક નાનકડી જરૂરિયાતને થોડો સમય પૂરી ન થઇ શકે એ આંખોની વેદના અને એમણે કરેલા ત્યાગને મારી નજરે જોયેલા. હંમેશાંથી ઘરમાં પૈસા હોય કે ન હોય પણ પપ્પાએ ક્યારેય અમને એવો અહેસાસ નથી થવા દીધો કે આપણે ગરીબ છીએ.

***“પપ્પા એટલે ત્યાગની મૂરત, પપ્પા એટલે પુરુષાર્થ અને કેળવણીની પ્રતીતિ”***

થોડા સમય પછી પપ્પાની મહેનત રંગ લાવવા લાગી એ જાતે જ એનું કામ રાખીને પોતાનું કામ ચાલુ કર્યું એ પછી અમે પોતાનું ઘર લીધું. એક નાની એવી ઓરડી જ હતી. પપ્પા આગળ દુકાનમાં કામ કરતા અને પાછળની રૂમમાં રહેતા જયારે હું સ્કૂલ જાવ એવી થઇ અને સ્કૂલ જવું નતુ ગમતું કેમકે આખો દિવસ હું પપ્પા સાથે જ દુકાનમાં રહેતી. સ્કૂલ જવાના સમયે હું રડતી અને બહાના કાઢતી. પછી પપ્પા મને સમજાવી સ્કૂલે મૂકી જતા અને હું સાંજ પડવાની રાહ જોતી કે સ્કૂલથી આવીને પપ્પાને ગળે વળગી જતી અને એમનો આખા દિવસ નો થાક પળવારમાં ઊતરી જતો.

**“પપ્પા એટલે પરિવારમાં માન, મોભો અને મર્યાદા”**

રજાના દિવસોમાં અમે ચારેય ભાઈ- બહેન અને પપ્પા ક્રિકેટ રમતા અને ખૂબ જ આનંદ કરતા. પપ્પાની સંભાળ અને મોજ મસ્તીથી હસતા-રમતા લાઈફ ક્રોસ થતી ગઈ.

***પણ કહેવાય છે ને કે.....***

કુદરતને પણ સાંજ સવાર હોય છે જિંદગીમાં પણ ખુશી અને દુ:ખની તડકી અને છાંયડી હોય છે. સમયને સરકતા ક્યાં વાર લાગે છે.

હવે અમારા પણ પારખા લેવાની ઘડી આવે છે.

- **પપ્પા સાથેના વિરહની વેદના**

હું નવમા ધોરણમાં હતી ત્યારે મારા પપ્પાને અચાનક જ પેટમાં દુ:ખાવો થવા લાગ્યો. એમને દવાખાને લઇ ગયા. અને ડોકટરે દવા આપી પણ ૩ દિવસ પછી પણ ફેર ન પડતા પાછા દવાખાને ગયા અને ડોકટરે રીપોર્ટ કરવાના કહ્યા. પછી રીપોર્ટમાં ખબર પડી કે અમને પેટમાં લોહીની ગાંઠ થઇ ગઈ છે અને એના માટે ઓપરેશન કરાવવું પડશે અને ઓપરેશન માટે પપ્પાને વડોદરા હોસ્પિટલ લઇ ગયા. અમે બધા સુરત જ હતા. મમ્મી-પપ્પા વગર કેવી રીતે રહેવાય અને પપ્પાનો “બટકી...બટકી....” અવાજ સાંભળ્યા વગર કેવી રીતે રહેવાય એ ત્યારે અનુભવ થયું.

હું અને મારો નાનો ભાઈ ખુબ જ રડતા અને દીદીને થોડી થોડી વારે પૂછતા.. “દીદી, મમ્મી-પપ્પા ક્યારે આવશે?”



પપ્પાનું ઓપરેશન પૂરું થયા બાદ મેં પપ્પા સાથે ફોન પર વાત કરી ત્યારે પપ્પાએ કીધું, 'હું જલ્દી પાછો આવી જઈશ' ત્યારે મારા મનને થોડી શાંતિ થઇ. એમ કરતા કરતા ૧ મહિનો થઇ ગયો. પપ્પાને અમદાવાદ દાદાના ઘરે જ રાખ્યા હતા. પપ્પા અમને ખૂબ જ યાદ કરતા હતા. અમે એમને મળવા ગયા.

પપ્પા સાથે થોડો સમય રહ્યા અને પછી અમારી પરીક્ષા શરૂ થતી હોવાથી સુરત આવવાનું થયું અને સુરત આવતા હું છેલ્લે પપ્પાને મળવા ગઈ હોસ્પિટલ ત્યારે પપ્પાએ મારો હાથ પકડીને મને કીધું કે, 'તું નાની મારી લાડકી,"બટકી"તારે તારા પરિવારનું ધ્યાન રાખવાનું છે. બધાને સાચવવાના છે'. ત્યારે મને થયું કે પપ્પાએ એવું કેમ કીધું હશે? પછી મેં કીધું કે "હા, પપ્પા હું બધાને સાચવીશ." પછી ૪ દિવસ પછી અમદાવાદથી ફોન આવ્યો કે પપ્પા સીરીઅસ છે. તો બધાને મળવા બોલાવ્યા છે ફોન રાખ્યાની થોડીવારમાં અમે સુરતથી ગાડી લઈને નીકળ્યા.

એક તરફ મનમાં ચિંતાનું વંટોળ ચડેલું અને બીજી તરફ વરસાદ પણ એ સમયે ખૂબ જ હતો. છેક સુધી એ જ ટેન્શન કે પપ્પાને શું થયું હશે? પપ્પાને સારું તો હશેને ? પછી જયારે અમદાવાદ પહોંચ્યાને જોયું તો જાણે આખા પરિવાર પર કાળા વાદળ છવાય ગયા હોય એવું લાગ્યું અને જાણે જિંદગીનો અંત જ આવી ગયો. હું પૂછું બધાને પપ્પાને શું થયું? પપ્પા ઊઠતા કેમ નથી? ત્યારે મને કીધું કે, "પપ્પા હવે ક્યારેય નહિ ઉઠે"

હું પપ્પાને ઉઠાડતી...ખૂબ કોશિશ કરી પપ્પાને ઉઠાડવાની "પપ્પા ઉઠોને તમારી "બટકી" તમારી પાસે આવી ગઈ ચાલો આપણે ક્રિકેટ રમવાની છે પપ્પા"....."પપ્પા ઉઠો... plz..પપ્પા.."પણ ગયેલા પ્રાણ પાછા કઈ રીતે આવે.

- **બટકી કહે કે,**

***"કંઠ સુકાયા પાણી વગર, અશ્રુઓથી છલકતાં નીર.***
***ઘરનો મોભારો તૂટે ઘર પડેને નાના કાંધે મોટી ભીત,***
***વિદાય વસમી લાગે મુજને, કુદરત કેવી તારી આ રીત?***
***વહાલની જરૂર તો મુજને પણ પડે..***

- પપ્પાના ગયા પછી અમને બધાએ કીધું કે અમદાવાદ રહેવા આવી જાવ. પણ અમે ના પાડી કેમ કે પપ્પાની મહેનત અને લાગણીથી બનેલું એ સપનાનું ઘર કે જ્યાં ઘરની એક એક દીવાલ અને એક એક ખૂણે પપ્પાની યાદ જોડાયેલી છે જે મૂકીને કેમ રહેવાય.

- અને પછી..જિંદગીના દરિયામાં નાવિક વગરની સફર ચાલુ થઇ પપ્પા વગર તો મને રહેવાની આદત જ નહોતી. પપ્પાના ગયા પછી હું ૧ વર્ષ બીમાર રહી.ડોકટરે પણ કહ્યું કે, "આને દવાની નહિ દુવાની જરૂર છે અને મારી બીમારીની દવા મારા પપ્પા હતા. એક જ જીદ કે બસ મને પપ્પા પાસે જવું છે." પછી મમ્મીએ



મને સમજાવી કે તું આમ કરીશ તો ઘરનું ધ્યાન કોણ રાખશે. અને પછી પપ્પાની યાદો અને પપ્પાની વાતોને મારી હિંમત બનાવી હું મજબુત થઇ ગઈ. પછી પરિવા ને સાચવવા અને ઘરની પરિસ્થિતિને સુધારવા હું ભણવાનું છોડીને નોકરી કરવા લાગી. મારી બંને દીદીના લગ્ન થયા પછી ઘરની બધી જ જવાબદારી મારા પર આવી ગઈ. મારા મમ્મીએ ક્યારેય પપ્પાની ખોટ નથી આવવા દીધી. હંમેશાં અમને ત્રણ બહેનોને અને મારા ભાઈને સાચવ્યા છે.

સૌમ્યતા, જવાબદારી અને પપ્પાની કેળવણીથી ધીરે ધીરે સમય જતા મારા લગ્નની વાત થવા લાગી. અને મારા લગ્ન જય સાથે નક્કી થયા અને હું એનાથી પણ ખુશ છું કે જય પણ મારું અને મારા પરિવારનું ધ્યાન રાખે છે અને કોઈ પણ સમસ્યા હોય તો એમણે હંમેશાં મારો અને મારા પરિવારનો સાથ આપ્યો છે.

પછી મારા લગ્નની ચિંતા થવા લાગી મમ્મીને કે કેવી રીતે થશે? કેવી રીતે કરીશું? અને એવામાં મારા ઘનશ્યામકાકાએ મહેશપપ્પાની વાત કરી અને મારું ફોર્મ ભર્યું. ફોર્મ સિલેક્ટ થઇ ગયું.

**=> મહેશપપ્પા ને મળ્યા પછી**

1st મિટિંગમાં જયારે હું મહેશપપ્પાને મળી ત્યારે પપ્પાએ “દીકા” કહીને બોલાવી એ જ સાંભળતા મને રડવું આવી ગયું. જાણે “બટકી...બટકી” કહેતા મારા પપ્પા મને પાછા મળી ગયા. જેમ જેમ પપ્પા સાથે વાતો કરવા લાગી પછી તો જાણે એવો અનુભવ થાય જ નહિ કે પપ્પા નથી. અને પપ્પાએ કીધું કે, “કોઈએ ચિંતા નહિ કરવાની દિકા, હું હંમેશાં તમારી સાથે જ છું અને હું જ તારા રીઅલ પપ્પા છું” આ સાંભળી બધી જ ચિંતા દૂર થઇ ગઈ. મહેશપપ્પા મારી જિંદગીમાં આવ્યા પછી મારું જીવન ખુશીઓથી ભરાઈ ગયું.

પહેલાં તો સપનાં જોવાથી ડર લાગતો કે સાચા થશે કે નહિ થાય તો જોઇને વિચારીને શું કરવું. પણ હવે મહેશપપ્પા આવ્યા પછી એ સપનાંઓને જોવાનું એક આસમાન મળી ગયું અને એ આસમાનમાં મહેશપપ્પાની પારેવડી બે પાંખો લહેરાવી ઉડી શકે.

લગ્નની ખરીદી પણ એટલા વહાલ અને પ્રેમથી કરાવી કે પપ્પા નહીં હોવાનો જરા માત્ર પણ અહેસાસ ન થવા દીધો.

હું જેમ મારા પપ્પાને સવાલો પૂછીને હેરાન કરતી એમ મહેશપપ્પાને પણ સવાલ બહુ કરું છું. પણ ક્યારેય પણ પપ્પા ગુસ્સે નથી થયા કે હંમેશાં મને ગમે તેટલા કામમાં હોય તો જવાબ પણ આપે જ...

પપ્પા માટે એમની દિકા પહેલા અને જાગુ દિકા માટે તેના મહેશપપ્પા હંમેશાં પહેલા..

હું પપ્પાની ઓફીસ જતી ત્યારે પપ્પાને મળતી અને એટલું સારું લાગે કે એ કહેવું પણ અવર્ણનીય છે. ત્યાંથી ઘરે આવવાની ઈચ્છા જ ના થાય. પપ્પા સાથે મજાક-મસ્તી, SELFIE, અને ખાસ પપ્પા પાસેથી જિંદગી જીવવાની જડીબુટ્ટી સાંભળવાની ખૂબ જ મજા

આવતી. અમે ખૂબ જ મજા કરતા.

એકવાર "BIKING QUEEN"નો પ્રોગ્રામ હતો. ત્યાં હું ગયેલી અને મારા Fiance (જય) નો ફોન આવ્યો ને મેં એમને કીધું કે, 'હું આનંદીબેન પટેલ સાથે સેલ્ફી પડાવું છું.' મેં તો મસ્તીમાં એવું કહી દીધું પણ મેં ના વિચાર્યું કે પછી એ સેલ્ફી માંગશે તો શું આપીશ. પછી પપ્પાને આ વાતની ખબર પડી તો મને પપ્પા સ્પેસીઅલી સેલ્ફી પડાવવા લઈ ગયા. ત્યારે તો મને સેલ્ફી પાડવા કરતાં વધારે ખુશી એ વાતની હતી કે, મારી જિંદગીમાં મહેશપપ્પા આવ્યા અને હું એમની દીકા થઈ. જે મારી એક એક નાની નાની ઈચ્છા પૂરી કરે છે. પપ્પા પાસેથી હું ઘણું બધું શીખી છું અને આગળ ઘણું બધું શીખવાનું પણ છે.

અને પપ્પા સાથે-સાથે મને મોટો પરિવાર પણ મળ્યો કેટલી બધી દીદીઓ, બાપુજી, ભાઈઓ બધાજ સાથે અન્જોય કર્યું અને ખાસ વિશ્વાદીદી, સોનુંદીદી, મિતાલીદીદી, અંકિતાદીદી, રીનાદીદી, જેમણે કાયમ મને સપોર્ટ કર્યો છે.

અને મને નવું નામ પણ મળ્યું "ફઈબા". હું અત્યારે એટલી ખુશ છું કે જેની કોઈ હદ નથી. મારા પપ્પા કહેતા કે, 'કોઈ પણ મુશ્કેલી આવે પણ રડવાનું નહિ, ડરવાનું નહિ, તેનો સામનો કરવાનો. ભગવાન હંમેશાં આપણા માટે કઈ સારું જ વિચારતા હોય છે. અને કેહતા કે,

"God have a always plan for us" અને આ વાક્ય સાબિત કર્યું મારા મહેશપપ્પાએ.

પહેલા જયારે હું ઉદાસ થઈને પપ્પાના ફોટા સામે જોતી તો રડવું આવતું અને હવે ઉદાસ બેસું તો મહેશપપ્પા નજર સામે આવે ને કહે કે "દીકા, ઉદાસ નહિ રેહવાનું હું છું ને હંમેશા મારી જાગુ દીકા સાથે" આટલામાં જ ફેસ પર સ્માઈલ આવી જાય. પહેલા આંખો બંધ કરીને પપ્પાને યાદ કરતી ત્યારે "બટકી"કહેતા પપ્પા દેખાતા અને હવે "દીકા" કહેતા મહેશપપ્પા જ દેખાય.

અત્યારે ખુદ ભગાવન પણ આવીને કહે કે, 'મહેશપપ્પા અને મારામાંથી કોને choose કરીશ?' તો હું દોડીને મહેશપપ્પાની જ આંગળી પકડીને ઉભી રહી જાવ. મારા માટે મહેશપપ્પા જ મારી જિંદગી છે. My God Father.

મને મારા મહેશપપ્પા સાથે સાથે આટલી બધી દીદી, સાસુ-સસરા, પતિ બધા જ સારા મળ્યા છે. ભગવાનને એ જ પ્રાર્થના કરીશ કે હું મારા પરિવારને હંમેશા ખુશ અને સલામત રીતે સાચવી શકું એવી હિંમત આપજે. અત્યારે મને બે પપ્પા મળ્યા છે. મારા મહેશપપ્પા અને બીજા મારા સસરા એ પણ મારા પપ્પા સમાન છે એમની કોયલ છું હું.

***મારા મહેશપપ્પાને મારી પણ ઉમર લાગી જાય...***

અઢી અક્ષર(પપ્પા) વગરની ત્રણ અક્ષરની (જિંદગી) મારી ટૂંકી પડે....



किसीने देखा है भगवान को? हा मेने देखा है
जो हसते है मेरे साथ.. वो है मेरे महेश पापा,
जो नयी राह नयी उम्मीद दिखाए.. वो है मेरे महेशपापा
जो जिंदगी का डट के सामना करना सिखाये....वो है मेरे महेश पापा...
जो काबिल और साहसी बनाये... वो है मेरे महेशपापा,
जो हर साँस हर धड़कन है बेटियों की...वो है मेरे महेशपापा..
जो खुला आसमान है पारेवडीओ का...वो है मेरे महेशपापा...
जो देखभाल करते नन्ही सी कलियों की...वो है मेरे महेशपापा..
जो प्रेम, स्नेह और हुफ़ की अविरत धारा है...वो है मेरे महेशपापा....
जो बडासा खुशनुमा आशियाना है उनकी पारेवडीओ का...
वो है मेरे महेशपापा....
“जागु” जिसके प्यार को ज़ंखे.. वो है मेरे प्यारे महेश पापा...

***Jagu diko said to,***
***Mahesh papa.***

*“teri laadki me.. teri laadki me chhodungi na tera hath..”*
*You are always live as my heartbeat*
*You are my spirit & inspiration*
*You are my soul of heart*
*You are my super hero*
*You are my god father..*
***બસ, આટલું કહીને મારી કલમને વિરામ આપું છું પપ્પા......***

I love you so much papa
Jay ramapeer.
Your dika..
(jagruti)



## ચાવડા નિશા હસમુખભાઈ

જન્મતારીખઃ- ૧૫/૦૧/૧૯૯૧

પિતાની પુણ્યતિથિઃ- ૧૬/૧૦/૨૦૧૪



*મારા વહાલા પપ્પા,*

*જય રામાપીર,*

પપ્પા તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે. મારા ઘરમાં મમ્મી પપ્પા ભાઈ બહેન અને હું અમારો પાંચ સભ્યોનો નાનો એવો પંખીનો માળો હતો. અમે ખુબ ખુશીથી રહેતા અને ખુબ આનંદ કરતા પણ એક દિવસ અચાનક જ પપ્પા બીમાર પડી ગયા અને એમણે હાર્ટ એટેક આવી ગયો અને પપ્પાનું અવસાન થયું અને અમારો પંખીનો માળો વીંખાઈ ગયો અને અમારા માળામાંથી એક પંખી ભગવાનને વહાલું થઈ ગયું. ત્યાર પછી અમારા માળામાંથી ખુશીએ જાણે રસ્તો જ બદલી નાંખ્યો અને મમ્મીને પણ અમારા ત્રણની ચિંતા થવા લાગી અને પછી મારી સગાઇ કરી અને મમ્મીને ચિંતા થવા લાગી કે લગ્નનો ખર્ચ કેવી રીતે કરશું આ બધું કેવી રીતે થશે. મારા પપ્પાનું સપનું હતું કે મારા લગ્ન ધામધૂમથી થાય અને એક દિવસ અમારા સબંધી અમારે ત્યાં બેસવા આવેલા ને એમણે અમને મહેશપપ્પા વિશે વાત કરી ત્યારે અમારી લાઈફમાં પછી ખુશી આવી ગઈ અને મમ્મીની ચિંતા પણ થોડી દૂર થઈ. અને મમ્મીને થયું કે મારી દીકરીના લગ્ન પણ પી.પી. સવાણીમાં થાય અને એને પપ્પાનો પ્રેમ મળે. જ્યારે પહેલી મિટિંગમાં મહેશપપ્પાને મળીને ત્યારે ખૂબ જ આનંદ થયો અને જયારે પપ્પાએ માથા પર હાથ મૂકીને કહ્યું કે અરે મારો દીકો ત્યારે તો ખુશીના આંસુ આંખમાં આવી ગયા અને મારી ખુશીનો તો પાર જ ન હતો. ત્યારે એવું લાગ્યું કે દુનિયાની બધી ખુશી મળી ગઈ બસ હવે ભગવાન પાસે કઈ માગવું નથી. પપ્પા આવી ગયા તો બધું આવી ગયું.

આપણે કોઈ દિવસ ભગવાનને જોયા નથી પણ મહેશપપ્પાને મળી એવું જ લાગે કે આપને ભગવાનને સમક્ષ છીએ ભગવાન બધી જગ્યા ના પહોચી શકે એટલે એમણે માને બનાવી પણ એ એક સત્ય બીજું પણ છે ભગવાન બધાને બધી ખુશી નથી આપી શકતા એટલે એમણે મારા મહેશપપ્પા જેવા મહાપુરુષને આ ધરતી પર મોકલ્યા.

Thank You So much Papa અમારી લાઈફમાં આવ્યા એ માટે પપ્પાનો વહાલ દુલાર ને પ્રેમ અમને આપવા માટે



I miss you so much Papa , I love You so mush Papa

**તમારી વહાલી દિકા, નિશા**



## જોગાણી ઉષા કલ્પેશકુમાર

જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૮૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૭/૧૦/૨૦૦૫

*"સૂર્યને જેમ કિરણ વગર નથી ચાલતું
તેમ મને પણ મારા પપ્પા વગર નથી ચાલતું."*

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે "પપ્પા" વિશે કંઈક જણાવાનું છે તો હું વિચારું છું કે પપ્પા વિશે તો કંઈક ને કંઈ જરૂર પડે એ તો સૌ જાણતા જ હોય છે. માં વિશે તો દુનિયાના ઘણા લેખો અને સુવિચારો હશે. પરંતુ એક બાપ વિશે જયારે કઈ કેહવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર અને બેસ્ટ કવિઓ પણ પાછા પડે છે. કેમ કે પપ્પા વિશે તો લેખ કાગળમાં નહી દિલમાં હોય છે અને એ પણ એક દીકરીના દિલમાં. એક દીકરી માટે એના પપ્પા બેસ્ટ હોય છે. કેમ કે પપ્પા તેની દીકરીની બધી જ ઇચ્છાઓ પૂર્ણ કરે છે. દીકરીને પણ ખ્યાલ હોય છે કે પુરુષપ્રધાન સમાજમાં આ એક વ્યક્તિ જેમ કે પપ્પા તેમને ક્યારેય દુઃખી નહી થવા દે.

જયારે અમે પહેલીવાર મિટિંગમાં ગયા ત્યારે એવું લાગ્યું કે ભગવાને એક પપ્પાને તેમની પાસે બોલાવી લીધા તો એના બદલે બે બીજા પપ્પા આપ્યા છે એક મહેશપપ્પા અને બીજા મારા સસરા. જેને મને પપ્પા કહેવાનો મોકો મળ્યો છે. હું પોતાને ઘણી જ ભાગ્યશાળી માનુ છું કેમ કે હું મારી પાસે આજે બે-બે પપ્પા છે. પહેલીવાર મિટિંગમાં ગયા ત્યારે પપ્પાએ કીધું કે આજથી તમે બધી જ મારી દીકરીઓ છો હું તમારા પપ્પા આજથી બધી જ જવાબદારી મારી. ત્યારે એવું લાગ્યું કે જિંદગીની દરેક ખુસી મળી ગઈ. મહેશપપ્પાએ લગ્નની બધી જ જવાબદારી લઇ મારા મમ્મીનું બધું જ ટેન્શન દૂર કરી દીધું તે જોઈ હું ખૂબ જ ખુશ છું.

**ધન્યવાદ પપ્પા.**

**લિ. તમારી વહાલી દીકા,**

ઉષા.



# કણકોટિયા કિંજલ રમેશભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૦૪/૨૦૧૦



પપ્પા તમારા માટે હું શું લખું તે મને કઈ સમજાતું નથી મારા મનમાં એટલું છે ને કે શું કરું અને કેવી કહું તમને.

મારા પપ્પાનું અવસાન તા. ૧૧/૦૪/૨૦૧૦ ના દિવસે પેરાલિસીસ આવવાથી થયું હતું. ત્યારે તો મારા માથે જાણે આભ તૂટી પડ્યું હોય એમ લાગતું હતું. અચાનક આવું થવાથી ઘરમાં એકદમ અંધારું છવાઈ ગયું. હવે ઘરમાં અમે ત્રણ છીએ હું મમ્મી અને મારો નાનો ભાઈ. ઘરનું વાતાવરણ એટલું બદલાઈ ગયું કે શું કરવું તે સમજાતું નોતું. પછી વલ્લભીપુરથી અમે અહી સુરત રહેવા આવી ગયા. ત્યારે મારી ઉંમર ૧૭ વર્ષની હતી. હું પપ્પાની એટલી બધી લાડકી હતી કે જે જોઈએ તે તરત જ મને મળી જતું. મને લાગતું કે મારા પપ્પા બેસ્ટ પપ્પા છે. પણ પપ્પાના જવાથી ખાલીપા જેવું લાગતું.

પછી મહેશ પપ્પાને મળી મીટીંગમાં આવી ત્યારે બધા પપ્પાને પપ્પા એમ કેહતા હોઈ એવું મને લાગ્યું. પછી પપ્પાને મળી તો એની જે વાત કરવાની રીત છે અને જયારે તેને 'દીકા' એમ કીધું તો સામે કેમ મારા પપ્પા આવી ગયા હોય એવું લાગ્યું.

પપ્પાને સ્વભાવ લાગણી જોઈને થયું કે આમ જ કોઈ માણસ કોઈની દીકરીને પોતાની દીકરી માની લે. આવું મહાન તો કોણ હોઈ. પછી તો પપ્પાને જોઈએ અચાનક જ પપ્પા શબ્દ બોલાઈ જ જાય છે. પપ્પા તમારો આભાર માનું એટલો ઓછો છે. તમે જે કઈ મારા માટે કર્યું ને તે બીજા કોઈ જ ન કરી શકે. તમે જે કાર્ય કરો છો. તે તો કોઈ જ ના કરી શકે. એક પિતા જયારે પોતાની એક જ દીકરીને સાચવે. જયારે તમે તો પિતા વિહોણી આવી અનેક દીકરીને સાચવીને તેના પિતા બન્યા છો. અને પોતાની દીકરીને સાચવીને તેના પિતા બન્યા છો. અને પોતાની દીકરીની જેમ જ સાચવો છો. આનાથી મોટું તો કાઈ જ ન હોઈ શકે.

***Thanks Papa તમે મારી life માં આવ્યા, Love You Papa***

***લિ. તમારી વહાલી દીકા***
***કિંજલ,*** જય રામાપીર.





# રાણા આયુષી દીપકભાઈ

જન્મતારીખઃ- ૧૩/૦૯/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૧૦/૦૯/૨૦૧૧
માતાની પુણ્યતિથિઃ- ૦૬/૦૧/૨૦૦૨

***મારી નાનપણની યાદો કહેવા માંગું છું. દીકરી તો તુલસીનો ક્યારો છે. સાપનો ભારો નથી. દીકરી નાનપણમાં લાડકોડથી મોટી થઈ હોય અને તેને પાંખો આવે એટલે ઊડી જાય.***

મારા મમ્મી પપ્પા વિશે કહું એટલું પણ ઓછું છે. પહેલા મારા મમ્મીનું અવસાન તા:- ૦૬/૦૧/૨૦૦૨માં થયું હતું અને મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મને ખબર પણ ન હતી ત્યાર બાદ મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મને એમ થયું કે મારી પર આભ તૂટી પડ્યું છે જયારે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મને ૨-૩ દિવસ પછી ખબર પડી કે મારા પપ્પાનું અવસાન થયું છે મેં મારા પપ્પાનું અવસાન થયું છે ત્યારે મેં મારા પપ્પાનું મોં પણ મેં નથી જોયું જયારે મારા પપ્પા દવાખાને હતા ત્યારે ખુબ ભારે વરસાદ વરસતો હતો. પછી હોસ્પિટલથી મારા પપ્પાને મારા માસીને ત્યાં લાવ્યા ત્યારે તેને નીચે ગ્રાઉન્ડમાં તેને સુવડાવ્યા હતા. જયારે મને ખબર પડી કે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મને મારા પપ્પાનું મોં પણ જોવા ન દીધું. ત્યાર બાદ હું ખુબ જ બીમાર પડી ગઈ હતી. મને એમ થયું કે મારે પણ હવે નથી જીવવું જયારે મારા પપ્પાના અવસાન બાદ હું મારા માસી-માસાની સાથે રહેવા લાગી. મને પણ ખબર ન હતી કે મારો ભાઈ ક્યાં છે? મારે પણ એક નાનો ભાઈ છે જયારે મારા માસા બહાર ગયા ત્યારે તેણે મારા ભાઈને ચા-પાણીની લારી પર કામ કરતા જોયો અને મારા માસા તેને ઘરે લાવ્યા.

જયારે મારા પપ્પા હતા ત્યારે તે મને ખૂબ પ્રેમ કરતા હતા. તે મારે જે પણ વસ્તુ જોઈએ તે લઈ આપતા હતા. તેણે મને કોઈ પણ પ્રકારનું દુઃખ આવવા દીધું નથી અત્યારે મને ખૂબ દુઃખ લાગે છે કારણ કે જે વસ્તુની જરૂર પડે છે ત્યારે મને મારા પપ્પાની યાદ આવી જાય છે. મારે જયારે કઈ કામ હોય ત્યારે મને મારા પપ્પા અચાનક જ યાદ આવી જાય છે. હું જયારે સૂવા જાવ છું ત્યારે અને જાગું ત્યારે મને મારા પપ્પાની બહુ જ યાદ આવે છે.

***જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહિ,***



*દુ:ખને દેખાડ્યું નહિ સુખને છલકાવ્યું નહિ,*
*હસતો રાખી ચહેરો અચાનક વિદાય લીધી,*
*પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ,*
*એ ખોટ કદી નહિ ભુલાય.*

I miss you papa

**લિ.**
**તમારી વહાલી દીકા,**
***આયુષી રાણા.***





## રાઠોડ લક્ષ્મી રાજુભાઈ

જન્મતારીખઃ- ૦૯/૦૫/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૮/૧૦/૨૦૦૭

***Dear Papa***
***જય રામાપીર પપ્પા,***

પપ્પા તમારા માટે હું શું લખું તે સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે કયાંથી વાત શરૂ કરૂ ને કયાંથી ખતમ કરૂ.

મારા પપ્પાનું અવસાન ૨૮/૧૦/૨૦૦૭ના રોજ થયું હતું. હર તરફ ઉદાસી છવાય ગય ખુશી ગમમાં બદલાઈ ગઈ તે સમય પર હું ખુબ જ નાની હતી. હું ધોરણ ૪માં ભણતી હતી. મેં કયારેય સપનામાં પણ નથી વિચાર્યું કે મારી લાઈફમાં આવું કઈ થશે. જયારે આ વાત સાંભળી ત્યારે કઈ સમજાતું નહોતું પણ શું કરીયે કિસ્મતમાં જે છે. તે તો થવાનું જ છે.

મારી મમ્મી અમને આશ્રમમાં ભણાવતી હતી. જયારે હું ધોરણ ૮માં આવી મમ્મીનો ખૂબ જ ખર્ચો વધી ગયો કે અમારી બંને બહેનોનું ખર્ચ નય કરી શકતા. ઘરમાં પણ ખૂબ જ પ્રોબ્લેમ થવા લાગી. મારે સ્કૂલ છોડવી પડી અને મમ્મીની મદદ કરવા લાગી હું પણ મારા મમ્મી પપ્પાને ખૂબ જ પ્રેમ કરતી હતી મેં એ પણ નય વિચારું હતું કે મારા પપ્પાના ગયા પછી પણ મને પપ્પાનો પ્રેમ ફરી મળશે. હું ભગવાનનો ખૂબ જ આભાર માનું છું. જે એ મારા પપ્પાને ફરી આપવા માટે મહેશપપ્પા જયારે મારી Life આપવા મારી Life ફરી ખુશીયોથી ભરાય ગય હવે.

હું ગર્વથી કહી શકું છું કે મારા પણ પપ્પા છે ને હું ખૂબ ખુશ છું. આજે અમે બે બેન અને એક ભાઈ છે અમે બધા બહુ જ ખુશ છે. કે અમને અમારા પપ્પા મળી ગયા મારી Lifeનો આ દિવસ હું કયારેય નય ભુલું. I Love You So Much Papa. મારાથી લખવામાં ભુલ થઈ ગઈ ઓ તો માફ કરી દેજો પપ્પા એટલું પણ નથી આવડતું લખતાં વાંચતાં પણ આ લેટર દિલથી લખું છું પપ્પા.

***You are best papa***

મારા લખવામાં ભૂલ હોય તો Please સુધારીને વાંચીને માફ કરજો.

*I Love You Papa....I Miss You papa*

**લિ.   તમારી વહાલી દીકરી, લક્ષ્મી.**



# કાછડિયા દક્ષા કિશોરભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૬/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૨૩/૧૨/૨૦૧૩



**જય રામાપીર,**
**આત્મીય શ્રી મહેશ પપ્પા,**

મારે એક વાત કહેવી છે કે માત્ર હું જ તમને કહી શકું કે પપ્પા માટે દીકરી વહાલનો દરિયો હોય છે તે પુત્ર સમાન હોય છે તેના"કાળજાનો કટકો" હોય છે.

મારા પિતાશ્રીનું અવસાન તા. ૨૩/૧૨/૨૦૧૩ના રોજ થયું. હું મારા પપ્પાની બહુ જ વહાલી હતી તેઓ હમેશા મારી ખુશીનું ધ્યાન રાખતા મારી બધી જરૂરિયાત મારા પપ્પા પૂરી કરતા. હું મારા પપ્પાને બહુ જ પ્રેમ કરતી તેમનું અવસાન થયા પછી મારી જિંદગી પૂરી થઇ ગઈ હોય એવું લાગતું.

મને આ વાત જણાવતા ખૂબ જ ખુશી અને ધન્યતાની લાગણી અનુભવાય છે કે મને મહેશપપ્પા મળ્યા પછી અમારી જિંદગીમાં નવો સૂર્યોદય થયો છે દરેક ખુશી પ્રસંગ અને કાર્યક્રમમાં દીકરીઓને સામીલ કરીને એક પિતાની ફરજ થી સવાર-સાંજ એક મેસેજ મોક્લીને હાલ ચાલ જાણી લો છો. કદાચ મારા પપ્પા હોત તો આવું ન કરતા હોત જેવી ફરજ મહેશ પપ્પા પૂરી કરે છે.

આવો ખ્યાલ તો સપનામાય નહતો કે અમને તમારા જેવા પિતાની દીકરીઓ બનવાનું સૌભાગ્ય મળશે બસ ત્યારથી જ જાણે મારી જિંદગી બદલાઈ ગઈ પિતાનાં સ્વરૂપમાં તમે મળી આવ્યા અને હવે તો મને બે-બે પિતાનો પ્રેમ એક સાથે મળે છે એક તમે અને બીજા મારા સસરા રૂપી પિતા બંને પિતાનો પ્રેમ એક સાથે મને મળવા લાગ્યો. મહેશપપ્પા વિષે લખવાનું તો ઘણું છે એના માટે શબ્દ નથી મેં સપનામાં વિચાર્યું નથી.

મારા લગ્ન પી.પી. સવાણી ગૃપમાં થાશે તેથી હું ઘણી આભારી છું. આ ગ્રુપની વ્યવસ્થા અને દીકરી પ્રત્યેની લાગણીઓ ખૂબ જ છે. અને સમૂહલગ્ન કરવાનું કાર્ય બહુ જ સારું છે. આ કાર્યને લીધે મારી જેવી સમાજની ઘણી દીકરીને લાભ મળ્યો છે. આના માટે ખૂબ ખૂબ આભાર માનું છું. ***Thanks for my Papa***



**લિ. તમારી વહાલી દીકરી, દક્ષા**



# ડોબરિયા અંકિતા ખીમજીભાઈ

જન્મતારીખ:- ૧૪/૦૭/૧૯૯૩
પિતાની પુણ્યિતિથિ:- ૦૪/૦૪/૨૦૧૫

*પ્રિય પપ્પા,*
*જય રામાપીર*

જેણે આંગળી પકડીને ચાલતાં શીખવાડ્યું એ જ જિંદગીના સફરમાં એકલા મૂકીને જતા રહ્યા. મારા પપ્પા મારા માટે ભગવાન છે. એમણે આપેલા સંસ્કાર, શીખવાડેલી શીખ અને બતાવેલી જીવન રાહ આજે પણ મારી સાથે છે. એ સમયે મારા માટે ગોલ્ડન પીરીયડ હતો જયારે મારા પપ્પા મારી સાથે હતા. માગ્યા વગર બધી વસ્તુ મળી જતી. આજના જમાનામાં જયારે દીકરીને તરછોડાય છે અને દૂધ પીતી કરાય છે ત્યારે મારા પપ્પાએ મને દીકરા સમાન માનીને ભણાવી ગણાવીને એ કાબેલ બનાવી કે હું મારી જિંદગીના ફેસલા જાતે કરી શકું. પોતાના પગ પર ઉભી રહી શકું. નીડર અને સાહસી બની જિંદગીની કસોટી પર ખરી ઊતરી શકું.

પરંતુ જિંદગીને કંઈક બીજું જ કરવું હતું અને અચાનક મારા પપ્પાને હાર્ટએટેક આવ્યો. બહુ ભારે હુમલો હોવાથી ડૉકટરે હાથ ઊંચા કરી દીધા. પરંતુ અમારું સદભાગ્ય અને નસીબ કે મારા પપ્પાનું ઓપરેશન સફળ નીવડ્યું અને એ સાજા થઇ ગયા. મારા પપ્પાની નવી જિંદગી શરૂ થઇ અમને લાગ્યું બધું બરાબર થઇ ગયું છે પરંતુ કુદરતને તો કંઈક બીજું જ મંજુર હતું. અમારી કસોટીનો દોર ચાલુ થયો. ઓપરેશનમાં રહેલી ખામીને લીધે પપ્પાને એક પછી એક મોટી બીમારી ઘર કરવા લાગી. એમનું શરીર નબળું પડતું ગયું. ૧૦ વર્ષનો આ દાયકો આજે પણ યાદ કરીને આંખોમાં પાણી લાવી દે એવો હતો. જેટલી મોટી બીમારી એટલું જ મોટું હોસ્પિટલનું બીલ. પપ્પા તદ્દન ખાટલા વશ થઇ ગયા. પરંતુ મારી મમ્મીએ પરીસ્થિતિને સાચવી લીધી અને હેન્ડવર્કનો ગૃહઉદ્યોગ નાના પાયે શરુ કર્યો. મેં અને મમ્મીએ રાત-દિવસ એક કર્યા અને પપ્પાની સારવાર માટે લાગી ગયા. મારી કોલેજ પૂરી થયા પછી મેં આગળનું ભણતર ન કરતા મમ્મીની મદદ કરી અને પપ્પાની સેવા કરી.

આશા માત્ર એટલી હતી કે બસ પપ્પા ગમે તે પરિસ્થિતિમાં સારા થઇ



જાય. પપ્પા વગરના જીવનની કલ્પના કયારે પણ નહોતી કરી. મારા પપ્પા મારા શરીરનું એક અંગ હતા જેમને હું ક્યારેય દુર કરવા નહોતી માંગતી. મારા માટે ખાલી પપ્પા નહોતા. પરંતુ એક શ્રેષ્ઠ મિત્ર, ગુરૂ અને સલાહકાર હતા. કીધા વગર મારા મનની વાત જાણનાર, માગ્યા વગર બધું લાવી દેનાર સર્વસ્વ હતા. એ કાયમ કહેતા જયારે અંકિતાની વિદાય થશે ત્યારે હું નહિ જોઈ શકું મને કશે મૂકી આવજો અને ખરેખર થયું પણ એવું મારી વિદાય તમે નહિ જોઈ શકો પપ્પા. ૦૪/૦૪/૨૦૧૫નો એ દિવસ હનુમાન જયંતી અને શનિવાર. આવા સંજોગો ભાગ્યે જ આવે. પરંતુ આ દુર્ભાગ્ય અમારું કે એ જ દિવસે હનુમાનજીના ભક્ત એવા મારા પિતાએ જિંદગીના અંતિમ શ્વાસ લીધા અને એ પણ મારા હાથનું પાણી પીને જ. મારી આંખ સામે જ એમની આંખો ઢાળી ગઈ અને શરીર ફિક્કું પડી ગયું. હું મારી જાતને સંભાળી જ નહોતી શકતી. એ સંજોગોમાં મારી મમ્મીએ અને મારા નાના ભાઈએ મને ખુબ હીંમત આપી. વીતેલા દિવસોને ભૂલી જઈ આગળ વધતા શીખડાવ્યું. હું હંમેશાં મારા પપ્પા જેવી બનવા માગતી હતી. પરંતુ પપ્પાના ગયા પછી જે રીતે મમ્મીએ અમને સંભાળ્યા, સાચવ્યા અને મા-બાપ બંનેનો પ્રેમ આપ્યો. એ પછી મને મારા મમ્મી માટે ખુબ ગર્વ અનુભવ્યો. એક સ્ત્રી ચાહે તો કોઈ પણ પરિસ્થિતિ સામે લડી શકે, કોઈ પણ સંજોગોમાં સામનો કરીને જિંદગીને બહેતર બનાવી શકે. ત્યારથી જ મને એક વાત સમજાય કે

***"ગરીબીએ કુદરતની દેન નથી પરંતુ***
***મનુષ્યના અણઆવડતની ભેટ છે."***

થોડા સમય પછી અમે "પી. પી. સવાણી" સમૂહલગ્ન વિશે સાંભળ્યું આં માત્ર સમૂહલગ્ન નથી પરંતુ એવી દીકરીના લગ્ન છે જે પિતાવિહોણી છે. જેના માથા પર એક પિતાનો હાથ નથી. એવી દીકરીના લગ્ન "શ્રી મહેશભાઈ સવાણી" દ્વારા આયોજિત કરવામાં આવે છે. એ જ દિવસથી મેં નક્કી કર્યું કે મારે પણ આમાં જ લગ્ન કરવા છે. નસીબે સાથ આપ્યો અમને ફોર્મ મળી ગયું અને સિલેકશન પ્રોસેસમાં સિલેક્ટ પણ થઈ ગઈ. હવે બસ એ જ ઘડીની રાહ હતી જયારે સાક્ષાત મહેશપપ્પાને મળી શકાયને એક દિવસ મિટિંગ માટે ફોન આવ્યો. એ પણ એ જ દિવસે જ્યારે મારા પપ્પાનો જન્મદિવસ હતો. અને એ જ દિવસે હું મારા પાલક પિતાને મળવાની હતી. મનમાં બહુ બધી મૂંઝવણ હતી કેવી રીતે મળીશ, શું કહીશ અને શું પૂછશે આવી ઘણી બધી..... પરંતુ એમને જોતા જ બધું ભૂલી ગઈ અને મારા પપ્પાનો ચહેરો જાણે સામે આવી ગયો હોઈ એવું લાગ્યું. એ જ નિર્મળ હાસ્ય, એ જ નિખાલસ ભાવ અને એ જ નિખાલસ ચહેરો. જાણે સાક્ષાત મારા પપ્પા જ મારી સામે હોય. મીટીંગમાં લગ્ન વિશેની ઘણી બધી વાતો કરી અને અમને બધાને પર્સનલી મળ્યા પણ.

હજારો દીકરીના પાલક પિતા એવા મારા મહેશપપ્પા દરેક દીકરીનું ઘણું

બધું ધ્યાન રાખે લગ્નને સંબંધી બધી જ વસ્તુઓ એમના તરફથી આપવામાં આવે. દીકરી, એની બહેનો, ભાભી અને મમ્મીનો પણ મેડીકલેઈમ. દીકરીના લગ્નથી લઈને આણા સુધીની બધી જ વસ્તુઓ એમના તરફથી આપવામાં આવે. સગો બાપ પણ આં બધું કરવામાં આખી જિંદગી કાઢી નાખે પરંતુ હજારો દીકરીને દત્તક લઈ એમની જરૂરિયાતો પૂરી કરવી આ એક મહાન પુરુષ જ કરી શકે.

એક સામૂહિક લગ્ન નહિ પરંતુ જનનીધામ, ગરીબોને ચેક વિતરણ, ચેરિટેબલ ટ્રસ્ટ આવી ઘણી બધી સંસ્થાના સામાજિક સેવાના કાર્યોમાં તેઓ જોડાયેલા છે.

મહેશપપ્પાના રૂપમાં એક ભગવાન જન્મ લઈને અવતર્યો છે. જે અમારા જેવી હજારો પિતા-વિહોણી દીકરીઓના પિતા બન્યા છે. એક દીકરીને સાચવવી કઠીન પડે છે, જયારે હજારો દીકરીને “બેટી-બચાવો, બેટી- પઠાવો’,નો સંદેશો દ્વારા જિંદગીમાં આગળ વધવાની પ્રેરણા અપાય છે.

**“ધન્ય છે આવા માનવીને અને ધન્ય છે આવી માણસાઈને”**

***Thank you so much for everything.***

***God gives you so many strength and blesses.***

**લિ. તમારી વહાલી દીકા,**
**અંકિતા ડોબરીયા.**



# રાણપરિયા દયા લાખાભાઈ

જન્મતારીખઃ- ૧૫/૦૨/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૦૫/૧૯૯૪



***Dear papa***
***જય રામાપીર,***

શું લખું? ક્યાંથી શરુ કરું? એ સમજાતું નથી. તમે મારી લાગણીને વ્યક્ત કરવાની તક એક પત્ર સ્વરૂપે આપી એ બદલ હું આપની આભારી છું.

પપ્પા આપની પ્રથમ મુલાકાત પ્રથમ મિટિંગમાં થઇ હતી. ત્યારે જ આપની સાદગી, વિનમ્રતા, કરુણા, પ્રેમભાવ, જેવા સદગુણોનો ખ્યાલ આવી ગયો હતો.

ત્યારબાદ તમે આપેલા પુસ્તકો વાંચતા આપના જીવન વિષે તેમ જ આપની દીકરીઓ પ્રત્યેની લાગણી વિષે સમજાયું. લાગણી શબ્દમાં વ્યક્ત તો ન થઇ શકે. છતાં પ્રયત્ન કરું છું.

હું જયારે ૪ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું હાર્ટએટેક આવવાથી અવસાન થયું હતું. એ દિવસ હજુ મને યાદ છે. પણ ત્યારે શું થયું અને શું થશે હવે એવી સમજણ ન હતી. છતાં આંખમાં આંસુ આવતા હતા, ત્યાર બાદ પરિવારમાં મમ્મી અને ૩ બહેનો હતી. સમય જતા આશરે ૬ વર્ષ બાદ સૌથી મોટી બહેન મંદબુદ્ધિની હતી તેનું અવસાન થયું. પછી મમ્મી અને બહેન મજુરી કરીને ઘર ચલાવતા હતો. હું ધોરણ ૧૧માં હોસ્ટેલમાં ભણતી હતી ત્યારે મોટી બહેનના લગ્ન થઇ ગયા. પછી મમ્મી કમજોર થઇ ગયા. એ મજુરી પણ કરી શકે તેમ ન હતા. બધી જ જવાબદારી મારી પર આવી. છતાં મમ્મીએ મને ભણાવી ઈશ્વરની કૃપા, મમ્મીના આશીર્વાદ અને આત્મવિશ્વાસના લીધે હું આગળ ભણી શકી ૨૦૦૮માં પી.ટી. સી. પૂર્ણ થતાં પ્રાઈવેટ સ્કૂલમાં નોકરી માટે જોડાય ગઈ. ત્યાં પણ હોસ્ટેલમાં રહેતી હતી ને ઘરે મમ્મીને પણ એકલા રહેવું પડતું હતું. નોકરી કરતા કરતા મેં અભ્યાસ પણ ચાલુ રાખ્યો હતો. એમ.એ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. મમ્મી હોવા છતાં મમ્મી સાથે લાંબો સમય રહી શકી નહિ. ૨૦૧૪માં મમ્મીની તબિયત થોડી વધારે બગડી તેથી મારે જોબ પણ છોડવી પડી. મમ્મીની સાથે રહીને તેમની સેવા કરી. ૨૪ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ મમ્મી પણ મને એકલી મુકીને જતા રહ્યા. હું સાવ એકલી થઇ ગઈ. ત્યાર બાદ હું ફરી પાછી

જોબ કરવા માટે હોસ્ટેલમાં જતી રહી. એ વાત તો નક્કી છે કે માતા- પિતા નથી એ દુઃખ જરૂર છે. પણ ઈશ્વર પાસે મારી કોઈ જ ફરિયાદ નથી કે નથી કોઈ અફસોસ કારણ.......

**" જયારે મારી પાસે બધું હતું, ત્યારે હું બાળસ્વરૂપે હતી.**
**જયારે કુદરતે બધું છીનવી લીધું, ત્યારે કુદરતને મારા પર વિશ્વાસ હતો.**
**અને જયારે આજે ફરી બધું આપ્યું છે, ત્યારે મને કુદરત પર વિશ્વાસ છે.**
**ઈશ્વર એક હાથે છીનવે છે, તો હજાર હાથોએ પાછું આપે છે."**

એ હકીકત છે કે આજે ફરી મને માતા- પિતા ભાઈ- બહેન અને ભગવાન ખુદ જીવનસાથી બનીને મારી જિંદગીમાં પરત આવ્યા છે. છીનવું ત્યારે એક- એક કરીને લીધા હતા. આપ્યું ત્યારે એક સાથે પરિવાર આપ્યો. એટલું જ નહિ, પરંતુ મોટી ચિંતા લગ્નની હતી તો તેના માટે આપશ્રી જેવા પૂજ્ય વડીલ જે પપ્પાને હક આપી છે. તે મળી ગયા તો હવે કોઈ જ ચિંતા નથી.

ઈશ્વરે વગર માગ્યે પણ પપ્પા સમાન આપનો સહારો આપ્યો છે તો હવે કંઈ પણ ઈશ્વર પાસે માંગવાનું રહેતું નથી.

Thank you God
Thank you papa
Jay Swaminarayan...

***સ્વર્ગની એકેક દેવીની ઝલકમાં દીકરી,***
***છે સુખડ-ચંદનને કુમકુમના તિલકમાં દીકરી.***
***સ્નેહનું ઝરણું એનું જ આ પરિણામ છે,***
***કોતરે છે કોઈ વરસોથી ખડકમાં દીકરી.***
***લાજ- મર્યાદા શરમ, ગૌરીવ્રતોની હારમાં,***
***ઉછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી.***
***જે શિરે હું હાથ ફેરવતો હવે એ હાથ દે,***
***વિસ્તરે છે એમ સમજણના ફલકમાં દીકરી.***
***શૂર, શરણાઈ, સગા-સંબધીઓની ભીડમાં,***
***રોજ ભીની થાય છે ભીની પલકમાં દીકરી.***

**લિ. તમારી વહાલી દીકરી,**
**દયા**



# શિંગાળા દીપાલી ભાવેશભાઈ

જન્મતારીખઃ- ૧૧/૧૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૦૪/૦૭/૨૦૧૩



***જય રામાપીર,***

***પપ્પા,***
***હું દિલથી તમારો આભાર વ્યક્ત કરું છું. ભગવાન તમને લાંબુ આયુષ્ય અને સ્વાસ્થ્ય આપે.***

આજથી ચાર વર્ષ પહેલાં પપ્પાનું અવસાન થવાથી અમારી જિંદગીના સૌથી ખરાબ દિવસો શરૂ થયા હતા.જે દુઃખનો પડછાયો પપ્પાએ અમારી પર ક્યારેય પડવા દીધો નહોતો. તે દુઃખ અમને ડગલે ને પગલે મળવા માંડ્યું હતું. અચાનક મારી પર મમ્મી, ભાઈ અને દાદા-દાદીની જવાબદારી આવી ગઈ. પરંતુ હિંમત હાર્યા વગર ભણતા ભણતા મેં મારા પરિવારની આર્થિક જવાબદારી સંભાળી. પરંતુ આ જવાબદારીના બોજ નીચે હું મારા દરેક સપનાને કચડતી હતી. જયારે મારા લગ્નની વાત આવી ત્યારે ઘરના સૌ ચિંતામાં હતા કે પ્રસંગ કેવી રીતે પૂરો કરવો. ત્યારે એક સબંધી દ્વારા મહેશપપ્પા વિશે સાંભળ્યું. એમને જ અમને ફોર્મ લાવી આપ્યું અમે તે ફોર્મ ભર્યું પરંતુ હજુ અમારી ટેન્શન ઓછું થયું નહોતું. મનમાં એક ડર હતો કે ફોર્મ સિલેક્ટ નહી થાય તો શું થશે? આ બધું વિચારીને મારા આંસુ અટકતા નથી. ત્યારે મીતાલીદીદી અને અંકીતાદીદીએ મને મદદ કરી અને કીધું કે ટેન્શન નહી લે બધું સારું જ થશે અને સાચું થયું પણ એવું જ. થોડા દિવસમાં અમને મિટિંગ માટે બોલાવામા આવ્યા. મને મદદ કરવા અને આટલા સારા blesses આપવા માટે thank you so much didi.

જયારે હું કાલે પહેલીવાર તમને મિટિંગમાં મળી તો શું બોલું, શું કહેવું એ કઈ સમજાતું નહોતું. ત્યારે તમે વાતાવરણને હળવું કરવા મજાક કરવા લાગ્યા. જે બિલકુલ એક પિતા જ કરે જયારે બાળક ગભરાય ગયું હોય. પપ્પા તમે સાચા અર્થમાં દરેક દીકરીને પિતાની હુંફ, લાગણી અને સ્નેહ આપો છો. મારા મમ્મીના આશીર્વાદથી હવે મારી પાસે ખૂબ જ પ્રેમ કરવાવાળા ચિંતન (fiance), ખૂબ જ સ્નેહ આપવાવાળા મારા સાસુ-સસરા અને મારા જેઠ-જેઠાણી છે. પપ્પા હું તેમની સાથે ખૂબ જ ખુશ છું તમારી જેટલો જ સ્નેહ મને બધા જ આપે છે અને તમારું તો કહેવું જ શું? ન બોલેલી વાત પણ પપ્પા તમે સમજી જાવ છો.

હે પ્રભુ, તારા દરબારમાં એટલી વિનંતી કરું છું, સદા ખુશ રાખજો, જેમને હું યાદ કરું છું...

love you papa..and god bless you.
Its for you my dearest papa,

F : Faithful and true
A : Always there to guide you
T : Teaches you right things and not to do wrong
H : His counsels for my future
E : Ever firm in importing his ideals and principles
R : Ready to catch me each time any fall

Love you my Mahesh papa..

***લિ. તમારી વહાલી દીકા,***
***દીપાલી.***



## ઘડાવાલા કિરણ યોગેશભાઈ

જન્મતારીખઃ- ૨૧/૦૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૦૪/૦૯/૨૦૦૮



***વ્હાલા પપ્પા,***
***જય રામાપીર, ઓમ સાઈરામ***


મારા વહાલા પપ્પા, તમને ખૂબ ખૂબ પ્રણામ પાઠવું. મારી જિંદગીમાં આવવા માટે અને જિંદગીને ખૂબ સરસ બનાવવા માટે. હું હંમેશા મારા પપ્પાને રોજ યાદ કરું છું જયારે મેં મહેશપપ્પા વિશે સાંભળ્યું ત્યારે મારા આંખમાં આંસુ આવી ગયા જેમ કે મને મારા પપ્પા મળી ગયા. મહેશપપ્પાને પહેલીવાર મિટિંગમાં મળી ત્યારે મને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પા દેખાયા હતા. મારા જેવી કેટલીય દીકરીઓને પિતાનો પ્રેમ આપનાર, દીકરીઓના પ્રસંગ સાચવી સર્વ જવાબદારી સ્વીકારનાર, સમાજના આવા કેટલા કાર્યો કરનાર સગા પિતાની ગરજ સારનાર વીર સપુત મારા પિતાને કોટિ-કોટિ વંદન કરી મારી જિંદગી તેમના કદમોમાં સમર્પિત કરું છું.

***"રડી પડી છે આંખો મારી, જોઈ તસ્વીર તમારી,***
***દિલ હજી માનવા તૈયાર નથી કે તમે અમારી વચ્ચે નથી,***
***તમારી અણધારી વિદાય સૌનું કાળજું કંપાવી ગઈ,***
***પ્રભુ આપણા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના."***
***'ભગવાન કંઈક છીનવી લે છે તો તેને કરતા બેગણું આપી દે છે.'***

મારા પિતાનો પરિચય આપું તો મારા પિતાનું નામ સ્વ. યોગેશભાઈ અમૃતભાઈ ઘડાવાલા છે. મારા પરિવારમાં મમ્મી અંજુબેન અને મારો નાનો ભાઈ ચિરાગ.જયારે મારા પિતાનું અવસાન થયું ત્યારે મારી ઉંમર માત્ર પંદર વર્ષની હતી. સૌ પ્રથમ હું મારા પપ્પા વિશે કહું તો અમે મુંબઈ ના છીએ.અમે વર્ષ ૨૦૦૨માં મુંબઈથી સુરત ધંધાર્થે ટ્રાન્સફર થયા હતા. અમારો પરિવાર ખૂબ જ હસતો કિલ્લોલ કરતો હતો. ત્યાં અચાનક મારા પપ્પાની તબિયત બગડી અને હોસ્પીટલમાં દાખલ કર્યા ત્યાં તેમના રીપોર્ટ અમારા બધાના હોશ ઉડાવી દીધા કેમકે એ રીપોર્ટમાં પપ્પાની બંને કિડની ફેલ થઇ ગઈ હતી. આ સાંભળી મારા મમ્મી અને મને બહુ જ આઘાત લાગ્યો અને અમે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. જેમ

જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ પપ્પાની તબિયત વધારે ને વધારે બગડતી જતી હતી. ત્યારે આ દુ:ખ સમયમાં અમને પરિવાર તરફથી કોઈ સાથ-સહકાર મળ્યો નહી. આખરે પપ્પા તારીખ ૦૪/૦૯/૨૦૦૮ ગુરુવારના દિવસે અવસાન પામ્યા તે દિવસે તો અમારા પરિવાર ઉપર દુ:ખદ રૂપી આભ તૂટી પડ્યું હતું. અમારી આર્થિક પરિસ્થિતિ પહેલીથી જ ખરાબ થઈ ગઈ હતી. પપ્પાના અવસાન પછી બધી જ જવાબદારી મમ્મીના શિરે આવી ગઈ. ઘણી બધી તકલીફો-વેદનાઓનો સામનો કરવો પડ્યો તેમજ મને અને મારા નાના ભાઈને ભણાવવામાં પણ મમ્મીને ખુબ જ તકલીફો વેઠવી પડી છે. એક વખતની રસોઈ કરીને સવાર-સાંજ જમતા હતા. મમ્મી કે પપ્પાના પરિવાર તરફથી કોઈ પણ પ્રકારની સહાય કે મદદ નહોતી મળી જેથી મમ્મીને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. થોડા સમય પછી મમ્મીને નોકરી મળી અને અમારી થોડી તકલીફો અને પરિસ્થિતિમાં સુધારો થયો.

પિતા વગરનું ઘર એટલે થડ વગરનું ઝાડ. થડ વગરનું ઝાડ કદી ઊભું રહી શકતું નથી.ઝાડના થડને પિતાનું બિરુદ આપવામાં આવ્યું છે કેમ કે ઝાડની ડાળી, પાંદડા, ફળ, ફૂલ..એ તેમના સંતાનો કહેવાય છે.અને એમાં જો ઝાડનું થડ જ તૂટી જાય તો ડાળી, પાંદડા... ની હાલત કેવી થાય તે આપ સૌને વિદિત છે એવી રીતે પિતા ન હોય તો માં અને બાળકોની પરિસ્થિતિ કેવી થાય? તેની અમને ખબર છે. આજે આ પત્ર લખતા લખતા મારા પિતાની યાદોની સ્મૃતિરૂપે આંખોમાંથી આંસુના નીર વહી જાય છે. પપ્પાના અવસાન પછીની મારી જિંદગીની એક જ મહત્વાકાંક્ષા રહી હતી કે મારે કંઈક બનવું છે અને મારી મમ્મીને તકલીફોમાં સહભાગી બનવું છે. મારા પપ્પાના સપનાઓને ચરિતાર્થ કરવા મારા મમ્મીએ ખૂબ જ મહેનત કરી મને ખૂબ સારી રીતે ભણાવી. આજે હું પ્રતિષ્ઠિત કંપનીમાં નોકરી કરું છું. મારા પપ્પાનું સપનું મારા દીકરા દીકરી ભણીગણીને સાચા અર્થમાં ઈન્સાન બને. મારા વહાલા મમ્મીએ ખુબ જ ખરાબ પરિસ્થિતિમાં પૂર્ણ કર્યું અને હજુ આજે પણ મારા નાના ભાઈને ભણાવવા પ્રયત્નશીલ છે. જેમ જેમ સમય પસાર થતો ગયો એમ અમારી આથિક પરિસ્થિતિમાં સુધારો થતો ગયો ત્યાં મારા મમ્મી અને મારા ભાઈને મારા લગ્નની ચિંતા થવા લાગી. જયારે મારી ઉમર ૨૧ વર્ષની થઇ ગઈ ત્યારે મારા લગ્નનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો અને સાહજિક રીતે સફળતા પ્રાપ્ત થઈ. લગ્ન નક્કી થયા પછી મમ્મી અને ભાઈને થયું કે કેવી રીતે લગ્ન કરાવીશું? લગ્નમાં દીકરીને શું આપીશું? આ બધા પ્રશ્નોની ચિંતા કોરી ખાતી હતી. કેમ કે અમારી પાસે સધ્ધર આર્થિક સગવડ નહોતી. ભગવાનને પ્રાર્થના કરતા હતા કે અમારો આ પ્રશ્નોનો ઉકેલ સારી રીતે આવી જાય. ભગવાને અમારી પ્રાર્થના સ્વીકારી હોય એમ અમને એક એવા વ્યક્તિ વિશે જાણવા મળ્યું કે જે પિતા વગરની દીકરી હોય છે તેવી દીકરીઓને તેઓ પોતાની દીકરી માની તેના લગ્ન કરાવી આપે



છે. લગ્નનો બધો જ ખર્ચ કરે છે. આ વ્યક્તિ વિશે અમે ઊંડાણપૂર્વક તપાસ કરી તો જાણવા મળ્યું કે એ મહાન વ્યક્તિ બીજું કોઈ નહી પણ પરમાત્મા મહેશભાઈ સવાણી છે. આ બધી મુશ્કેલીઓ અમારા જીવનમાં મારા પિતા નહોતા તે વખતની છે હવે જયારે મારા પાલકપિતા નું આગમન થયું છે એટલે કે મારી જિંદગી જ બદલાઈ ગઈ. મહેશપપ્પા વિશે જાણીને મને અને મારા મમ્મીને ઘણો આનંદ થયો. ત્યારબાદ અમે ત્યાં મહેશપપ્પાની ઓફિસ ગયા અને ફોર્મ જમા કરાવ્યું અને ત્યાં અમને મીતાલીદીદી અને અંકીતાદીદી મળ્યા હતા જેઓએ અમને જિંદગી કેવી રીતે જીવવી? જેનાથી અમે પ્રોત્શાહિત થયા. એમને કહ્યું કે તમે ચિંતા નહી કરો તમારું ફોર્મ સિલેક્ટ થઇ જશે. છતાં પણ હું ચિંતા કરતી હતી કે ફોર્મ સિલેક્ટ થશે કે નહી? કારણ કે મારા લગ્નનો પ્રસંગ મારા મહેશપપ્પાના આશીર્વાદ થકી જ થશે તો કેવું?અને સાચે જ અમારી ચિંતા અને આતુરતાનો અંત આવ્યો. મહેશપપ્પાની ઓફિસમાંથી ફોન આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું છે.મારા આનંદની અવધિની બધી જ મર્યાદા તૂટી ગઈ.ત્યારબાદ હું પહેલીવાર મહેશપપ્પાને મળવા ગઈ ત્યાં એમને મળીને વાતચીતથી ખૂબ જ આનંદિત અને ભાવવિભોર બની ગઈ.

પહેલા મારા ન હતા એટલે મને જિંદગીમાં થોડો અફસોસ હતો હવે મને અફસોસ નથી કારણ કે પપ્પાના સ્વરૂપમાં મને મારા માયાળુ મહેશપપ્પા મળી ગયા. આ જગતમાં એવા પણ વ્યક્તિ છે કે જે પિતા વગરની દીકરીને પોતાની દીકરી માને છે એવા જ આ મારા માયાળુ મહેશપપ્પા છે તેમને હું કોટિ કોટિ વંદન કરી આશીર્વાદ મેળવવા તલસાટ અનુભવું છું. હું જ્યારની મહેશપપ્પાને મળી ત્યારથી મહેશપપ્પાને મળી ત્યારથી મારી આખી જિંદગી બદલાઈ ગઈ છે ત્યારે મને ખબર પડી કે દુન્યવી પપ્પા પોતાની દીકરીને કેટલો પ્રેમ કરે છે. રોજ એમને મેસેજ કરવા કેમ છો? પપ્પા, જિંદગીના સર્વ સુખની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહી મારા જેવી કેટલીય બહેનો કે જે પિતા વગરની છે તે બધી દીકરીઓને એક સમાન ચાહે છે કોઈની સાથે ભેદભાવ નહી કે આ ગરીબ છે કે અમીર છે ? તેમના માટે બધી જ દીકરીઓ સમાન છે.એક સરખા જ વ્હાલ અને પ્રેમ કરે છે.આજે આ કળિયુગ જગતમાં પોતાના પિતા પણ પોતાની દીકરી માટે મમત્વ નહી ધરાવતા હોય એટલું અમારા મહેશપપ્પા પિતા વગરની દીકરીઓને ચાહે છે. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા આ પપ્પાને ખૂબ જ લાંબુ આયુષ્ય પ્રાપ્ત અને અહર્નિશ ખૂબ જ ખુશ, તંદુરસ્ત હેમ-ખેમ. બસ,વધુ લખવાનું સામર્થ્ય ધરાવતી નથી. નહી તો હું મારા આંસુને હું ખાળી શકીશ નહી મને જન્મ આપનાર માતા-પિતા અને પાલકપિતાને કોઈ પણ પ્રકારનું દુ:ખ આપીશ નહી એ માટે હું વચનબધ્ધ છું.

**Miss you and love you so much papa....**

**લિ. તમારી વહાલી દીકરી, કિરણ.**





# ગજ્જર નિધિ વિજયભાઈ

જન્મતારીખઃ- ૦૬/૦૪/૧૯૯૯
પિતાની પુણ્યતિથિઃ- ૦૨/૦૩/૨૦૧૧

***Dear papa,***
***પિતાના વાત્સલ્યને ઝંખતી એક દીકરી,***
***નિધિના પ્રણામ,***
***Hello papa..How are you?..jay ramapeer,***
***દીકરી અને પિતાના પ્રેમની વાતો...***

મારા પપ્પાની હું વહાલી દીકરી હતી. પપ્પા વિશે જેટલું કહું એટલું ઓછું છે. મારા પપ્પાનું અવસાન ૦૨/૦૩/૨૦૧૧ મહાવદ તેરસને મહાશિવરાત્રીની સાંજે સાત વાગ્યે થયું હતું. પરંતુ ભગવાનને મારો અને મારા પપ્પાનો પ્રેમ મંજુર નહોતો. મારા પપ્પા છ મહિનાથી માંદગીની સહનશીલતા અનુભવી રહ્યા હતા. એમની કિડની ફેલ થવાને કારણે શરીરમાં વધુ માંદગી ફેલાતા તે અવસાન પામ્યા. ત્યારે હું ૧૩ વર્ષની હતી. મારા ભાઈ-બહેન મારાથી પણ નાના હતા. હું જ મારા પપ્પાની મોટી દીકરી હતી. હું મારું અને મારા પરિવારનું ખૂબ જ ધ્યાન રાખતી હતી. મારા પપ્પા ખૂબ જ પ્રેમાળ, દયાળુ અને લાગણીશીલ હતા. મારા પપ્પાનું અવસાન થયું ત્યારે જાણે અમારા પર પહાડ તૂટી પડ્યો હોય આવું લાગ્યું અને મારા પરિવાર માટે પણ આ વાત ખૂબ જ દુઃખની હતી. મારા પપ્પા મને અને મારા પરિવારને ખૂબ જ ખુશ રાખતા હતા. આવી કુસી હું ક્યારેય ભૂલી શકું નહિ અને મારા પપ્પાને પણ ક્યારેય નહિ ભૂલી શકું.

I miss you papa,I love you papa..

મારી સગાઇ થઇ ત્યારે હું ૧૭ વર્ષની હતી. મારી સગાઈમાં પણ મને અને મારા પરિવારને પપ્પાની ખૂબ જ યાદ આવતી હતી. સગાઈના બે વર્ષ પછી ભગવાને મને પપ્પાનો પ્રેમ પાછો આપ્યો. મને મહેશપપ્પા જેવા પ્રેમાળ અને લાગણીશીલ પપ્પા મળ્યા. મહેશપપ્પા મળ્યા પછી મારું બધું જ દુઃખ હળવું થઇ ગયું. મારા પપ્પા જેવા જ મહેશપપ્પાનો મને પ્રેમ મળ્યો. એ મારા માટે ખૂબ જ આનંદ અને ખુશીની વાત છે. મહેશપપ્પા મળ્યા પછી મારા અને મારા પરિવારનું મહેશપપ્પા જેવા પપ્પા મળ્યા પછી કઈ દીકરી પોતાના પપ્પા માની એમની સાથે ખૂબ આનંદ, ઉલ્લાસમાં રહીને પોતાની દુઃખની વાતો કરીને પોતાની ખુશી મેળવીને પોતાનું હૃદય હળવું કરી પોતાનું દુઃખ, સુખમાં ફેરવીને પોતાના પપ્પાને ભૂલીને મહેશપપ્પાને પોતાના પપ્પાની જેમ બધી જ રીતે સુખ અને દુઃખમાં રહીને



પોતાનું જીવન જાણે બદલીને ખુશીથી જીવે અને જીવનમાં આવતા અનેક માર્ગ પર ચાલતા શીખે. હા, મહેશપપ્પા તમે મને એટલી ખુશી આપી છે અને મારા પપ્પાની જેમ જ મને પ્રેમ કર્યો છે જે મેં ક્યારેય વિચાર્યું નહોતું.બસ હવે મારે ભગવાન પાસે કઈ માંગવું નથી. મને રોજ મહેશપપ્પા ગૂડ મોર્નિંગ કહીને જગાડે અને ગૂડ નાઈટ કહીને સુવડાવે. બધી દીદીઓને પણ હું મારી જેમ માનું છું હું મારી બધી દીદીઓ સાથે પણ મારી સુખ દુઃખની વાતો કરું છું. ભગવાને પપ્પા અને દીદીઓ જેવી પ્રેમાળ અને લાગણીશીલ વ્યક્તિ મેળવી આપી એ મારા માટે ખૂબ જ અમુલ્ય ભેટ છે. પપ્પા, હું તમે અને મારા પરિવારે આપેલી શિખામણ, સમજણ અને આજ્ઞાનું પૂરું પાલન કરીશ.

*The world's best papa...*
*love you so much papa.*
*I miss you papa...*
*thank you so much papa...*

**લિ. તમારી વહાલી દિકા,**
**નિધિ.**





# ગોસાઈ અંકિતા શાંતિગીરી

જન્મતારીખ:- ૧૦/૧૧/૧૯૯૨
પિતાની પુણ્યતિથિ:- ૦૮/૦૮/૨૦૧૩

*મારા પ્રિય પપ્પા,*
*તમારી લાડકી દીકા અંકિતાના જય રામાપીર.*

પપ્પા, તમારા વિશે લખું એટલું ઓછું જ છે પપ્પા તમારું સ્થાન મારા જીવનમાં ભગવાન જેટલું જ છે. ભગવાનને કદી જોયા નથી પણ તમને જોયા ત્યારે એવું લાગે કે ભગવાન એવા જ હશે જ્યારથી તમે મળ્યા છો ત્યારથી મારા બધા દુઃખ દુર થઇ ગયા છે. તમે ખુબ જ પ્રમાણ છો અમે ૩ બહેન છીએ. ત્રણ બહેન ભણવા જતા ત્યારે અવમા મારા પપ્પાનું એક્સિડન્ટ થયો હતો એટલે એટલે અમે ૩ બહેને ભણવાનું છોડી દીધું હતું મારા પપ્પાને યાદ શક્તિ જતી રહી હતી. એમને કઈ યાદ નહોતું રહેતું હતું પછી મારા પપ્પાએ કં છોડી દીધું હતું મારા પપ્પાનો હોસ્પિટલનો ખર્ચ એકદમ વધી ગયો. ૧ વર્ષમાં ૩ વાર દાખલ કર્યા હતા. મારી ૨ બહેન હીરામાં જતી હતી અને હું જરીમાં જાવ છું અમે ૩ બહેન કામ કરવા જતી હતી પછી મારી મમ્મી પર બધી જવાબદારી આવી ગઈ હતી અને મારી મમ્મી એમ થયું કે હું લગ્ન કેમ કરાવીશ? અમારી ઘરમાં એક રૂપિયો પણ નહોતો પછી મારી બહેને એમ કીધું કે મમ્મી મારા લગ્ન તું સમૂહલગ્નમાં કરી દે તો પણ ચાલશે પછી મારી મારી ૨ બહેનના લગ્ન અમે સમૂહલગ્નમાં કર્યા હતા. પછી થોડા દિવસ વાયા ગયા હતા એમાં ૫ વર્ષ પછી મારા પપ્પાને એટેક આવ્યો હતો ત્યારે અમારા ઘરમાં ૫૦૦ રૂપિયા પણ નહોતા મારા પપ્પાને અમે સિવિલ હોસ્પિટલમાં દાખલ કાર્ય હતા પછી ત્યાં પાંચ દિવસ રહ્યા હતા પછી અમે અમારા કાકાને ફોન કર્યો હતો કે મારા પપ્પા એકસપાયર થયા છે. એણે અમને એમ કીધું કે તમે મારા ભાઈની સમાધિ ત્યાં દઈ દયો. અમે એમ કીધું કે નય મારા પપ્પાની ઈરછા છે કે અમે એની સમાધી જાળીયામાં દઈ અમે એની ઈરછા પૂરી કરવા માગીએ છીએ પછી હું જરીમાં જાઊ છું ત્યાંથી મેં દસ હજાર માગ્યા હતા. મારો ભાઈ તેના હીરાના ખાતામાંથી એ ૨૦ હજાર લાવ્યો હતો. મારી મમ્મી પણ સદીમાં કામ કરતા હતા ત્યાંથી પાંચ હજાર લાવ્યા હતા પછી મારા પપ્પાની અમે છેલ્લી ઈરછા પૂરી કરી હારી પછી પાંચ વર્ષ જતા રહ્યા. પછી મારી સગાઈની વાત ચાલી પછી મારી સગાઇ થઇ મને મારું સાસરું ઘણું જ સારુ મળ્યું. મારા



સાસુ મારી મા જેવા મળ્યા છે. મારા સસરા મારા પિતા જેવા મળ્યા છે. પછી મારા લગ્નની વાત આવી મારી મમ્મી પૂરી ચિંતામાં હતી કે હું લગ્ન કેમ કરશું એના એવો જવાબ આપ્યો કે તમને સારું લાગે તે કરો પછી મારી મમ્મી એમ થયું કે હું શું કરીશ મારી મમ્મીને જવાબદારી હું નહોતી જોઈ શકતી, પછી મેં એમ કીધું કે તમે મારી બહેનના લગ્ન સમૂહલગ્નમાં કર્યા છે ને ત્યાં મારા લગ્ન પણ તમે સમૂહલગ્નમાં કરી દયો. પછી મને મારી ફ્રેન્ડ મળી એણે એમ કીધું કે તારે પી. પી. સવાણીમાં લગ્ન કરવા છે. એમાં ઘણા જ સારા લગ્ન કરે છે મેં એને એમ કીધું કે હું મારી મમ્મીને પૂછ્યું કે આપણે પી. પી. સવાણીમાં લગ્ન કરવા છે. એમાં બોવ જ સારા લગ્ન કરે છે મેં એને એમ કીધું કે એમ કીધું કે હું મારી મમ્મીને પૂછીને કહું કે આપડે પી. પી. સવાણીમાં જોડાવું છે. મારી મમ્મી એમ કીધું હા આપડે પી.પી. સવાણી જોડાવું છે. મારી મમ્મીએ કીધું કે હા આપડે કરવા છે પછી મારી ફ્રેન્ડના મમ્મીને અમે મળ્યા એણે અમને એમ કીધું કીધું ઘણા જ સારા લગ્ન કરે છે તમે એમાં જોડાવ મારી મમ્મીએ એમ કીધું કે એમાં શું વસ્તુ જોઈએ એને કીધું કે બધા જ પ્રૂફ જોઈએ અમે બધા પ્રુફ આપ્યા મારા મમ્મીને એમ થયું કે અમારું ફોર્મ પાસ થઇ જાય તો સારું. મારી મમ્મીને ઈ ચિંતા હતી ત્યાં થોડા દિવસમાં ફોન આવ્યો કે તમારું ફોર્મ પાસ થઇ ગયું છે. મારી મમ્મીની ચિંતા દૂર થઇ ગઈ હતી હંમેશા સગા-સંબંધી કોયે અમને સાથ નથી આપ્યો બધું જ સારી બધું મારી મમ્મી એ જ કર્યું છે મારા કાકાએ પણ અમને સાથ નથી આપ્યો બધું જ મારી મમ્મીએ કર્યું છે મારા કાકાએ પણ અમને સાથ નહોતો આપ્યો મારા મામાએ પણ નહોતો આપ્યો એક રૂપિયાનો પણ.

I LOVE YOU PAPA

I MISS YOU PAPA.

**લિ. તમારી વહાલી દીકા,**
**અંકિતા ગોસાઈ.**



## વઘાસીયા આરતી બાબુભાઈ

જન્મતારીખ:- ૦૪/૦૧/૧૯૯૩



***હું આરતી બાબુભાઈ વઘાસીયા મહેશપપ્પાને હૃદયથી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માંગું છું. અને હૃદયથી મહેશપપ્પા ને આભાર વ્યક્ત કરું છું.***

Dear papa,

અમે ઘરમાં ત્રણ ભાઈ-બહેન અને મમ્મી રહીએ છીએ.અમે બંને બહેનો મશીન ચલાવીને અમારું ઘર ચલાવીએ છીએ અને મારો ભાઈ કોલેજ કરે છે.હું જયારે ૧૨ વર્ષની હતી ત્યારે મારા પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા હતા.

***"રંગ છે મહેંદીનો ઉમંગ છે ઉરનો,***
***સુર છે શરણાયનો,***
***બોલ છે ઢોલનો, પણ પ્રેમ છે પપ્પાનો"***

મહેશપપ્પા, અમારી જિંદગીમાં તમારું સ્થાન ભગવાનથી પણ ઊંચું છે. અમે ભગવાન નો ઉપકાર માનીએ છીએ કે ભગવાને અમને તમારા જેવા દેવતા સમાન પપ્પા આપ્યા. તમે અમને તમારી જીંદગીમાં જે સ્થાન આપ્યું છે તે અમારા કોઈ સારાં કર્મો નું જ ફળ છે. અમારા આવા ભાગ્ય ક્યાંથી હોય કે આટલા સારા અને એટલો પ્રેમ આપવાવાળા પપ્પા અમને મળ્યા.

તમને જેટલું પણ thank you કહું એટલું ઓછું છે, કારણ કે તે શબ્દ બહુ નાનો છે.

જય રામાપીર પપ્પા.

**લિ. તમારી વહાલી દીકરી,**
**આરતી.**



# વઘાસીયા હિના બાબુભાઈ

જન્મતારીખઃ- ૧૩/૦૨/૧૯૯૫



Dear Maheshpapa

તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વહાલને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો જ નાનો છે. ખરેખર તો પપ્પાએ જ શબ્દ બહું મોટો શબ્દ છે. કારણકે એક દીકરી માટે તેના પિતા જ તેની દુનિયા હોય છે. દીકરી ગમે તેટલી મોટી થઇ જય તો પણ પપ્પા માટે તે નાની જ હોય છે.

મારા પપ્પા મને ખુબ જ પ્રેમ કરતા હતા તેઓ મારી દરેક ઇરછા પૂર્ણ કરતા હતા. હું મારા પપ્પાની વહાલી અને લાડકી દીકરી હતી. મારા પરિવારમાં અત્યારે મારા મમ્મી, મોટી દીદી અને નાનો ભાઈ છે. પપ્પાના ગયા પછી જીવન અંધકારમય બની ગયું અને ઘર સુખમાંથી દુઃખમાં સરી પડ્યું તે સમયે મારો ભાઈ પાંચ વર્ષનો હતો અને અમે બંને બહેનો પણ નાની નાની હતી મારી મમ્મીએ કઠણ થઈને આગળનું જીવન ગુજારવાનો એકલા નિર્ણય લીધો પછી અમે બંને બહેનો દેશમાં મામાના ઘરે ભણતી અને મમ્મીને ભાઈ સુરતમાં હતા મમ્મી મશીનનું થોડું થોડું કં કરતી અને ઘર ચલાવતી હતી પછી અમે બંને બહેનો પણ સુરત આવી ગયું અને અમે પણ કામ કરવા લાગી પછી સમય જતા અમે લગ્નની ઉમર થઇ અને મમ્મીને ફરી એક ચિંતા થવા લાગી કે હવે બંને બહેનોના લગ્નનો ખર્ચો કેમ પૂરો પડી શું ત્યારે અમારી બાજુમાં રહેલા એક વ્યક્તિએ કહ્યું કે પી. પી. સવાણી ગ્રુપ પપ્પા વગરની દીકરીઓના લગ્ન કરાવે છે પછી તે અમારા માટે ઓફિસ પરથી ફોર્મ લઇ આવ્યા અને ભરીને આપ્યું અને થોડા સમય પછી પપ્પાએ મિટિંગ કરી અને મમ્મી અને મને ઓફીસ બોલાવ્યા. બધું સારી રીતે પ્રેમથી સમજાવીયુ અને કહ્યું કે હવે તમારે કોઈ ચિંતા કરવાની નથી ત્યાર પછી મારી મમ્મીના મોઢા પર હાસ્ય ચિંતા વગરનું દેખાયું અને મનમાં ખુઅબ જ ખુશી અનુભવતી હતી પપ્પાએ મારા માથા પર હાથ મુકીને દિકા તારી મમ્મીની ચિંતા હવે દુર થઇ એવું કેતા જ મારું મન ઉત્સાહથી ઉડવા લાગ્યું અને આંખોમાં પાણી આવી ગયા ત્યારે મને



થયું કે ફરીથી મને મારા પપ્પા મળી ગયા હોય એવું લાગ્યું એક દિવસ હું સવારે મહેશપપ્પાની ઓફિસે ગઈ અને મેં તેમને કહ્યું બધી દીકરીને તમારી દીકરી સમજો છો તેવી રીતે હું પણ તમારી દીકરીને મારી દીકરી કરતાં પણ વધારે વહાલ કરીશ. માથા પર હાથ ફેરવીને કહ્યું કે દિકા આજથી હું તારો પિતા છું અને તું મારી દીકરી પછી થોડો સમય ઘયો અને શ્રાવણ મહિનામાં પપ્પાએ ખરીદી કરાવી અને અમને ખુબ જ ગમ્યું જે બધું અમને આપ્યું તે.

**સમાજમાં જે લોકોને મદદની જરૂર છે તેની મદદ કરવી,**
**જવાબદારી લીધા પછી અંત સુધી નિભાવવી,**
**હંમેશાં સકારાત્મક વિચારવું, સમયને મહત્વ આપવું,**
**નિ:સ્વાર્થ ભાવે મદદ કરવી.**

મહેશપપ્પા તમારા વિશે આટલું બધું જાણ્યું, સમજ્યું અને જોયું તમારા જેવા વ્યક્તિ પહેલીવાર જોયા આટલા બધા દીદીઓના અને હવે મારા જેવા પિતા વગરની દીકરીઓને પપ્પા કહેવાનો મોકો આપ્યો.

અમારા લગ્ન કરાવવા દિવસ રાત તમે એમાં બિઝી જ હોય છે. અમારી દરેક જરુરિયાત વિષે વિચારો છો. ખરીદીથી લઇ વિદાઈ સુધીની જે દરેક ચિંતા સગા પિતા કરે તેનાથી વિશેષ તમે કરો છો. બહુ જ આનંદ થયો અને અમને પણ તમારા જેવા મહેશપપ્પા મળ્યા. તમારા સાથે વાત કરવાનો મોકો મળ્યો. હું મારી જાતને ખુબ જ નસીબદાર માનીશ.

મહેશપપ્પા તમે કહો છો ને લોહીના સંબંધ કરતા લાગણીના સંબંધો વધારે મજબુત હોય છે તો અમે પણ તમારા આ કાર્યમાં તમારા સુખ અને દુઃખના સહભાગી બનશું.

*Thank you so much papa*
*love you papa*

**લિ. તમારી વહાલી દીકા,**
**હિના વઘાસીયા.**



# વઘાસીયા અંકિતા બાબુભાઈ

જન્મતારીખઃ- ૦૫/ ૦૨ /૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૦૨/૦૩/૨૦૧૬



My papa is Best in the World
Love You Papa.

**સૂર્યને જેમ તેના કિરણ વગર નથી**
**ચાલતું તેમ મારે પણ મારા પાપા વગર નથી ચાલતું.**

**જય રામાપીર,**

જય મેલડી મા સાથ જણાવવાનું કે મારે આજે મારા 'પપ્પા' વિષે તમને કઈક જણાવવાનું છે મા વિષે દુનિયામાં ઘણા લેખો અને સુવીચારે હશે પરંતુ એક બાપ વિષે જયારે કઈ કહેવાનું કે લખવાનું આવે ત્યારે દુનિયાના બેસ્ટ ટીચર, બેસ્ટ કવિઓ હોય છે. વિચારવા માટે ત્યાં વિચારવાની જરૂર પડે છે. કેમ કે પપ્પા વિષે તો લેખ કાગળમાં નહિ દિલમાં હોય છે. અને એ પણ એક દીકરી દિલમાં..... એક દીકરી માટે તેના પપ્પા દુનિયામાં બેસ્ટ પાપા હોય છે. દીકરીને પણ ખ્યાલ હોય છે કે "પુરુષ પ્રધાન" આ સમાજમાં આ એક વ્યક્તિ જેમ કે પાપા તેમને દુઃખી નહિ થવા દે....

હું નાનપણથી જ પાપા ને બહુ જ વહાલી હતી. મારા પપ્પાને કેન્સરની બીમારી હતી. ત્યારે મારી ઉમર ૨૧ વર્ષની હતી મારે બે બહેન અને એક ભાઈ છે. ઘરની બધી જ જવાબદારી મારી મમ્મી માથે આવી. ભાઈ અમારી ત્રણ બહેનું કરતા નાનો છે. મારા પપ્પાનું અવસાન ૨/૩/૨૦૧૬ના દિવસે થયું. મારા પપ્પા સારવારમાં 6:00 વાગે મૃત્યુ થયું, મમ્મીએ જગાડ્યા પણ જાગ્યા નહિ. પછી મારા કાકાને ફોન કર્યો અને મારા કાકાએ તરત જ ૧૦૮ બોલાવી. મારા પપ્પાને હોસ્પિટલ લઇ ગયા. મારા પપ્પા અમને છોડીને દૂર ચાલી ગયા. મને એમ હતું મારા પપ્પાને સારું થઇ જશે.

મારા નસીબમાં પપ્પાનો પ્રેમ હશે જ નહિ? હું ૨૩ વર્ષની થઇ મારું જોવાનું શરૂ કર્યું અને મારી સગાઇ કરી, ત્યારે મારા માસાએ લગ્નની વાત કરી એમાં જોડવા અમે મિતુલ સ્કવેરમાં ગયા. ત્યાં પપ્પા પ્રત્યેનો પ્રેમ, લાગણી કેવી હોય તેની

ખબર પડી.

પપ્પા જયારે તમારી સાથે મારી પહેલી મુલાકાત થઇ ત્યારે મને ખુબ જ ખુશી થઇ. બધાના પપ્પાને જોઇને મને ખુબ જ દુઃખ લાગતું. બધાને પપ્પા છે મને નથી. પપ્પા મળ્યા પછી મને પપ્પા કહેવાનો મોકો મળ્યો.

પપ્પા હું તમારા વિશે જેટલુ લખું એટલું ઓછું છે. મારા પત્રને પૂરો કરતા હું એટલું કહીશ કે આઈ લવ યુ પાપા, મારી જિંદગીમાં આવવા માટે ભગવાન તમને ખુબ જ લાંબી ઉમર, હિંમત અને શક્તિ આપે. મારી કઈ ભૂલ થઇ હોય તો મને માફ કરજો.

I love my Papa, Jay Mataji,
Miss you papa, Jay Ramapir

**લિ. તમારી લાડકી દીકા,**
**અંકિતા**



## ગૌસ્વામી વીણા અરવિંદપૂરી

જન્મતારીખઃ- ૨૬/૦૫/૧૯૯૮
પિતાની પુણ્યતિથિઃ- ૨૮/૦૧/૨૦૧૧



પૂજ્ય પિતાજી,

**"પંખી બની ઉડી જાય, પપ્પાની પારેવડી થઈ જાવ,**
**પપ્પા વગરની જિંદગી નકામી, આંસુ આવે તો રડી જાવ."**
**પ્રિય પપ્પા, તમને શું કહું.? તમે મારા માટે ભગવાન સમાન છો.**
**જેમ કે,**
**"માતાને દીકરા પ્રત્યે પ્રેમ હોય, એમ પિતાને દીકરી ઉપર પ્રેમ હોય."**

"મંદિરમાં જઈને રોજ ભગવાનને યાદ કરવા, એ જાણીને આનંદ થાય છે. પપ્પાના દિલમાં રહીને મારું મન મંદિર બની ગયું છે. બધાથી સારા કોણ છે? અને ચાંદથી પ્યારા કોણ છે? મેરે પાપા..મને એટલી ક્યાં નવરાશ છે? કે હું નસીબનું લખેલું જોઉ. બસ, મારા પપ્પાનું સ્મિત જોઈને માની લઉ છું કે હું ખૂબ નસીબદાર છું.

**"વર્ષોથી અધૂરું રહેલો એક સળગતો પ્રશ્ન, માં-બાપનું ઘર,**
**પિયર કહેવાય ને પોતાનું ઘર અને સાસરું કહેવાય છે,**
**દીકરી આખી ઉમર શોધે મારું ખુદનું ઘર કયું કહેવાય???"**

**I love you papa.**
**લિ. તમારી વહાલી દીકા,**
**વીણા.**

## સવાણી કિંજલ ઠાકરશીભાઈ

જન્મતારીખ:- ૧૧/૦૬/૧૯૯૪
પિતાની પુણ્યતિથિ:- ૩૦/૧૨/૨૦૧૫



***કેમ છો પાપા મને આશા છે કે સુકુશળ અને ખુશ હશો.***

હું એક માત્ર લખવા જઈ રહી છું પરંતુ સમજાતું નથી. આંખમાં આંસુ આવે છે. કે જીવનમાં ધાર્યું નોતું એવું થઈ ગયું અમે તો સપનામાંય ન વિચાર્યું કે મારા પપ્પા જોડે આવું થાશે અમને મુકીને જતા રહેશે. આવું વિચારું છું તો મને પણ આ લાઈફમાં જીવવાની કોઈ મજા નથી આવતી. પપ્પા વગર જાતે કોઈ ઘરમાં નથી. એવું લાગે છે ક્યારેક વિચારું છું એવું લાગે છે કે જયારે પપ્પા હતા ત્યારે અમે લોકો પપ્પા પ્રેમ નથી કર્યો હોઈ જેટલો પપ્પા અમને પ્રેમ કર્યો. ક્યારેક પપ્પાને આમ તેમ બોલી પણ દીધું હશે. તો પણ પપ્પા અમને અમથાય નારાજ નથી થયા. અત્યારે હું એકલી હોઉ ત્યારે બહુ પસ્તાવો થાય કે પપ્પા હતા ત્યારે કેવું બોલાય આજ મને મારી જાત પર ગુસ્સો આવે છે.

મારા પપ્પાનું અવસાન તા. ૩૦/૧૨/૨૦૧૬ના રોજ થયું. મેં જોબ કરતી તે હજુ ૧૫ દિવસ થયા નોકરી ચાલુ કરી ત્યારે મારા ઘરે મકાનનું કામ ચાલતું હતું અચાનક પપ્પાને કમરમાં દુખાવો આવ્યો પછી ૨-૩ દિવસ પછી છાતીમાં દુ:ખવા લાગ્યું પછી પપ્પા થી રહેવાયું નહિ એટલે પપ્પા કે મારે આજે દવાખાને જવું છે મને મજા નથી. એટલે દવાખાને લઇ ગયા તો ડોકટરે કીધું તમારા પપ્પાને એડમિટ કરવાની જરૂર છે તો પપ્પા કેવા લાગ્યા કે મને કઈ પ્રોબ્લેમ નથી. પછી પપ્પાને પી.પી. સવાણીમાં લઇ ગયા ચારથી પાંચ દિવસ રાખી ઓપરેશન કરવાનું હતું. મારા મોટા પપ્પા, કાકાનો બહુ વિચાર નો તો અમારે બીજે લઇ જવાતા મારા પરિવારમાં કોઈનો વિચાર નો તો કે પપ્પાને બીજા દવાખાને લઇ જવાય એમ એ લોકો હેરાન કરતા પણ ભગવાને પણ અમારી એક વાત ના માની છેલ્લે ભગવાને મારા પપ્પાને અમારાથી અલગ જ કરી દીધા. ૩૦/૧૨/૨૦૧૬ પપ્પા જતા રહ્યા. હું હજુ વિચારું તો પણ એવું જ લાગે છે કે આવું થઇ ગયું. આજે એક વર્ષ અને આઠમો મહિનો થઇ ગયો પપ્પા


નથી. અમે ત્રણ બહેન, એક ભાઈ

મોટી બહેન લગ્ન થઇ ગયા છે 7 વર્ષ થઇ ગયા. આજે તેને બે ભાણકી છે સરસ. મારી અને મારી નાની બહેનની સગાઇ થઇ ગઈ છે. ભાઈની સગાઇ બાકી છે ભાઈની સગાઈ કોઈ થવા નથી દેતું. મારી ફેમિલીમાંથી બાપુજી કાકા બધા હેરાન કરે છે. કોઈ અમારું ભલું નથી ચાહતું. પણ મહેશપપ્પાને આ પણ લખતા કાંપે છે કે મારા પપ્પાનું સપનું કે એક સારી છોકરી મળે ભાઈ માટે રાત - દિવસ પપ્પાને ભાઈ માટે સારી લાવવાની ઈચ્છા હતી. પણ ભગવાને એ આશા પૂરી ના કરી. પપ્પાને હતું કે ભાઈના લગ્ન થઇ જાય એ ઈચ્છાના પૂરી થાય બસ મહેશ પપ્પાને હાથ જોડું છું મારા ભાઈની સગાઇ કરાવે કે સરસ છોકરી ગોતી આપે અને મારા પપ્પાની વિશ પૂરી કરે એટલે મારા પપ્પા જ્યાં પણ હશે ત્યાં ખુશ થઇ જશે બસ એટલે પ્રાર્થના કરું છું.

***બસ હવે મારાથી પત્ર નઈ લખાય હવે હું મારી પેન અટકાવું છું.***

***Love u Pappa***

**લિ. તમારી વહાલી દીકા**
**કિંજલ**





## સવાણી પ્રિયંકા ઠાકરશીભાઈ

જન્મતારીખ:- ૨૭/૦૭/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ:- ૩૦/૧૨/૨૦૧૫

Dear Lovely Papa

મારા મહેશ પપ્પા મળ્યા પછી એમના તરફથી મારા પપ્પાનો મને પ્રેમ મળ્યો. હું ખુશ નસીબ છું તમે મળ્યા.

હું એક પત્ર લખવા જઈ રહી છું પપ્પા તમે ખુશ હશો. એવી મને આશા છે. પપ્પા હતા ત્યારે હું તેમની લાડલી હતી. મારી બધી ઈચ્છાઓ પૂરી કરતા. પણ અચાનક એવો દિવસ આવ્યો જે ધાર્યું નહોતું તે થયું. અચાનક પપ્પાની તબિયત ખરાબ થઇ ગઈ અને જાણવા મળ્યું કે Heart ની નળીઓ બ્લોક છે. ઓપરેશન કરવું પડશે. અને ન્યુમોનિયા થતા જ અમારા નસીબ દુર્ભાગ્ય બની ગયા. ખબર નહોતી કે પપ્પા વગર જિંદગી કેમ ગુજારશું. પપ્પા વગર જાણે કોઈ ઘરમાં નથી.

અને થોડા સમયમાં જ અમને મહેશપપ્પા મળ્યા અને અમને Feel થયું કે નઈ અમને અમારા પપ્પા જ પાછા મળી ગયા. અને અમારા લગ્નનું સપનું પુરૂ કર્યું. પપ્પા અમને આવી રીતે જ પ્રેમ કરતા રહેજો. Life Time પપ્પાની યાદ ક્યારેય ના આવવા દેતા. પપ્પા અમને પ્રેમ, લાગણી, હુંફ આપે છે અને અમે નશીબદાર છીએ અમને પપ્પા કહેવાનો મોકો મળ્યો. નહિ તો જીભ નાતી ચાલતી બોલતા કે પપ્પા નથી. અમારે પણ હવે કોઈ ટેન્શન નથી. મહેશપપ્પા મળી ગયા છે. તો હું છેલ્લે એટલુ જ કહીશ કે મારી life માં પપ્પા નહીં ભગવાન આવ્યા છે અને એ પણ મારા પપ્પાએ જ મોકલેલા છે. ભગવાન તેમની ખુબ લાંબી ઉમર, હિંમત અને શક્તિ આપે. અને પપ્પાને પ્રગતિના શિખર પર આગળ વધારજો.

પ્રાર્થના કરૂ છું પપ્પા તમે ખુશ જ હશો. Love You Pappa, Miss You

**લિ. તમારી વહાલી દીકા,**
**પ્રિયંકા.**
**જય રામાપીર.**



# જોશી ખુશ્બુ મુકેશભાઈ

જન્મતારીખ:- ૧૪/૧૧/૧૯૮૮
પિતાની પુણ્યતિથિ:- ૧૨/૦૪/૨૦૧૫



**જય રામાપીર,**

હું જોશી ખુશ્બુ મુકેશભાઈ મહેશપપ્પાને હૃદયથી મારી લાગણીઓ વિષે થોડું કહેવા માંગું છું અને હૃદયથી મહેશ પપ્પાનો આભાર વ્યક્ત કરૂં છું.

હું નાની 10 વર્ષની હતી ત્યારથી મારા પપ્પા અમારી સાથે રહેતા ન હતા. મારી મમ્મી અને અમે પોતે પણ બીજાના ઘરના કામ કાજ કરીને 10 ધોરણ સુધી ભણ્યા અને મારી મોટી બહેનના લગ્ન મારા કાકા-મામાએ કરાવ્યા અને મારા પપ્પા તા. ૧૨/૦૪/૨૦૧૫ના રોજ બીમારીમાં તેમનું અવસાન થયું મારા મોટા ભાઈના લગ્ન બાકી છે અને મારી મમ્મીને મારા લગ્નની ચિંતા રહેતી હતી. લગ્ન કેવી રીતે કરીશું એવામાં મારા ભાઈના મેનેજરે લગ્નના ફોર્મ વિષે વાત કરી અને ફોર્મ ભર્યું અને તમને મળ્યા અને મારી મમ્મીની ચિંતા દૂર થઇ ગઈ અને મહેશ પપ્પાએ મને દીકરી તરીકે સ્વીકારી.

મહેશ પપ્પા તમે જે મારા માટે કર્યું છે તે શબ્દોમાં કહી શકાય તેમ નથી તમે મારા જીવનમાં સૂર્યની જેમ આવી અંધકાર દૂર કર્યો છે. ભગવાનને એવી પ્રાર્થના કરૂ છું કે તમે હંમેશાં ખુશ રહો. પપ્પા તમે જેમ મારી તકલીફ પણ દૂર કરજો તમે હંમેશાં ખૂશ રહો અને અમે દીકરીઓ પણ ખૂશ રહીએ એવા આશીર્વાદ આપો તમારી છત્રછાયામાંથી અમને કદી દૂર ન કરતા પપ્પા આજ લાગણી સહ. . .

**I Love MaheshPapa......**

**લિ. તમારી વહાલી દીકરી**
**ખુશ્બુ**



# ગોસ્વામી સગુણા રમેશગીરી

જન્મતારીખઃ- ૦૧/૦૧/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ------

Dear papa,

બધા કહે છે કે પપ્પાને દીકરી અને દીકરીને પપ્પા વધારે વહાલા હોય છે અને દીકરીને આખી દુનિયામાંથી પપ્પા જ વધારે પ્રેમ કરતા હોય છે. આ પ્રેમ જોવા માટે મારી નજર હંમેશાં તરસતી રહે છે. પપ્પાનો પ્રેમ શું છે ? પપ્પા કોને કહેવાય? એ જ મને ખબર નથી હું બહુ જ નાની હતી ૯ મહિનાની ત્યારથી જ મારા પપ્પા અમને મૂકીને ક્યાંય જતા રહ્યા છે. મમ્મીને કહીને ગયા કે હું હમણાં આવું છું પણ આજ સુધી મારા પપ્પા ઘરે જ નથી આવ્યા. મારી મમ્મીએ અમને ત્રણ બહેનો એક ભાણીને ભણાવી, ગણાવીને બહુ મહેનતથી મોટા કર્યા સૌનો ઉપકાર માનું એટલો ઓછો છે. મમ્મીએ મારા પપ્પાની ક્યારેય ખોટ આવવા દીધી નથી પણ પપ્પા વગરનું જીવન સાવ અંધકારમય લાગે છે.

હું હંમેશાં પપ્પાની રાહ જોઉ છું કે મારા પપ્પા આજ આવશે હું ભગવાન પાસે પણ એજ માગું શું કે મારા પપ્પા જલ્દી આવી જાય મારી સગાઇ થઇ તો મને એમ હતું કે હું મારા સસરાને મારા પપ્પાથી વધારે પ્રેમ કરીશ પણ સાયદ ભગવાનને એ પણ મંજુર નહિ હોય થોડા જ સમયમાં મારા સસરાનું પણ અવસાન થયું. ત્યારે હું ભગવાનથી બહુ જ નારાજ થઇ હતી.

મને શું ખબર કે ભગવાને મારા નસીબમાં મહેશ પપ્પાનો પ્રેમ લખ્યો હશે જ્યારથી મહેશ પપ્પા મારી લાઈફમાં આવીયા છે ત્યારથી જ મારી લાઈફ જ બદલાઈ ગઈ છે. મહેશ પપ્પાએ મને દીકા એમ કહ્યું તો મારી ખુશીનો પાર ન રહ્યો હું એટલી બધી ખુશ થઇ ગઈ હતી કે શું કહું મહેશપપ્પા બધી દીકાના ઘરે જાય છે. એ મારા ઘરે આવ્યા તો હું એટલી ખુશ થઈ કે મને ત્યારે એહસાસ થયો કે હું આજ સુધી ભગવાન પાસે માગતી હતી કે મારા પપ્પા જલ્દી આવી જાય તો ભગવાને મારી ઈચ્છા પૂરી કરી, મહેશપપ્પાને મોકલીને. મારા પપ્પાને મોકલીને પપ્પાએ તો ત્યાં સુધી કહ્યું કે આજથી તમારે જે કોઈ પ્રોબ્લેમ હોય એ મને કહેવો પપ્પા રોજ અમારી સાથે વાતો કરે છે. Thank papa લાઈફ

ટાઈમ ધ્યાન રાખવાનું પણ કહ્યું છે. Thank you papa, મને તમારી દીકરી બનાવવા માટે Thank you papa, મારી લાઈફમાં આવવા માટે અને Thank You God મહેશ પપ્પાને મારી લાઈફમાં મોકલવા માટે.

વગર માંગે ઈશ્વરે બધું આપી દીધું નીચે વિશાળ ધરતી ઉપર આકાશ આપી દીધું.

જયારે મેં પૂછ્યું હું જીવીશ કોના આધારે ત્યારે મને મહેશ પપ્પા જેવા પપ્પાનો સાથ આપી દીધો.

**Thank you papa,**
**લિ. તમારી વહાલી દીકરી,**
**સગુણા રમેશગીરીના**
**જય રામાપીર.**



# ડોબરિયા કાજલ રવજીભાઈ

જન્મતારીખ:- ૧૫/૧૦/૧૯૮૭
પિતાની પુણ્યતિથિ:- ૧૭/૦૬/૨૦૧૩

**જય સ્વામીનારાયણ,**
**જય રામાપીર,**

પૂજ્ય પપ્પા, "પપ્પા" ......! પપ્પાની વાત આવે એટલે દિલમાં એક ઉભરો આવી જાય છે અને એ ઉભરો આંસુઓ અને નિસાસાથી ભરેલો હોય છે. પપ્પા મને મૂકીને ગયા એના ચાર વર્ષ થયાં પણ મારું મન હજુય માનવા તૈયાર નથી થતું. જયારે બીજા કોઈ મને આવીને પૂછે તારા પપ્પા નથી? ત્યારે વાસ્તવિકતા મારી સામે આવે છે અને સમજાય છે કે હા મારા પપ્પા હવે હયાત નથી, મારી સાથે નથી. પણ જ્યારથી મહેશ પપ્પા મારા જીવનમાં આવ્યા ત્યારથી હવે મનાય ગયું છે કે પપ્પા હર હંમેશ મારી સાથે છે. હું ખુબ જ ખુશ છું.

દરેક દીકરીની ઈચ્છા એવી હોય છે કે એના પપ્પા એના માટે સારો જીવનસાથી શોધે અને લાડથી એને વળાવે અને એનું કન્યાદાન કરે. કન્યાદાનની વાત આવે એટલે મારું દિલ રડવા માંડે છે. કે મારા પપ્પા નથી. પણ જ્યારથી મારા લગ્ન પી.પી. સવાણી પરિવારમાં થવાના છે અને મારું કન્યાદાન મહેશપપ્પા કરવાના છે એવું સાંભળ્યું છે ત્યારથી હરખનો કોઈ પાર નથી. હવે હું મારી જાતને ખુબ નસીબદાર માનું છું. કારણકે મારા જીવનમાં મને મારા પપ્પા, મહેશપપ્પાના રૂપમાં પાછા મળી ગયા છે અને મુદ્દાની વાત તો એ છે કે આટલા મહાન વ્યક્તિના હાથે મારું કન્યાદાન થશે અને એવો અહેસાસ થશે કે ધરતી પરનો મારો ફેરો સફળ થશે.

હવે મારા સ્વર્ગીય પપ્પા વિષે થોડું કહેવા માગું છું, મારા પપ્પા મારા માટે બધું જ હતા. મારે લગ્ન એવા છોકરા સાથે કરવા હતા જે છોકરો મારા પપ્પા મારા માટે શોધે. But મારા નસીબમાં એ ન હતું. મારા પપ્પાને Bone Cancer હતું. અને એમનો cancerનો રીપોર્ટ મેં મારે હાથે કરેલો. હું એક લેબોરેટરીમાં Cancer Departmentમાં જોબ કરું છું. સૌથી પહેલા મારા ઘરમાં મને ખબર પડી કે મારા પપ્પાને Cancer છે અને એ પણ "Last Stage"માં છે અને હવે એ વધીને ૩થી ૪ મહિના રહેશે. આ સાંભળીને જાણે મારા પગ નીચેથી જમીન ખસી ગઈ. શું કરવું અને શું બોલવું એની કોઈ



સમજ નહોતી. મને એમની તબિયત જ્યારથી વધારેને વધારે બગડવા લાગી ત્યાર પછી મારાથી એમની સામે જોવાતું પણ ના હતું અને પછી બે જ મહિનામાં પપ્પા અમને એકલા મુકીને ચાલ્યા ગયા. આજે અમારું ઘર ઘર જેવું નથી લાગતું એમના ગયા પછી એ ઘર એક મકાન બની ગયું છે. "પપ્પા વગરનું ઘર, ઘર નથી હોતું."

એક દીકરી માટે પપ્પાનું સ્થાન એના જીવનમાં શું હોય એ એક દીકરી જ સમજી શકે અને પપ્પા માટે દીકરીનું સ્થાન શું હોય એ એક બાપ જ સમજી શકે. દીકરીને એની વિદાયના સમયે જાન થતી હોય છે કે એના પપ્પાના દિલમાં એના માટે કેટલો પ્રેમ છે. વિદાયના સમયે સીંચવાની જે વિધિ કરવામાં આવે છે તેમે ગાડીના wheel નીચે શ્રીફળ મૂકવામાં આવે છે અને એ શ્રીફળના ટુકડા થાય છે એટલા ટુકડા એ દીકરીને વળાવતી એક બાપના હ્રદયના થતા હોય છે. અને એ સમયની વેદના એમની વહાલી દીકરી જ સમજી શકે છે.

ખીચામાં મુકેલી પેન કોઈ માંગી લે તો આપણું ખૂન ઉકળી જાય છે. આ દીકરીવાળા પણ શું જીગર રાખે છે "સાહેબ" કાળજાના કટકાને અજાણ્યા હાથમાં સોપી દે છે..... દીકરીઓ રમકડું નથી હોતી સાહેબ પિતા તો ફક્ત પ્રેમથી જ ઢીંગલી કહેતા હોય છે.

**જેમ માતાને દીકરા પ્રત્યે પ્રેમ હોય, એમ પિતાને દીકરી ઉપર પ્રેમ હોય.**

આટલું કહેતા હવે મારી પેનને વિરામ આપું છું અને બસ એટલું જ ઈચ્છુ કે મહેશ પપ્પાને સારું અને સ્વસ્થ આયુષ્ય મળે તમારા હાથે હંમેશાં સત કાર્યો થતા રહે એવી દિલથી શુભેચ્છા છે તમે બધી દીકરીઓ માટે જે કરી રહ્યા છે એના માટે ખુબ ખુબ આભાર અને અમે દીકરીઓ આ ઋણ ક્યારેય પણ અદા નહિ કરી શકીએ....

***I Love Papa.***

***Miss you Forever and Thanks for everything,***

***લિ. તમારી વહાલી દીકરી***

***કાજલ.***



## શાહ હેતલ કાંતિલાલ

જન્મતારીખઃ- ૨૬/૦૮/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૦૪/૨૦૧૨
માતાની પુણ્યતિથિઃ- ૧૫/૧૦/૨૦૧૬



### My Dear Papa

સવિનય જણાવવાનું કે અમારો પરિવાર તમારો આજીવન આભારી રહ્યો છે.

ખરેખર તો ‘પપ્પા’ શબ્દ મોટો છે. કારણ કે એક દીકરી ગમે તેટલી મોટી થઇ જાય પણ તેના પપ્પા માટે હંમેશાં નાની જ હોય છે.

I Love My Daddy. તેમનું Heart Attackથી અવસાન થયું હતું. તેમના અવસાન બાદ મમ્મીને ખુબ જ ચિંતા થયા કરતી હતી કે હવે અમારા ચારેય ભાઈ બહેનના લગ્ન કઈ રીતે થશે. ત્યાર પછી અમારા કાકાની મદદથી મારા ભાઈ અને બહેનના લગ્ન થઈ ગયા. અને બે વર્ષ પછી મારી મમ્મીનું પણ અવસાન થઇ ગયું. હું ખૂબ જ એકલી પડી ગઈ હતી. અને સતત વિચારતી કે હવે મારા લગ્ન કઈ રીતે થશે. ત્યાર પછી અચાનક એક દિવસ મહેશપપ્પાનું નામ સાંભળવામાં આવ્યું અને મને જાણીને એટલી ખુશી થઈ કે તેઓ આ રીતે પપ્પા વિનાની દીકરીઓના લગ્ન કરાવે છે.

મેં પણ બધાને પૂછીને ફોર્મ મેળવ્યું અને લગ્ન માટે તૈયાર થવાનું મને પણ સુખ મળ્યું. હું ખુબજ ખૂશ થઇ કે હવે હું પણ લગ્ન કરી શકીશ. Thank you મહેશપપ્પા.

પપ્પાએ ખુબજ સારી સારી વાતો કરી અને એમની આ દીકરીનું કન્યાદાન કરવાનું કહીને મને ખુબજ ખુશ કરી દીધી.

Thank you so much once again Mahesh Pappa...

હું રામાપીર ભગવાનને એવી પ્રાર્થના કરું છું કે મહેશપપ્પાનું આયુષ્ય ખૂબ જ વધારે થાય જેથી મારી જેમ પિતા વિનાની દીકરીઓને મહેશપપ્પા જેવા પિતા મળે.

**Bless you pappa....**

**લિ. તમારી વહાલી દીકરી**
**હેતલ.**



## ખેતાણી બંસરી કિરીટભાઈ

જન્મતારીખઃ- ૨૮/૧૧/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૧૨/૨૦૦૮



**પૂજ્ય મહેશપપ્પા,**
**સાદર પ્રણામ,**

પપ્પા તમે જે નિઃસ્વાર્થ ભાવે જે ભગીરથ કાર્ય કરી અમારા જેવી હજારો દીકરીઓના આધારસ્તંભ બની મહાયજ્ઞ કરી રહ્યા છો. તે બદલ આપને બીજી વાર નતમસ્તક વંદન કરું છું. પપ્પા તમે સાચે જ ભગવતગીતાના આ શ્લોકને ચરિતાર્થ કર્યો છે.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥**

આમ તમે કોઈપણ કુળની આશા રાખ્યા વગર અમારા જેવી અનેક દીકરીઓના અને મમ્મીઓના જીવનને ચિંતામુક્ત કરી પુનઃ જીવન જીવવાની એક નવી દિશા આપી છે. એક નવું બળ આપ્યું છે.

હું ઈશ્વરને એટલી જ પ્રાર્થના કરું છું કે, “હે ઈશ્વર તુ મહેશપપ્પાને દીર્ઘ આયુષ્ય અને નીરોગી સ્વાસ્થ્ય તેમજ અખૂટ ધન ભંડાર આપજે જેથી જીવનપર્યંત આ કરુણારૂપી પ્રવાહ ચાલુ રહે જેથી મારી જેમ અનેક દીકરીઓને લાભ મળતો રહે. આમ પણ કહેવાયું છે કે,

‘લાખો મરજો પણ લાખોના પાલનહાર ન મરજો’

હું પણ પ્રતિજ્ઞા કરું છું કે હંમેશાં સત્કર્મ કરીશ અને મદદરૂપ બની મારું જીવન ચરિતાર્થ (ધન્ય) બનાવીશ. જેથી મારા જેવી અનેક દીકરીઓ ઉપર આપનું સ્નેહરૂપી ઝરણું નિરંતર વહ્યા કરે.

**આભાર સહ......**
**લિ. તમારી વહાલી દિકા,**
**બંસરી ખેતાણી.**



## ત્રાડા હેમાક્ષી કાનજીભાઈ

જન્મતારીખઃ- ૦૫/૧૧/૧૯૮૫
પિતાની પુણ્યતિથિઃ- ૨૦/૧૧/૨૦૧૧



My Dearest Maheshpapa

"મંજિલ દૂર અને સફર મુશ્કિલ છે,
નાનકડી આ જિંદગીમાં ફિકર ઘણી બધી છે.
આ દુનિયા તો ક્યારની મારી નાખત,
પણ પિતાના પ્રેમની અસર ઘણી બધી છે."

આજે "ફાધર્સ-ડે"ના દિવસે હું આ લેટર લખું છું.

આમ તો કંઈ સુજતુ નથી પણ છતાં લખવા બેઠી છું.... શું લખું પપ્પા વિશે જેટલું લખું તેટલું ઓછું પડશે. પપ્પા વગર જીવનમાં કેટલો બદલાવ આવે છે એ દરેક પપ્પા વગરની દીદીઓને ખબર જ હશે.

મારી lifeમાં પણ ઘણા બધા ઉતાર- ચડાવ આવ્યા. કંઈ કેટલીયે મુસીબતો આવી જયારે પણ કોઈ નાનું- મોટું ટેન્શન આવતું ત્યારે હું દીવાલ પર લગાવેલા પપ્પાના ફોટા તરફ જોતી અને સાચું કહું છું ગજબની શક્તિ મળતી મને.....અને આવી જ પોઝિટિવિટી અમને ત્યારે મળી જયારે હું પેહલી વખત મિતુલ સ્ક્વેરમાં પપ્પાને મળવા ગઈ.

ઓફિસમાં જતા જ મને પોતાના-પણાનો અહેસાસ થયો. વેઈટિંગ રૂમમાં જયારે બધી દીદીઓ અને મમ્મીઓ જોડે બેઠા હતા ત્યારે કૈક કેટલાય વિચાર આવતા હતા. પણ જયારે પપ્પાએ ઓફીસમાં બોલાવ્યા અને બારણું ખોલાતા જ પપ્પા હસ્યા સાથે આવો "દીકા" કીધું એ સંભાળીને ખરેખર એવું ફિલ થયું જાણે કોઈ અચાનક મોટી ખુશી મળી ગઈ.

મારી મમ્મી જે ધીમા ધીમા ડગલે ઓફિસે ગયા હતા જયારે ઓફિસની બહાર આવ્યા તો જાણે એકદમ ટેન્શન મુક્ત. મહેશપપ્પાને જોઇને લાગ્યું કે "My life is safe and happy ever" કારણકે, પપ્પાની સાથે કેટલો મોટો પરિવાર મળ્યો મને.

મમ્મી ને તો જાણે દુનિયાની મોટી શાંતિ મળી હોઈ તેમ આરામ થઇ ગયા. એનામાં તો જાણે એક નવી શક્તિ આવી ગઈ.

અને આ બધું મહેશપપ્પાના લીધે. Thanks to you maheshpappa

જયારે લગ્નની વાત આવી ટોપ મારી જીદ હતી કે મને સવાણી ગ્રુપમાં જ કરવા છે.આ જીદ કરિયાવર માટે નહિ પણ કરિયાવરમાં મહેશપપ્પાનો જ કાયમ સાથે રહેવાનો સપોર્ટ છે. તેના માટે હતી. પપ્પા વગરની મમ્મી ભાઈ અને હું બધી



રીતે એકલા પડી ગયા હતા.કોઈનો સાથ ન હતો.પરંતુ મહેશપપ્પાના આવવાથી જિંદગીમાં ગજબનો આત્મવિશ્વાસ આવી ગયો છે. મહેશપપ્પા વિષે શું લખું કઈ સમજાતું નથી કારણકે જે લખ્યું તે નાનું અને ઓછું જ પડે છે.

ખરેખર મહેશપપ્પા જેવું કં કરવું એ બહુ અઘરું છું એટલો મોટો પરિવાર એને પોતાની જાતે બનાવ્યો અને કેટલાયે પરિવાર ને ખુશીઓ આપી છે. હું દિલથી દુવા કરીશ કે ભગવાન મહેશપપ્પાને લાંબું આયુષ્ય અને તંદુરસ્તી આપે જેથી મારા જેવી કેટલીયે પપ્પા વગરની દીદીઓને પપ્પા મળે.

I love you maheshpapa

**લિ. તમારી લાડકી દીકા**

**હેમાક્ષી ત્રાડા.**





## મકવાણા નિશા પ્રફુલભાઈ

જન્મતારીખ:- ૨૯/૦૬/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ:- ૦૪/૦૭/૨૦૦૯

**મારા વહાલા મહેશપપ્પા**
**જય રામાપીર,**


***“નિકાલ કર જીસમ સે અપની, જાન દે દેતા હૈ....***
***બડા હી મજબુત હે, વો પિતા.....***
***જો કન્યાદાન, દેતા હૈ.....”***

જયારે હું પપ્પાને પહેલીવાર મળી એ દિવસ મારી જિંદગીનો યાદગાર દિવસ હતો. કારણકે મારા પપ્પાના અવસાન પછી ૭ વર્ષ બાદ મેં “પપ્પા” શબ્દ ઉચ્ચાર્યા મહેશપપ્પાને જોઈને મને એમ થયું કે જાણે મને મારા પપ્પા પાછા મળી ગયા. મને જ શું મારા જેવી ઘણી દીકરીઓના એના પપ્પા પાછા મળ્યા હશે. I love you maheshpapa,i love you so much

“उंगली पकड़ कर चलाना सिखाया
हमको अपनी नींद देके चेन से सुलाया
अपने आसू छुपा के हसाया हमको
कोई दू:ख न देना ऐ खुदा उनको
ले लेना जन जो कभी रुलाया उनको”

જેમણે આપણે નાના હતા ત્યારે પોતાની આંગળી પકડીને ચાલતા શીખવ્યું હોય જયારે આપણે આપની કાલીઘેલી ભાષા માં “મા”, “પપ્પા” બોલીએ અને એ ખુશ થતા, આપના નાનપણથી વિચાર્યું હોય કે હું મારી દીકરીને આવું શીખવાડીશ, આવું ભણાવીશ, આવી બનાવીશ, એ બધા સપનાને અધૂરા મૂકીને મારા પપ્પા મને છોડીને ચાલ્યા ગયા.

તા:-૦૪/૦૭/૨૦૦૯ના એ દિવસની બપોરે પર પપ્પાને અમને બધાને રડાવીને ચાલ્યા ગયા. મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા હતા. જયારે એ દવાખાને થી અઠવાડિયે-અઠવાડિયે ઘરે આવતા ત્યારે હું એને પૂછતી પપ્પા તમને હવે સારું છે



ને ત્યારે તેને સારું ન હોય તો પણ તે કહેતા હા તુ તારા ભણવામાં ધ્યાન દે જે. હું ઘરે વેલો આવતો રહીશ. પણ હું રાહ જોઇને જોઇને થાકી ગઈ પણ મારા પપ્પાને મળી ત્યારે એ મારી રાહ પૂરી થઇ મને ફરી મારા પપ્પા પાછા મળ્યા. મને ગર્વ છે કે હું મહેશભાઈ સવાણી દીકરી છું.

મારા મહેશપપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. કહેવાય છે કે “લોહીના સંબંધ કરતા લાગણીના સંબંધ સછા હોય છે. એ મારા મહેશપપ્પા એ સાબિત કરી લીધું. દુનિયાની દરેક દીકરીની ચિંતા માં મા-બાપ, બેન, ભાઈ, બધાને હોય છે. લગ્ન પછી પતિ ને હોય છે. પણ એક દીકરીની ચિંતા પિતાને જિંદગીભર હોય છે.

**એટલે જ કહેવાય છે કે**

**“ એક લડકી કિતની ભી સેવા કરે**
**તો ભી અપને પતિ કી રાની નહિ બનતી,**
**પર હજાર ગલાતીયાં કરને પર ભી વો**
**અપને પાપા કી પરી હી હોતી હે.”**

છેલ્લે એટલું જ કહીશ કે દુનિયાની દરેક પિતા વગરની દીકરીઓને મહેશપપ્પા મળે,અને દરેક દીકરીને એક પિતાની પ્રેમ અને પિતાની છત્રછાયા મળે. ભગવાન ને મારી એટલી પ્રાથના કે હે ભગાવન મારા મહેશપપ્પાને મારી ઉમર, સારું અને સુખદ આયુષ્ય આપજો.

**“દુનિયામે બાપ કે પ્યાર સે અચ્છી કોઈ દોલત નહિ હે”**

**I love you મહેશપપ્પા**
**આપની વહાલી દીકા**
**નિશા**



# દેવાણી પાયલ પરસોત્તમભાઈ

જન્મતારીખઃ- ૨૯/૦૮/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૨૯/૦૮/૨૦૦૬

**જય રામાપીર પપ્પા,**
**i love you papa**

પપ્પા હું તમને કંઈક પૂછવા માગું છું કે તમારી તબિયત કેમ છે ? હું જાણું છું કે તમને ડાયાબિટીસ છે એટલે.

હું મારા પપ્પા માટે કંઈક કહીશ કે જયારે મારા પપ્પા હતા ત્યારે મારું પરિવાર ખૂબ જ ખુશ ખુશાલ હતું. જાણે વનરાવન હોય તેમ લાગતું. વર્ષ ૨૦૦૬માં જયારે સુરતમાં પાણી આવ્યું હતું તે મને યાદ છે એ વર્ષ મારા માટે ખૂબ દુ:ખદ બની જશે એ મને ખ્યાલ નહોતો. એક દિવસ અચાનક મારા પપ્પાને હાર્ટ એટેક અને તેનું અવસાન થયું. એ જ દિવસ કે જયારે મારો જન્મ દિવસ હતો અત્યારે હાલમાં પણ મારો જન્મ દિવસ આવે ત્યારે એ દિવસ પપ્પાની ખૂબ જ યાદ આવે છે. મારા પરિવારમાં અમે ચાર બહેનો, નાનો ભાઈ અને મારા મમ્મી રહ્યા. પપ્પાની છત્રછાયા અમારા પરથી જતી રહી. તો એવું લાગ્યું કે અમારા પર આભ તૂટી પડ્યું.

પપ્પાના અવસાન પછી ઘરની બધી જવાબદારી અમે બે બહેનોએ લીધી. પપ્પા વગરનું ઘર જાણે પાંચ આંગળીઓમાંથી એક અંગૂઠો કાઢી નાખવું તે રીતે જીવવું એ એક દીકરી જ જાણે છે. મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા હતા. એ કુદરતને જાણે મંજૂર જ નહિ હોય એવું મને લાગ્યું હતું.

હવે હું મારા મહેશ પપ્પા વિશે કહીશ કે પપ્પા તમે મારા દુનિયાના બેસ્ટમાં બેસ્ટ પપ્પા છો.

***" My Papa is best in the world.***
***Love you so much papa.***
***Miss you so much papa."***

એક વાર મારી નાની બહેનને જાણવા મળ્યું કે મહેશભાઈ સવાણી (પપ્પા) દીકરીઓ દત્તક લે છે. એ ત્યારથી પપ્પા તમારી શોધમાં હતી. એ છેલ્લા

પાંચ વર્ષથી પપ્પા તમને મળવા માગતી હતી. અને "પપ્પા" "પપ્પા" એમ કહેવા માંગતી હતી. પછી પપ્પા તમારી ઓફિસનું એડ્રેસ લીધું અને તમને મળવા માટે એટલી ખુશ હતી કે શું કહું પપ્પા. મેં જયારે પપ્પા તમને મેં પહેલીવાર જોયા ત્યારે મને એવું લાગ્યું કે મહેશ (શિવ) મળી ગયા છે. અને એ પહેલીવારમાં જે દિલથી નીકળ્યું કે પપ્પા, પપ્પા, પપ્પા, પપ્પા...... કેટલીવાર પપ્પા બોલી હતી એ તો મને પણ ખ્યાલ નથી.

જયારે મારી ફ્રેન્ડ કે બીજું અન્ય કોઈ પણ વ્યક્તિ પપ્પા બોલે ત્યારે મને પણ મારા પપ્પા યાદ આવી જાય છે મારા પપ્પા માંરો શ્વાસ, વિશ્વાસ અને અભિમાન હતા. પણ પપ્પા હવે તો તમે જ મારા પપ્પા છો. હું દિવસમાં તમને કેટલીવાર યાદ કરું છું એ મને નહિ ખબર. મારા પપ્પાને તો હું પગે લાગુ જ છું પણ હવેથી તમે પણ મારા પપ્પા છો હું તમને પણ પગે લાગુ છું.

પપ્પા તમે મને મળ્યા અને માથા પર હાથ મુકીને કહ્યું કે 'દીકા' આજથી તું ટેન્શન ના લેતી આજથી તારી બધી જવાબદારી મારી. ત્યારે મને આનંદના આંસુ આવી ગયા જાણે એવું લાગ્યું કે "એક ગુલાબનું ફૂલ ખીલી ઊઠ્યું મારા જીવનમાં .... આશાનો એક સૂરજ ઉગી ગયો મારા જીવનમાં ......

મારી સગાઈ થઈ પછી તરત જ ફોર્મ લીધું અને તમારા સવાણી પરિવારમાં જોડાયા અને હા પપ્પા હું મિતાલીદીદી અને અંકિતાદીદીને દિલથી thank u કહેવા માગું છું. કે ખરીદી કરવા માટે એમણે બધી જ દીદીઓને મનગમતી ખરીદી કરાવી. એમનો સમય પણ આપ્યો. અને વસ્તુ બધી જ એવી અપાવી કે જાણે કોઈ પણ પોતાનું પણ ન કરી શકે.

પપ્પા હું એક વાક્ય એક પંક્તિમાં કહેવા માગું છું કે તમે જ મારા ભગવાન છો તમે જ મારા શિવ છો અને તમે જ મારા રામાપીર પણ છો, માટે જ,

**ત્વમેવ માતા, ચ પિતા ત્વમેવ,**
**ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ,**
**ત્વમેવ વિદ્યા, દ્રવીણમ ત્વમેવ,**
**ત્વમેવ સર્વમ મમ દેવ દેવમ"**

ખરેખર પપ્પા તમે મારા જીવનમાં આવ્યા છો ને તો અમને કોઈ દુઃખ જ ના રહ્યું. મારી ભગવાનને એક જ પ્રાર્થના છે કે એ તમારું સ્વાસ્થ્ય સારું રાખે અને મારી ઉંમર છે એમાંથી તમને મારી ઉંમર લાગી જાય પપ્પા. કેમ કે મારા જેવી કેટલીય દીકરીઓ તમારી ખોજમાં હશે હે ને પપ્પા. હું ભગવાનને thank you કહું છું.

પપ્પા હું જેટલું પણ લખીશ એટલા મને શબ્દો પણ ઓછા પડશે. એટલું જ કહીશ I love you papa .... પપ્પા પત્ર લખવામાં મને કોઈ ભૂલ થઈ ગઈ હોય તો તમારી પારેવડી દીકરી ગણીને માફ કરી દેજો.



તમારી તબિયત સાચવજો પપ્પા બસ છેલ્લે હવે પપ્પા કઈ જ નહિ બોલું પપ્પા આવજો. હા એક વાક્ય જરૂર કહીશ કે,

**I am so happy Papa.**
**I Love You Papa. I miss you Papa**

**લિ. તમારી લાડકી દીકરી**
**દેવાણી પાયલ**



# સરખેલીયા હીરલ દેવશીભાઈ

જન્મતારીખઃ- ૧૫/૦૪/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૦૫/૨૦૧૬



**Dear Papa,**
**Jay Ramapir,**


ક્યારેક તો હું ભગવાનને કહેતી હતી કે,
તમે કેમ મારા પપ્પાને લઇ લીધા મને પપ્પા જોઈએ છે. ત્યાં ભગવાને મારી વાત સાંભળી લીધી.

મારી જેવી કેટલીય દીકરીઓને પિતાનો પ્રેમ આપનાર દીકરીઓના પ્રસંગ સાચવીને નિ:સ્વાર્થ ભાવે જવાબદારી સ્વીકારનાર સમાજ આવા વીર સપુતને અને તમારા વ્યક્તિત્વને મારા કોટિ કોટિ... પ્રણામ ....

૨૫/૫/૨૦૧૬ એ મારી જિંદગીની કડી ન ભૂલી શકાય એવી તારીખ છે. કારણકે એ દિવસે મારા પપ્પા મને ભાઈને અને મમ્મીને મુકીને જતા રહયા. અમારો હસતો ખેલતો પરિવાર અચાનક એક જ ઝટકામાં દુઃખમાં ફરી ગયો.

પપ્પા મને એ ખુબ જ દુઃખ થતું એ વિચારી કે મારા લગ્નમાં મારા પપ્પાના આશીર્વાદ નહિ હોય પરંતુ ભગવાને મારી ઈચ્છા જાણી અને મહેશ પપ્પા મળ્યા મેં તો વિચાર્યું ન હોતું કે આજના જમાનામાં મહેશ પપ્પા જેવા માણસો છે જે બધી જ દીકરીને ખુબ જ વહાલથી તેની જવાબદારી લઇ આખી જિંદગી ધ્યાન રાખે છે. મારી મુલાકાત મહેશ પપ્પા સાથે પહેલી વાર મીટીંગમાં થઇ ત્યારે મને થતું કે આટલા મોટા માણસની સામે હું કેમ બોલીશ, હું શું કહીશ ? પરંતુ મહેશ પપ્પાને જોઇને મને મારા પપ્પા જ દેખના અને મારી બધી જ બીક ચાલી ગઈ.

આટલી બધી દીદીઓને સાથ અને પ્રેમ મળશે ખાસ કરીને પપ્પા દીકા શબ્દ સાભળીને જે આનંદ અને ખુશી થાય છે. તે વર્ણવી શકાય એમ નથી હવે બધાને ગર્વથી કહીશ કે મારે પણ પપ્પા છે...મહેશપપ્પા.



પિતા વગરનું ઘર એટલે થડ વગરનું ઝાડ. અને થડ વગરનું ઝાડ કદી ઉભું રહેતું નથી ઝાડની અંદર થડને પિતાનું બિરુદ આપવામાં આવ્યું છે કેમ કે

ઝાડની ડાળી, પાંદડા, ફળ, ફૂલ, તેમના સંતાનો કહેવાય છે. હવે જો ઝાડનું થડ જ તૂટી પડે તો પાંદડા, ડાળીની હાલત કેવી થાય. તે તો આપને જાણીએ જ છીએ. ને પિતા ન હોય તેની મને ખબર છે.

પપ્પાએ અમને મેરેજ માટે ખુબ જ સારી રીતે શોપિંગ કરાવી અને બધી દીદીઓએ પણ અમને શોપિંગ કરાવવામાં મદદ કરી. જે રીતે અમે ઘરે પણ શોપિંગ ન કરી શકીએ. એવી શોપિંગ મહેશ પપ્પાએ અમને કરાવી. પપ્પા અમને રોજ ગુડ મોર્નિંગ અને ગુડ નાઈટ ના મેસેજ પણ મોકલે છે. હું મહેશપપ્પાને જ્યારથી મળી છું ત્યારથી ખુબ જ ખુશી અનુભવું છું. પપ્પા વિશે કઈ પણ કહું તે ઓછું કહેવાય. આજના સમયમાં કોઈની પણ પાસે કોઈના માટે સમય નથી. જયારે મહેશપપ્પા પોતાના બધા જ કામમાંથી અમારા માટે સમય કાઢે એ ખૂબ જ મોટી વાત છે.

હું ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા આ પપ્પાને ભગવાન ખૂબ જ લાંબુ આયુષ્ય આપે અને હમેશા ખુબ  જ ખુશ અને હેમ ખેમ રાખે અને ભગવાન પાસે એવું જ માંગીશ કે હર જન્મમાં હું મારા બેય પપ્પાની જ દીકરી બનું, બસ એ જ હું બીજું લખીશ તો મારાથી રડી પડાશે.

**"જબ ચલ બસે થે પાપા મેરે, ટુટકે બિખર ગયા મેરા પરિવાર,**
**જૈસે ભી થે આધાર થે વો હમારે, પર ફિર તો ના રહા કોઈ સાથ,**
**ના કોઈ સંગાથ ઔર ના હી કિસીકા ઇન્તજાર, પર મિલ ગયા જીને કા સહારા,**
**મિલ ગયા એક બિન બાપ કી બેટી કો પાપા કા પ્યાર,**
**ઔર ભગવાનને ભેજા હમારે પાસ એક ફરિશ્તા, મહેશભાઈ સવાણી કે રૂપમેં"**

સમાજમાં બીજા ઘણા સારા કામો મોટા માણસો કરે છે પણ જે કાર્ય મહેશપપ્પા કરે છે એ મને સર્વ શ્રેષ્ઠ લાગે છે કેમ કે મારા જેવી અનેક દીકરીઓને ખરા અર્થમાં દીકરી ગલી ફક્ત લગ્ન સુધી જ નહિ પણ આ જીવન તેમની કાળજી રાખે છે. તેમનું ધ્યાન રાખે છે.

મહેશ પપ્પા મારા જેવી કેટલીય દુભાયેલી દીકરીઓને મદદ કરી ખરા અર્થમાં તેમના પિતા બની તમે અમારા અંતરના આશીર્વાદ મેળવો છો.

મારા જીવનમાં તમારું સ્થાન અમૂલ્ય અને અતુલ્ય રહેશે. મારો આ લગ્ન પ્રસંગ પાર પાડવા ખરેખર હું આભારી છું.

***I Love My  Papa Very Much,***
***Once again thank you very much Papa.***

**From-**
**Sarkheliya Hiral.**



## પરમાર રક્ષા રમણભાઈ

જન્મતારીખઃ- ૧૭/૦૮/૧૯૯૦
પિતાની પુણ્યતિથિઃ- ૨૨/૦૩/૨૦૧૫



**મારા પપ્પાના બીજા સ્વરૂપે તમે મળ્યા છો અને તેમનાં અધૂરાં સપનાં પણ તમે પુરાં કરો છો. હું ખુશ છું.**

**જય રામાપીર,**

હું એક મધ્યમ વર્ગની છોકરી છું. હું પહેલીવાર તમને મિતુલ ઓફિસની મિટિંગમાં મળી હતી. ત્યારે તમારો સ્વભાવ મને ખૂબ જ સારો લાગ્યો હતો. ત્યારે મને મારા પપ્પાની યાદ આવી. મારા પપ્પાનો સ્વભાવ પણ તમારા જેવો જ હતો.

હું જયારે નાની હતી અને સમજણી થઇ ત્યારથી મને યાદ છે કે અમારી ઘરની પરિસ્થિતિ નબળી હોવા છતાં મારા પપ્પા મારી બધી જ ઈચ્છા પૂરી કરતા હતા. અમે સાત બહેન છીએ. એવી પરિસ્થિતિમાં મારા મમ્મી અને અમે સાત બહેનોએ સાથે મળીને કામ કરી મહેનત કરીને અમે મારા પપ્પાને સાથ સહકાર સાથે બે બહેનના લગ્ન પણ ધામધુમથી કરાવ્યા. અને અમારા પપ્પાની ઈરછા હતી કે જેવી રીતે મારી બે બહેનોના લગ્ન કરાવ્યા એવી રીતે મારી બીજી પાંચ છોકરીઓના પણ લગ્ન કરાવું. પરંતુ નસીબના સથવારે બે વર્ષ પહેલા ૨૦૧૫માં મારા પપ્પાને શ્વાસ લેવામાં તકલીફ પહેલેથી જ હતી તેની દવા લેતા હતા. સમય જતા એ દવા દરરોજ પીવાથી ૨૦૧૫ના મેં મહિનામાં ગરમીના કારણે શરીરમાં ઈન્ફેકશન થઈ જવાથી મારા પપ્પા ૧૫ દિવસ બીમાર રહ્યાને અચાનક મારા પપ્પાનું ૨૨/૦૩/૨૦૧૫ના રોજ રાત્રે ૧૧ વાગે અવસાન થઈ ગયું. ત્યારે અમને ખૂબ આઘાત લાગ્યો હતો. મારી બીજી બહેનોની પણ ઉમર વધતી હતી ને મારી સગાઈ થઇ ત્યારે મને મારા પપ્પાની કમી ખૂબ મહેસુસ થઇ હતી. એવામાં મારા માસીની બહેનપણીની છોકરીના લગ્ન પી. પી. સવાણીમાં થયા હતા ને એમણે અમારી આ રીતની સ્થિતિ જોઈ અને મારી માસીને વાત કરી. પછી મારી માસીએ અમને કીધું એ રીતે અમને ભરતભાઈ એ અમને અહિયાનું ફોર્મ લાવી આપ્યું. ત્યારે મને અને મારા પરિવારને જાણ થઇ કે તમે મારા જેવી ઘણી દીકરીને કન્યાદાન આપો છો અને આર્થિક પરિસ્થિતિમાં પણ મદદ કરો છો. આ જાણીને મને ખૂબ



આનંદ થયો કે મને મારા પપ્પાનું અધૂરું સપનું પણ તમે જ પૂરું કરો છો.

*જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં,*
*દુઃખ દેખાડ્યું નહીં સુખને છલકાવ્યું નહીં,*
*હસતો રાખી ચહેરો અચાનક લીધી વિદાય,*
*પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ,*
*એ ખોટ કદી ભુલાય નહીં,*

પ્રભુ મારા પપ્પાના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.

આજે હું ઈશ્વરનો ખૂબ આભાર માનુ છું અને હું મારા નસીબને ખૂબ જ સારું માનુ છું. મને મારા જીવનમાં એક નહિ પણ બે પપ્પાનું સુખ પ્રાપ્ત થયું છે. પપ્પા વિષે તો શું કહું કે શું લખું? જેટલું લખું તેટલું ઓછું જ છે. એક પપ્પા જે દીકરી વિશે કંઈ પણ કરે તે કહેવાનું ન હોય તે બસ સમજવાનું હોય કે બસ આને બાપ દીકરીનો પ્રેમ કહેવાય. જેના વિશે આ કાગળ કે પેનથી લખી શકાય તેમ નથી અને હું મારા દિલથી તમારો ખૂબ આભાર માનું છું અને ઈશ્વરનો પણ ખૂબ આભાર માનું છું કે મારા જીવનમાં મને ભગવાન જેવા મહેશપપ્પા મળ્યા. જેથી મારા પપ્પાનું સપનું અને મારી ઈરછા પૂરી કરે છે.

**જય રામાપીર.**
**લિ. આપની વહાલી**
**દીકા, રક્ષા.**



## સવાણી હીરલ રામજીભાઈ

જન્મતારીખઃ- ૦૭/૦૭/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૧૧/૨૦૧૦



**જય રામાપીર પપ્પા,**

પિતા જે એક વહાલ જેવા હોય છે.તે હંમેશાં પોતાનાં સંતાનોને છાંયડો જ આપે પણ તાઃ ૧૯/૧૧/૨૦૧૦ના દિવસે એ છાંયડો અમારા પરથી છીનવાય ગયો. એ દિવસે મારા પપ્પા મને અને મારી બે બહેનો અને મારા બે ભાઈઓને છોડીને હંમેશાંને માટે દૂર દૂર જતા રહ્યા.અમે સાવ ભાંગી પડ્યા હતા. મારા પપ્પાનો સાથ છૂટ્યા પછી જિંદગીના આ નવા સફરમાં અમારે એકલા ચાલવાનું હતું. અમારા આ સફરમાં મારા મમ્મીએ અડગ રહીને અમને તુટવા ન દીધા. અને અમને એક નવી રાહમાં આગળ વધાર્યા અને જીવનના આ નવા પંથમાં આગળ ચાલતા ચાલતા મને મહેશપપ્પાનો સાથે મળ્યો. જેમને અમારા પરથી પપ્પાની છત જે પડી ગઈ હતી એને પાછીઉભી કરીને અમને એ જ વડલાનો છાંયડો પાછો આપ્યો. હું અને મારા મમ્મી જયારે મહેશપપ્પાની ઓફિસે અમને મળવા ગયા ત્યારે અમને એમ હતું કે આટલા મોટા માણસની સામે આપણે કેમ કરીને બેસીસું. પણ ઓફિસની અંદર જતા જ પપ્પાએ મને આવ દિકા કહીને બોલાવી ત્યારે મારો ડર સાવ દુર થઇ ગયો અને મને એમ જ થયું કે હું મારા પપ્પા પાસે જ આવી છું અને જયારે પપ્પાએ મારા મમ્મીને આશ્વાસન આપતા કહ્યું કે હવે તમારી દીકરીની બધી જ જવાબદારી મારી છે અને તમારુ બધું જ દુઃખ અને તકલીફ અહીં જ મૂકીને નિશ્ચિત ભાવે આતમે ઘરે જાવ. આ સાંભળીને મને અને મારા મમ્મીને જે લાગણીનો અનુભવ થયો એ હું આજે શબ્દો દ્વારા વર્ણવી શકું તેમ નથી એ લાગણી તો બસ આંસુ બનીને અમારા જીવનમાં સમાઈ ગઈ. એ લાગણી હવે હંમેશાં મહેશપપ્પા માટેનું માન-સમ્માન બનીને અમારા જીવનમાં હંમેશાં ઝળકતી રહેશે. મહેશપપ્પા જે મારા અને મારા પરિવાર ઉપર એક છત બનીને આવ્યા છે અને મને પપ્પા ઉપર પૂરો વિશ્વાસ છે કે એ છત હવે અમારા ઉપર હંમેશાં અડીખમ બનીને રહેશે. મારી જિંદગીમાંથી જે નામનો શબ્દ જે છીનવાઈ ગયો હતો એ શબ્દ મને પાછો આપવા બદલ પપ્પા તમારો ખૂબ ખૂબ ધન્યવાદ.



બસ, અંતમાં એટલું જ કહીશ કે મારા મહેશપપ્પા જે હંમેશાં રામાપીર

પાસે એની દીકરીઓની ખુશીઓની પ્રાર્થના કરે છે. એવા મારા મહેશપપ્પાને રામદેવપીર બાપા એમનું સ્વાસ્થ્ય નિરોગી રાખે એવી પ્રાર્થના.

**લિ. તમારી વહાલી દીકરી,**

**હીરલ સવાણી.**

# ખેની પાયલ બાલાભાઈ

જન્મતારીખઃ- ૨૭/૦૬/૧૯૮૫
પિતાની પુણ્યતિથિઃ- ૧૦/૦૬/૨૦૧૦



**Dear papa,**

જય રામાપીર...હું ખેની પાયલ બાલાભાઈ હું મારા મહેશપાપા સાથે મારી લાગણીઓ વહેંચવા માગું છું. અને દિલથી papaનો આભાર પણ વ્યક્ત કરું છું.

દુનિયામાં એવું ઘણી વાર સાંભળ્યું છે કે ભગવાન પાસે ગયેલી વ્યક્તિઓ પૃથ્વી પર આવે છે. પણ તેને ઓળખી શકતા નથી. પણ મારી સાથે જે બનવું તે કંઈક અલગ જ છે. કારણકે મારા પપ્પા આજથી સાત વર્ષ પહેલા હાર્ટએટેક જેવી ગંભીર બીમારીના કારણે ભગવાનના ઘરે ચાલ્યા ગયા હતા ત્યારે મારો પરિવાર ખૂબ જ દુઃખ નહિ પણ મારાથી નાની બીજી ત્રણ બહેનો હતી. આવી ચાર ચાર બહેનોના લગ્નના ખર્ચા સાંભળીને લોકો હેરાન થઈ જતા હોય છે. તો અમારા ભરણ-પોષણ ની વાત જ કાર્ય કરાવી આવી પરિસ્થિતિમાં મેં મહેશપપ્પા વિષે ઘણું બધું સાંભળેલું અને એ વાતના ભરોસા સાથે મેં નક્કી કરી લીધું કે મેં મારા પપ્પા ગુમાવ્યા જ નથી. કારણ કે મારા પપ્પા બીજા નામથી આ દુનિયામા જીવે છે અને હું ઓળખી ગઈ છું ભગવાને તેમને આટલી બધી શક્તિઓ આપી છે કે જેથી મહેશપપ્પા આટલી બધી મારા જેવી નોધારી દીકરીઓના કન્યાદાન જેવા પુણ્યશાળી કર્મના નિમિત બની ગયા છે. મહેશપપ્પાને ઈશ્વર અનંત વર્ષો સુધી નું આયુષ્ય આપે અને અનેક દીકરીઓના પપ્પા તરીકેની ભૂમિકા અદા કરે.

હું ભગવાન ને એક જ પ્રાથના કરું છું કે મારા પપ્પા જેવા પિતા દરેક દીકરીને મળે. દરે ની જિંદગીને બદલે અને અપાર પ્રેમ આપે તેવા મારા આ પિતા બધી નોંધારી દીકરીને મળે તેવી મારી પ્રાર્થના.

I Love you my lovely papa

કદાચ ભગવાન અને મારા મહેશપપ્પા બંને સામે હોય અને કોઈ એકની પસંદગી કરવાનું કહેતો હું મારા મહેશપપ્પાની આંગળી પકડું.



i love you papa

**તમારી લાડકી, પાયલ**



## ગોસ્વામી કોમલ ધીરુભાઈ

જન્મતારીખઃ- ૧૭/૦૧/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ૨૩/૦૮/૨૦૧૩

બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી, પરંતુ ભગવાને મહેશપપ્પાના સ્વરૂપમાં પપ્પાને મોકલ્યા છે.

**જય રામાપીર પપ્પા,** તમારા વિશે હું શું; લખું એ કઈ સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે શરૂઆત ક્યાંથી કરું?

મારા પપ્પાનું અવસાન તા:- ૨૩/૦૮/૨૦૧૩ના રોજ હદયરોગનો ભારે હુમલો આવવાથી થયેલ છે. ત્યારે અમારા ઘરમાં અંધકાર છવાય ગયો હતો. અને ચોતરફ ઉદાસી છવાઈ ગઈ હતી. મારા પરિવારમાં અમે બે બહેનો એક ભાઈ અને મારા મમ્મી રહીએ છીએ. જયારે પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા ત્યારે ઘરની બધી જ જવાબદારી મારા નાના ભાઈ પર આવી ગઈ હતી. તેને પોતે અભ્યાસ છોડીને હિરા ઘસવાનું ચાલુ કર્યું અને મેં સિલાઈકામ ચાલુ કર્યું. અમને બંને ભાઈ-બહેનોને પપ્પાની બહુ જ યાદ આવતી, કારણ કે, હું અને ભાઈ બંને પપ્પાના ખૂબ જ લાડકા હતા.

મહેશપપ્પા અમારા એક સબંધીના કારણે અમારા સંપર્કમાં આવ્યા અને જયારે હું મહેશપપ્પા સાથે વાત કરું છું ત્યારે મને એવું લાગે છે કે મારા ખોવાઈ ગયેલા પપ્પા પાછા મળી ગયા. બધા એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા આવતા નથી,પરંતુ ભગવાને કુદરતના આ નિયમોની વિરુદ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશપપ્પામાં મારા પપ્પાને જ મહેસૂસ કરું છું. પપ્પા તમે મારી જિંદગીમાં આવીને મને બહુ જ ખુશીઓ આપી છે તેથી હું દિલથી તમારી આભારી છું. તમારો આભાર માનવા માટે આભાર શબ્દ પણ નાનો કહેવાય. પપ્પા, હું જયારે તમને યાદ કરું છું કે તમને જોવું છું તો મારી આંખોમાંથી એક દીકરીના પ્રેમનો આંસુ છલકાય છે. જિંદગીમાં ક્યારેય હેવી ડ્રેસ કે સાડી નથી પહેરી તે આજે પપ્પાએ ઈચ્છા પૂરી કરી. કદાચ મારા પપ્પા પણ આટલું ન કરી શકેત જેટલું મહેશપપ્પાએ મારા માટે કર્યું છે.

"તેરી લાડકી મેં છોડુંગી ના તેરા હાથ..."

પપ્પા, બસ આટલું જ કહીશ. હવે શબ્દો નથી પણ દિલથી કહું છું પપ્પા,

I love you papa and I miss you papa.

**જય રામાપીર, પપ્પા. લિ. તમારી લાડકી દીકા, કોમલ.**



## ઇટાલિયા બિના વલ્લભભાઈ

જન્મતારીખઃ- ૧૨/૦૫/૧૯૯૪

પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૧૧/૨૦૧૦



Dear Father,

અમે જેટલીવાર Thank You કહું એટલી વાર ઓછું છે તમે અમને બધી જ ખુશી આપી છે પપ્પા........

હું મૂળ ગામ ઈશ્વરિયા તા. સિહોર, જિ. ભાવનગરની વતની છું અમે હાલ મારા ભાઈ સાથે સુરતમાં રહીએ છીએ. મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ૧૧માં ધોરણમાં અભ્યાસ કરતી હતી. પત્ર લખતા મને આંસુ આવે છે. હું મારા પપ્પાની સૌથી લાડકી દીકરી હું માગું એ પહેલા મારી સામે હાજર હોય. મને યાદ છે એ રાત્રી કે મને ભાવતું ભોજન મારા પપ્પા મારા માટે બનાવતા અને સવાર પડતાની સાથે જ મને આપતા. મારી ખુશીમાં જ ખુશી સમાયેલી હતી But Any Way ભગવાનને પણ મારા પપ્પાની જરૂર હતી. મારા પપ્પાના અવસાન બાદ ઘરની બધી જ જવાબદારી મારા ભાઈ અને મમ્મી પર આવી. મને યાદ છે એ મમ્મીના આંસુ આંખમાંથી સુકાતા ન હતા. પણ ભગવાન એક હાથે લે છે તો બીજા હાથે આપે પણ છે અને મને મળ્યા મારા પપ્પા એટલે કે મહેશ પપ્પા. પહેલીવાર જયારે હું અને મારી મમ્મી મળવા ગયા ત્યારે એમણે ખૂબ જ પ્રેમથી કહ્યું કેમ છે દીકા એ શબ્દ મને હજી યાદ છે. ત્યારે મહેશપપ્પાએ મારી મમ્મીને કહ્યું કે આજ થી તમારી દીકરીએ મારી દીકરી છે અને એની તમામ જવાબદારી મારી છે તમે બેફીકર રહો. ત્યારે હું ઘણું જ Relax Fill કરતી હતી. અને આંખ બંધ કરીને ભગવાનનો આભાર માનતી હતી. મારા જીવનમાં તે પપ્પાની કમી ના રહેવા દીધી.

પપ્પા તમારો જેટલો આભાર માનું તેટલો ઓછો છે Not Only Reason of that કે You have taken my all life Reaponsibility but. મારા જેવી હજારો દીકરીઓના સપના સાકાર કર્યા છે એમની દરેક ખુશીઓની તમે કદર કરી છે એમને જિંદગી જીવવાની એક પ્રેરણા બન્યા છે એને એમના જીવનના દરેક સુખ દુઃખના તમે ભાગીદાર બન્યા છો.

માટે પપ્પા ફરી એક વખત તમારો ખૂબ આભાર I love you papa.

Your Lovely Daughter



**Beena Italiya**



# વોરા દક્ષા જયંતભાઈ

જન્મતારીખઃ- ૨૫/૦૭/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૩૦/૦૯/૨૦૦૮

Dear Papa,
**શું લખવું ?**

કારણ કે, લાગણીની અભિવ્યક્તિ શબ્દોમાં કરતા મને નથી આવડતું.

**પપ્પા જય રામાપીર,**

પપ્પા તમારા વિશે જેટલું લખું એટલુ ઓછું છે તમારા માટે લખવા માટે શબ્દો પણ ઓછા પડે છે. ૨/૧૦/૨૦૦૮ ના રોજ મારા પપ્પા નું અવસાન થયું ત્યારે અમારી જિંદગીમાં અંધારું છવાઈ ગયું. જયારે પહેલી મિટિંગમાં હું મહેશપપ્પાને મળી ત્યારે મને એમ થયું કે ભગવાને મને મારા પાપા પાછા આપી દીધા જયારે પાપાએ મને “દીકો” કહીને બોલાવી ત્યારે મારી આંખમાંથી આંસુ છલકાઈ અને મને લાગ્યું કે નહી મારા પપ્પા ક્યાય ગયા નથી. હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મારી પાસે ત્રણ ત્રણ પપ્પા છે. બધા પાસે બે જ પપ્પા હોય છે પણ મારી પાસે ત્રણ પપ્પા છે. એક મારા પપ્પા, બીજા મહેશપપ્પા અને ત્રીજા મારા સસરા. મહેશપપ્પા એમની દીકાનું એટલું ધ્યાન રાખે છે કે બીજા કોઈ વ્યક્તિના રાખી શકે. પોતાની દીકાની નાની - નાની ઈચ્છા પૂરી કરે છે અને સવાર સાંજ મેસેજ દ્વારા પોતાની દીકાની કાળજી રાખે છે. એટલું જ નહિ કે પપ્પા મેરેજ કરાવીને પોતાની જવાબદારી પૂરી કરી નાખે છે એવું નથી પણ મેરેજ પછી પણ પોતાની દીકાનું એટલું જ ધ્યાન રાખે છે.

એક પિતા તરીકેની બધી જવાબદારી મહેશપપ્પા પૂરી કરે છે મારા જીવનમાં પપ્પાના આવવાથી જાણે દુનિયાના બધા સુખ મને મળી ગયા હોય એવો આનંદ થાય છે.

“Thanks for comming my life Papa” પપ્પાના મળવાથી મને એક બીજો પરિવાર પણ મળ્યો છે. સવાણી પરિવાર “Thank You God”

પપ્પા મારા લોહીના સબંધે થતા મારા પપ્પામાં અને તમારામાં કોઈ જ ફરક રહેવા દીધો નથી.

“Thanks for comming my life Papa”

**લિ. તમારી વહાલી દીકરી**
**દક્ષા વોરા**



## વોરા ભાવિકા જયંતીભાઈ

જન્મતારીખઃ- ૨૮/૦૭/૧૯૯૫
પિતાની પુણ્યતિથીઃ- ૩૦/૦૯/૨૦૦૮



Dear papa

**પિતાના વાત્સલ્યને ઝંખતી**
**એક દીકરી ભાવિકાના પ્રણામ,**

જય રામાપીર દુનિયામાં વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોય તો હું માંનુ છું કે દીકરી અને પિતાનો છે મારા પપ્પા મને ખૂબ પ્રેમ કરતા હતા. મારી દરેક ઈચ્છા પૂર્ણ કરતા હતા. હું મારા પપ્પાની લાડકી હતી. હાથમાં પેન છે કાગળ કોરો છે. તમારા માટે શું લખું એ સમજાતું નથી. મારા જેવી પિતાવિહોણી દીકરીઓને વહાલનો છાંયડો પૂરો પાડનાર, દીકરીઓના પ્રસંગ સાચવીને, નિઃસ્વાર્થ જવાબદારી સ્વીકારનાર, સવાર-સાંજ રોજ મેસેજ દ્વારા વ્હાલ પોચાડનાર સગા પિતાની ગરજ સારનાર, આપણા વ્યક્તિત્વને સત સત પ્રણામ.

જયારે હું મહેશપપ્પાને પહેલી વાર ઓફિસમાં મળી ત્યારે એમને મને દીકા કહીને બોલાવી અને ત્યારે મારી આંખો આંસુ ઓથી છલકાય ગઈ ત્યારે મને પપ્પાએ કહ્યું કે દીકા હવે ચિંતા કરવાની જરૂર નથી ત્યારે અમને લાગ્યું કે ઘરનું છત્ર પિતા હોય છે જે આજે મને પાછું મળ્યું. અમે ત્રણ બહેન અને એક ભાઈ. મારા મમ્મી - પપ્પા એટલો અમારો પરિવાર હતો. આનંદ- મસ્તી, સુખ શાંતિથી ચાલતો હતો. પણ ભગવાનને મંજુર ન હશે. એવામાં અચાનક ૨૦૦૮ માં મારા પપ્પાનું અવસાન થયું. પણ મારા પપ્પાના ગયા પછી મારા મમ્મીએ કદી પપ્પાની ખોટ લાગવા નથી દીધી. સમય જતા મારા ભાઈ બહેનનો સંબંધ સામ-સામે કર્યો અને લગ્ન કર્યા. પછી હું દસ ભણીને ઉઠી ગઈ અને મશીન ચલાવતી. આવી રીતે અમારા પરિવારનું ગુજરાન ચાલતું.

અમારી બંને બહેનોની સગાઇ કરી. આર્થિક પરિસ્થિતિનાં કારણે મારી મમ્મી કહે કે હું બંને બહેનોના લગ્ન કઈ રીતે કરીશ? ત્યારે અમારા કુટુંબના કાકાએ કહ્યું કે પી. પી. સવાણીમાં જોડાય જાવ. તો તમારો બોજ હળવો થઇ જશે. જ્યારથી અમે સવાણી પરિવાર સાથે જોડાયા ત્યારથી અમને એક નવો પરિવાર મળી ગયો અને આજે અમે બંને બહેનોના લગ્ન પી. પી. સવાણી ગ્રુપ પારેવડીમાં થઇ રહ્યા છે. બસ આટલું જ કહેતા હું મારા પત્રને વિરામ આપું છું.



**લિ. આપની વહાલી દીકા, ભાવિકા.**



## કોરાટ ધર્મિષ્ઠા હસમુખભાઈ

જન્મતારીખ:- ૦૫/૦૨/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૦૫/૦૫/૧૯૯૯

**જય રામાપીર પપ્પા,**

મારા પપ્પા વિશે તો હું જેટલું કહું એટલું ઓછું પડે.મારા પપ્પા દયાળુ, પ્રેમાળ અને લાગણીશીલ સ્વભાવના હતા.મારા પરિવારમાં મમ્મી-પપ્પા, ભાઈ-બહેન, અને બા-દાદા રહેતા હતા.વર્ષ ૧૯૯૯માં મારા પપ્પાનું અકસ્માત થતા અવસાન થયું હતું. હું પાંચ વર્ષની મારી બહેન નવ વર્ષની તથા મારો ભાઈ બાર વર્ષનો હતો.પપ્પાના અવસાન પછી ઘરની બધી જવાબદારી મમ્મી પર આવી. ભાઈ ભણવાનું છોડીને કામે લાગી ગયા. મારા પપ્પા સાથે વિતાવેલી થોડી ક્ષણો યાદ છે. હું પપ્પાને બહુ વહાલી હતી. ૧થી ૧૦ ધોરણ મારા ફોઈના ઘરે રહીને ભણી. ફોઈ-ફુવાએ મને દીકરીની જેમ રાખી. મમ્મી અને ભાઈએ એટલો પ્રેમ આપ્યો કે પપ્પાની કમી મહેસૂસ થઇ નહિ. જેમને પપ્પા હોય તે ખરેખર નસીબદાર હોય છે. જેમ મોટી થઇ તેમ મને મારા પપ્પાની વધારે યાદ આવે. મારી ઈચ્છા સમૂહલગ્નમાં લગ્ન કરવાની હતી. મારા સસરીયામાંથી હા પાડી તેથી તેમનો ખૂબ આભાર.

મહેશપપ્પા તમે તો પિતા વગરની કેટલીય દીકરીના પિતા બન્યા છો. નિ:સ્વાર્થ ભાવે તેમને સહાય કરો છો અને દીકરીઓને પિતાનો પેમ આપ્યો. ગમે ત્યારે કોઈ દીકરીને તમારી જરૂર પડે ત્યારે તમે બધું એક બાજુ મૂકી દીકરી પાસે જાવ છો. દીકરીની વેદના ખરેખર એક પિતા જ સમજી શકે છે. Thank you so much papa.

**લિ. તમારી વહાલી દિકા,**
**ધર્મિષ્ઠા**

## રાઠોડ દીપા ગુણવંતભાઈ

જન્મતારીખઃ- ૨૨/૦૫/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૦૯/૨૦૦૯



**જય રામાપીર પપ્પા,**

પપ્પા એટલે એક પ્રેમભર્યો શબ્દ છે. જેમના વિચાર જીવનમાં પ્રેરણા દાયક હોય છે. પપ્પા શબ્દ જીવનમાં ઘણો મહત્વ ધરાવતો શબ્દ છે. આજે તમને મારા ભૂતકાળની વાત જણાવતા મારા આખોમાંથી આસુંની ધારા વહી જાય છે. મારા પપ્પા અમને ખૂબ ખુશ રાખતા હતા અમે પરીવારના પાંચ સભ્યો હતા. મારા પપ્પા અમને ખૂબ લાડ કરતા હતા અમે ૩ ભાઈ-બહેન હતા એમાં હું પપ્પાની લાડકી દીકરી હતી. મારા પપ્પા મારી બધી જરૂરિયાત પૂરી કરતા હતા પણ ભગાવનને આ મંજૂર ન હતું. તેમણે અમારી ખુશી દુ:ખમાં ફેરવી નાખી સમય જતા મારા પપ્પા ને ટી.બી.ની બીમારી થઇ અમે ખૂબ જ દુ:ખમા પડી ગયા હતા મારા મમ્મી કામે લાગી ગયા અને એમના પગારમાંથી પપ્પાની દવા ખર્ચ અને મારા ભાઈ-બહેન અભ્યાસનો ખર્ચ પૂરો પડતા. થોડા સમય પછી પપ્પાની તબિયત વધારે ખરાબ થતા તે અમને છોડીને ભગવાન પાસે જતા રહયા. આ સમય અમારા માટે એટલો ભયાનક હતો. આ દિવસ હું ક્યારેય ભૂલી શકું એમ નથી. અમે ખૂબ રડ્યા અને એકલા પડી ગયા હતા મારી મમ્મી તો રડીને બેભાન પડી ગયા હતા. આવું મેં સપને પણ નોતું વિચાર્યું કે મારી સાથે આવું થશે. મારા પપ્પા નું અવસાન થયું ત્યારે હું સાતમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી પછી હું અભ્યાસ છોડીને નોકરી જતી થઇ. મારા પપ્પા ૪૫ વર્ષની ઉમરે અવસાન પામ્યા હતા. જેમ જેમ સમય પસાર થયું તેમ તેમ ખર્ચ પણ વધી ગયો મારા ભાઈને નોકરીએ લગાડી દીધો અને હું પણ મારા મમ્મી સાથે નોકરીએ લાગી ગઈ. થોડો સમય જતા મારા મમ્મી પણ બીમાર થયા મમ્મીને હુમલાની બીમારી થઈ મમ્મીને દવા ચાલુ રાખી અને તે બીમારીમાંથી બચાવી લીધા.

આમ મમ્મીની દવાનો ખર્ચ ઘરનો ખર્ચ અને નાની બહેનને ભણવાનો ખર્ચ હું અને મારો મોટો ભાઈ નોકરી કરીને પૂરું પડતા હતા. પછી મોટા ભાઈને લગ્ન કરાવ્યા અને થોડા દિવસ પછી મારી સગાઇ થઇ જે દિવસે મારી સગાઇ હતી તે દિવસે મેં મારા પપ્પાને ખુબજ યાદ કર્યા અને હું ખૂબ જ રડી હતી ત્યારે બધાએ અમને

સમજાવી કે બેટા તારા પપ્પાના આશીર્વાદ ત્તારી સાથે છે. મારા મોટા ભાઈના લગ્ન થયા પછી મારા લગ્નની વાત થતા. અમને ચિંતા થવા લાગી કે લગ્ન માટે પૈસા ક્યાંથી લાવીસુ તે સમયે મારા જીજુ એ વાત કરી કે પી.પી. સવાણીમાં જોડાય જાવ ત્યાં પિતાવિહોણી દીકરીઓને લગ્ન કરાવે છે. અમે તેમાં ફોર્મ ભર્યું અને પહેલીવાર જયારે મહેશપપ્પાની ઓફિસે ગયા અને પપ્પાને મળ્યા. પછી અમારી જિંદગીમાં ખૂબ જ ખુશીઓ આવી ગઈ. મહેશપપ્પા મારું કન્યાદાન કરે આનાથી વધારે આનંદ કોણ આપે અને શ્રેષ્ઠ પિતા કોણ બની શકે છે. મારા દિલની એક વાત જે હું તમને કહેવા માંગું છું.

**અંધકારમાં પણ તમને જોવા માંગું છું,**
**સહનશીલતાની આ હદ વટાવવા માંગું છું,**
**લાગણીના આ સુર લહેરાવવા માંગું છું,**
**નસીબને પણ હું હરાવવા માંગું છું,**
**સપનામાં આવી તમને સતાવવા માંગું છું,**
**આજે પણ હિંમત નથી પણ કઈ કહેવા માંગું છું,**

પપ્પની કમી પૂરી કરનાર મહેશપપ્પાને હું દિલથી thank you કહેવા માંગું છું.
તમારી વહાલી અને નટખટ દીકરી દીપા તરફથી thank you મહેશપપ્પા.

**I miss you very very much papa**.

**લિ. તમારી વહાલી દીકરી,**
**દીપા.**



# પટેલ ઉર્વશી ઠાકોરભાઈ

જન્મતારીખ:-૨૮/૦૨/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ:- ૨૭/૦૬/૨૦૧૩



**Dear papa**
**jay ramapir**

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે પપ્પા તમારા વિષે શું લખું કઈ સમજાતું નથી. પપ્પા તમારા વિશે જેટલું લખું એટલું ઓછું છે અને પપ્પા તમે મારા જીવનમાં ભગવાન આવી ગયા.

મારા પપ્પાનું અવસાન ૨૭/૦૬/૨૦૧૩ના રોજ થયું હતું અમારા ઘરમાં અમે પાચ સભ્યો રહેતા હતા. હું ૧૮ વર્ષની હતી અને મારા પપ્પાની તો ખૂબ જ લાડકી હતી. મને કંઈ પણ થાય તો મારા પપ્પા મારે પડખેજ રહેતા. મારા પપ્પાને પેટમાં દુ:ખાવો થયો અને પેરાલિસીસ થઇ ગયું. પેટમાં દુખતું હોવાથી મારો ભાઈ પપ્પાને કડોદ દામોદર હોસ્પિટલમાં લઇ ગયો અને ત્યાંથી પપ્પાને બારડોલી શિવજ્યોતિ હોસ્પિટલમાં શિફ્ટ કર્યા. પરંતુ પપ્પા અમારી વચ્ચે ના રહ્યા અને અમને મુકીને ચાલ્યા ગયા. મારા પપ્પાના અવસાન પછી અમે એકલા પડી ગયા એ સમયે હું સુરતમાં કમલ મેડિકલ સેન્ટરમાં નર્સિંગ કરતી હતી. મારી મમ્મી દુકાન ચલાવીને મારી ફી ભરતા હતા. ત્યારે અમારી સાથે કાકાએ પણ સબંધ તોડી નાખ્યા હતા. મારી બહેનના લગ્ન કરવા માટે મારા મમ્મીએ વ્યાજે પૈસા લઈને લગ્ન કરાવ્યા હતા. મમ્મીને મેં કહ્યું હતું કે હું નર્સિંગનું ભણવાનું છોડીને તમારી મદદ કરું ત્યારે મને મમ્મીએ કહ્યું કે, ના બેટા તું ભણ હું મહેનત કરીને તારી ફી ભરીશ. મારા મમ્મી મજુરી કરીને અને દુકાન ચલાવીને મારી ફી ભરતા હતા. ત્યારબાદ હું મમ્મીને મદદરૂપ થાવ એ સમય આવી ગયો ચાર મહિના થીયરી પૂરું થયા બાદ પ્રેક્ટિકલ માટે નાઈસ ચિલ્ડ્રન હોસ્પિટલમાં મોકલ્યા. ત્યાં મને ૨૫૦૦ સ્ટાઈપેંડ મળતો એમાંથી હું દર મહિનાની ૧૫૦૦ રૂપિયા ફી ભરતી અને બીજા ૫૦૦ રૂપિયા મમ્મીને આપતીને ૫૦૦ રૂપિયામાં હું એક મહિનો ચલાવતી. ત્યારે મારા મમ્મીને ચિંતા ઓછી થવા લાગી કે મારી દીકરી પોતાનું કામ તો કરશે ને.

પછી મહેશપપ્પા મારા જીવનમાં આવ્યા અને એક ઉમ્મીદની કિરણ દેખાઈ અને લાગ્યું કે હવે અમારા અંધકારમય જીવનમાં ઉજાશ લાવી દીધો.

પપ્પા તમારો આભાર હું કઈ રીતે વ્યક્ત કરું એ સમજાતું નથી. પપ્પા અમારા જીવનને સુખમય બનાવવા માટે ખૂબ ખૂબ આભાર. પપ્પા હું તમને વચન આપું છું કે હું પણ મારા જીવનમાં આવું કઈ કામ કરીશ. જયારે હું મહેશપપ્પાને જોઉ ત્યારે મને આવું જ થાય કે મારા પપ્પા ક્યાંય નથી ગયા મારી પાસે જ છે અને મારે હવે કઈ ચિંતા નથી કરવાની.

My best papa..I love you papa.

I miss you papa..

Jay ramapir.

**લિ. તમારી વહાલી દીકરી,**
**પટેલ ઉર્વશી.**



## લખાણી ધર્મિષ્ઠા ગણેશભાઈ

જન્મતારીખઃ- ૦૯/૦૮/૧૯૮૮
પિતાની પુણ્યતિથિઃ- ૩૦/૦૭/૨૦૦૪



**Dear papa,**
**love you so much papa.**

જય રામાપીર પપ્પા, પપ્પા તમે કેમ છો? હું ખુબ જ ખુશ છું પપ્પા આશ રાખું છું કે મહેશપપ્પા તમે પણ ખુબ ખુશ હશો.

જેની સાથ આટલી બધી દીકાની દુઆઓ હોય તે દુખી કેમ હોય ખરુંને પપ્પા.

આજે હું મારા પપ્પા વિશે કંઈક કહેવા જઈ રહી છું હજી મા વિશે કહો તો ઘણું બધું લખી શકાય. પણ પપ્પા વિશે લખવું થોડું મુશ્કેલ છે તે તો એક દીકરી જ લખી શકે. એક દીકરી માટે તેના પિતા તેના ‘ગોલ્ડમેન’ છે. તેના કરતા તેને વધારે પ્રેમ કોઈ ન કરી શકે, મારા પપ્પા વલ્ડના બેસ્ટ પપ્પા હતા મારા પરિવારમાં મમ્મી - પપ્પા અમે ચાર ભાઈ બહેન. બે બહેન અને બે ભાઈ એમ મારા મમ્મી-પપ્પાએ અમારું ખુબ જ સરી રીતે લાલનપાલન કરી મોટા કર્યા. પપ્પા ક્યારેય પણ કોઈ પણ વાતની કમી ન રાખી હતી.

અમે ખુબ જ સુખ શાંતિથી બધા સાથે મળી પ્રેમથી રહેતા હતા. મારા પપ્પાની મહેનત ઘણી હતી તે ક્યારેય ફ્રી નહોતા બેસતા. વેકેશનમાં પણ તે કંઈક ને કંઈક કામ શોધતા હતા ને અમારા માટે ભાઈ બહેનને સરી શાળામાં ભણાવ્યા. ક્યારેય અમને તકલીફ પાડવા દીધી નથી તેમનો એ જ સુવિચાર હતો કે મહેનત બને તેટલી કરવી. પણ ક્યારેય કોઈની પાસે હાથ ન ફેલાવવો. ને કયારેય કોઈની આશાએ બેસી ન રહેવું એટલે જ તેમના એ વિચાર સંતાનોમાં પણ ઉતરી આવ્યા છે. પપ્પા વિશે હું જેટલું લખું તેટલું ઓછું છે. અમે ખુબ જ ખુશ હતા પણ અચાનક અમારી ખુશીઓને નજર લાગી ગઈ પપ્પા અચાનક જ બીમાર પડી ગયા ૧ વિક પછી શનિવારે પપ્પાને દાખલ કરવા પડયાને ત્યાં પપ્પાને એટેક આવી ગયો.

અમને તો કંઈ જ ખબર નહિ કે અચાનક શું થઇ ગયું અમારા જીવનમાં તો અંધારુ થઇ ગયું. જેને હું પ્રેમ કરતી હતી જેને મારા દિલની બધી જ વાત કરતી હતી તે વ્યક્તિ અમારાથી અચાનક દુર થઇ ગયું એ સમય અમારા માટે ખુબ જ કઠીન હતો હજી કયારેક જો એ વીતેલી ક્ષણો યાદ આવી જય તો આંખમાંથી આંસુ



રોકવા મુશ્કેલ પડે ત્યારે મને ખબર પડી કે

**"પિતા તો ઘટાદાર વૃક્ષ છે અને એમની શીતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે."**

મારા પપ્પાના અવસાન પછી તો અમારી જિંદગી સાવ બદલાઈ ગઈ. અમારા જીવનમાંથી ખુશી શબ્દ ચાલ્યો ગયો. જીવન એક કડવા ઝેર જેવું લાગતું હતું અમને મમ્મીની પણ ચિંતા હતી કે ભગવાને એમની અને અમારી સાથે આવુ શા માટે કર્યું પણ પછી ધીરે ધીરે ખબર પડી કે આતો સંસારનો નિયમ છે કે "જે જન્મ લે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે." પછી ધીરે ધીરે સમય પસાર થવા લાગ્યો. ને મોટા ભાઈએ પણ બધી જ ઘરની જવાબદારી સંભાળી લીધી અત્યારે અમે જે છીએ, તેમાં મારા ભાઈનું ઘણું યોગદાન છે. તેનાથી જ અમારું ઘર અત્યારે ઉભું છે. અને હવે મારા પપ્પાના અવસાનને ૧૪ વર્ષ પૂરાં થયાં છે પણ એક દિવસ પણ એવો નથી ગયો કે અમે પપ્પાને યાદ ન કર્યા હોય કોઈ પાસેથી પપ્પા શબ્દ સાંભળીએ એટલે તરત જ પપ્પા યાદ આવી જાય ૧૪ વર્ષથી હું પપ્પા શબ્દ બોલવા માટે તડપતી હતી.

મને પણ મન થતું હતું કે હું પણ કોઈને પપ્પા કહી શકું પપ્પાને જોઈ શકું, વાતો કરી શકુ ભગવાનને રોજ પ્રાર્થના કરતી કે મારા પપ્પા હોત તો કેવું સારું હોત હું તેમને મારા મનની બધી જ વાત કર શકું એમણે એકવાર જોઉ.


તે મારું સપનું સાચું પડ્યું જયારે મારી સગાઇ નક્કી થઈને મને મારા પપ્પાના રૂપમાં સસરા મળ્યાને પછી મારા લગ્ન કરવા માટે કોઈએ અમને માહિતી આપી કે મહેશપપ્પા પિતા વિહોણી દીકરીના લગ્ન કરાવે છે ત્યારે અમે તેમાં ફોર્મ ભર્યુંને અમારું સિલેકશન થઇ ગયું.

મારી પ્રાર્થના ભગવાને સ્વીકારી હોય તેમ જયારે મહેશપપ્પાને પહેલીવાર ઓફિસમાં મળી ત્યારે મને મનમાં થયું કે મને મારા પપ્પા પાછા મળી ગયા અને મને પણ એમ લાગતું હતું કે આટલા મોટા વ્યક્તિ સાથે મારે વાત કેમ કરવી હું તો બસ તેમની સામે જોતી જ રહી અને જે પિતાના પ્રેમ માટે હું વલખા મારતી હતી તે પ્રેમ મને મળી ગયો.

મહેશપપ્પાએ મારા માથા પર હાથ મુકીને કહું કે આજથી તું મારી દીકા અને મારા લગ્નની બધી જ જવાબદારી લઇ લીધી ત્યાર બાદ મેરેજની બધી જ ખરીદી બહુ જ સરસ કરાવી. મારા પપ્પાએ મારા લગ્ન માટે જે સપના જોયા હતાં તે મહેશપપ્પાએ પુરા કર્યા મહેશપપ્પા પર ગર્વ કરતા કરતા કહીશ કે

***"સંપતિ તો ઘણા પાસે હોય છે પણ તેને કેવા સત્કાર્યો પાછળ વાપરવી એ તો મારા મહેશપપ્પા જેવા કોઈ સતપુરુષ જ કરી શકે"***

મહેશપપ્પા તમારા વિશે જેટલું લખું તેટલું ઓછું છે આ કાગળને કલમ પણ ઓછા પડે છે. આજે હું ખુબ જ ખુશ છું કે મહેશપપ્પાએ મારો ને મારા પરિવારનો



ઘણો જ બોજ હળવો કરી નાખ્યો અને મને ફરીવાર પપ્પા બોલવાનો મોકો આપ્યો.

*PAPA THANK YOU*

મહેશપપ્પા તમારી દિકા દિલથી તમારા ચરણોમાં વંદન કરે છે એ સ્વીકાર કરજો કરજો અને મારાથી આ પત્ર લખવામાં કંઈ ભૂલ ચૂક થઇ હોય તો તમારી દીકાને માફ કરજો.

જય રામાપીર પપ્પા હું તમારા લાંબા આયુષ્ય માટે અને તમારા સારા આરોગ્ય માટે ભગવાનને હંમેશા પ્રાર્થના કરીશ ને પપ્પા તમને અને તમારા પરિવારને ભગવાન ખૂબ જ સુખી રાખે તેવી મારી પ્રાર્થના છે એ સાથે હું મારા શબ્દને વિરામ આપું છું.

*I love you so much papa*
*I miss you so much papa*
*Really Really Really thank you papa*

**લિ. તમારી વહાલી દીકરી,**
**ધર્મિષ્ઠા લખાણી**
**જય રામાપીર.**





## બલર કોમલ ભુપતભાઈ

જન્મતારીખ:- ૩૧/૦૩/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૦૧/૧૦/૨૦૦૫

**Dear Papa,**

પપ્પા વિષે તો કહીએ એટલું ઓછું છે પપ્પા એટલે કઈ જે બોલવાની જરૂર જ પડે. પપ્પા શબ્દ જ એટલો મહત્વનો પ્યારી અને વહાલ સૌથી નામ છે. પપ્પા તમારા માટે લખવા બેસું તો કાગળ, કલમ અને શબ્દો ઓછા પડે.

મારા પપ્પાનું અવસાન તા. ૧/૧૦/૨૦૦૫ના રોજ થયું હતું ત્યારે અમને ખુબ જ આઘાત લાગ્યો હતો. ત્યારે મેં ભગવાનને કહ્યું કે તમે મારા પપ્પાને મારાથી કેમ છીનવી લીધા. જયારે મારા પપ્પા અમને આ દુનિયા છોડીને ચાલ્યા ગયા ત્યારે મને થયું કે ભગવાન અમારા પપ્પાને જ કેમ લઇ ગયા. પપ્પાના અવસાન બાદ પપ્પા વિના રહેવું મુશ્કેલ હતું.


પપ્પા વિનાનું જીવન અધૂરું અધૂરું લાગે છે. જાણે એવું લાગે છે કે અમારા ઘર ઉપર આભ તૂટી પડ્યું હતું. મારા પપ્પા મારી દરેક ઈચ્છા પૂર્ણ કરતા અને ખુબ લાડ લડાવતા હતા.

પપ્પાના અવસાન સમયે મારી ઉમર -૧૩ વર્ષ હતી. અમે બે ભાઈ અને એક બહેને પરતું મારા મોટા ભાઈએ ઘરની બધી જ જવાબદારી પોતાના માથે લઇ લીધી અને અમને ભાઈ બહેન અને સૌથી વધારે મારા મમ્મીને સાચવી લીધા.

કહેવાય છે કે પપ્પાની પૂર્તિ આ જન્મમાં કોઈ પૂરી ન કરી શકે હું પણ મારા પપ્પાને ખૂબ યાદ કરતી અને સમય સાથે હું પણ સ્વસ્થ થઇ મમ્મી પણ ઘરના કામમાં વ્યસ્ત થઇ ગયા. બહીઓ  કમાવા લાગ્યા. અને અમારું ઘર શાંતિથી ચાલવા લાગ્યું.

મારા મમ્મીને મારા લગ્નની ચિંતા હતી. મારા લગ્ન કરવાનું નક્કી કરી લીધું. મારા લગ્ન નક્કી થયા. તેથી ભાઈ અને મમ્મી ચિંતામાં રહેવા લાગ્યા કે હવે કેવી રીતે લગ્નપ્રસંગને પાર પાડવો?

અને અમારા પરિવાર દ્વારા એવું જાણવા મળ્યું કે, સવાણી પરિવારના મહેશભાઈ સવાણી પિતાની છત્ર છાયા ગુમાવી હોય તે દીકરીના લગ્ન કરાવે છે. દીકરીને



દત્તક લઈને તેની સંપૂર્ણ જવાબદારી તેઓ નિ:સ્વાર્થ ભાવે નિભાવે છે.

ત્યાર બાદ મારા લગ્નની ખરીદી મારી મન પસંદની થઇ મને જે જે દીદીઓએ ખરીદી કરાવી એ લોકોના નામ તો મને નથી આવડતા પણ દિલથી તમને થેન્ક્સ કહેવા માગું છું. મહેશ પપ્પાએ મારા લગ્નની બધી જ જવાબદારી પોતાના માથે લઇ લીધી અને મારા જીવનમાં જે પપ્પાની ખોટ હતી એ પણ પૂરી થઇ. આજે પિતાના અવસાનના આટલાં વર્ષ બાદ મને પપ્પા કહેવાનો મોકો મળ્યો છે. હું એ વાતથી ખુશ છું કે હું પણ મહેશપપ્પાની દીકરી છું. મહેશપપ્પાએ મને પણ પોતાની દીકરી તરીકે સ્વીકારી છે.

મહેશપપ્પા તમે જે મારા માટે કર્યું છે તે શબ્દોમાં કહી શકાય તેમ નથી. ભગવાનને એવી જ પ્રાર્થના કરું છું કે તમે હમેશા ખુશ રહો પપ્પા અને અમે બધી દીકરીઓ પણ ખુશ રહીએ એવા આશીર્વાદ આપો. તમારી છત્ર છાયામાંથી અમને કદી દૂર ન કરતા પપ્પા. આજ લાગણી સહ.

***I Love You Papa, I Miss You Papa***

**લિ. તમારી વહાલી દીકા**
**કોમલ બલર**





## માંગુકિયા નયના કેશુભાઈ

જન્મતારીખ:- ૨૩/૧૧/૧૯૯૦
પિતાની પુણ્યતિથિ:- ૧૭/૦૪/૨૦૧૪
માતાની પુણ્યતિથિ:- ૦૫/૧૧/૨૦૧૬

Dear papa
jay ramapir
**તમારા વિષે જેટલું**
**લખું તેટલું ઓછું છે.**


ખરેખર પપ્પા એજ શબ્દ બહુ મોટી છે. કારણકે એક દીકરી માટે તેના પિતા એ જ તેની દુનિયા હોય છે. દીકરીને પણ તેના પિતા પાસે લાડ લડવાનુ મન થાય. મને મારા પપ્પા ખુબજ વહાલા હતા. મારા પપ્પાનું અવસાન તા-૧૭/૦૪/૨૦૧૪ના રોજ કેન્સરના કારણે થયું હતું. કુદરતના આવા ક્રૂર મજાકના કારણે અમો પરિવાર એક બુઝાયેલા દીપક જેવો થયો અમારા પરિવારનું ગુજરાન માત્ર ખેતી પર નિર્ભર હતું. પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ મારે મારા નાના ભાઈ ને અભ્યાસ છોડી દેવો પડ્યો હતો અને એક વર્ષ પસાર થતા અમારો પરિવાર સુરત આવ્યો અને ત્યાજ અને ત્યાંજ સ્થાયી થયો. અને થોડો સમય પસાર થતા અમારો પરિવાર સુરત આવ્યો અને ત્યાંજ સ્થયી થયો સમય પસાર થતા મારી મમ્મીનું પણ અવસાન તા-૦૫/૧૧/૨૦૧૬ના રોજ કેન્સર કારણે થયું હતું પછી અમે બંને ભાઈ-બહેન એકલા રહેતા હતા અને પછી થોડો સમય જતા મારી સગાઇ નક્કી થઇ.

અમારા પરિવાર દ્વારા એવું જાણવા મળ્યું કે સવાણી પરિવારના મહેશભાઈ સવાણી પિતાની છત્ર છાયા ગુમાવી હોય તે દીકરીના લગ્ન કરાવે છે. દીકરીને દત્તક લઈને તેની સંપૂર્ણ જવાબદારી તેઓ નિ:સ્વાર્થ ભાવે નિભાવે છે.

આ સાંભળીને હું થોડાક ક્ષણ માટે વિચારતી રહી કે મારી કેટલીક આશાઓ અને અરમાનો પિતાની ચિંતામાં સળગીને રાખ થઇ ગયા હતા. ત્યારે મારી જિંદગીમાં ફરીથી સર્જન કરનાર ઈશ્વર સ્વરૂપ પિતા તરીકે તમારો પ્રવેશ થયો.

**"જિંદગીમાં આપણને બીજું કંઈ નહિ મળે તો કઈ નહિ,**
**પણ માતા-પિતા વિનાની જિંદગી આપણી નકામી છે."**

પપ્પા હું બહુ જ ખુશ છું કે તમે અમારે લાઇફમાં આવ્યાં અને પપ્પા હું પી. પી. સવાણી પરિવારને મળી. સાથે મને મિતુલભાઇ અને મોહિતભાઈ



જેવા બે ભાઈ મળ્યા. ખરીદી વખતે ઘણી દીદીઓ મળી જે ખૂબ જ પ્રેમાળ સ્વભાવની હતી તેમણે મને ખૂબ જ સારી ખરીદી કરાવી. અમને જે ગમતું હોય એ ખરીદી કરાવી અને બધી દીદીઓને ખાસ પપ્પાને હું મારા તરફથી થેંક્સ કહેવા માગું છું કે આજે મને આવા સરસ કાર્ય અને પિતાનો પ્રેમ આપનાર મહેશપપ્પા પર ગર્વ થાય છે. કે તમે અનેક દીકરીઓના અંધકારમય જીવનમાં રોશની ભરી કાર્ય કરીને સમાજને એક નવી રાહ દેખાડી છે. હું મારા પરિવાર સાથે પ્રાર્થના કરૂ છું કે તમે જીવનમાં ખુશ રહો અને આવા સરસ કાર્યો સાથે તમારું જીવણ પ્રગતિમય રહે.

**સહારો છે, મહેશપપ્પાનો, પછી દરકાર શું કરવી?**
**સૌ દીદી પોતાની છે, પછી, તકરાર કેમ કરવી?**
**મળી છે, સરસ જિંદગી તો, બસ સુખથી લલકાર કરવી,**
**દુઃખો આવે અને જાય, મહેશપપ્પા છે તો ટેન્શન ક્યાં થાય"**

**Thank you papa.**
**Thank you so much.**

**લિ. તમારી વહાલી દીકા,**
**નયના માંગુકિયા.**





# ઢોલા મીના ધીરુભાઈ

જન્મતારીખ:- ૧૩/૧૧/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:- ૧૨/૧૧/૨૦૦૧
માતાની પુણ્યતિથિ:- ૧૫/૦૯/૨૦૦૪

**Dear papa**
**જય રામાપીર**

મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું બહુ નાની હતી એટલે કે મારી ઉમર ૯ વર્ષની હતી. અમે બે બહેન અને એક ભાઈ છીએ. બંને મારાથી મોટા છે. હું મારા પપ્પાની બહુ લાડકી હતી. મારા પપ્પા બીલખા રહેતા હતા. ત્યાં તે પોતાનું કારખાનું ચલાવતા હતા અને અમે બધા ત્યાં સુખેથી રહેતા હતા. તેમાં ત્યાં અચાનક મારા પપ્પાને તાવ બહુ આવતો થોડાક દિવસેને દિવસે પછી તેને મોટા દવાખાને રીપોર્ટ કરાવ્યો કે તો ખબર પડી કે મારા પપ્પાને HIV નામનો રોગ છે. પછી તે છેલ્લા સ્ટેપમાં હોવાથી લાંબું જીવી શક્યા નહિ અને જાણે થતા તરત મારી મમ્મીનો રીપોર્ટ કરાવ્યો. તો તેને પણ રીપોર્ટમાં HIV આવ્યો. અને મારા મમ્મીએ મહિનો દવાના લીધી ત્યાં તો તેના શરીરમાં રોગ વધુ માત્રામાં પ્રસરી ગયો અને મારા પપ્પાના ગયા પછી તે પણ વધુ જીવન જીવી ન શક્યા. ૧૫/૦૯/૨૦૦૪માં તેનું પણ મૃત્યુ થયું.

મારા પપ્પા જતા રહ્યા પછી અમે મમ્મી બધા મામાના ઘરે જતા રહ્યા હતા અને બહેન મોટી હતી તને દસ ભણાવી ઘરકામમાં લગાડી દીધી અને ભાઈને દસભણાવી મામાએ સુરત હીરાની ઓફિસમાં સેટ કરી દીધો અને મને દસ ભણાવી મામાએ ૧૧, ૧૨ ધોરણ માટે હોસ્ટેલમાં અમરેલી મૂકી અને પછી ભાઈના લગ્ન કર્યા અને મેં કોલેજ સુરતમાં આવી પૂરી કરી. ભાઈએ રૂમ શરૂ કરી અને અમે બધા રહેતા હતા. આમ, મામાને મારા આઈ દાદાના સાથથી અમે અમારું જીવન આગળ વધાર્યું.

ત્યાર પછી ૨૦૧૭માં મારા મેરેજની વાત નક્કી કરવામાં આવી અને મારા મામા મહેશભાઈ સવાણીને ઓળખતા હોવાથી તેને ખબર હતી કે તે પિતા-વિહોણી દીકરીઓના મેરેજ કરાવે છે એટલે તેને ફોર્મ લાવી આપ્યું અને ત્યારબાદ પહેલીવાર અમારી મુલાકાત મહેશપપ્પા સાથે થઈ અને ત્યારે મહેશપપ્પાને મળીને ઘણો આનંદ થયો.

ત્યારબાદ પપ્પાએ લગ્નની ખરીદી પણ અમારી પસંદગીની કરાવી અને રક્ષાબંધનનાં

દિવસે મિતુલફાર્મમાં પાણીપુરીનો પ્રોગ્રામ પણ રાખેલો. હું ત્યાં નહોતી ગયેલી પણ મેં ત્યાના ફોટા જોયેલા તો મને લાગ્યું કે આ કોઈ મહાન વ્યક્તિ જ આવું કરી શકે.

મહેશપપ્પા જયારે પહેલી મિટિંગમાં વાતચીત કરી રહ્યા હતા બધા સાથે તે જોઈ મને ખુબ મજા આવી. પપ્પા તમારા વિષે બહુ વધારે તો નથી જાણતી પરંતુ તમે એક પ્રકારે માનવ સેવાનું ખુબ મોટું કર્મ કરી રહ્યા છો. અનાથ બાળકોને સાચવવા, ભણાવવા માતા કે પિતા વગરની દીકરીઓને પરણાવી. તેમની મદદ કરવી અનેકવિધ, ધાર્મિક તેમજ સામાજિક કર્યો કરો છો તે ખુબ જ ખુશીની વાત છે.

બસ, આટલું જ કહીશ પપ્પા તમારા માટેની લાગણીઓ પ્રગટ કરવા માટે તો પેજ પણ ટૂંકા પડે. અને હા ભગવાનને એટલી જ પ્રાર્થના કરીશ કે પપ્પા તમને લાંબુ આયુષ્ય આપે અને અમારા જેવી દીકરીના પિતા બનીને તેમને પિતાનો પ્રેમ આપો.

પત્ર લખવામાં મારી પાસેના શબ્દોની કંઈ ભૂલ થઇ હોય તો તમારી દીકા સમજીને માફ કરી દેજો. વહાલા પપ્પા. Thank you papa.

**લિ. તમારી**
**વહાલી દીકા**
**મીના.**



# ડાંગોદરા વર્ષા ધીરુભાઈ

જન્મતારીખઃ- ૧૭/૧૦/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૦૧/૨૦૧૨

**મારા પ્રિય પપ્પા,**
**જય રામાપીર,**

કહેવાય છે કે પિતા જેવો કોઈ સાચો સલાહકાર નથી. દુનિયામાં ઘણી બધી હસ્તીઓ હોય છે. પણ દીકરીના દિલની ચિંતાઓ તો ભાગ્યે જ હોય છે અને મહેશપપ્પા જીંદગીમાં પપ્પાની કમી પૂરી કરતા રહેજો. કદાચ હું ના ચાલી શકું તમારી સાથે, તો તમે ડગલે -પગલે સાથ આપતા રહેજો.

મારી લાગણીને વ્યક્ત કરવા માટે મારી પાસે કોઈ શબ્દ જ નથી. કહેવાય છે કે દીકરો જેમ મને લાડકો હોય તેમ દીકરી એના પિતાની લાડકી હોય છે. બાપ અને દીકરીનો પ્રેમ વ્યક્ત ન થાય તેવી લાગણીઓથી ભરેલી હોય છે. પરંતુ અમને પાંચેય ભાઈ-બહેનને પિતાનો પ્રેમ સરખો મળ્યો છે તે જાની કુદરતને મંજૂર ન હતું. હું ૧૬ વર્ષની હતી. ત્યારે મેં મારા પિતાનો પ્રેમ ગુમાવ્યો છે.

મારા મનનો ભાર હળવો કરવા માટે તમને પત્રમાં જણાવી રહી છું મારા મારા પપ્પાને વાળની બીમારી હતી. તેમને વધુ સારવારની જરૂર હતી. તે માટે તેમને રાજકોટ સત્યસાંઈ હોસ્પિટલનાં દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યાં તેમને વાળનું ઓપરેસન કરાવ્યું હતું. ઓપરેસન કરાવ્યા પછી હોશમાં જ ના આવ્યા ૧૧ દિવસ પછી અવસાન થયું ત્યારે હું ૧૮ વર્ષની હતી. મારા પપ્પાના અવસાન પછી મારા ભાઈને કેન્સરનું ઓપરેશન કરાવ્યું હતું. પછી મારા પર વધારે જવાબદારી આવી મમ્મીને પપ્પાની ભીની ચિંતામાં હદયની તકલીફ થઈ.

મહેશપપ્પા મળ્યા પછી મમ્મીની ચિતા પણ દુર થઈ અને અમે પણ ખુબ જ ખુશ છીએ.

હું જયારે મારી આંખોમાં ખુશીના આંસુ જોઉ છું કે તમારા ચહેરો પર મારા માટે અલગ જ સ્નેહ જોઉ છું ત્યારે હું ગર્વ અનુભવું છું. પપ્પાએ અમને મેરેજ ખુબ જ સરી રીતે શોપિંગ કરાવી. અને બધી દીદીઓએ પણ અમને શોપિંગ કરાવવામાં મદદ કરી. જે રીતે અમે ઘરે પણ શોપિંગ ન કરી શકીએ એવી શોપિંગ મહેશપપ્પાએ અમને કરાવી. રોજ ગુડ મોર્નિંગ અને ગુડ

નાઈટના મેસેજ પણ મોકલે છે. પપ્પા વિષે કે કઈ પણ કહું તે ઓછું કહેવાય.

હું રામાપીર ભગવાનને હ્દયપૂર્વક એવી પ્રાર્થના કરું છું કે મારા મહેશપપ્પાનું આયુષ્ય ખુબ જ વધારે જેથી મારી જેમ પિતા વિનાની દીકરીને મહેશપપ્પા જેવા પિતા મળે.

જીવનમાં પરીક્ષા આવી શકે. પરંતુ જો મહેશપપ્પા સાથે હશે તો સમસ્યા તો નહિ જ આવે.... કહેવા માટે મારી પાસે શબ્દો નથી. આપવા માટે વસ્તુ નથી. પણ હા દિલથી એક વાત જરૂર કહીશ કે તમારું ધ્યાન રાખજો.

કેમકે ......મારી પાસે મહેશપપ્પા જેવા બીજા કોઈ પપ્પા નથી...

છેલ્લે બસ આટલું જ કહીશ.......

મેં દિખતી હું મા જૈસી સબ કહેતે હૈ સચ કહેતે હૈ,

લેકિન હું મેં અપને પાપા કી બેટી.....

ઔર આજ મેં હું અપને મહેશપપ્પા કી બેટી

Thanks Maheshpapa
Love you papa
Always with me
Maheshpapa

**લિ. તમારી વહાલી દીકા,**
**વર્ષા.**





# ડાંગોદરા ગીતા ધીરુભાઈ

જન્મતારીખઃ- ૦૬/૧૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૦૫/૦૧/૨૦૧૨

**My dear papa**
**જય રામાપીર,**

પિતા વિનાનું ઘર શું છે એનો અનુભવ કરવો હોઈ તો માત્ર એક દિવસ અંગુઠા વિના ખાલી આંગળીઓના ઉપયોગથી આપના દરેક કામ કરી જુઓ પિતાની કિંમત સમજાય જશે.

ઘણી વાર એવું સાંભળું છે કે જે ભગવાન પાસે જતા રહે તે પાછા નથી આવતા પણ હવે મને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પા મળી ગયા છે.

બસ આજે હું એટલું જ કહેવા માંગુ મારા મહેશપપ્પાને જે મારી વાત મારા પપ્પા સાંભળતા એ આજે હું મારા મહેશપપ્પા કહીશ.

આજથી ૫ વર્ષ પહેલા હું એટલી ખુશી આનંદ વાળી હતી. જે ખુશી પછી નહોતી એ આજે મારા મહેશપપ્પા લાવી રહ્યા છે.

હું જયારે પહેલી વખત પપ્પાને મળવા ગઈ હતી. ત્યારે તેમણે મને કીધું હતું કે હવે દિકા તારે ચિંતા કરવાની જરૂર નથી પહેલેથી પરિસ્થિતિ ખરાબ હતી. પણ કયારેય પપ્પાએ અમને ઓછું નથી આવવા દીધું અમારું કુટુંબ ફેમેલી ૭ સભ્યોનું હતું. ૩ બહેન, ૨ ભાઈ જયારે પપ્પાનું મૃત્યુ થયું ત્યાર પછી કોઈ છોકરી પપ્પાની સાથે હોઈ વાતચીત કરી. લાડ કરતી હોઈ ત્યારે હું જોઈને ઘણી મુંઝાઈ જતી. પણ શું કરું બધા પાસે માન, સન્માન, ઓછું મળે, બધાનું સાંભળવું પડેલું બધું જતું કરવું પડે પણ.....

આજે મને મારા મહેશપપ્પા મળિયા એટલે મારી પાસે બધું છે. હું પપ્પાની વાત જેટલી કરૂ એટલી ઓછી છે જયારે હું બીમાર પડતી ત્યારે પપ્પા સેવા કરતા વહાલ કરતા. ત્યારે બહુ જ સારૂ લાગતું અડધી બીમારી એમ જ સારી થઈ જતી. આજે પણ જતી. આજે કોઈ કારણોસર કાઈ થઈ ત્યારે પપ્પાની યાદ બહુ જ આવે પણ શું કરવું એમ થતું.

મહેશપપ્પા મળ્યા પછી હું ખૂબ જ ખુશ છું.



Thank you maheshpapa.
આ પત્ર લખતા લખતા પણ આંસુ આવે છે
કે મારા પપ્પાથી કોઈ ક્યારેય અલગ ન કરે.........
બસ, પપ્પા હવે તમારા વિશે હું આ શબ્દોમાં વર્ણવું મુશ્કેલ છે
જેટલું લખીશ એટલું ઓછું છે.
આટલું લખીને મારી પેનને વિરામ આપું છું.......
તેરી લાડકી મેં છોડુંગી ના તેરા સાથ.........
I love you so much papa

**લિ.**
**તમારી વહાલી દીકા,**
**ગીતા ડાંગોદરા**





## કાછડિયા કાજલ બાબુભાઈ

જન્મતારીખઃ- ૧૪/૧૦/૧૯૯૦
પિતાની પુણ્યતિથીઃ- ૧૧/૦૮/૨૦૧૬

**dear papa**
**જય રામાપીર,**

તમારા જેવા પપ્પા મળવા એ તો નસીબની વાત છે અને મને ગર્વ છે કે મને તમારી દીકરી બનવાનું સૌભાગ્ય મળ્યું કે જે ફક્ત મારા જ નહિ પરંતુ મારા જેવી ઘણીબધી પિતાવિહોણી દીકરીઓના પણ પિતા છે. જ્યારથી તમે મને મળ્યા છો ત્યારથી મારા પિતાની ખોટ પૂરી થઇ છે. મારા પિતાને લગભગ ૩૦ વર્ષથી ડાયાબિટીસ હોવાને કારણે તેની અસર આંખો પર પડી અને ૬ વર્ષ પહેલા તેમની આંખોની રોશની જતી રહી.ત્યારબાદ તેમની તબિયત ધીરે ધીરે બગડતી ગઈ. અને તા:૧૧/૦૮/૨૦૧૬ને ગુરુવાર ના રોજ પવિત્ર શ્રાવણ માસમાં ન્યુમોનિયાને કારણે અચાનક મૃત્યુ થયું. ઘરમાં અચાનક જ દુઃખનું મોજું ફરી વળ્યું. મારી બંને મોટી બહેનો તો સાસરે સુખી છે પરંતુ મારા લગ્નની સૌને ચિંતા થવા લાગી અને આ બધી જવાબદારી હવે માત્ર મોટા ભાઈ પર આવી ગઈ હતી.

પપ્પા, જ્યારથી તમે મને મળ્યા ત્યારથી મારા ઘરમાં હવે મારા લગ્ન વિશે વધુ કોઈને ચિંતા રહેતી નથી. અને સૌ ખુબ જ ખુશ છે. પપ્પા મને માત્ર તમે જ નહિ પરંતુ સાથે સાથે લગભગ ૧૯૦૦ જેટલી બહેનો પણ મળી કે જેમનો વહાલ પણ હવે મને મળશે. જેના માટે ખુબ ખુબ આભાર, પપ્પા. આ પત્ર લખતી વખતે મને એક ફિલ્મનું ગીત યાદ આવે છે.જે હું ફક્ત તમારા માટે હદયપૂર્વક વ્યક્ત કરું છું.

**"ચંદાને પૂછા તારો સે, તારોને પૂછા હજારો સે, સબસે પ્યારા કોન હે..?**
**પાપા... મેરે પાપા...પાપા ....મેરે પાપા....**

અંતે ઈશ્વરને એટલી જ પ્રાર્થનાછે કે, તમે જે રીતે અમારી દરેક ખુસીઓનું ધ્યાન રાખો છો, તેનાથી વધુ ધ્યાન ભગવાન તમારી તબિયતનું રાખે. લખવાનું તો ઘણું છે પણ શબ્દો ઓછા પડે છે એટલે હું અહી મારી લાગણીઓને અટકાવું છું.

You are the best papa. i love you. God gives u everything what u deserve in your life specially good health.

તમારી વહાલી દીકા,
કાજલ.



## ઉપાધ્યાય કીર્તી રમેશચંદ્ર

જન્મતારીખઃ- ૨૨/૦૮/૧૯૯૫
પિતાની પુણ્યતિથિઃ- ૨૩/૦૭/૨૦૧૩

**જય રામાપીર,**

**Dear Papa,**

મારી ઉંમર ૨૨ વર્ષની છે મારા પપ્પાનું મૃત્યુ એક એક્સિડટમાં થયું હતું. જ્યારે હું કોલેજમાં જતી હતી ત્યારે એક દિવસ બેન લેવા આવી ત્યારે કહ્યું પપ્પા નથી રહ્યા. પહેલાં મને મોટો ઝટકો લાગ્યો અને વિશ્વાસ પણ ન થયો. ત્યારે જ મારી જિંદગી પૂરી થઇ ગઈ હતી.

એક દિવસ મારી લાઇફમાં મહેશપપ્પા આવ્યા. ત્યારથી મારી જિંદગી બદલાઈ ગઈ. પપ્પાએ મારા ભાઈ અને ઘર માટે ઘણું બધું કર્યું છે. પપ્પાને લીધે આજે મારા લગ્ન થાય છે. પપ્પા એમને દત્તક લઈને મારી જિંદગી બદલી નાખી.

મને વિશ્વાસ છે જિંદગીભર પપ્પા મારા સુખ અને દુઃખમાં સાથ આપશે. મહેશપપ્પાનો દિવસ બધી જ દીકરીઓના ગુડમોર્નિંગથી શરૂ થાય અને ગુડનાઈટથી પૂરો થાય છે. ક્યારેય બધી દીકરીઓને મેસેજ કરવાનું ભૂલતા નથી. એમની સાથે બધી દીદીઓ વિશ્વાદી, મિતાલીદી, હિનાદી, કાજલદી, બધાએ ખૂબ જ મદદ કરી.

આમ મને મહેશપપ્પા જેવા પપ્પા વીરા જેવો ભાઈ અને બધી દીદીઓ મળી. બધાએ મારી ખૂબ જ મદદ કરી. અંતમાં એટલું જ કહીશ ભગવાન રામાપીર મારા મહેશ પપ્પાને લાંબુ અને સારું આયુષ્ય આપે. પપ્પા તરફથી મળેલા પ્રેમને શબ્દોમાં વર્ણવી શકવા Impossible છે.

**હામ છે, હૈયામાં કિંમત આપી છે પપ્પાએ ,**
**ઉત્સાહ છે, આનંદ માં તો, ઉજળું કરવાની શક્તિ આપી છે, પપ્પાએ.**

So, I am proud of you my Papa,
Thank You So Much Papa.
I Love You Papa

**તમારી દીકા, કીર્તી**
**જય રામાપીર**





# ચાવડા દિવ્યા ધીરુભાઈ

જન્મતારીખઃ- ૩૦/૦૯/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૨૦/૦૯/૨૦૦૪

**આદરણીય પપ્પા,**

**જય રામાપીર,**

તમે મારા અને મારા પરિવાર માટે જે કર્યું છે તે હું શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી.પરંતુ મારી લાગણીઓને હું આ પત્ર દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કરી રહી છું.

અમારા પરિવારમાં ૬સભ્ય રહેતા. પપ્પા-મમ્મી, મારો ભાઈ અને અમે ત્રણ બહેનો. ત્યારબાદ મારા પપ્પાનું અવસાન થયું ત્યારે હું ધોરણ ૬માં અભ્યાસ કરતી હતી અને મારો ભાઈ ૩ વર્ષનો જ હતો. અમારી પરિસ્થિતિ પહેલાથી જ સારી ન હતી. પરંતુ અમે સુખી અને ખુશ રહેતા. ત્યારે પપ્પા અમારી સાથે જ હતા. પણ જ્યારથી મારા પપ્પાનું અવસાન થયું ત્યારથી જ મારા મમ્મીએ અમને મમ્મી પપ્પા બંનેનો પ્રેમ આપ્યો હતો. ક્યારેય અમને પપ્પાની ઉણપ આવવા નથી દીધી. અમને ભણાવી ગણાવીને મોટા કર્યા. મારા પપ્પાના અવસાન બાદ અમારા સમાજવાળાએ અમને મદદ પણ કરી હતી અને મારા મામાએ પણ અમને ખૂબ જ મદદ કરી છે. મારા મમ્મી અત્યારે માધવબાગ શાળામાં સેવિકાબેન તરીકે કાર્ય કરે છે. મારી મોટી બહેનના લગ્ન થઇ ગયા છે. તેના લગ્નમાં મમ્મીની સ્કૂલ તરફથી અમને ઘણી મદદ મળી હતી. ધોરણ ૧૨ પાસ કરીને મોન્ટેસરી કોલેજ કરી.અને અત્યારે જીવનજ્યોત શાળામાં મદદનીશ શિક્ષિકાની ફરજ નિભાવું છું. થોડા સમય પછી મારા લગ્નની વાત ચાલી રહી હતી.ત્યારે મારા મમ્મીની શાળાના આચાર્ય એ પી.પી.સવાણી પરિવાર દ્વારા થતાં સમૂહ લગ્ન વિશેની વાત કરી.ત્યારે અમે ફોર્મ લઇ આવીને ભર્યું હતું. મારું આ સમૂહલગ્નમાં ફોર્મ ફાઈનલ થયું ત્યારે હું બહુ જ ખુશ થઇ ગઈ હતી.

મહેશપપ્પા વિશે તો કહેવા માટે મારી પાસે કોઈ શબ્દ નથી.તેમના વિશે જેટલું બોલું એટલું ઓછું પડે.જયારે હું પહેલી વાર મિટિંગમાં મહેશપપ્પાને જોયા ત્યારે મને એવું લાગ્યું કે મારા પપ્પાની સાથે જ ઉભી રહી છું. મહેશપપ્પાનો સ્વભાવ ખૂબ જ દયાળુ છે. જેમનો પ્રેમ તો એક પિતા જ તેની લાડકી દીકરીને આપી શકે છે. જ્યારથી મહેશપપ્પા મારી જિંદગીમાં આવ્યા છે. ત્યારથી અમારી લાઈફ જ બદલાઈ

ગઈ છે.મારા મમ્મીની ચિંતા પણ દુર થઇ ગઈ છે. જે મોટી ચિંતા હતી લગ્નની એ પણ દુર થઇ ગઈ અને અમે અત્યારે ખૂબ જ સુખી અને ખુશ છીએ. આ બધું મારા મહેશપપ્પાના કારણે જ શક્ય બન્યું છે. એમણે કેટલી દીકરીઓને પોતાના પપ્પાનો પ્રેમ આપ્યો છે અને અત્યારે પણ જેના પપ્પા નથી તેવી દીકરીઓને સહાય કરે છે.

મહેશપપ્પા મળ્યા પછી અવાર-નવાર પ્રોગ્રામ કરે ત્યારે એમને મળવા બોલાવે. તેમજ તેઓ અમારી સાથે એકદમ શાંતિથી અને સરળતાથી વાતો કરે છે. તદુપરાંત અમને દીકા કહીને જ બોલાવે. ત્યારે કેટલું સારું લાગે છે. કે એક પિતા તેની દીકરીને દીકાના નામથી બોલાવે છે. મહેશપપ્પા વિશે તો જેટલુ બોલું એટલુ ઓછું જ પડે. બસ,છેલ્લે તો એટલું જ કહીશ.

THANK YOU MAHESH PAPA. તમે અમને પપ્પાનો પ્રેમ આપ્યો. કહેવાય છે કે,

**"દીકરીની વેદના તો પિતા જ સમજી શકે."**
**" કિસ કદર શુક્રિયા અદા કરું, ઉસ ખુદા કા અલ્ફાઝ નહિ મિલતે,**
**જિંદગી ઈતની ખુબસુરત ના હોતી, જો આપ જૈસે પાપા ના મિલતે."**

પપ્પા મારી જિંદગીમાં આવવા બદલ..
THANK YOU SO MUCH PAPA..

**લિ. તમારી લાડકી દીકરી,**
**દિવ્યા.**





# પરમાર શીતલ અરવિંદભાઈ

જન્મતારીખઃ- ૦૨/૦૪/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૦૪/૧૦/૨૦૦૬

**Dear Papa.**

જય રામાપીર સાથે જણાવવાનું કે મારે આજે પપ્પા વિશે તેમને કંઈક જણાવવાનું છે, તો હું વિચારું છું કે હું તમને બધી વાત શેર કરું છું. પપ્પાના વખાણ કરવા તો કોને નો ગમતા હોય. જો પોતાની વાત કરવા બેસું તો આખી બુક પણ ઓછી પડે. હું તમને રિયલી દિલથી થોડા શબ્દમાં સમજાવું.

૧૧ વર્ષ પહેલાની વાત કરું છું અને મમ્મી - પપ્પા અને પાંચ બહેનો અને એક ભાઈ અમે બધા ખુબ સારી રીતે જીવન જીવી રહ્યા હતા. હું સર્વથી નાની હતી ને પપ્પાની ખૂબ જ લાડકી હતી. પપ્પા કયારે પણ મને ખીજાતા નઈ. એવામાં કોઈની નજર લાગી ગઈ. અમારી ફેમેલી પર અને અચાનક પપ્પાની તબયત ખરાબ થઈ ગઈ.

હોસ્પિટલે જતા ખબર પડી. પપ્પાને કેન્સરની બિમારી છે. હું જયારે હોસ્પિટલમાં હતી. ત્યારે હું ઓપરેશન થિયેટરમાં તાંકીને જોઈ રહેતી કે મારા પપ્પા કયારે ઉભા થાય અને મને વહાલથી હગ કરે. BY CHANCE PAPAનું ઓપરેશન ફેલ જતા. મને મૂકીને જતા રહ્યા.

જયારે અચાનક મને ખબર પડી. ત્યારે હું ૧૪ વર્ષની હતી ત્યારે હું એટલી સમજદાર ન હતી કે પપ્પા મને છોડીને જતા રહેશે. અને જયારે મને ખબર પડી ત્યારે મારા પણ નીચેથી જમીન ખસી ગઈ અને મને થયુંકે મારી લાઈકમાંથી પપ્પા નામનો શબ્દ ભુંસાઈ જ ગયો છે.

પપ્પાના ગયા પછી મારા ભાઈ કયારે પણ કમી પપ્પાની કમી આવવા નથી દીધી. મારા ભાઈ બધી જવાબદારી સંભાળી લીધી. ધીરે - ધીરે જયારે લાઈફમાં આગળ વધતાં વધતાં અને મારા પપ્પાને યાદ કરતાં કરતાં અમે અમારી લાઈફમાં ધીમે ધીમે સેટેલ થઈ ગયા અને ૨૦૦૭માં અને સુરત રહેવા માટે આવ્યા.

અને થોડા સમયમાં ભાઈ અને બહેનનાં લગ્ન થઇ ગયા. પછી ટુંક સમયમાં મારી પણ સગાઈ નકકી થઈ ગઈ અને જયારે મારી સગાઈ થઈ ત્યારે

મને પપ્પાની કમી ખુબજ લાગતી હતી. એટલામાં એક દિવસ મારી ફ્રેન્ડે મને કહ્યું કે હવે તું રડ નહી અને તું તારા લગ્નનું ફોર્મ પી.પી. સવાણીમાં ભરી દે અને જયારે પહેલીવાર હું મિટિંગમાં મહેશપપ્પાને મળી ત્યારે મેં પપ્પા સાથે ઘણી બધી વાત કરી. અને પપ્પા તમે મને માથા પર હાથ મુંકીને કીધું કે દીકા તારું ધ્યાન રાખજે. આ શબ્દ ૧૧ વર્ષ પહેલા મને મારા પપ્પા કેતા ત્યારે મારી આંખમાં હરખનાં આસું આવી ગયા. ત્યારે મને થયું કે પપ્પાના વખાણ લેટરમાં નહીં પણ દિકરીના દિલમાં જ હોય છે.

મહેશપપ્પા વિશે જેટલું કેવું એટલું ઓછું છે. મારા મહેશપપ્પા સૌથી બેસ્ટ પપ્પા છે. કેમકે મારા પપ્પાના ગયા પછી મને પપ્પાનો પ્રેમ મારા મહેશપપ્પામાં મળ્યો.

જયારે લગ્નનું શોપિંગ કરવા ગયા. ત્યારે પપ્પાની ખૂબ જ યાદ આવી પણ મારા મહેશપપ્પા તો છે. મારા પાસે તેમની એટલી બધી દીદીઓ છે. દર વર્ષે એટલી બધી દિકરીઓનું કન્યાદાન કરવું. મારા મહેશપપ્પા મારી સાથે છે. એ પપ્પાતો મારા દિલમાં છે. પણ મારા મહેશપપ્પા મારી સાથે છે. મને ફરી મારા પપ્પા મળી ગયા. મહેશપપ્પાએ મને પપ્પા કેવાનો હક આપ્યો. જયારથી મળ્યા છે ત્યારથી કોઈ પણ જાતની તકલીફ પડવા દીધી નથી.

કહે છે કે એક દિકરી પાસે તેના પપ્પા સાથે રહેવા માટે પુરી જિંદગી હોય છે. પણ આજે તો જિંદગી પણ નાની લાગે છે.

મને લાગે છે. આનાથી આગળ હું લાગણી શબ્દમાં વ્યક્ત નહી કરી શકું. મારી લાગણી કયારેક તમને મારી આંખથી છલકાતા પ્રેમના આંસુમાં જોવા મળી જશે. પ્રેમ હું શબ્દમાં કેવી રીતે વ્યક્ત કરું.

**LOVE YOU PAPA**
**તમારો દીકો**
**શીતલ પરમાર**





# મિસ્ત્રી ક્રિષ્ના નરેશભાઈ

જન્મતારીખઃ- ૨૦/૦૧/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૦૩/૨૦૧૨

**Dear papa,**
**Jay Swaminarayan,**

પપ્પા, પપ્પા શબ્દ એ ફક્ત બે જ અક્ષરનો જ છે પણ ફક્ત નામ જ બોલતા આંખોમાંથી આંસુ પડી જાય છે. પપ્પા અમે પરિવારમાં ચાર જણા છીએ. જેમાં અમે ત્રણ બહેનો અને મમ્મી. મારી મોટી બહેન પ્રજાપતિ તેજલ જેના લગ્ન બે વર્ષ પહેલા જ સમાજ તરફથી કર્યા છે. હું બીજા નંબરની છું અને મારાથી એક બહેન નાની છે.

પપ્પા અમારું મૂળ વતન તો મો. જે ઉવા, તા:- બારડોલી છે. મારી મોટી બહેનનો જન્મ ત્યાં થયો હતો. પરંતુ ઉવા ગામ એ ગામડું છે. તેથી અમને ત્યાં નહોતું ગમતું. અમારા ઘરે મારા મમ્મી ઘડીએ ઘડીએ બીમાર પડ્યા કરતા અને ત્યારે મારાબા, ફોઈ, બાપા પણ હતા. ત્યાર પછી બાપા અને ફોઈના લગ્ન થઇ ગયા અને બધા ધીરે ધીરે છુટા પાડવા લાગ્યા. મારા પપ્પા, મારા બા અને મમ્મીને લઈને અહી બારડોલી શહેરમાં બાબેન ગામમાં પ્લોટ લીધો તે પહેલા ગામમાં મારા પપ્પાને હાથ-પગનું એક્સિડન્ટ થયું હતું તે એક્સિડન્ટ કરવામાં ગામના લોકોનો જ હાથ હતો. પણ પપ્પાએ આ વાત દબાવી દીધી હતી કે મારું એક્સિડન્ટ મારા જ ગામના લોકો એ કર્યું છે કારણકે મારા પપ્પાને પરિવારની ચિંતા થતી હતી કે જો હું કેસ કરૂ અને મારા પરિવારને કોઈ નુકશાન પહોચાડશે તો? ત્યાર પછી પપ્પાએ ત્યાનું ઘર અને થોડી ઘણી જમીન હતી તે વેચી કાઢી અને બારડોલીમાં પ્લોટ લઇ શિફ્ટ થયા.

બારડોલી આવ્યા પછી મારો જન્મ થયો ૧૯૯૭માં ત્યારથી પપ્પાથી કંઈ કામ થતું નહિ. હાથના દુખાવાના કારણે મમ્મી લોકોના ઘરે વાસણ કપડા કરીને અમારું ગુજરાન ચલાવતા. પપ્પા પહેલા તો કોઈ પણ પ્રકારનો નશો કે ડ્રીંક નહીં કરતા. તેથી ઘરમાં થોડી ઘણી બચત થતી. થોડો સમય ગયો આ રીતે અને મમ્મી- પપ્પાને થયું કે અમારે બે દીકરીઓ તો છે પરંતુ હવે પછી જો દીકરો આવે તો પરિવારને મદદરૂપ થશે. પરંતુ એવું થયું નહિ પરંતુ મારી નાની બહેન ખુશ્બુનો જન્મ થયો અને અમેં મામાને કહ્યું



કે દીકરી આવી છે. આ વાત સાંભળતા જ મામાએ ફોન મૂકી દીધો. પરંતુ અમારા ઘરે ત્રીજી દીકરી આવી આ વાત થી પપ્પા નારાજ ન હતા. તેઓ તો આ વાત સાંભળીને ખૂબ જ ખુશ થયા હતા. દીકરીના જન્મ થવાથી દીકરો સમજી પેંડા ખવડાવ્યા હતા.

હું સાત વર્ષની થઇ ત્યારે મને ભણવા મૂકી હતી. તેથી અત્યારે હું બે વર્ષ પાછળ છું. પરંતુ મને મારા મમ્મી-પપ્પાનો ખૂબ જ પ્રેમ મળ્યો. મારી મોટી બહેન જે પપ્પાના ડ્રીંક અને ખરાબ શબ્દ બોલવાની ટેવથી ફોઈ લઇ ગયા હતા. બહેન ધોરણ ૭ સુધી મોટા ફોઈને ત્યાં ભણી હતી. અને ધોરણ ૮થી ૧૦ નાના ફોઈને ત્યાં ભણી હતી. ત્યાર પછી ધોરણ ૧૦માં ઓછા ટકા આવવાથી ભણવાનું બંધ કરી દીધું. તેમજ મમ્મી -પપ્પાની પરિસ્થિતિ પણ સારી ન હતી. તેથી બહેન નોકરી કરવા માટે કપડાની દુકાનમાં લાગી ગઈ અને ફોઈને મદદરૂપ થઇ.

મારા પપ્પા હું નાની હતી ત્યારથી લઈને એવી જ શિખામણ આપતા કે દીકરા ભણી ગણીને આગળ વધવાનું છે હું મારા પપ્પાની આ જ વાત સાથે લઈને ભણું છું. મારા પપ્પા ડ્રિંકનાં કારણે ૨૦૧૨માં અવસાન પામ્યા. અચાનક હું અને મારા મમ્મી રવિવારની રાજા હોવાથી કામ કરવા માટે ગયા હતા. અને ઘરે આવીને જોયું તો પપ્પાને આવું થઇ ગયું હતું. પપ્પા મમ્મીને ડ્રિંક માટે હેરાન બહુ જ કરતા પરંતુ પપ્પાના આવી રીતે અવસાન થવાથી મમ્મી એકલા પડી ગયા. અને પપ્પા પેહલેથી કહેતા કે, હું આ ત્રણેય દીકરીને તારા ભરોશે મૂકી જઈશ. અને છેવટે પણ આવું જ થયું. ત્યારે હું ધોરણ ૮માં હતી. મને એવું થયું કે હવે હું ભણવાનું છોડી દઉ અને મમ્મી જોડે કામે લાગી જાવ પરંતુ મારા મમ્મીનો ખૂબ જ સાથ છે. મારા મમ્મી મને આવી શિખામણ આપતા કે દીકરા તુ ભણવામાં ખૂબ જ હોશિયાર છે. તેથી તું ભણ અને તને ખૂબ જ કામ આવશે. આવી રીતે મમ્મીનો સાથ ખૂબ જ મળ્યો છે.

મારી સ્કૂલમાં ધોરણ ૧૦માં ૨$^{ND}$ આવી હતી. ત્યાર પછી એવું થતું કે હું ક્યાં સુધી આવી રીતે ભણતી રહીશ અને મને ભણવા માટે ફીના પૈસા કોણ આપશે ..? એવા QUE આવવા લાગ્યા. પરંતુ સ્કૂલનો સાથ હોવાથી હું ધોરણ ૧૧ માં ૮૫% આવ્યા અને ધોરણ ૧૨ માં ૯૭.૭૬% આવ્યા હતા. ૧૨$^{TH}$ માં FIRST રેન્ક આવ્યો હતો.

પપ્પા મને તો BCA એ જ કરવું હતું. કારણકે મારે આગળ જતા કોમ્પ્યુટર ફિલ્ડમાં રહીને કંઇક કરવું છે અને મારી આ ઇચ્છા પણ પૂર્ણ થઇ મારા શિક્ષકોએ સાથ સહકાર આપ્યો અને મને એડમીશન કરાવી આપ્યું. પપ્પા મેં BCA કોલેજનું પહેલું વર્ષ પૂર્ણ કર્યું છે.

અત્યારે હું બીજા વર્ષમાં છું તેમાં પણ સમાજનો સાથ મળી રહે છે. અને તેઓ જ મારી ફી ભારે છે. મારા લગ્ન માટે મારી ફોઈએ વાત મૂકી અને નક્કી કર્યું ત્યારે મને ઘણા બધા સવાલો મનમાં ઉભા થયા કે જો મારા લગ્ન આટલી જલ્દી કરી દેશે તો હું મારા મમ્મીને કઈ રીતે મદદરૂપ થઈશ. અને મારા મમ્મી કઈ ઘરનું ગુજરાન ચલાવશે.



પપ્પાના એક્સિડન્ટ પછી મમ્મી પર જ અમારા ઘરનું ગુજરાન ચાલે છે હું ધોરણ ૬ માં ભણતી ત્યારથી ધોરણ ૧૦ સુધી કામ કરવા પણ જતી. મમ્મીને જો લગ્ન કરવાનો વારો આવશે તો ખર્ચો વધી જશે અને હું મમ્મી પર ભાર આવે એવું કશું જ કામ કરવા માગતી નથી. તેથી હું લગ્ન માટે ના પાડતી હતી. કે હું અત્યારે લગ્ન નહીં કરું અને મને થોડા સમય પછી ખબર પડી કે મને તો સાક્ષાત મારા પિતા પાછા મળી ગયા.

સાચું કવ તો પપ્પા તમે મારા ભગવાન જ છો. I LOVE YOU PAPA પપ્પા તમે જે કર્યું છે તે આખી દુનિયામાં કોઈ ના કરી શકે. તમારા વિચારો, મંતવ્યો, મને ખૂબ જ ગમે છે. જયારે પણ તમારા હું પ્રવચન કે કોઈ વિડીયો જોવ છું તો હું રડી પડું છું કે હું કેટલી નસીબદાર છું મને પાછા મારા પિતા મળ્યા.

લોકો કહે છે હાથોની લકીર અધુરી હોય તો કિસ્મતમાં પપ્પા ના હોય પણ હાથમાં અગર પપ્પાનો હાથ હોય તો લકીરની પણ જરૂર પડતી નથી.

પપ્પા ઘણી વાર તો મને એવું થાય કે હું તમારી જોડે બેસીને ઘણી બધી વાતો કરૂ પણ વાતો કરી નથી શકાતી.

**I LOVE YOU SO MUCH MY DEAR PAPA**

**કિસ્મતકી લકીર હોતી હે, હાથો કી લકીર સે BUT,**
**પર મેરી લકીર લિખી હુઈ હે મેરે માતા - પીતાકી લકીરો સે.**
**THANK YOU PAPA**

***" ચાંદ કી આન હો આપ, સિતારોંકી શાન હો આપ,***
***ફૂલોં કા અરમાન હો આપ, ખુશ્બુ કી પહેચાન હો આપ,***
***સબસે પહલે મેરે પાપા, મેરી જાન હો આપ."***

**લિ. તમારી વહાલી દીકા,**
**ક્રિષ્ના.**



# ગજેરા દીપલ હરસુખભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૭/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ- ૦૬/૧૦/૨૦૦૬



**પ્રિય પપ્પા,**
**જય રામાપીર સાથે જણાવવાનું કે મહેશપપ્પાના સહકાર પર હું ગર્વ અનુભવું છું કે મને તેમના જેવા પપ્પા મળ્યા.**

હું મારા પપ્પા વિશે કહેવાનું કયાંથી શરૂ કરુ એ સમજાતું નથી કારણ કે પપ્પા વિશે તો કેટલું બધું કહી શકાય એ સૌ જાણે જ છે. મારા પપ્પાના અવસાનને ૧૨ વર્ષ થયા ત્યારે હું ધોરણ - ૮માં અભ્યાસ કરતી હતી મારે એક નાની બહેન અને નાનો ભાઈ હતો. જો વિચાર્યું પણ નહોતું કે અમારા પરિવાર સાથે કુદરત આવી રમત રમશે. પિતાની છત્રછાયા ગુમાવતા બધી જવાબદારીઓ મારા મમ્મી પર આવી ગઈ. પરંતુ ત્યારે જ મારા મામાએ અમારા ભરણપોષણની જવાબદારી લીધી પરંતું પોતે એકલા બે ઘર કઈ રીતે સંભાળી શકે તેથી તેમની મહેનતથી તેમણે અમને સિલાઈ મશીન લઈ આપ્યા અને અમારી રહેવા માટે તેમના મકાનમાં આશરો આપ્યો હવે અમે બંને બહેનોએ અભ્યાસ છોડ્યો અને સિલાઈ મશીનનું કામ કરવા લાગી. જયારે અમે કામ કરતા ત્યારે ઘણી છોકરીઓને તેમના પરિવાર અને ખાસ તો તેમના વહાલા પપ્પા સાથે બહાર ફરવા જતા જોતા ત્યારે મારા મમ્મી કહેતા કે કદાચ અમારા પપ્પા હોત તો અમને પણ બહાર ફરવા લઈ જાત અને ત્યારે મારા મમ્મી રડી પડતા પરંતું હું મારા મામાનો આભાર માનીશ કે તેમણે પોતાની કેટલીય સુખસગવડો પુરી ન કરતા અમારા પાછળ ભોગ આપ્યો, અમને પગ પર સ્વનિર્ભર કર્યા.

આજ જયારે મારા મામા એ અને મારી મમ્મીએ મારા લગ્ન માટે છોકરા જોવાનું શરુ કર્યું ત્યારે પણ મારા સાસરીયામાં સસરા પણ હયાત નથી. એટલે હું ભગવાનને કહેતી કે તે મારા નસીબમાં પપ્પાનું સુખ લખ્યું જ નથી અને હું રડી પડતી. પણ જયારે અમને ખબર પડી કે મહેશ પપ્પાની સંસ્થા આ સદકાર્ય કરે છે. ત્યારે અમે ફોર્મ ભર્યું અને જયારે મહેશપપ્પાને મળવા ગયા ત્યારે મને લાગ્યું કે ભગવાને મારી સામે જોયું ખરું અને મને મહેશ પપ્પાનો સાથ મળ્યો. મને ફરીથી મારા પપ્પાનું સ્થાન ખાલી ન રહ્યું. અમે



ક્યારેય વિચાર્યું નહોતું તેવી વસ્તુઓ ખરીદવાનો મોકો મહેશપપ્પાએ આપ્યો.

મને લાગતું પણ નહોતું કે મારા લગ્ન આ રીતે થશે જેનો હું મહેશપપ્પાનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું ખૂબ જ ભાગ્યશાળી છુ કે મને મહેશપપ્પા મળ્યા. ભગવાન મારા પપ્પાને તો મારી પાસે ન રાખી શકયા પણ મહેશપપ્પા દ્વારા તેમણે મારી ખોટ પુરી કરી ભગવાન હંમેશા મહેશપપ્પા સાથે રહે તેવી હું તેમના ચરણોમાં વિનંતી કરૂ છું. મારા જીવનમાં આવ્યા એ બદલ મહેશપપ્પા તમારો ખૂબ ખૂબ આભાર. મારો તમારી સાથે આ લાગણીનો સંબંધ અતૂટ રહે એ માટે મારી ભગવાનને પ્રાર્થના છે.

**લિ. તમારી વહાલી દીકરી**
**બાલી (દીપલ)**



# ટેલર હેમાલી સીતેષભાઈ

જન્મતારીખઃ- ૦૨/૦૩/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૦૭/૧૦/૨૦૧૩
માતાની પુણ્યતિથિઃ- ૨૨/૧૦/૨૦૧૭



**વહાલા પપ્પા,**

યાદ આવે છે કે ટયુશનમાં મુક્તિ વખતે ભારે ભીડવાળા રસ્તાની એક તરફ તમે મને ઉતારી બીજી તરફ હું સહી સલામત પહોંચી જાવ ત્યાં સુધી રાહ જોતા...

રસ્તાની પેલે પાર પહોંચી આપણે સંતોષભર્યા સ્મિતની આપ-લે કરી છુટા પડતા...

આજે એવો જ ભીડવાળો રસ્તો છે જિંદગીનો બસ, સામે છેડે દૂર દૂર સુધી તમે નથી દેખાતા પપ્પા......

મારું નામ ટેલર હેમાલી છે. આમ જોવા જાઉ તો જીવનમાં મેં ક્યારેય કશું જોયું જ નથી. એક નાનકડી ઓરડીમાં અમે રહેતા મારા મમ્મી થાકી મને સાંભળવા મળતું કે તું જયારે જન્મી અને ત્રણ મહિનાની જ હતી ત્યાં તારા પિતાનું અકસ્માત થયું હતું. એ અકસ્માતમાં તેઓ છ મહિના સુધી કોમામાં રહ્યા હતા. મારી મમ્મીએ પપ્પાને સારા કરવા માટે પોતાનું બધું જ ન્યોછાવર કરી દીધું. પપ્પા સારા તો થઈ ગયા પણ એમને બ્રેઈન હેમરેજ થયું હતું તે સારું ન થયું. બધાને ગમે તેમ બોલે મમ્મીને ગાળો આપે, મને ગાળો આપે, ભાઈને બોલે. બધાને જ તેઓ બોલ્યા કરતા. એટલે મેં મારા પિતાને તો જોયા છે. પણ એમનો પ્રેમ ક્યારેય મેળવ્યો નથી. એવા સમયે મારી મમ્મી મને ખુબ જ સમજાવતી કે હું જ તારી માં છું અને હું જ તારો બાપ છું. આમ, બંનેની ગરજ પૂરી કરી.

૧૮ વર્ષની ઉમર હતી ત્યારે પપ્પાનું અવસાન થયું અને ત્યારબાદ ૨૦ વર્ષની ઉમર માતાનું અવસાન થયું. આમ, પપ્પા તો મમ્મીને પણ લઈ ગયા અને આ દુનિયામાં મને એકલી પડી દીધી. કોઈ કાકા, ફૂવા, માસા કે મામા ખબર પણ નથી પૂછતા એવા સંજોગોમાં મહેશપપ્પાની વાત સાંભળી અને લગ્ન માટે ફોર્મ ભર્યું. એમની સાથે



પ્રથમ મુલાકાત થઈ ત્યારે તેઓ દિલાસો આપતા હતા કે હવે આ તમામ દીકરીઓનો હું પિતા છું. બસ, આ જ શબ્દ સાંભળીને હૈયામાં ટાઢક વળી ગઈ.

એક બાપ જેમ દીકરીને પરણાવવા માટે આતુર વ્યાકુળ થઈ જાય તેમ મહેશપપ્પા પણ પોતાની દીકરીઓના લગ્નની તમામ વ્યવસ્થાઓનું ધ્યાન જાતે જ રાખે છે.

આજે મને ભગવાન પર મારો વિશ્વાસ દૃઢ થઈ ગયો છે. જેનું કોઈ નથી એનો ભગવાન છે. અને અહીં મારા ભગવાન તો મારા ‘મહેશપપ્પા’ છે.

**લિ. ટેલર હેમાલી.**



## માણીયા મોનિકા કરશનભાઈ

જન્મતારીખઃ- ૧૨/૧૨/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૦૮/૧૦/૨૦૦૬



## DEAR PAPPA,

**પપ્પા તમારી વિશે**
**શું લખવું તે સમજાતું નથી**
**અને કયા શબ્દોમાં વર્ણન કરૂ.**

**જય રામાપીર,**

હું ૧૪ વર્ષની હતી ત્યારે મારા પપ્પા મૃત્યુ પામ્યા. તે ક્ષણે તો મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું. અને ઘર સુખમાંથી દુઃખમાં સરી પડ્યું. તે સમયે મારો મોટો ભાઈ ૧૭ વર્ષનો હતો. ત્યારથી જ તે નોકરી કરવા લાગ્યો. મારા પપ્પાના મૃત્યુ બાદ મારે મારો અભ્યાસ મુકવો પડ્યો હતો. મારે ભણવું હતું પણ હું મારા પપ્પાના મૃત્યુ બાદ આર્થિક પરિસ્થિતિ લથડતા મારે અભ્યાસ મુકવો પડ્યો હતો.

મારા પપ્પાનું અવસાન ૦૮/૧૦/૨૦૦૬ના રોજ થયો હતો. પપ્પાની દરેક પળે યાદ આવતી અને ઘણી વખત એકાંતમાં રડવું પણ આવતું કે ભગવાને અમારી સાથે જ આવું કેમ કર્યું. જો દુનિયામાં સૌથી વધુ પ્રેમ હોય તો તે પિતા અને દીકરી વચ્ચેનો હોય છે. મારા પપ્પાને હાર્ટ એટેક આવી ગયો હતો. પપ્પા બોલવાના શબ્દો જતા રહ્યા. ત્યારે અમે ગારીયાધાર રહેતા હતા. અને અવસાન બાદ અમે માનપુર અમારા ઉપર જાણે ભગવાનનો ચમત્કાર થયો હોય એમ અમને મારા પપ્પા મળી ગયા. ફરીવાર અમને પપ્પા શબ્દ કહેવાનો મોકો મળ્યો છે. પપ્પા જયારે મને દિકા કહીને બોલાવે મને ખૂબ જ આનંદ થાય છે.

MISS YOU DEAR PAPA જેણે પૂર્વ જન્મમાં ખૂબ જ સારા કામ પુણ્ય કાર્ય હોય તેને હ મારા જેવા પપ્પા મળે, એવા મારા મહેશપપ્પા છે.

THANK YOU PAPA હું વહાલા પપ્પા વિશે લખું એટલું ઓછું છે. હજી ઘણું લખવા ઈચ્છું છું. લખવા બેસું તો ઘણું લખાઈ જાય. લખવામાં ભૂલ થઈ હોય તો માફ કરજો.



**આપની લાડકી દીકા,**
**મોનિકા**



## હરિયાણી શિવાની ચતુરદાસ

જન્મતારીખ:- ૧૨/૦૮/૧૯૯૭
પિતાની પુણ્યતિથિ:- ૨૩/૦૫/૨૦૧૬

**જય રામાપીર પપ્પા,**

જયારે પિતાની છત્રછાયા ગુમાવીએ ત્યારે સંસાર દુઃખનો તડકો બનીને આપણી માથે સમય પસાર કરે છે. મારા પપ્પાનું અવસાન ૨૩/૦૫/૨૦૧૬માં થયું હતું. મારા પપ્પા હતા તો અમને કુટુંબનો સાથ સહકાર મળતો. કોઈની આડાઈ નહોતી. પણ જ્યારના મારા પપ્પા અમને છોડીને ગયા ત્યારના બધા સગા-સબંધીઓનો ત્રાસ થવા માંડ્યો હતો. અમે ચાર ભાઈ-બહેનો છીએ. એમાંથી હું મારા પપ્પાની સૌથી પ્રિય હતી એવું નથી કે હું સહુથી નાની છું મારાથી એક નાની બહેન છે.મારા પપ્પા મોટે ભાગે મુંબઈ કામ કરતા હતા. હદયનો હુમલો આવવાથી એમનું અવસાન થયું હતું. અમે અમારા પપ્પા ગયા પછી ઘણું દુઃખ વેઠયું છે. પરિસ્થિતિ એવી નબળી હતી કે મારા ભાઈને થોડા પગારમાં કામે લગાડી દીધો અને નાની બહેનને ભણતર છોડાવી દીધું.આવી પરિસ્થિતિ માં અમારા કોઈ કુટુંબીજનોએ સાથ આપ્યો નહોતો. કહેવાય છેને કે, **'રાત પછી સવાર થાય અને દુઃખ પછી સુખ આવે.'**

મારી સગાઇ થયા પછી મારા મમ્મીને વિચાર આવ્યો કે પી.પી. સવાણીમાં આપણે જોડાઈએ. ફોર્મ સિલેક્ટ થયા બાદ પહેલી મિટિંગમાં પપ્પાને મળી ત્યારે મારી આંખમાં આંસુ આવ્યા ત્યારે મારી મમ્મીએ મારો હાથ દબાવીને કીધું ગાંડી હવે શેના આંસુ?..મેં મમ્મીને કીધું કે મને મારા પપ્પા યાદ આવે છે. ત્યારે મમ્મીએ કીધું કે, 'જો સામે રહ્યા મહેશપપ્પા.' ત્યારે થયું કે, 'દુઃખનો તડકો ઘણો સહન કર્યો હવે સુખના છાંયડાનો અનુભવ કરીએ.

ભગવાને મારા પપ્પાને સો વર્ષની ઉંમર તો ન આપી પણ મહેશપપ્પાને ભગવાન સો વર્ષના કરે અને મારા જેવી અનેક પિતાવિહોણી દીકરીઓને પિતાનો પ્રેમ મળે. હવે મારી પાસે કોઈ શબ્દ નથી તમારા વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. મારે એટલું જ કહેવાનું હું કે, 'પપ્પા તમે અમારા માટે ભગવાનનું સ્વરૂપ બનીને આવ્યા છો.

બસ, આટલું જ કહીને હું મારી કલમને વિરામ આપું છું.

**I LOVE YOU PAPA... લિ. તમારી વહાલી દીકા,**
**હરિયાણી શિવાની.**



# સુહાગીયા હર્ષા રાઘવભાઈ

જન્મતારીખઃ- ૨૫/૧૧/૧૯૯૪

પિતાની પુણ્યતિથિઃ- ૧૩/૦૧/૨૦૦૭



**મારા વહાલા પપ્પાને,**

**મારા જય રામાપીર,**

**"દોલત મિલે, ઔરત મિલે,**

**ઈજ્જત મિલે, કરમત મિલે,**

**રહેમત મિલે,**

**પર માં-બાપ ફિર મિલે કહા."** જયારે કોઈ દીકરી એના પપ્પા વિશે લખતી હોય ત્યારે કયાં શબ્દથી શરૂ કરવું એ ખુબ જ અઘરું છે. કારણ કે પિતા અને પુત્રીનો સંબંધ જ અનોખો છે, જયારે પગમાં ઠેસ લાગે તો તરત જ ઓ 'મા' એ શબ્દ મોઢામાંથી બહાર નીકળે છે. પણ જયારે રસ્તો ઓળંગતા જયારે ટ્રક નજીક આવીને બ્રેક મારે તો 'બાપ રે'! આ શબ્દ બહાર પડે છે. મારા પપ્પાનું અવસાન આજથી ૧૦ વર્ષ પહેલા થયું હતું. આજે ૧૦ વર્ષ ફરી મને ભગવાને મહેશપપ્પા સાથે મારી મુલાકાત કરાવી. મારા પપ્પાએ પોતાની દીકરીઓને ખૂબ જ લાડ કરે છે. અને કોઈ પણ કમી વિના પોતાની દિકરીઓના હાથ પીળા કરે છે. મારા પપ્પાએ પોતાની જવાબદારી ખૂબ જ સરસ એવી નિભાવે છે. અમે પણ છેલ્લા ૨ વર્ષથી પી.પી. સવાણીના લગ્ન વિશે ઘણું સાંભળ્યું હતું. ત્યાર પછી મારો પરીવાર પી.પી. સવાણીમાં મારા લગ્ન કરવાં સહમત થયાં. મને પણ સમુહલગ્ન બહુ જ ગમે છે. એમાં પણ જયારે પિતા પોતાની દીકરીની વિદાય કરે એ તો કઈ ઓર જ અહેસાસ છે. હું મારા લગ્નનું ફોર્મ ભર્યા બાદ મારા પપ્પાને મળવા ખૂબ જ આતુર હતી. મારી પહેલી મુલાકાત પપ્પા સાથે પહેલી મિટિંગમાં અમને પાંચ પુસ્તકો આપ્યા હતાં. જેમાંથી મે પ્રેરણામૂર્તિ મહેશભાઈ સવાણીનું પુસ્તક વાંચ્યું, જેમાં મને મારા પપ્પાનો ખૂબ જ સરસ એવો પરિચય થયો. આ પુસ્તકમાં જીતેન્દ્રભાઈ અઢીયાએ ખૂબ જ સરસ એવા વલ્લભભાઈના શબ્દોને ટાંકયા છે. જે મને ખુબજ ગમે છે. કામધંધા માટે ફરતા રહેવું **'ફરે એ ચરે બાંધ્યો ભુખે મરે'.** મારા પપ્પા એટલા બધા સમાજ સેવા સાથે સંકળાયેલા છે કે જેટલું લખું. એટલું તો ઓછું જ છે. જો બધુંજ લખવા બેસું તો આખું પુસ્તક તો લખાય જ જાય. મને ભગવાને ફરી પપ્પાનો પ્યાર આપ્યો એટલે ભગવાનને મારો ખૂબ ખૂબ આભાર. હું પપ્પા વિશે એક કવિતા લખીશ......

જબ જબ હમારે દિલ મે યે અહેસાસ આયા,

જબ હમને સચ્ચે દિલસે પાપા માના
જીસે હમે સચ્ચાઈકા રાસ્તા દિખાયા
જીસે હમે જિંદગી મેં હર પલ
ખુશી સે જીને કી ચાહત દિખાયી
જીસે હમે સુખ ઓર દુઃખ મેં હસના સિખાયા
જબ હમારે પાપા હમારે સાથ રેહતે હૈ
તબ આસમા કા સ્વર્ગ ધરતી પે દીખતા હૈ
જબ હમ એક દિન અપને પાપા કો નહી દેખતે હૈ
તબ સારા દિન સાલ જૈસા લગતા હૈ
તબ વહી ડર હમે જીને નહી દેતા હૈ
કે કુછ દિન મે હમારી વિદાય હો જાયેગી
તો આખીર મે જબ પાપા હમસે દુર ચલે જાતા હૈ
તબ ઉસકી યાદ હી હમારા જીને કા સહારા બનતી હૈ.

**બસ આટલું લખી હું મારા શબ્દોને વિરામ આપીશ.**
**મારા વહાલા પપ્પાને મારા જય રામાપીર.**

**“હું મારા પપ્પાને ખૂબ જ પ્રેમ કરું છું”**

**લિ.**
**તમારી વહાલી દિકરી**
**હર્ષા.**



## મિયાત્રા જ્યોતિ ભરતભાઈ

જન્મતારીખઃ- ૧૧/૦૧/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૫/૦૯/૨૦૦૮



**MY DEAR PAPA,**
**જય રામાપીર,**

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે તમે બધા મજામાં હશો અને હું પણ મજામાં છું.

મારા પપ્પાનું અવસાન ૨૮/૦૯/૨૦૦૮ ના રોજ અકસ્માતના કારણે થયું હતુ. ત્યારે હું ૧૨ વર્ષની હતી. મારા પપ્પાના ગયા પછી અમે સાવ એકલા પડી ગયા હતા. કામની જવાબદારી મમ્મી પર આવી ગઈ હતી. જેમ તેમ મજુરી કરીને ઘર ચલાવતા અમે પાંચ ભાઈ-બહેન નાના નાના હતા. એક ભાઈ અને ચાર બહેનો હું સાત ધોરણ પૂરું કરીને બ્યુટી પાર્લરનું શીખવા મારા કાકાના ઘરે જતી રહી પછી હું હાલમાં પાર્લરનું કામ કરું છું. અને નાની બે બહેનો ૯ માં ધોરણમાં હોસ્ટેલમાં ભણે છે. અને મારાથી નાની બહેનના લગ્ન મારી સાથે છે મને બહુ ચિંતા હતી કે કેમ કેમ કરીને બંને બહેનોના લગ્ન કરીશું પણ કોઈનું કોઈ ના હોઈ તેના ભગવાન હોઈ છે તેવું હું મનુ છું. મારા ભગવાન તો મહેશપપ્પા તમે જ છો. I LOVE YOU PAPA...... તમે છો તો અમે છીએ THANK YOU SO MUCH અમારી મદદ કરીને અમારું ફોર્મ પી.પી. સવાણીમાં ભરાવ્યું. મનુબાપા સરધારા અને પ્રવીણકાકા ગાબાણી તમારો ખૂબ ખૂબ આભાર માનું છું.

**"જીવન એવું જીવી ગયા કે ભુલાય નહિ, દુઃખને દેખાડ્યું નહિ સુખને છલકાવ્યું નહિ, હસતો રાખી ચહેરો અચાનક લીધી વિદાય, પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ, એ ખોટ કદી ભુલાય નહિ,"**

પ્રભુ મારા પપ્પાના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે. પપ્પા મને તમારી સાથે વાત કરી ને બહુ જ આનંદ થયો. હું મારા ૧૦ વર્ષ પહેલા જેમ હું મારા પિતા સાથે વાત કરતી તેવો અનુભવ થાય છે. મને ખરીદી કરવાની બહુ મજા આવી ગઈ. મિતાલીદીદી , અંકિતાદીદી અને ઘનશ્યામકાકાએ બહુ જ સારી રીતે ખરીદી કરાવી.

I LOVE YOU PAPA AND I MISS YOU PAPA

**તમારી લાડલી દીકા, જ્યોતિ મિયાત્રા.**



# ધામી હેતલ ઘેલાભાઈ

જન્મતારીખઃ- ૧૮/૦૩/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૮/૧૧/૨૦૦૦

## DEAR PAPA,

**પપ્પા તમારા માટે હું શું લખું?
એ સમજાતું નથી મારા મનમાં એટલું બધું
છે કે ક્યાંથી શરૂઆત કરું.**

પપ્પા એટલે કે કાઈ જ બોલવાની જરૂરત ન પડે પપ્પા શબ્દ જ એટલો મહત્વપૂર્ણ, પ્યારો અને વહાલસોયો છે. મારા પપ્પા માટે લખવા બેસું તો કાગળ કલમ અને શબ્દો ઓછા પડે. પપ્પા તમે આટલી બધી ખુશી આપી છે કે, હવે જિંદગી પાસેથી કઈ જ લેવાનું બાકી રહ્યું નથી તમે મારી લાઈફમાં ભગવાન બનીને આવ્યા છો. બધા ભગવાનને શોધે છે. પણ મારા ભગવાન તો તમે છો. પપ્પા તમારી પાસે સમજવા, જાણવા અને શીખવા મળ્યું છે. તમારા આવવાથી જિંદગી બદલાય ગઈ છે. પપ્પા મારા પપ્પાને ગયાને અઢાર વર્ષ પુરા થયા. પણ અમે નાના નાના હતા કે ખબર પણ ન પડતી. અમે ચાર બહેન, બે ભાઈ અને મમ્મી એમ સાત સભ્યોનો પરિવાર છે. મારા પપ્પાનું અવસાન થયુ ત્યારે પાંચ રૂપિયા પણ ન હતા ઘરમાં. અમે બે બહેન હીરા ઘસતી હતી અને હું રાત્રે ને દિવસે ડાયમંડ ચોંટાડતી હતી. ભાઈ બે નાના હતા એમ કરીને ત્રણે ભાઈ બહેનની ફી ભરતા અને અમે ઘર ચલાવતા. કેમ કે બધી જવાબદારી મારા પપ્પા મારા મમ્મી પર છોડીને ગયા હતા. પપ્પા ગયા પછી મારા મમ્મી ચાર વર્ષ સુધી સુતા ન હતા. દિવસના તે કામ કરે ને રાત્રે અમે સુઈ જઈએ તો તે માથે બેસતા કે એમને ચિંતા હતી કે મારા છોકરા ક્યારે મોટા થશે? એ તો પપ્પા જેની માથે દુઃખ આવ્યું હોય તેને જ ખબર હોય બાકી બીજાને ન સમજાય કે બાપ વગરની વેદના કેટલી અઘરી છે. કારણકે અમારે માથે વીતી ગયું છે એટલે અમને ખબર કે ભગવાન કદાપી કોઈના મા કે બાપ ન લઈ લેતા. પપ્પા અમે પપ્પાનો પ્રેમ ક્યારેય ભાળ્યો નથી. કેમ કે મારા પપ્પાને કેન્સર હતું. અમે જયારે તમને જોયા ત્યારે અમને એમ થાય કે પપ્પા અત્યારે જીવતા હોત તો આવો પ્રેમ કરત. દીકરી તો બાપને વહાલી છે. બાપ વગરની દીકરીને પિતાનો પ્રેમ મળી ગયો. મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો.

પપ્પા મેં ક્યારેય પણ ભારે સાડી કે ડ્રેસ લીધા નથી કારણ કે અમારી



પરિસ્થિતિ નહોતી. પણ પપ્પા તમે ભારે ડ્રેસ દઈને એક બાપની ફરજ નિભાવી છે. આજે મારી પાસે જે પણ છે તો પપ્પા તમારી દયા છે. મારા બધા સપના સાકાર થયા હોય તો તમારા કારણે પપ્પા જયારે હું પહેલી મિટિંગમાં આવી ત્યારે મારી આંખમાં આંસુ સુકાતા ન હતા. કેમ કે અમે રડી રડીને દિવસો પસાર કર્યા છે. પિતાનો પ્રેમ મેળવવા ઝંખતી એક દીકરી.

દીકરીના જન્મને પિતા ખૂબ જ ગર્વની વાત માને છે કેમ કે દીકરીએ પિતાના માટે વહાલનો દરિયો છે. દીકરી એ બે પરિવારને જોડતી કડી છે.

વેદ અને પુરાણ વાંચવા અને સમજવા બહુ સહેલું છે પણ કોઈની વેદના વાંચવી અને સમજવી બહુ મુશ્કેલ છે. આવી રીતે મહેશપપ્પાને સેકડો દીકરીના પિતા બની દીકરીઓની વેદના વાંચી સમજીને મુશ્કેલીને દૂર કરીને સેકડો દીકરીના પિતા બની કન્યાદાન કર્યું. આખા વિશ્વમાં સૌથી મોટું દાન હોય તો તે કન્યાદાન છે. દાન અને દયા બંને સરખું છે. આજના યુગમાં દીકરીને સાપનો ભારો સમજે એવા સમાજને શી ખબર.? દીકરી સાપનો ભારો નહી દીકરી તો તુલસીનો ક્યારો છે. દીકરી તો લાગણીશીલ હોય છે ને મમ્મી પપ્પાને કાઈ પણ થયું હોય તો ત્યારે ઉભા પગે સેવા કરે છે.

**"જોઈ પંખીની પાંખ દીકરી બોલી, પિતા મારે પણ પાંખ જોઈએ છે.**
**મનોમન પિતા બોલ્યા દીકરા, નથી પંખ છતાં તું ઊડી જવાની છે."**

**તમારી લાડકી પારેવડી,**
**હેતલ.**



# ચૌધરી પ્રિયલ વિજયભાઈ

જન્મતારીખ:- ૦૮/૦૭/૧૯૯૫
પિતાની પુણ્યતિથિ:- ૦૬/૦૩/૨૦૧૧

## MY DEAR PAPA

આજે મને મારા પપ્પા વિશે લખવાનો અવસર મળ્યો પણ ક્યાંથી શરૂઆત કરું, કઈ સમજાતું નથી? “પપ્પા” શબ્દ જ એટલો મહત્વપૂર્ણ અને વહાલસોયું નામ છે. દરેક દીકરીની LIFE માં પપ્પાનું સ્થાન સૌથી ઉપર જ હોય છે. અને તે તેમના માટે ગૌરવની લાગણી અનુભવે છે. દીકરી ગમે તેટલી મોટી થઈ જાય પરંતુ પિતા માટે દીકરી હંમેશાં નાની જ રહે છે.

હું ૧૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન બીમારીના કારણે થયું હતું. ત્યારે અમે ત્રણેય બહેનો ભણતી હતી. પપ્પા ગયા પછી બધી જવાબદારી મમ્મી પર હતી. અમારી પરિસ્થિતિ બહુ ખરાબ હતી. જેથી અમારે ભણવાનું છોડવું પડયું. મે અને મારી નાની બહેને અડધેથી ભણવાનું છોડી દીધું. પણ મારી મોટી બહેનને ભણવાનું બહુ ઈચ્છા હતી. એટલે મમ્મી એ મજુરી કરીને થોડાઘણા એક બીજા પાસેથી લાવીને મમ્મીએ મોટી બહેનને ભણાવવાનું નક્કી કર્યું. મમ્મીને ઘણું ટેન્શન હતું. મમ્મીને જોઇને મારી આંખમાં આસું આવી જતા પછી મેં પણ નક્કી કરીયું. મમ્મીને થોડી મદદ કરું હું પછી સુરતમાં નોકરી માટે આવી ગયી. પછી સમય જતા મારી નાની બહેનને પણ મારી સાથે બોલાવી લીધી. અમે બંને બહેન આરોગ્યમ કલીનીકલ લેબોરેટરીમાં જોબ કરીએ છીએ. આમ મમ્મીની ચિંતા થોડી થોડી ઓછી થઈ.

મને હંમેશા એક વાત સતાવતી મારી સાથે પપ્પા કેમ નથી. હું ભગવાનને હંમેશા પ્રાર્થના કરતી કે હું ભગવાન તમે મને આ જન્મમા પપ્પાનો સાથ અધુરો ન આપતા મારી બધી FRIEND ના પપ્પા છે તેઓ એમના પપ્પાની વાતો કરે તો મને મારા પપ્પાની ખુબ યાદ આવતી. હું મારા પપ્પાની બહુ વહાલી હતી. હું ભગવાનને એક જ વાત કહેતી તમે મારા પપ્પાને કેમ બોલાવી લીધા.

MISS YOU SO MUCH PAPA

અમારી લેબમાં એક વ્યક્તિના મેરેજ થયા હતા એ મેરેજની વાત

અમારા SIR એ મને કરી પછી હું ફોર્મ માટે માનસી ઓફિસ ગઈ અને ફોર્મ ભર્યું પછી મીતાલીદીદીએ કીધું ફોર્મ સિલેક્ટ થશે એટલે ફોન આવશે. થોડા દિવસ પછી મારા પર ફોન આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું છે. પછી હું ખૂબ જ ખુશ થઇ ગઈ પહેલી મિટિંગ માટે ફોન આવ્યો. ત્યારે હું પહેલીવાર મહેશપપ્પાને મળી અને એમણે મને દીકા કહીને બોલાવી ત્યારે મને એવું લાગ્યું કે મારા પપ્પાને ભગવાને પાછા મોકલી આપ્યા એવું લાગ્યું. મહેશ પપ્પાએ મારી મમ્મીને આજથી તમારી દીકરી મારી અને એનું ટેન્શન મારું અને દીકાની બધી જ જવાબદારી મારી રહેશે. એ સાંભળીને મમ્મીની આંખમાં આંસુ આવી ગયા. એ વખતે મહેશપપ્પાના આ શબ્દો સાંભળીને મારી ખુશીનો પાર ન રહ્યો.

THANK YOU PAPA

જ્યારથી મહેશપપ્પા મળ્યાં ત્યારથી મારું જીવન ખૂબ સુખમય અને સરળ બની ગયું. જયારે અમે લગ્નની ખરીદી માટે ગયા તો મને એક સ્વપ્ન જેવું લાગ્યું. અમને મનગમતી ખરીદી કરાવી. અમારી બધી વસ્તુ પપ્પાએ પૂરી કરી. હું બહુ ખુશ છું અને હું ભગવાનને પ્રાર્થના કરીને કહું છું કે મને મારા પપ્પા પાછા આપ્યા છે અને સાથે સાથે એક ભાઈ પણ આપ્યા છે. અને હવે મારી ભગવાનને પ્રાર્થના છે. કે પપ્પા અને મીતુલ વીરા જેવા ભાઈ દરેક દીકરીને મળે.

મહેશપપ્પા મારાથી લખવામાં કઈ ભૂલ થઇ ગઈ હોય તો તમારી વહાલી દીકરીને માફ કરશો. એવી આશા સાથે હું લાગણી વ્યક્ત કરું છું.

આપ મેરે સબસે અચ્છે દોસ્ત હૈ પાપા ........

THANK YOU PAPA

I LOVE YOU SO MUCH PAPA

**લિ. તમારી વહાલી દીકરી**
**પ્રિયલ.**





## બોરડા નીતા વીરજીભાઈ


જન્મતારીખ:-૨૪/૧૦/૧૯૯૨
પિતાની પુણ્યતિથિ:- ૨૬/૦૪/૨૦૦૬

Dear papa,
**જય રામાપીર**

તમારી દીકરી તમને સાચા મનથી લાગણીમય પત્ર લખી રહી છે. તમારા પ્રત્યેની મારી ભાવનાઓ અને વહાલને શબ્દોમાં ઉતારવા માટે આ કાગળ તો ઘણો નાનો છે. પરંતુ પપ્પા શબ્દ તો એ જ મારા માટે ખૂબ મોટો અને મહત્વનો જેને નિભાવવો અને સમજવો ખૂબ જ મુશ્કેલ છે.

૨૬/૦૪/૨૦૦૬એ મારી જિંદગીની કદી ન ભૂલી શકાય એવી તારીખ છે. કારણ કે એ દિવસે મારા પપ્પા મને બહેનોને અને મારા મમ્મીને છોડીને જતા રહ્યા. અમારો હસતો-રમતો પરિવાર અચાનક એક જ ઝટકામાં દુઃખમાં ફેરવાય ગયો. જયારે મારા લગ્ન નક્કી થયા ત્યારે મારી મોટી બહેને પી.પી.સવાણીમાં ફોર્મ ભરવાનું નક્કી કર્યું. હું પહેલીવાર જયારે પપ્પાને મળવા ઓફિસે ગઈ ત્યારે હું પપ્પાને પગે લાગીને પપ્પાએ મારા માથે હાથ મુકીને કીધું, 'દીકા હવે કઈ જ ચિંતા નહિ કરવાની હું છુ ને તારી સાથે' આ સાંભળીને જ મારી આંખોમાંથી ખુશીના આંસુ ટપકવા લાગ્યા.

પપ્પા, આજે સગા પણ યાદ નથી કરતા ત્યારે તમે રોજ સવારે ગુડમોર્નિંગ અને ગુડનાઈટ કહો છો. જેનો ઉલ્લેખ કાગળ કે પેનથી નહિ થાય એ તો મારું દિલ જ જાણે કે પપ્પાનો પ્રેમ કેવો હોય છે. મહેશપપ્પા માટે લખાયેલું "પ્રેરણામૂર્તિ" પુસ્તક જયારે મેં પહેલીવાર વાંચ્યું ત્યારે હું થર-થર કંપી ઉઠી હતી અને મને ખરેખર અહેસાસ થયો કે કોણ કહે છે કે આ કળિયુગમાં ભગવાન સાક્ષાત નથી? કોણ કહે છે આ યુગમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ નથી? મહેશપપ્પા જેવા સમાજ અગ્રણી ભગવાનનું બીજું સ્વરૂપ નથી તો શું છે? આજે દીકરીને જન્મતા પહેલા જ મારી નાખે છે. તેમને ત્યાં ભલે દીકરી નથી પણ અનેક દીકરીના પપ્પા બનીને સમાજમાં અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આજના યુગમાં તો પોતાના સ્વાર્થના કામ માટે થઈ માણસ બધું કરે છે એવું તો બનતું હોય છે પણ પારકી



દીકરીને પોતાની માની અને એના માટે જે તમે કરો છો પપ્પા તે ભગવાન પણ ન કરી શકે. બધા લોકો કહે છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા નથી આવતા પરંતુ ભગવાને મને કુદરતના આ નિયમ વિરુદ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પા આવ્યા.

મહેશપપ્પા વિશે હું બે લાઈન લખવા માંગુ છું.

**"ફૂલ કી શરૂઆત કલી સે હોતી હે,**
**જિંદગી કી શરૂઆત પ્યાર સે હોતી હે,**
**પ્યાર કી શરૂઆત અપનો સે હોતી હે,**
**ઓર અપનો કી શરૂઆત મેરે મહેશપપ્પા સે હોતી હે."**

પિતા વગરનું ઘર એટલે થડ વગરનું ઝાડ.થડ વગરનું ઝાડ કદી ઉભું રહેતું નથી. ઝાડની અંદર થડને પિતાનું બિરુદ આપવામાં આવ્યું છે કેમ કે ઝાડની ડાળી, પાંદડા, ફળ, ફૂલ તેમના સંતાનો કહેવાય છે. હવે જો ઝાડનું થડ જ તૂટી પડે તો પાંદડા ડાળીની હાલત કેવી થાય. તે તો આપણે જાણીએ જ છીએ ને પિતા ન હોય તો પરિવારની હાલત કેવી થાય તેની મને ખબર છે. પપ્પા, તમારી સાથે લોહીના સબંધ ભલે ન હોય પણ લાગણીના સબંધ તો છે જ તમે મારા માટે જે કઈ પણ કર્યું તે એક પિતા પોતાની દીકરી માટે કરે છે અને કહેવાય છે કે લોહીના સબંધ કરતા પણ લાગણીના સબંધો ઊંચા હોય છે. એવો જ સંબંધ આપણો છે. પપ્પા, ધન્ય છે તમારા માતા-પિતાને કે જેણે આવા સંતાનને જન્મ આપ્યો અને ધન્ય છે બાપુજીને જેમણે આવા સંસ્કાર આપ્યા.

છેલ્લે એટલું જ કહીશ કે, "સંપતિ તો ઘણા પાસે હોય છે પણ તેને બીજાની ખુશી માટે વાપરવી એવા દિલ મહેશપપ્પા જેવા જ કોઈ વ્યક્તિ પાસે હોય છે."

**જય રામાપીર પપ્પા.**
**લિ. તમારી વહાલી દીકરી,**
**નીતા**





## ઢાપા નેહા મથુરભાઈ

જન્મતારીખઃ- ૦૫/૦૨/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૨૭/૦૩/૨૦૧૫

**મારા પ્રિય આદરણીય**
**મહેશપપ્પા,**

જય રામાપીર પપ્પા, હવે તમારે માટે શું લખવું એ સમજાતું નથી દુનિયામાં ઘણા શબ્દો છે પણ એ બધા શબ્દો ભેગા કરીને પણ તમે જે અમારા માટે કરો છો તે દુનિયામાં માત્ર એક પપ્પા જ તેની દીકરી માટે કરે. જેમાં તમે મને તમારી દીકરી બનાવી એ મારી માટે સૌભાગ્યની વાત છે.

હું તમને મારા જીવન વિશે જણાવું તો મારા પપ્પાનું અવસાન તા. ૨૭/૦૩/૨૦૧૫ના રોજ એક્સીડન્ટમાં ઓચિંતું મૃત્યુ થઇ ગયેલ. જયારે મમ્મી પર કોઈ અજાણ્યા ભાઈનો ફોન આવ્યો એક્સીડન્ટ આ રીતે થયું તો બધા હોસ્પિટલ ગયા. હું મારા પપ્પાને અંતિમ ક્ષણમાં જોઈ પણ ન શકી. હા મારા પપ્પા ગયા પછી મારા મમ્મી સાવ તૂટી ગયા. તેને એમ થયું કે હવે હું શું કરીશ ? કેમ કરીશ ? આ બધાનું. નાની બહેનનું ભણાવવાનું, અમારા લગ્ન કરાવવાનું બધું જ અને અમારા ઘરમાં અમે અમે પાંચ બહેનો છે. મારો ત્રીજો નંબર છે. પપ્પા ગયા પછી જિંદગી સાવ બદલાઈ ગઈ. ઘરમાં કોઈને શું કરવું કઈ જ સમજણ પડતી નહિ. ઘરના વડીલ જતા રહે એટલે ઘરની શું પરિસ્થિતિ હોય તે અમને જ ખબર છે. બહારના લોકો ઘણું અમારા વિશે બોલે છોકરીઓ આમ છોકરીઓ તેમ, તેને આટલી છૂટ ના અપાય, પરંતુ મારા પપ્પા હતા ત્યારે તે પણ અમને જોઈએ તે અમને અપાવતા. બહારના લોકો કહે કે, છોકરીઓને આવા કપડા ન પહેરાવો, તો પપ્પા કહેતા મારી છોકરીઓને ગમે તે પહેરે, એમા બાકી રહેતું તેઓ ખુદ અમારા માટે અમને ગમે તેવા ફેસનેબલ કપડા લઇ આપતા.પરંતુ પપ્પા ગયા પછી મમ્મીએ પણ અમને કઈ લઇ દેવામાં કોઈ કમી બાકી નથી રાખી .

હવે રહી લગ્નની વાત તો જયારે કોલેજમાં નોકરી કરી. ત્યાં અમારા એક સર એ અને મારી સાથે નોકરી કરતા બહેને આ સવાણી ગૃપમાં લગ્ન કરવાનું કહ્યું. મને કે ચિંતા નહી કર તેમાં ફોર્મ ભર પછી બધો જ ખ્યાલ આવી જશે. પછી મેં ફોર્મ



ભર્યું પછી સિલેક્ટ પણ થઇ ગયું. ખુશ ખુશ થઇ ત્યાર બાદ મિટિંગમાં બોલાવ્યા ત્યારે પણ પહેલીવાર પપ્પાને મળી ખૂબ ખુશ થઇ મને એમ કે મોટા માણસો છે કેવો સ્વભાવ હશે. પણ મળ્યા પછી ખબર પડી કે પપ્પા ઘરના સદસ્ય જેવા જ પપ્પા લાગ્યા ત્યાર બાદ પપ્પા જયારે ઘરે આવ્યા બધી જ દીકાને મળવા આવ્યા. તેમ મારા ઘર પણ આવ્યા હતા ત્યારે સાચું કહું પપ્પા મગજમાં ઘણા ટેન્શન હતા. પણ જયારે તમે ઘરે આવ્યા ત્યારે મને કહ્યું કે, ‘દીકા કઈ ટેન્શન તો નથીને?’ ત્યારે REALLY માં HEART TOUCH થઇ ગયું. મગજમાં હતા તે બધા જ ટેન્શન હળવા થઇ ગયા. તમે જે આ ખાલી ટેન્સનનું પૂછ્યું તેમાં મને એક હિંમત મળી ગઈ કોઈ મારી જોડે છે તેવો અનુભવ થઇ ગયો.

પપ્પા બધાને બેટા કહીને બોલાવો તમે તમારા દીકરાઓની જેમ અમને પણ તમારા બેટા સમાન જ માનો છો અને પપ્પા તમારા આ લગ્ન કરાવવાના વિચારથી કામથી હું ખૂબ ખુશ છું. પપ્પા IN FUTURE મને તમારી જેવું કામ કરવાનું મળશે તો હું જરૂર મારા પપ્પા અને તમારા નામથી જ સેવા કરીશ. મારા પપ્પા મથુરભાઈ ઢાપા અને મહેશભાઈ સવાણીના નામથી જ તમારામાંથી પપ્પા મને POSITIVITY મળે છે અને ગર્વ અનુભવું છું. મારા પપ્પા ગયા નથી મારી સાથે પપ્પા હજુ છે. પપ્પા વધારે કઈ બોલાય ગયું હોય SORRY પપ્પા. તો પપ્પા આપને દિલથી આભાર માનું છું મારી લાઈફમાં આવવા બદલ THANK YOU SO MUCH PAPA.

**LOVE YOU PAPA.**
**લિ. તમારી**
**વહાલી દીકા,**
**નેહા ઢાપા.**





# ચૌધરી કોકિલા ધનજીભાઈ

જન્મતારીખઃ- ૦૪/૦૬/૧૯૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૦૪/૧૯૯૦
માતાની પુણ્યતિથિઃ- ૧૪/૦૬/૨૦૦૭

**Dear papa,**

**તમે હંમેશાં મારી સાથે જ છો . મારી જોડે મારા પપ્પા ઈશ્વરથી મહાન છે. તમે મારા પપ્પા છો. હું તમારી લાડકી દીકરી.....**

*I LOVE YOU PAPA*

હું ૧૧ મહિનાની હતી. ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું. ત્યાર બાદ અમારી બધી આશા મમ્મી પર હતી. અમે ચાર બહેન છે. ત્યાર બાદ અમારી ઘરની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હતી. ત્યાર પછી મમ્મી હોસ્પિટલમાં જોબ કરતા હતા અને અમારું ઘર ચલાવતા હતા અને અમને ભણાવતા.

જયારે હું ૮માં ધોરણમાં હતી ત્યારે મારા પપ્પાનો ચહેરો અમે ફોટોમાં પહેલીવાર જોયો હતો. ત્યાર પછી થોડા વર્ષ પછી મારા મોટા બહેનના લગ્ન થયા અને ત્યાર પછી મમ્મી બીમાર થયા અને અમારાથી બનતી સારવાર કરાવી પણ મમ્મી બીમાર રહેતા હોવાથી મમ્મીનું પણ અવસાન તા:- ૧૪/૦૬/૨૦૦૭ના રોજ થયું.

મમ્મીના અવસાન પછી અમારી સાથે કોઈ રહેવાવાળું નહોતું અને કોઈ સુવિધા નહોતી. ત્યારે વિચાર કરતા કે શું કરશું? હવે અમારી આગળ-પાછળ કોણ? કોણ અમારી મદદ કરશે? મારા મમ્મી- પપ્પા વગર આખી જિંદગી કેવી રીતે નીકળશે. ત્યાર પછી અમે ભાડાના મકાનમાં રહેતા હતા. અમારું કોઈ મદદ કરવાવાળું ન હતું. ભાડાના મકાનમાં રહેતા હતા. તે મકાનનું ભાડું આપવા માટે પૈસા ન હતા. ત્યાર બાદ મકાન ખાલી કરીને મારી મોટી બહેનના ઘરે રહેવા ગયા હતા. મારી બહેન - જીજાજીએ સાથ આપ્યો હતો. ત્યાર બાદ મમ્મીના અવસાન પછી એમના P.F ના પૈસાથી અમે અમારું પોતાનું ઘર બનાવ્યું. અને સગા-સંબંધિઓ એ પણ અમારો સાથ આપ્યો. ત્યાર પછી અમે બે બહેનો જોબ કરતા હતા. અને ત્યાર પછી અમે સગા- સંબંધીઓએ સાથ આપ્યો. ત્યાર પછી અમે બે બહેન નોકરી કરતા હતા અને પોતાનું ઘર- ગુજરાન ચલાવતા હતા.

મારું સપનું હતું કે મારા પણ લગ્ન થાય. પણ મારી પરિસ્થિતિ એવી



હતી કે મારા લગ્ન થાય એવું ન હતું. થોડા સમય બાદ મારા લગ્નની વાત ચાલતી હતી. ત્યારે મેં મહેશપપ્પા વિશે સાંભળ્યું. પછી મારા લગ્ન નક્કી થયા. મહેશપપ્પાને મળવા ગઈ ત્યારે એમને કીધું કે, 'દિકા ચિંતા કરવાની જરૂર નથી.' ત્યારે મને લાગ્યું કે હવે ચિંતા કરવાની જરૂર નથી અને મારી આંખોમાં આંસુ આવી ગયા. મહેશપપ્પા બધી દીકરીઓના લગ્ન કરાવે છે. એવું લાગે જ નહિ કે મારા પપ્પા નથી. પપ્પાની જેમ જ બધી દીકરીઓને વહાલ કરે અને પોતાની દીકરીની જેમ જ રાખે. તેથી ભગવાનનો આભાર મને આવા પપ્પા મળ્યા ઘણો સહારો આપ્યો છે જિંદગીભર. જિંદગી તો થોડી છે પણ તમે અમારો સાથ આપીને અમારા જીવનમાં ખુશીઓ આપી. તેથી તમારો આભાર માનુ છું. ભગવાનને પ્રાર્થના કરૂ છું કે તે મહેશપપ્પાને લાંબુ આયુષ્ય આપે અને તેમને હંમેશા ખુશ રાખે.

**આ બધી ખુશીઓ આપનારને ક્યારેય નહિ ભુંલુ,**
**"ભૂલો ભલે બીજું બધું પણ, મા- બાપને ભૂલશો નહી."**

I LOVE YOU PAPA.
I MISS YOU PAPA.
THANK YOU SO MUCH PAPA.

***"ફૂલ નહિ તો ફૂલની પાંખડી બનીએ,***
***સૂર્ય નહિ તો સૂર્યનો તડકો બનીએ,***
***વૃક્ષ નહિ તો વૃક્ષના પાન બનીએ,***
***કઈ નહિ તો પપ્પાની લાડકી દીકરી બનીએ."***

**લિ. તમારી દીકા,**
**કોકિલા.**





## રાજન નિશિતા બંકીમભાઈ

જન્મતારીખઃ- ૨૫/૦૬/૧૯૯૯

પિતાની પુણ્યતિથીઃ- --

**જય રામાપીર પપ્પા,**

**વ્હાલા પપ્પા,**

**"મંજિલ દૂર અને ઘણી બધી છે, નાનકડી આ જિંદગીમાં ફિકર ઘણી બધી છે,**
**આ દુનિયા તો ક્યારની મારી નાખત પણ 'પિતા'ના પ્રેમની અસર ઘણી બધી છે."**

કહેવાય છે કે પિતાના પ્રેમ માટે 'દીકરી' એ ભગવાન તરફથી મળેલી એક અમૂલ્ય ભેટ કહેવાય. પણ આ વાત મારા જીવનમાં ઘણા અંશે ખોટી પડી. હું જયારે સમજણી થઇ ત્યારે મને એમ લાગતું કે મારા પપ્પા દુનિયાના સર્વશ્રેષ્ઠ પપ્પા છે, પણ મને એ નહોતી ખબર કે જે વ્યક્તિ મને અને મારી મમ્મીને જીવનરૂપી નૌકામાં એકલા છોડી જતા રહેશે, એવા ક્ષણે તરછોડી દેશે કે જયારે મને પિતાના પ્રેમ, હુંફ અને કાળજીની જરૂર હોય. મારી એ ભૂલ હતી કે જેને મારા પ્રત્યે લાગણી હતી જ નહીં. મારા પપ્પા એ જે મારી અને મારી મમ્મી સાથે કર્યું એવું ભગવાન કોઈ દીકરી સાથે કે કોઈ પત્ની સાથે ન થવા દે. મારા દાદી અને પપ્પાને તો દીકરો જ જોઈતો હતો પણ હું આવી. આપણા સમાજમાં માત્ર દીકરો હોવાની માન્યતાને મહત્વ આપવામાં આવે છે.

મારા પપ્પાએ અમને ૧૭/૦૬/૨૦૦૬ના દિવસે તરછોડ્યા હતા. એ દિવસે મમ્મી-પપ્પાના છૂટાછેડા થયા હતા. આજે ૧૧ વર્ષથી હું પિતાના પ્રેમ માટે ઝંખતી હતી. મેં મારી જિંદગીના ૧૧ વર્ષ પિતાના પ્રેમ માટે વલખાં માર્યા છે. મારા નાના-નાનીના કારણે અમને રહેવા ઘર અને રોટલો મળી ગયાં. જો કદાચ મારા નાના-નાનીએ અમને મદદ ન કરી હોત તો આજે હું અને મારી મમ્મી જે કઈ છીએ એ કદાચ ન હોત.

મારા મમ્મી-પપ્પા અને હું બેંગ્લોર(કર્ણાટક)રહેતા હતા. ત્યાં અમે ૬ વર્ષ રહ્યા. એ ૬ વર્ષ મારી મમ્મી માટે જીવનના કપરા અને કઠીન વર્ષ હતા. મારા પપ્પાની જિંદગીમાં એક જ ધ્યેય જલ્દી પૈસા કમાય અને પૈસાદાર થવું. પછી ભલે એ સાચો કે ખોટો રસ્તો હોય. એ પૈસા કમાવાની લાલચમાં એમને એવી લત લાગી કે જેને અમારી જીંદગીને વેર વિખેર કરી નાખી. એમને એના કરતા અડધી ઉંમરની છોકરી



જોડે સબંધો રાખ્યા. જેને કારણે ઘરમાં કલેશ થવા લાગ્યો. રોજ ઝઘડા થતા, પપ્પા મમ્મીને શારીરિક અને માનસિક ત્રાસ આપવા લાગ્યા. નોકરીમાં કરેલા ખોટા કામોને કારણે તેમણે નોકરીમાંથી હાથ ધોવા પડ્યા. પછી તેમને પોતાનો ધંધો શરૂ કરવાનું વિચાર્યું. જે વસ્તુ નાના પાયેથી શરૂ થાય. તેને બદલે તેને સીધી મોટી છલાંગ મારી જેમ-તેમ ધંધો તો શરૂ કર્યો. પણ તેને ચલાવતા ન આવડ્યું અને કરજા કરવાનું ચાલુ કર્યું. પણ કરજો એટલો કર્યો કે રોજના ૨૫૦૦૦ રોજના ચૂકવે તો પણ પૂરા ન ચૂકવાય. આમ રોજના ઝઘડા થવા માંડ્યા. એક બાજુ કરજાનો વધારો અને બીજી બાજુ છોકરી સાથેના સબંધ કાયમ રાખવા. પપ્પાએ મમ્મી સાથે છૂટાછેડા લેવાનો વિચાર કર્યો. પરંતુ મારી મમ્મી મારા ભવિષ્ય માટે પપ્પા સાથે રહેવા માગતી હતી. પરંતુ પપ્પા એની જીદ પર અડગ હતા. અંતે મમ્મીએ બેંગલોર છોડી ગુજરાત આવવાનો વિચાર કરી દાદા-દાદીને જાણ કરી. અમે બેંગલોરથી ગુજરાત આવ્યા. ગુજરાત પહોચતાં જ પપ્પાએ મમ્મી સાથે છૂટાછેડા લેવાનું નક્કી કરી લીધું. ત્યારે તો જાણે મમ્મી પર આભ તૂટ્યું હોય તેવી હાલત હતી. પછી અમે જામનગર નાના-નાનીના ઘરે આવ્યા. ખુબ સમજાવવા છતાં અંતે છૂટાછેડા થયા.

છૂટાછેડા થયા બાદ મમ્મી નોકરીએ લાગી. એના પગારથી મારું ભરણપોષણ મારા સપના, મારા શોખ, મારું ભણતર, બધું જ પૂરું કરતી. મને મમ્મીએ મા-બાપ બંનેનો પ્રેમ આપ્યો છે. પણ આ ૧૧ વર્ષ મેં પિતાના વાત્સલ્ય પ્રેમ માટે ખૂબ જ વલખા માર્યા. નાના ના અવસાન પછી નાનીના પેન્શન પર ઘર ચાલતું. મમ્મીનો પગાર તો મારા ભણતરમાં જતો રહેતો. ૨૦૧૪માં મમ્મીની સર્જરી પછી તેને તકલીફ રહેતી તેથી તેને નોકરી મુકવી પડી. નોકરીમાંથી P.F ના પૈસામાંથી મારું ભણતર અને મારી સગાઈ કરી. મારી સગાઇ તો થઇ ગઈ પણ પ્રશ્ન હતો મારા લગ્નનો. ઘર તો પેન્શન પર ચાલી જતું. મમ્મી અને નાની બંને ને મારા લગ્નની ચિંતા કોરી ખાતી હતી. એ વખતે મારા માતા તુલ્ય સાસુમાએ મહેશપપ્પાના આ કાર્ય વિશે મમ્મી અને નાનીને વાત કરી અને થોડો ભાર હળવો કર્યો.

હું અને મારા સાસુમાં પપ્પાની ઓફિસે મળવા ગયા. જયારે પહેલીવાર પપ્પાની ઓફીસમાં પગ મુક્યો. ત્યારે મારા અંતરના ઓરડામાં એટલી શાંતિ થઇ કે મનમાં આશા જાગી કે હવે મારા પિતાના પ્રેમની ઝંખના પૂરી થશે. ઓફિસમાં જતા મને એટલું પોતાપણું લાગ્યું જાણે હું કેટલાય સમયથી અવર-જવર કરું છું. મારો અહી કેટલોય જુનો સબંધ છે. અમે પપ્પાને મળ્યા, બધી વાત કરી અને જયારે પપ્પાએ મને 'દીકા' કહીને બોલાવી ત્યારે તો મને ખૂબ સંતોષ થયો. મને તો સપનેય ખ્યાલ નહોતો કે મારી જિંદગીમાં પિતા આટલા સરસ મળશે. હું જયારે સ્કૂલમાં હતી. ત્યારે બીજી બાજુ કોઈને પોતાના પિતા સાથે જોઉ ત્યારે એમ થતું કે મારા નસીબમાં પિતાનો પ્રેમ નથી. પણ જ્યારથી મારી જિંદગીમાં સસરારૂપી અને મહેશપપ્પા આવ્યા ત્યારથી મારા જીવનમાં કોઈ કમી નથી રહી. પિતાની ખોટ સંપૂર્ણ થઇ છે. જે પ્રેમ હું ઝંખતી હતી એ મને મળ્યો છે. જીવનમાં



'બાપ' તો બધા બને છે પણ 'પિતા' બનવું અઘરું છે.

જે મેં મારા સપને નહોતું વિચાર્યું એ બધું પપ્પા અમારા જેવી દીકરીઓ માટે કરે છે. પપ્પા એક સગા પિતા જેટલું પોતાની દીકરી માટે કરે છે એના કરતા વિશેષ અમારા માટે કરે છે. પપ્પા પોતાની દરેક દીકરી માટે નાનેથી માંડી મોટી બધી જ વસ્તુઓ અપાવે છે તથા પપ્પા લગ્ન પછી એક પિતાની જે જવાબદારીઓ હોય છે એ બધી પૂરી કરે છે. પપ્પા માટે જેટલું કહું એટલું ઓછું છે. પપ્પાએ જયારે મારા માથે હાથ મુકીને એમ કહ્યું કે, 'દીકા, આજથી હું તારો પિતા છું તને હવે કોઈ કમી નહિ રહે. તારે કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી." ત્યારે મને એમ થયું કે ભગવાને મારી અરજી સાંભળી તમને મારા જીવનમાં ફરિશ્તા બનાવીને મોકલ્યા છે. જે અમારી જેવી દીકરીઓનાં સપનાં પુરાં કરે છે પપ્પા તમે મારા માટે ફરિસ્તાના રૂપમાં પિતા મળ્યા છો. જે અમારી પૂરેપૂરી કાળજી લે છે. અમને પિતાનો પ્રેમ પૂરો પાડે છે. હવે મારા જીવનમાં પેલી વાત સાચી પડી છે. જયારે મારા જીવનમાં સસરારૂપી પિતા અને મહેશ પપ્પા છે તો મને હવે શી ખોટ? પપ્પા તમારા માટે એક પંક્તિ કહું તો.

**"ક્યાં ખુબ રબને કિયા, બિન માંગે ઈતના દિયા,**
**વરના હે મિલતા કહાં, હમ ફકીરો કો ખુદા."**

સમાજમાં ઘણા એવા વ્યક્તિઓ છે જે દાન-પુણ્ય કરે છે. પણ નિઃસ્વાર્થ ભાવે દીકરીઓનું કન્યાદાન કરવું એ બધાના હાથની વાત નથી. મિલકતો, પૈસા, સમૃદ્ધિ તો ઘણા પાસે હોય છે પણ નિઃસ્વાર્થ ભાવે એ પૈસાને અમારા જેવી દીકરીના ધામધૂમથી લગ્ન કરાવવા અને એના અનેક પુણ્યના કામ કરવાનું કામ મહેશપપ્પા જેવા વ્યક્તિ જ કરી શકે. અમે પિતાવિહોણી દીકરીઓ તમને ભગવાન કહીએ કે ફરિશ્તા કહીએ એક જ છે. આવા મારા આદરણીય પપ્પાના ચરણોમાં મારા કોટિ કોટિ વંદન. અમારા જેવી ઘણી દીકરીઓની દુઆ પપ્પા સાથે છે. ભગવાનને બસ એટલી પ્રાર્થના કે પપ્પાને લાંબુ આયુષ્ય આપે. તેમને આવાને આવા અનેક સારા કાર્યો કરવાની શક્તિ આપે. છેલ્લે આટલું જ કહીશ કે,

**"દીકરી તો એક પારેવડું છે, કાલ સવારે પારકાને પોતાના કરવા,**
**ઉડી જશે, માટે જગતના બધા જ પિતાને મારી વિનંતી છે કે,**
દીકરીને ખુબ પ્રેમ આપો. ઈશ્વર એ તમને બધાને મોટામાં મોટું
દાન કરવાનો મોકો આપ્યો છે તે 'કન્યાદાન' માટે તમે દીકરીને
ખુબ પ્રેમથી રાખજો.
"કોણ કહે છે કે દીકરી સાપનો ભારો,
અરે! અમે તો કહીએ દિકરી તુલસીનો ક્યારો !!"

**લિ. તમારી વહાલી દીકા,**
**નિશિતા. જય રામાપીર.**



# ડાભી શીતલ કાળુભાઈ

જન્મતારીખઃ- ૦૩/૦૮/૧૯૯૭
પિતાની પુણ્યતિથિઃ- ૦૨/૦૭/૧૯૯૯



Dear papa ,

**જય રામાપીર,પપ્પા.**

દુનિયામાં સૌથી વધારે સુખ પપ્પાને ત્યારે થાય છે કે જયારે દીકરીનો જન્મ થાય છે અને દીકરી જયારે પિતાની છત્રછાયા ગુમાવી દે છે. ત્યારે તેને સૌથી વધારે દુઃખ થાય છે. પપ્પા વગરનું જીવન ખૂબ જ અઘરું છે. પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરી જ જાણે છે કે પિતાનો હાથ માથા ઉપરથી ઉઠી જાય ત્યારે કેવો સમય આવે છે. અમે બે બહેનો અને મમ્મી બસ ત્રણ વ્યક્તિનો પરિવાર છે. મારે ભાઈ પણ નથી. મારા પપ્પાનું અવસાન મારા નાનપણમાં જ થઇ ગયું હતું. જયારે હું દોઢ વર્ષની હતી અને મારી બહેન બે વર્ષની હતી.

મેં મારા પપ્પાને જોયા પણ ન હતા. મારા મમ્મીએ અમે બે બહેનોને ખૂબ જ લાડકોડથી ઉછેરીને મોટી કરી. પણ હવે મારા લગ્ન થવાના છે અને મને મહેશપપ્પા મળી ગયા છે. મારા પપ્પાની કમી દુર કરીને અમારી જેવી કેટલીય દીકરીઓને પોતાની દીકરી બનાવીને અમારા લગ્ન કરીને તમારા આંગણામાંથી વિદાય કરો છો. તેમને હું ભગવાન સમાન માનું છું. મહેશપપ્પા તમને આભાર કેવા માટે મારી પાસે શબ્દ નથી. તમને ગમે તેટલું લખું તો પણ ઓછું છે. હું તમને સુખ-દુઃખમાં હંમેશાં યાદ કરીશ.

**"ચાંદ સે પ્યારી ચાંદની, ચાંદની સે પ્યારી રાત,**
**રાત સે પ્યારી જિંદગી, જિંદગી સે પ્યારે પપ્પા."**

એ ખુદા તેરી મહેફિલ મેં દુઆ કરતી હું મેરે મહેશપપ્પા કો સદા ખુશ રખના.

***I LOVE YOU MAHESHPAPA.***
***I MISS YOU SO MUCH.***

**લિ. તમારી વહાલી દીકા,**
**શીતલ.**



## સાલવી ભાવના જગદીશભાઇ

જન્મતારીખઃ- ૨૧/૦૯/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૨૪/૦૩/૨૦૦૫


**Dear papa,**
**જય રામાપીર,**

આજે મને પપ્પા વિશે કંઈક લખવાનો અવસર મળ્યો છે. તેથી હું ખૂબ જ ગર્વ અનુભવું છું 'મા' વિશે તો કોઈ પણ લખી શકે છે. પરંતુ એક પિતા વિશે લખવાનું કહો તો બેસ્ટ ટીચર, બેસ્ટ કવિ, અને લેખક પણ પાછા પડી જાય છે. કારણ કે એક પિતા વિશે તો તેની દીકરી જ લખી શકે. દરેક પુત્રી પોતાના પિતાને કેમ સૌથી વધુ પ્રેમ કરે છે? કારણ કે આખી દુનિયામાં એક જ પુરુષ છે જે તેને ક્યારેય દુઃખી નહિ કરે પિતા.

પિતા અને પુત્રીનો પ્રેમ કોઈ પણ ત્રાજવામાં તોલી શકાતો નથી. અને એક દીકરી માટે તેના પિતા 'વર્લ્ડ બેસ્ટ' પિતા હોય છે. હું પણ આજે મારા પિતા વિશે કાંઈક કહેવા જઈ રહી છું. મારા પિતા 'વર્લ્ડ બેસ્ટ' તો ન હતા, પણ તે ફક્ત મારા પિતા હતા. મારા પરિવારમાં મારા મમ્મી-પપ્પા, અમે બે બહેન અને નાનો ભાઈ તથા મારા વહાલા ફોઈ. આટલું જ અમારૂ પરિવાર. મારા પપ્પા એક રીક્ષા ચાલક હતા. તે મને તથા મારા ભાઈ-બહેનને ખૂબ જ પ્રેમ કરતા હતા. અમારું કુટુંબ હતું. અમે જીવતા તો ગરીબીની રેખા હેઠળ પણ દિલથી જીવતા. પણ કહ્યું છે કે "કર્મની ગતિ ન્યારી છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ તો તડકા અને છાંયડા જેવા છે."

**"હસતે હૈ હસતે હૈ મેરે પાપા, મેરે લિયે ખુશિયાં લાતે હૈ મેરે પાપા.**

ટૂંક સમય પછી મારા પપ્પાને કેન્સર જેવા રોગે ભરખી લીધો. ૨-૩ વર્ષ એમની સારવાર કરાવવા છતાં તેમણે તારીખ ૨૪/૩/૨૦૦૫ એ રાત્રે ૩ કલાકે તેમના રીબાતા જીવને મુક્તિ મળી. ત્યારે મારી ઉંમર ૮ વર્ષ હતી. મને સમજણ નહોતી પણ એટલી ખબર પડતી કે હવે માથેથી પિતાનો હાથ જતો રહ્યો છે. અમારું નાનું કુટુંબ પંખીના માળાની જેમ વિખાઈ ગયું. અમારા સંસારરૂપી રથનો સારથી હવે અદ્રશ્ય થઇ ગયો. જીવન રૂપી નૌકાની શુકાની છીનવાઈ ગઈ. આપણે બધા કહીએ છીએ કે પિતાએ ઘટાદાર વૃક્ષ છે અને બાળકો એ શીતળ છાયામાં રમે છે અને ત્યારે અમારી શીતળ છાયા છીનવાઈ



ગઈ. બસ હવે જીવનમાં તડકો જ તડકો રહી ગયો. અમને એમ હતું કે હવે મારા પપ્પાની ખોટ કોણ પૂરી પાડશે? ઘરની તકલીફનું નિવારણ કોણ કાઢશે? હવે મમ્મી મને ખીજાશે તો કોને ફરિયાદ કરશું? અને હવે અમને કોણ સાચવશે? ત્યારે મારા નાનકડા દિમાગમાં આવા કેટલાય પ્રશ્ન આંટા મારતા.

**" પપ્પા હતા અમારા મનના મોતી, ગગન માંથી લાવો કોઈ ગોતી,**
**આંખો અમારી હિબકે રોતી, પપ્પાને મળવાની વાટલડી જોતી."**

મારા પપ્પાના અવસાન પછી જિંદગી જ બદલાઈ ગઈ તે પછી આખા ઘરનો ભારો મારા મમ્મી અને ફોઈ પર આવી ગયો તેમને મહેનત કરી અમને મોટા કર્યા. સમય વીતતો ગયો.એમ મારી મોટી દીદીના લગ્ન નો અવસર આવી ઉભો રહ્યો. એ સમયે અમને અમારા પપ્પાની ખબૂ જ કમી મહેસૂસ થઇ. લગ્નનો બધો ખર્ચો મમ્મીએ અને દીદીએ મળીને કર્યો. લગ્ન બાદ ઘરમાંથી ફરી એક વ્યક્તિ ઓછું થઇ ગયું. 'મારી બહેન' 'મારી બહેનપણી' જેને હું મારી દરેક તકલીફમાં મારી સાથે મારા મદદગાર તરીકે રાખતી. ત્યારે હું દસમું ધોરણ ભણતી હતી અને તે જ સમયે હું ૩ મહિના માટે કોમામાં જતી રહી. મારા મમ્મી, ફોઈ, તથા બહેન-જીજુએ જેમ તેમ કરી મને સારી અને સ્વસ્થ કરી. તે પછી મારા મગજમાં ગાંઠ હતી અને તેનું ઓપેરશન અમે અમદાવાદમાં કરાવ્યું. હવે હું બધી રીતે સ્વસ્થ છું. અને ઘણો સમય વિતી ગયો પછી હું પણ લગ્નના માંડવે બેસવાની તૈયારીમાં હતી. પણ વગર પિતાના સહારે મારે લગ્ન કરવા કેમ? ત્યા જ મારા સાસુમાએ મને પી.પી. સવાણી ગ્રુપ દ્વારા થતા લગ્ન વિશે જણાવ્યું અને મહેશપપ્પા વિશે જણાવ્યું અને એ સાંભળતા જ દિલમાં અનોખો શુકુન અનોખી શાંતિ પ્રાપ્ત થઇ. પછી પી.પી. સવાણીમાં લગ્નનું ફોર્મ ભર્યા પછી ફોર્મ પાસ થવાનો ફોન આવતા હું ખુશીથી છલકાઈ ગઈ.

**"મંજિલ દૂર ઔર સફર બહુત હૈ, છોટી સી જિંદગી કી ફિકર બહુત હૈ,**
**માર ડાલતી યે દુનિયા કબકી હમે, લેકિન મેરે પાપા કે પ્યાર કી અસર બહોત હૈ.**

તે પછી મહેશપપ્પાને હું ૧૭ જુન,૨૦૧૭ના રોજ બપોરે ૨:૩૦ વાગે મળી. બસ એ દિવસ મારો યાદગાર દિવસ હતો. કારણ કે પપ્પાના અવસાનના ઘણા લાંબા સમય બાદ મેં "પપ્પા" શબ્દનો ઉચ્ચાર કર્યો હતો. ત્યારે પપ્પાએ મને કહ્યું કે તમારી તમામ ચિંતા અને મુશ્કેલી અહી મુકતા જાવ. હવેથી એ બધું મારું અને સુખ અને ખુશી તમારી. બસ, ત્યારથી જ મારી મોટા ભાગની ચિંતા દૂર થઇ ગઈ અને એક ખુશી મળી કે મને પપ્પા કહેવાનો અધિકાર , હક પાછો મળ્યો.

**'જો ભૂલે ના ભૂલા શકે, વો હૈ  મેરે પાપા કા પ્યાર,**
**દિલ મેં જિનકે મેં હું, વો હૈ મેરા સારા સંસાર'**



મહેશપપ્પા મારી જિંદગીમાં (ઈશ્વર) સ્વરૂપે આવ્યા. મને મગજમાં ગાંઠ પાછી થઈ. તેને હું મારી જિંદગીનો શ્રાપ સમજતી હતી. પણ મહેશપપ્પાને મેં જયારે મારી બીમારી વિશે વાત કરી ત્યારે તેમને મારા બધા રીપોર્ટ મોટામાં મોટા ડોક્ટરને મોકલ્યા અને ભારતના સૌથી મોટા ન્યુરોલોજિસ્ટ પાસે મારી સારવાર કરાવી. અને મને એ શ્રાપમાંથી મુક્ત કરી. જે મારા ઘર, પરિવાર કે સમાજ ના કરી શકયો. તે મારા મહેશપપ્પાએ મારા માટે કર્યું. મારા લગ્નનો બધો ભાર મહેશપપ્પા ઉપાડે છે. અને હવે હું ખૂબ જ ખુશ છું કે મારી પાસે મારા પપ્પા છે. એટલે હવે મને કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

પપ્પા તમારો ઘણો ઘણો આભાર મારી જિંદગી બદલવા માટે અને મારે જિંદગીમાં આવવા માટે........

**“આવી રડતી બાપની પાસે, બોલી કાનમાં ખૂબ જ ધીરે,**
**કોને બોલશો-વઢશો પપ્પા હવે, હું તો આજ સાસરીયે ચાલી.”**

I LOVE YOU PAPA....
લિ. તમારી વહાલી દીકા,
ભાવના.



# પરમાર વંદિતા શશિકાંતભાઈ

જન્મતારીખઃ- ૧૩/૦૮/૧૯૯૩
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૦૨/૨૦૧૪



DEAR PAPA,

જય રામાપીર પપ્પા, મારું નામ પરમાર વંદિતા શશીકાંતભાઈ છે. અમે ઘરમાં પાંચ સભ્ય હતા. શાંતિથી જીવન ચાલતું હતું એવામાં મારા પપ્પાને અચાનક પેટમાં દુઃખાવો થવા લાગ્યો. ડોક્ટર પાસે નિદાન આવ્યું કે તેમને હોજરીમાં પંચર પડી ગયું છે. તેનું ઓપરેશન સિવિલમાં કરાવ્યું હતું.અમારા ઘરનો એક માત્ર આધાર મારા પપ્પા જ હતા. ઓપરેશન પછી પૂરતો આરામ ના લેતા તેમના ટાંકા તૂટી ગયા. ત્યાં તેમને સારણગાંઠ થઈ. ઓપરેશન નબળી આર્થિક પરિસ્થિતિને કારણે ન કરાવી શક્યા અને થોડા સમયમાં પપ્પા અમને છોડીને જતા રહ્યા. પછી મેં સ્કૂલ તથા ટ્યુશન કરાવી ઘણી જવાબદારી સ્વીકારી લીધી. પછી મારી સગાઈ નક્કી કરી. પણ મારા મમ્મીને ચિંતા હતી કે હું શું કરીએ?લગ્ન કેમ થશે? પરંતુ અમે મહેશપપ્પાને મિટિંગ માં મળ્યા અને એમને કીધું કે તમે હવે તમારી દીકરીની ચિંતા ન કરો અને તેની ચિંતા મને આપી દો. એ સાંભળી મારા મમ્મીની આંખોમાંથી આંસુ આવી ગયા. પછીથી મારી ચિંતા દૂર થઈ ગઈ.

મહેશપપ્પા મળ્યા ત્યારથી મારી જિંદગીમાં નવા જીવનની શરૂઆત થઈ. નહી તો હું પપ્પા બોલું ત્યાં જ મારી આંખોમાંથી આંસુ આવી જાય અને હવે પપ્પા કહેતા ખુશીનો પાર નથી રહેતો. પપ્પા મારા ઘરે આવવાના હતા ત્યારે તો હું ગાંડીઘેલી બની ગઈ હતી. પપ્પા તમારા વિષે જેટલું લખું એટલું ઓછું પડે. I LOVE YOU PAPA..મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છે. મહેશપપ્પાએ ક્યારેય પપ્પાની કમી મેહસૂસ નથી થવા દીધી. મારા બધા જ સપના પૂરા કરે છે. મને જન્મોજન્મ આવા જ પપ્પા મળે. મારા પપ્પાને કાર્ય કરવા માટે ભગવાન શક્તિ આપે, હિંમત આપે અને સ્વસ્થ સારું રહે એવી જ ભગવાનને પ્રાર્થના. I AM PROUD OF YOU MY DEAR PAPA..

***'સાગરમાં નીર ઘણું ગાગરમાં સમાય નહીં,***
***મારે મન કહેવું ઘણું પણ કાગળમાં સમાય નહીં.'***

I LOVE YOU PAPA... I MISS YOU PAPA..જય રામાપીર.

***લિ. તમારી લાડકી દીકા, વંદિતા.***



## ગૌસ્વામી કૃપા હસમુખભારથી

જન્મતારીખઃ- ૧૮/૧૨/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ-૩૦/૧૦/૨૦૦૫



**પ્રિય પપ્પા,**
**જય રામાપીર,**

મારી જિંદગીમાં મારા પપ્પા એ, મારુ એક અંગ હતું. મારા પપ્પા જતા રહ્યા એટલે મારું અડધું અંગ જાણે ખોટું થઇ ગયું. અમે ત્રણ ભાઈ-બહેન છીએ. બે બહેન મોટી અને એક નાનો ભાઈ છે. મારા પપ્પા મને છોડી ને ગયા ત્યારે મારી ઉમર ૧૦ વર્ષની હતી. હું ધોરણ ૬માં અભ્યાસ કરતી હતી અને દિવાળીના દિવસો હતા. અમે બધા તૈયારી કરતા હતા. એક રાત્રે એવું બન્યું કે અચાનક મારા પપ્પાને એટક આવતા એમનું અવસાન થયું. તે દિવસ ધનતેરસ નો દિવસ હતો. તે જ દિવસે અમારું ધન લુંટાઈ ગયું. ત્યારે તારીખ ૩૦/૧૦/૨૦૦૫ હતી. પપ્પા વગરની લાઈફથી અમારા જીવનમાં અંધકાર છવાઈ ગયો હતો. મારા મમ્મીએ અમને ત્રણ ભાઈ-બહેનને ભણાવી-ગણાવી જીવન જીવવાનો એક રાહ પૂરો પાડ્યો. મારા પપ્પાની ખોટ ક્યારેય વર્તાવવા દીધી નથી. તેને મારી સેલ્યુટ છે.

મારા મમ્મી બાળ આંગણવાડીમાં જોબ કરે છે. મારા પપ્પા ભગવાનને જરૂર હોવાથી અમારાથી છીનવાઈ ગયા હતા. ભગવાનને મને મારા મહેશપપ્પાના સ્વરૂપે એ મને પાછા આપ્યા. મેં મારી જીંદગીમાં હમેશા મહેનતનું જ ખાધું છે ને આગળ પણ મહેનત કરીશ. પપ્પા જેવા તો નહિ બની શકીએ પણ મારે પપ્પા જેવું કામ કરવું છે. બધાને એક પપ્પા મળે મને ત્રણ પપ્પા મળ્યા બે મારા પાપા એક મારા સસરા પપ્પા માટે ઘણું બોલવું છે પણ મારી જિંદગી ટુકી પડશે પપ્પા તમારી કૃપા દીકાના ઓમ નમો નારાયણ.

***TAMARI VAHALI DIKARI NA JAI RAMAPIR***
***I LOVE YOU PAPA THANK YOU SO MUCH PAPA***

**લિ.**
**તમારી દીકા,**
**કૃપા.**

## પારેખ ઈશિતા પંકજભાઇ

જન્મતારીખઃ- ૧૬/૦૫/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૧૧/૦૫/૨૦૦૯



**Dear papa**
**જય રામાપીર,**

પપ્પા હું કયાંથી શરૂઆત કરુ તે કઈ તે સમજાતું નથી, મારા પરિવારમાં હું મારી મમ્મી, મારો નાનો ભાઈ અને દાદા દાદી છે. બધાની લાઈફમાં માતા પિતાનું ખૂબ જ મહત્વ હોય છે. પણ અમુકના નસીબમાં તેમનો પ્રેમ નથી મળતો. હું આઠમાં ધોરણમાં ભણતી હતી. ત્યારે મારા પપ્પાનું અવસાન થયું હતું, ત્યારથી ઘરની બધી જવાબદારી મારી મમ્મી પર આવી ગઈ અને હિંમત હાર્યા વગર બધાની જવાબદારી ઉપાડી લીધી અને મને ભણાવી. એમ તો બધા સગાસંબંધી કહે છે કે અમે જોઈશું અમારી જવાબદારી છે પણ આવા સમયે કોઈ સગાસંબંધી કે કુટુંબના કોઈ મદદ પણ કરતા નથી..જયારે આવી પરિસ્થિતિ આવે છે અને પિતાની છત્રછાયા ના હોય ત્યારે કોઈ સમાજના અને કુટુંબના પણ સંબંધ રાખવા નથી માંગતા, ઘરમાં કોઇ પણ મુસીબત આવે કે કોઇ પણ પ્રસંગ આવે ત્યારે પૈસાથી તો કોઈ મદદ ના જ કરે પણ દોડધામ કરવામાં પણ મદદ નથી કરતાં..

જયારથી મહેશપપ્પા મારી જિંદગીમાં આવ્યા છે, ત્યારથી મારા બધા જ ટેન્શન દુર થઈ ગયા છે. હવે મને મારા પપ્પાની કમી બિલકુલ મહેસૂસ થતી નથી. મારી જિંદગીના બધા દુઃખ સુખમાં બદલાઈ ગયા છે અને હું ખૂબ જ ગર્વ અનુભવ અનુભવું છું કે મારા પપ્પા મહેશપપ્પા છે.

**" મંજીલ દૂર અને સફર ઘણી બધી છે,**
**નાનકડી આ જિંદગીમાં ફિકર ઘણી બધી છે,**
**આ દુનિયાતો કયારની મારી નાખત,**
**પણ મારા મહેશપપ્પાના પ્રેમની અસર ઘણી બધી છે."**

આજના ટાઈમમાં કોઈ કોઈનું જોતું નથી, એવા ટાઈમમાં મહેશપપ્પા એમની બધી દિકરીઓને યાદ રાખે છે. પપ્પાની આટલી બધી દિકરી

હોવા છતાં પપ્પા એમની બધી દીકરીઓને એકસરખી રીતે રાખે છે અને એક સરખો પ્રેમ આપે છે, પપ્પા એમની બધી દીકરીઓ સાથે હંમેશાં કોન્ટેક્ટમાં રહે છે અને દીકરીઓના મેરેજ કરાવ્યા પછી પણ આજીવન તેમનું ધ્યાન રાખે છે. દુનિયામાં સંપત્તિવાળા તો ઘણા બધા છે અને દાન પણ કરે છે, પણ આવા સદકાર્ય તો મહેશપપ્પા જેવા મહાન માણસ જ કરી શકે છે. સમાજમાં લોકો એક દીકરીને પણ બોજ ગણે છે, ત્યાં મહેશપપ્પા એમની આટલી બધી દીકરીઓનું ધ્યાન રાખે છે. મહેશપપ્પાની જિંદગી પરથી ઘણું બધું શીખવા મળે છે. પપ્પાને ભગવાને જે કાંઈ પણ આપ્યું છે, તેનો ખોટો દેખાવો ન કરતાં પપ્પા આવા સત્કાર્યોમાં તેનો ઉપયોગ કરે છે, આવા ઉદાર દિલ બધાના નથી હોતા. પપ્પા માટે એમની દીકાઓની ખુશી જ સૌથી મોટી ખુશી છે. ભગવાન તમને ખુબ લાંબુ આયુષ્ય, સ્વસ્થ જિંદગી અને આવા નેક કાર્યો કરવા માટે અઢળક સંપતિ આપે એવી મારી પ્રાર્થના..

**THANK YOU SO MUCH PAPA.**
**I LOVE YOU PAPA.**

**લિ. તમારી વહાલી દીકા,**
**ઈશિતા.**
**જય રામાપીર.**



# વાળા કોમલ ઓધવજીભાઈ

જન્મતારીખઃ- ૦૫/૦૪/૧૯૯૩
પિતાની પુણ્યતિથીઃ- ૦૯/૦૪/૨૦૦૧



**My Dear papa,**

**જય રામાપીર,**

સૌથી પહેલાં હું ભગવાનને THANK YOU કહીશ, THANK YOU GOD. મને મહેશપપ્પા જેવા પપ્પા મળ્યા.

"પપ્પા" એટલે શું..? 'પપ્પા' એ અઢી અક્ષરનો શબ્દ છે. એ અઢી અક્ષરનો શબ્દ ખાલી અઢી અક્ષર નથી, પરંતુએ શબ્દમાં આખી જિંદગીભરનું "નિઃસ્વાર્થ વાત્સલ્ય" સમાયેલું છે. જે સુખ બધા પાસે હતું પણ કદાચ મારી પાસે જ નહોતું.

હું કોમલ આજે મારા મનની વાત થોડા ટુંકા શબ્દોમાં વર્ણવવા માગું છું.

હું આઠ વર્ષની હતી ત્યારે જ મારા પપ્પા સ્વર્ગવાસ થયા થતા. હું સાવ નાની હતી ને મારાથી પણ મારા બે ભાઈ અને એક બહેન હતી. મારા પપ્પા ગયા પછી મારા મમ્મીએ ખુબ જ મુશ્કેલીમાંથી પસાર થઈને અમને ભણાવીને મોટા કર્યા છે. હું પણ મારા મમ્મીને નાની એવી નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવવામાં મદદરૂપ બનતી. મારી સગાઇ થઇ પછી મારા મમ્મીને મારા લગ્નની ચિંતા સતાવતી હતી. જે ચિંતા મહેશપપ્પાએ મારા માથા પર પ્રેમથી હાથ ફેરવીને "દીકા" કહી મારા લગ્નની બધી જ જવાબદારી ઉપાડીને મોટી ચિંતા હળવી કરી. THANK YOU PAPA.

જે સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું કે મને મારા પપ્પા પાછા મળશે અને મારા આટલી સારી રીતે ધૂમધામથી પપ્પાના આશીર્વાદ સાથે લગ્ન થશે. પણ ભગવાને મારા દિલની વાત સાંભળી અને મને મહેશપપ્પા જેવા પપ્પા પાછા મળી ગયા. THANK YOU GOD...

"ભગવાનના ઘરમાં દેર છે પણ અંધેર નથી" ભગવાને મને મહેશપપ્પા જેવા પપ્પા આપ્યા છે. હું મહેશપપ્પાી જિંદગીભર આભારી રહીશ અને પ્રાર્થના કરીશ કે મારા મહેશપપ્પા હમેશા ખુશ રહે અને આમ જ બધી જ દીકરીઓના સહારો બનતા રહો.

"પપ્પા" શબ્દ તો જાણે મારી લાઈફમાંથી હંમેશા માટે જતો રહ્યો હતો. બધા જયારે પપ્પા-પપ્પા બોલતા ત્યારે હું પણ પપ્પા શબ્દ બોલવા માટે તરસતી.

મને પણ મન થતું કે હું પણ પપ્પા બોલું પપ્પા મારી માથે પણ હાથ ફેરવીને મને પપ્પાનો પ્રેમ મળે. પણ કદાચ મારા નસીબમાં પપ્પા ન હોય તેવું મને લાગતું. પણ કદાચ ભગવાને મારા દિલની વાત સાંભળી લીધી હશે. તેથી જ તો મારા જીવનમાં ભગવાન સ્વરૂપ મહેશપપ્પાને મારા પપ્પાની કમી પૂરી કરવા મોકલ્યા, THANK YOU

જયારે મહેશપપ્પાએ મને પહેલીવાર “દીકા” કહીને બોલાવી અને કહ્યું કે આજથી હું તારા પપ્પા છું. ત્યારે મારી આંખમાં ખુશીના આંસુ સરી પડ્યા. મારા જીવનની મોટી ખુશી હતી કે મહેશપપ્પાએ મને દીકા બનાવી.

મહેશપપ્પા તમારા વિશે શું લખું તે સમજાતું નથી જેટલું લખું તેટલું ઓછું છે. તમે મારી જિંદગી ખુશીઓથી ભરી દીધી છે. તમે મારું “ડ્રીમ મેરેજ”નું સ્વપ્ન પૂરું કર્યું છે.

“સાગરમાં નથી ઘણું છે ઘરમાં સમાય નહિ, મારે મન લખવું છે ઘણું પપ્પા વિશે પણ કાગળમાં સમાય નહિ”

આજે મારી પાસે એક નહિ બે-બે પપ્પા છે. મારા સસરા મારા વહાલા પપ્પા છે. મહેશપપ્પા તમારી વિશે એટલું જ કહીશ કે,

**“ ફૂલ કી શરૂઆત કલી સે હોતી હે,**<br>
**જિંદગી કી શરૂઆત પ્યાર સે હોતી હે,**<br>
**પ્યાર કી શરૂઆત અપનો સે હોતી હે,**<br>
**ઓર અપનો કી શરૂઆત મેરે,**<br>
**પ્યારે મહેશપપ્પા સે હોતી હે.”**

*LOVE YOU PAPA,*<br>
*THANK YOU PAPA..*<br>
*GOD BLESS YOU PAPA*<br>
*JAY RAMAPIR*

**લિ. તમારી લાડકી દીકા,**<br>
**કોમલ.**



# વાળા શિલ્પા ઓધવજીભાઈ

જન્મતારીખઃ- ૧૫/૧૧/૧૯૯૪

પિતાની પુણ્યતિથિઃ- ૦૯/૦૪/૨૦૦૧



**Dear papa, love you..**

**જય રામાપીર,**

મહેશપપ્પા તમારા વિશે શું કહું ને શું નહીં? તમારી વિશે લખુ તો આ બુક પણ ટુંકી પડે. કહે છે કે પપ્પા એ પ્રેમનો દરિયો છે પણ પપ્પા તમારા સામે તો આ વિશાળ દરિયો પણ નાનો લાગે છે.

**"પપ્પા.......પપ્પા" એટલે શું?**

પપ્પા એટલે ઘરની "છત", પપ્પા શબ્દ એટલે શું? પપ્પા શબ્દ એટલે વહાલનો દરિયો પણ આ પપ્પા શબ્દ જ મારી જિંદગીમાંથી જ કયાંક ખોવાઈ ગયો હતો. પપ્પા શું છે? કેવા હોય પપ્પા ? કેવો હોય પપ્પાનો પ્રેમ? મને કંઇ જ ખબર ન હતી. મને પપ્પાનો પ્રેમ મળ્યો જ નહોતો.

પણ, હા આજે કોઈ પુછે કે પપ્પા એટલે શું પપ્પા કેવા હોય, તો હું કહીશ.

**"ચંદાને પુછા તારો સે, તારો ને પુછા હજારો સે, સબસે પ્યારા કોન હૈ?....પપ્પા ઓ મેરે મહેશપપ્પા......પપ્પા ઓ મેરે મહેશ પપ્પા"...**

THANK YOU મહેશપપ્પા તમે મારી લાઈફમાં આવ્યા.

હું સાવ નાની હતી ત્યારે જ મારા પપ્પા એક એક્સીડેન્ટમાં અવસાન પામ્યા હતા. પપ્પાના ગયા પછી અમારા ઘરની બધી જ જવાબદારી મારા મમ્મી પર આવી ગઈ હતી. મારા મમ્મીએ ખૂબ જ મુશ્કેલીનો સામનો કરીને અમારું ભરણપોષણ કર્યું છે.

મારી સગાઈ થઈ પછી મારા લગ્નનો સમય જેમ નજીક આવ્યો તેમ મારા મમ્મીને મારા લગ્નની ચિંતા સતાવવા લાગી. પણ ભગવાનને મારા મમ્મીની ચિંતા દૂર કરવા માટે ભગવાનના રૂપમાં મહેશપપ્પાને મોકલ્યા.

મેં સૌ પ્રથમવાર મહેશપપ્પાને મિટિંગમાં જોયા હતા, મહેશ પપ્પાને જોયા કે તરત જ એના રૂપમાં મને મારા પપ્પા નજર આવ્યા, જયારે

મહેશ પપ્પા એ મને પહેલીવાર વહાલથી માથે હાથ મુકીને દીકા કહ્યું ત્યારે મારા મનની બધી જ ચિંતા દૂર થઈ ગઈ. મારા મમ્મીને મહેશપપ્પાએ કહ્યું કે બહેન આજથી આ તારી પાગલ દીકરી મારી છે. ત્યારે મારા મમ્મીના મોં પરનું સ્મિત જોઇને મને ખૂબ જ આનંદ થયો.

મહેશપપ્પા હું ખૂબ જ ખુશ છું કે તમે મારી લાઇફમાં આવ્યા મારૂ સ્વપ્ન હતું કે મારા પપ્પા મારા લગ્નમાં આશીર્વાદ આપે. જે સ્વપ્ન તમે મારી લાઇફમાં આવીને પુરૂ કર્યું છે.

જો તો ક્યારે વિચાર્યું જ નહોતું કે આજના આ કળિયુગના સમયમાં પણ મહેશપપ્પા જેવા માણસો હોય છે. જે બધી જ પિતા વગરની દીકરીઓને ખૂબ જ વહાલ આપીને તેમની જવાબદારી લઈને આખી જિંદગીભર ધ્યાન આપે છે. સાચે જ આજે હું ખૂબ ખુશ છું કે મને મારા પપ્પા પાછા મળી ગયા, કોણ કહે છે. ભગવાન પાસે ગયેલ વ્યક્તિ પાછું ન આવે હું કહું છું કે મારા પપ્પા મારી પાસે આવ્યા છે. “THANK YOU GOD” “LOVE YOU MAHESHPAPA”.

હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મારા મેરેજ મહેશપપ્પાના આશીર્વાદથી થઈ રહ્યા છે. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે મારા મહેશપપ્પાને હંમેશાં ખૂબ જ ખુશ રાખેને આવી જ રીતે બધી જ પિતા વગરની દીકરીને મહેશપપ્પાનો પ્રેમ મળે.

“THANK YOU MAHESH PAPA”.

THANK YOU GOD

LOVE YOU PAPA

JAY RAMAPIR

**પાપા કી લાડકી પરી...**
**લિ. તમારી વહાલી દીકા,**
**શિલ્પા.**



# પટેલ દેવ્યાની ભગવાનદાસ

જન્મતારીખઃ- ૨૮/૧૧/૧૯૮૪
પિતાની પુણ્યતિથિઃ-૦૧/૧૨/૨૦૧૩
માતાની પુણ્યતિથિઃ-૨૫/૧૧/૨૦૧૧



**Dear Daddy, First I tell you, thanks for everything,world's best daddy means Mahesh papa 'Award winning hart winning, great father and god father sir Maheshpapa...'**

'મહેશ' એટલે ભોળાનાથ. આ નામનો અર્થ સાર્થક કરી બતાવનાર એટલે મહેશપપ્પા. કહેવાય છે કે, દીકરી પિતાના મનની વાત જાણી લેનારી હોય છે. પરંતુ આટલી બધી દીકરીઓના મનની વાત જાણનારા પપ્પા તમારી વાત જ નિરાળી છે.

હું દેવ્યાની પટેલ મારી આપવીતી જણાવવા જઈ રહી છું. માતા-પિતાની છત્રછાયા ગુમાવ્યા પછી સમજાય છે કે કુટુંબીજનો કેવા હોય છે, અને દુનિયાદારી કેવી હોય છે. અમે પાંચ ભાઈ-બહેનો છીએ. ભાઈ બધાથી નાનો છે. ૨૫/૧૧/૨૦૧૧ના રોજ મારા મમ્મી દેવલોક પામ્યા. એમના ગયા પછી મારા પપ્પા મનથી બહુ જ હારી ગયા. છતાંય તેઓ અમારા પાંચેય ભાઈ બહેનોની હિંમત બન્યા. પપ્પાએ ક્યારેય મમ્મીની ખોટ અનુભવવા નથી દીધી. પણ ભગવાનને એ પણ ન ગમ્યું. મારા પપ્પાને કેન્સર હતું. પણ અમને જાણ જ નહોતી. એ દિવસે તબિયત થોડી ખરાબ લાગી તો ચેકઅપ કરાવવા ગયા ત્યારે ડોકટરે કહ્યું આગળ દવાખાને લઈ જાવ. ત્યાં સારવાર દરમિયાન તેમને પોતાનો અંતિમ શ્વાસ લીધો. ૦૧/૧૨/૨૦૧૩ના રોજ હંમેશા માટે એકલા મુકીને જતા રહ્યા. પપ્પાની વિદાય એટલી દુઃખમય હતી એ વિચારી હૃદય ધ્રુજી ઉઠે છે. એમની કમી કોઈ પૂરી ના કરી શકે.

ત્યારે સમજાયું માતા-પિતાની હાજરી તો ખબર નથી પડતી પણ જયારે સાથે નથી હોતા તો એમની ગેરહાજરીનો અનુભવ ખૂબ જ દુઃખદ હોય છે.

"A Million Times I Needed You,
A Million Times I Cried, If Feel Alone,
Could Have Saved You,
You Never Would Have
Died In Life I Loved You,




Dearly,
In Death I Love You Still,
In My Heart You Hold Place,
That No One Could Ever Fill.
Daddy And Mahesh Papa,
You Both Are In My Life Real Hero Ever And Ever……

શબ્દો જ નથી મળતા એટલામાં સમ્માન છે. મારા જન્મદાતાની બીજી છબી એટલે મહેશપપ્પા. મારા જન્મદાતા મારા પિતાની વાત કહું તો એમના નામમાં જ ભગવાન છુપાયેલા છે અને અમે પાંચેય ભાઈ બહેનો માટે હકીકતમાં તેમને પોતાનું સ્થાન ભગવાનનું જ મેળવ્યું છે. મારા પપ્પાએ અમને ભણાવી ગણાવીને એટલા યોગ્ય બનાવ્યા કે એમની ગેરહાજરીમાં પણ અમારું ગુજરાન શાંતીથી ચાલે છે. પિતાની કમી કોઈ પૂરી ના કરી શકે. પણ મહેશપપ્પાએ આ વાતને ખોટી સાબિત કરી બતાવી છે. જ્યાં આજે લાલચી, સ્વાર્થી લોકો છે તો મહેશપપ્પા જેવા પરોપકારી, નિસ્વાર્થ અને પુણ્યશાળી પણ અહીં જ છે. એ જીવંત ઉદાહરણ છે બધા માટે અને આપણા માટે ખૂબ જ ગૌરવની વાત છે.

મારા જીવનમાં માતા-પિતાથી ઊંચું સ્થાન કોઈને નથી આપ્યું. જેટલું માન સમ્માન મારા જન્મદાતાનું કરું છું એટલું જ માન સમ્માન મારા મહેશપપ્પા માટે પણ કરું છું. પપ્પા મારી લાગણીઓને શબ્દ થકી રૂપ આપી રહી છું અગર કઈ ભૂલ હોય તો દિલથી માફ કરજો. હું એવું નહિ કહું ભગવાનના દર્શન નથી કર્યા. મેં તો મારા માતા-પિતાના રોજ દર્શન કર્યા છે. માતા-પિતાનું સ્થાન સર્વોચ્ચ છે. મારા પપ્પાની અંતિમ ઈચ્છા પૂર્ણ કરવા માટે મહેશપપ્પા મળ્યા. ક્યારેય વિચાર્યું પણ નહોતું આટલી શાનદાર રીતે વિધિપૂર્વક મારા લગ્ન થશે.

આટલા બધા પુણ્યના કામ કરવાવાળા મારા મહેશપપ્પાને મારા કોટિ કોટિ વંદન. બધાય મહેશપપ્પાના વખાણ કરે છે. પણ હું કહું છું કે પપ્પાના વખાણ નહિ પણ પૂજા કરવાને યોગ્ય છે. પિતાવિહોણી હજારો દીકરીઓના આંસુ લુછી અગણિત પુણ્ય કમાઈ રહ્યા છે. જે સૌભાગ્ય દાનવીર કર્ણને પણ નથી મળ્યું એ સૌભાગ્ય મારા વહાલા મહેશપપ્પાને મળ્યું છે. મહેશપપ્પા તમારી તુલના સર્વશ્રેષ્ઠ છે. “તુમસા કોઈ નહિ, ના કોઈ હે, ઓર નાહી કભી હોગા.” World’s Best Papa...

જયારે પણ મારા જન્મદાતાની યાદ આવે છે અને હકીકત સમજાય છે કે હવે માતા-પિતા મને પાછા ફરીથી ક્યારેય જોવા નહિ મળે. ત્યારે હૃદય એક ધબકારો ચુકી જાય છે. આંસુથી આંખ ભરાઈ જાય છે. હૃદય કલ્પાંત કરી ઉઠે છે. રાહ જોતી મારી આંખો એમના દર્શન ને તડપી જાય છે માતા-પિતાની કમીનું દુઃખ આજીવન રહેશે. પરંતુ મહેશપપ્પા



ના આગમનથી એમના આશીર્વાદથી એ દુઃખ હળવું થયું છે. મહેશપપ્પાના સથવારે જીવન ધન્ય બની ગયું છે.

**"કભી અભિમાન તો કભી સ્વાભિમાન હે પિતા,**
**કભી ધરતી તો કભી આસમાન હે પિતા,**
**જન્મ દિયા હે અગર માં ને,**
**જાનેગા જીસસે જગ વો પહેચાન હે પિતા,**
**ભી હસી તો કભી ખુશી કા મેલા હે પિતા,**
**કભી કિતના તન્હા ઓર અકેલા હે પિતા,**
**માં તો કેહ દેતી હે દિલ કી બાત,**
**સબ કુછ સમેટકર આસમાન સા ફેલા હે પિતા."**

મારા મંતવ્ય પ્રમાણે પપ્પાથી મહાન આ દુનિયામાં બીજું કોઈ નથી. કરોડો લોકોના દિલમાં વસનારા અને દીકાઓના Hero તમને મારી salute.

**Your beloved daughter,**
**Devyani.B.Patel.**

## કાનાણી રેખા પરબતભાઈ



જન્મતારીખઃ- ૨૩/૧૦/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૨૯/૦૪/૨૦૧૨

**મારા પ્રિય મારા પપ્પા,**
**જય શ્રી કૃષ્ણ, જય રામાપીર,**

જે દીકરીના જીવનમાં પિતા હોય તેવી દીકરીના જીવનમાં દુઃખનું તો સ્થાન જ નથી.

પપ્પા મારી જિંદગીમાં આવ્યા તે પહેલા થોડી વાતો કહેવા માગું છું અને મને વિશ્વાસ છે કે તમે જરૂર ધ્યાનથી વાંચશો.

મારું નામ રેખા છે અમે બે બહેનો અને એક ભાઈ છે. અમે અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના લીબાળા ગામમાં રહેતા હતા. મારા પપ્પાએ મારી બધી ઈચ્છા પૂરી કરી હતી. મારી ભણવાની ઈચ્છા હતી પણ મારા પપ્પા બીમાર હતા તેથી હું આગળ ભણીના શકી. હું ધોરણ૮માં અભ્યાસ કરતી હતી ત્યારે મારા પપ્પા બીમાર હતા ત્યારે અમને બધાને આશા જ ન હતી કે જીવી શકશે. પણ ભગવાને અમારી પ્રાર્થના સાંભળી અને મારા પપ્પા સાજા થઇ ગયા. પછી તે આઠ વર્ષ રહ્યા અને પછી પાછા બીમાર થયા એટલે મારા પપ્પાને એમ થયું કે હવે હું નહી જીવી શકું એટલે એણે મારા ભાઈ અને બહેનના લગ્ન કરી નાખ્યા. અને લગ્ન પછી મારા પપ્પા ત્રણ મહિના જ રહ્યા પછી અવસાન પામ્યા એ અમારી વચ્ચે ન રહ્યા એ અમને વધારે દુઃખ હતું.

**"જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહિ, દુઃખને દેખાડ્યું નહિ,**
**સુખને છલકાવ્યું નહિ, હસતો રાખી ચહેરો અચાનક લીધી વિદાય,**
**પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ એ ખોટ કદી ભૂલાય નહી."**

પ્રભુ મારા પપ્પાની દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી પ્રાર્થના છે.

જોત જોતામાં દીકરી મોટી થઇ જાય છે અને એક દિવસ પાનેતર ઓઢી વિદાય થાય છે. જતી વેળા પિતાની છાતીએ વળગીને સજળ નેત્રે એ કહે છે કે,

**" પપ્પા, હું જાવ છું, મારી ચિંતા ના કરશો..... તમારી દવા બરાબર લેજો"** અને ત્યારે પોતાની આંખમાં આંસુ આવતા આંસુઓને તે રોકી શકતા નથી.

દીકરી જયારે પોતાના પતિ સાથે પિયરમાં થોડા દિવસ રહેવા આવે



છે ત્યારે એક છત તળે પિતા અને પતિના સાંનિધ્યમાં તેને એવી તૃપ્તિ મળે છે. માનો કોઈ શ્રદ્ધાળુને એક સાથે રામ અને કૃષ્ણના દર્શન થયા હોય. દરેક દીકરી પોતાના પિતાને કેમ સૌથી વધુ પ્રેમ કરે છે કેમ કે તેને ખબર છે કે આ દુનિયામાં એક જ પુરુષ છે જે તેને ક્યારેય દુ:ખી નહિ કરે.

**'જિંદગીમાં આપણે બીજું કઈ નહિ મળે તો કઈ નહિ,**
**પણ માતા-પિતા વિનાની જિંદગી આપણી નકામી છે.'**

એમ લાગે છે કે અમારા પર કોઈનો આશરો જ નથી એટલા માટે મા-બાપ હશે તો આપણે ઘરમાં બધું જ છે એવું લાગે છે ખરેખર ઘણી છોકરીઓ એવી હશે કે જેને એક પપ્પાનું સુખ જ નથી મળતું પણ હું નશીબદાર છું મને પિયરમાં મહેશપપ્પાએ મને દીકરી માની મારું કન્યાદાન કર્યું અને મને બીજા પપ્પા મળી ગયા. હું ખૂબ જ નશીબદાર છું મને તમે મળ્યા. મારા બંને પપ્પા પાસેથી હું ઘણું બધું શીખી છું. મારા બંને પપ્પા કારણે આજે હું સારામાં સારી જિંદગી જીવી શકું છું. મહેશપપ્પા હું કયા શબ્દોમાં આભાર માનું તમારા માટે એવો કોઈ શબ્દ નથી કે શબ્દમાં આભાર માનું. તમારા માટે એવો કોઈ શબ્દ નથી કે શબ્દમાં આભાર માની શકું. હું તમારો પ્રેમ ક્યારેય નહિ ભૂલું હું આ જન્મમાં તો નહિ પરંતુ આવતા જન્મમાં પણ તમારું ઋણ કદી ચૂકવી ન શકું.

પપ્પા તમે બધી મુશ્કેલીઓ માંથી નીકળતા શીખવ્યું જીવનમાં હાર ન માનીને આગળ વધવાનું શીખવ્યું.

**"ઢબકતા ઢોલીડાની સંગાથે કોઈના કાળજડાનો,**
**કંપાવી ગઈ શરણાઈ જીવથી વહાલી દીકરીને,**
**મા-બાપે આપી દીધી વિદાય,**
**ખાલી થઈ ગયું ખોરડું, રહી ગઈ એની યાદ**
**છેલ્લી ઘડીએ આપેલી, શિખામણ એની જિંદગીની**
**અનેરી રૂપમાં ગઈ તી સમાઈ.**

**દીકરી એટલે શું?**

દી : દિલ સાથે જોડાયેલ એક અતૂટ શ્વાસ,
ક : કસ્તુરીની જેમ સદાય, મહેકતી અને મહેકાવતી,
રી : રિધ્ધિ સિદ્ધિ આપનારી અને બંને પરિવારને ઉજળો કરે એવી એક પરી

કહેવા માટે મારી પાસે શબ્દો નથી. આપવા માટે વસ્તુ નથી. પણ હા દિલથી એક વાત જરૂર કરીશ કે તમારું ધ્યાન રાખજો ....... કેમ કે મારી પાસે મહેશપપ્પા જેવા પપ્પા નથી.

THANK YOU PAPA... I MISS YOU PAPA

**લિ. તમારી લાડકી દીકરી, રેખા.**





## મજેઠીયા પાયલ અરવિંદભાઈ

જન્મતારીખઃ- ૨૨/૦૬/૧૯૯૬
પિતાની પુણ્યતિથિઃ- ૧૩/૦૨/૨૦૦૪

**જય રામાપીર,**

હું પાયલ અરવિંદભાઈ મજેઠીયા ગામ:-ચિરોડા, તાલુકો:-ગઢડા, જિલ્લો:-ભાવનગર. મારા પપ્પાનું અવસાન તા.૧૩/૦૨/૨૦૦૪ના રોજ થયું હતું. અમે ત્રણ બહેન અને એક ભાઈ છીએ. એક બહેન મોટી, એક ભાઈ મોટો અને એક બહેન નાની છે.

જયારે મારા પપ્પા હતા ત્યારે એક બહેનના લગ્ન થઈ ગયા હતા. મારા પપ્પા ગયા પછી આખા ઘરનું ગુજરાન મમ્મી ચલાવતા હતા અને પછી જયારે મારા પપ્પાનું અવસાન થયા પછી હોળી-ધૂળેટી આવી ત્યારે એવી પરિસ્થિતિ હતી કે ખજૂર કે દાળિયા ઘરમાં ન લાવી શક્યા અને બીજાને ખાઈ જોતા ત્યારે મારા મમ્મી કહેતા કે હા હમણાં લાવીશું એમ કહી દિવસો કાઢી નાખતા. એમ કરતા કરતા દિવસે-દિવસે પપ્પાની ખોટ દેખાવા લાગી. અને હું ને મમ્મી ખેતીકામ કરતા અને મારા મમ્મી ગામમાં લગ્ન પ્રસંગમાં ઘરકામ કરી મારા મમ્મી ઘરનું ગુજરાન ચલાવતા. હું ધોરણ-૯ ભણી. આગળ ભણવું હતું પણ ઘરની પરિસ્થિતિ ખૂબ જ નબળી હોવાથી હું ન ભણી શકી. પણ મારી નાની બહેનને ગમે તેવી પરિસ્થિતિમાં ભણાવીશ. મારો ભાઈ મોટો છે પણ પગે અપંગ છે અને તે અમારા ગામમાં ગ્રામ પંચાયતમાં પટાવાળા તરીકેની નોકરી કરે છે. મારા મોટા બહેનના લગ્ન ભાવનગરમાં થયા છે.

વર્ષ ૨૦૧૨માં હું ભાવનગર રહેવા ગઈ હતી પછી મારા બહેનને કામ કરતા જોઈ મને પણ કામ કરવાનું મન થયું અને હું પણ મમ્મીની મદદ કરું અને ગામમાં તો ચાર મહિના જ ખેતરનું કામ કરવા મળતું. પછી મારા જીજાજીના શેઠના ઘરે દાદા-દાદીને જમવાનું બનાવવા જવાનું કામ શરુ કર્યું. પછી મને થયું કે મમ્મી અને બહેનને પણ ભાવનગર બોલાવી લઉ અને બોલાવ્યા. પછી અમે ભાવનગરમાં ભાડાના મકાનમાં રહેવા લાગ્યા અને મમ્મી અને બહેનને પણ ઘરકામમાં લગાવી દીધા. હાલમાં પણ હું નોકરી કરું છું અને ૨૦૧૬માં મારી સગાઈ થઈ અને મારા મમ્મીને ચિંતા થવા માંડી કે કેવી રીતે બધું ભેગું કરશું? અને એને રાત-દિવસ ચિંતા થવા લાગી અને મારા મામા સગાઈમાં આવ્યા ત્યારે

એને વાત કરી કે પી.પી. સવાણી ગ્રુપમાં પિતા વગરની દીકરીના ધામધુમથી લગ્ન કરાવે છે. મામાએ કીધું કે આપણે ત્યાં ફોર્મ ભરી દેશું અને મારા મમ્મીનું ટેન્શન પૂરું થઇ ગયું. અને અમે મનોમન પ્રાર્થના કરી કે હે ભગવાન અમારું ફોર્મ આમાં ભરાઈ જાય અને ત્યાં ફોર્મ ભરાઈ પણ ગયું. અને અમારું સ્વપ્ન મહેશપપ્પાએ પૂરું કરશે. અને પપ્પાની કમી મહેશપપ્પાએ  પૂરી કરી.

I LOVE YOU MAHESH PAPA ALWAYS.

**જય રામાપીર**
**લિ. પાયલ એ. મજેઠીયા**



## ખાસિયા ચેતના ચેતનકુમાર

જન્મતારીખ:- ૧૭/૦૮/૧૯૯૬
પિતાની પુણ્યતિથિ:- ૨૦/૦૧/૧૯૯૭
માતાની પુણ્યતિથિ:- ૨૩/૦૨/૨૦૧૭

જેમને આંગળી પકડીને ચાલતા શીખવ્યું. તે સાથ છોડીને ચાલ્યા ગયા. આશાનો દીપક દિલમાં બુઝાવી ચાલ્યા ગયા. પણ જયારે પપ્પાની ખુબ જરૂર હતી, ત્યારે પપ્પાએ સાથ ન છોડ્યો. તમારા ચહેરામાં એમનો ચહેરો મેં જોયો.

જય રામદેવપીર પપ્પા તમારા માટે હું તો શું કોઈ પણ કવિ તમારા માટે લખે તેટલું ઓછું છે. તમે ગમે તે દીદીની જિંદગીમાં આવો તેની જિંદગી બદલી જાય છે. તમે કોઈપણ નાત જાતનો ભેદભાવ રાખતા નથી. તમે બધાને સરખો પ્રેમ આપો છો. તમે મારી લાઈફમાં આવીને મારા પપ્પાની કમીને દુર કરી છે. હું તમારા ચહેરામાં મારા પપ્પાનો ચહેરો જોઉ છું. હું એવું ઈચ્છું કે દરેક જન્મમાં મને તમારા જેવા પપ્પા મળે અને મારો જન્મ ભાગ્યશાળી બનાવે. રામદેવપીર પાસે એક જ આશા રાખું છું. તમારા દરેક કામમાં સફળતા મળે. તમારા નામનો બીજો અર્થ મહાદેવ દાદાના નામ પરથી થાય છે. એટલે તમે મહાદેવ દાદાની જેમ જગતપીતા બન્યા છે.

પપ્પા અને ૫ બેન ભાઈ ૧ મારા પપ્પા ૩૩ વર્ષની ઉમરે અમને છોડીને ચાલ્યા ગયા હતા. અમારા ઘરની પરિસ્થિતિ બોવ નબળી હતી. કોઈ સાથ પણનો આપતા. મારા મમ્મીએ અમને દાડીયું કરીને મોટા કર્યા. અમે પછી અમરા મામાના ઘરે મોખડકા ગામે રહેવા આવીયા. મારો ભાઈ સાવ મંદબુદ્ધિનો છે. મારી બેન અમે નાના હતા ત્યારના હીરા ઘસતા. મારા મમ્મી દાડીયે જતા બીજાના ખેતરમાં અને ઘરનું ગુજરાન ચલાવતા. મારો ભાઈ પણ કઈ કામ કરી શકતો નહી. પપ્પા હું ૧ માસની હતી ત્યારે છોડીને ચાલ્યા ગયા હતા. મારી ૩ બહેનના લગ્ન અમે સમુહમાં કર્યા. મારા મમ્મીને મારી ૩ બહેન પરણી પછી ઓચીંતા તેને કીડનીની બીમારી થઈ. તે અમને ઓચીંતા છોડીને ચાલ્યા ગયા. ભગવાને થોડીક પણ અમારા પર રહેમ નો ખાધી. પપ્પાનો સાથ નો તો પણ મમ્મી પણ છોડીને ચાલ્યા ગયા. અમે

બધી બહેનો હીરા ઘસતી. ઘરનું મકાન પણ નોતું પછી અમે મામાના ઘરે રહેવા આવી ગયા. મારા મમ્મી ૨૩/૦૨/૨૦૧૭માં અમને છોડીને ચાલ્યા ગયા.

**“આજ હો કલ જૈસા,**
**કલ હો ગુલાબ જૈસા,**
**મહેક હો તાજ જૈસા,**
**ઔર જિંદગી કે હર જન્મમે,**
**પાપા હો તો આપ જૈસે,**
**મારા બેસ્ટ પાપા”**
**મહેશપપ્પા**
**જય રામાપીર**

તમારી વહાલી દીકરી
ચેતના
I LOVE YOU PAPA
I MISS YOU PAPA
MY SWEET PAPA



## ગોહેલ પિન્કી શંકરભાઈ

જન્મતારીખ:- ૦૬/૧૨/૧૯૯૯
પિતાની પુણ્યતિથિ:-૧૬/૦૭/૨૦૧૧

Dear Papa,
I Love You
Meri Zindagi ka kissa –
Tamam Tum ho PaPa.
Meri Zindagi ka Dusra
Nam Tum ho PaPa.
I Love You Papa

મારા પપ્પા મારા માટે આદર્શ છે કારણ કે એ એક આદર્શ પિતા છે. તેનામાં એ સારી યોગ્યતા છે જે એક શ્રેષ્ઠ પિતામાં હોય છે મારા પપ્પા બોલતા ઓછું પણ મનની વાત સમજતા વધુ.

મારા ઘરની વાત કરું તો મારો ૧૩ સભ્યોનો સંયુક્ત પરિવાર છે. હસી ખુશી વાળો મારો પરિવાર હતો. પણ કુદરતને તે મંજૂર નહી હોય. તેથી તેને મારા પપ્પાને છીનવી લીધા. શ્રાવણ મહિનો ચાલતો હતો. મારા દાદા અમરનાથની યાત્રાએ જતા જતા મારા પપ્પાને કહ્યું કે તું ઘરમાં મોટો છે હું પાછો આવું કે ના આવું તું ઘરનું ધ્યાન રાખજે. મારા દાદા અમરનાથની યાત્રાથી પાછા આવે તે પહેલા તો ભગવાને મારા પપ્પાને તેની પાસે બોલાવી લીધા. મારા પપ્પા કોઈ દિવસ ભાવનગરની બહાર ગયા નહોતા. પણ તેનો કાળ બોલાવતો હશે. એટલે તે સાતમ આઠમ આવતી હતી તો મારા પપ્પાના કારખાને કામ કરતા ભાઈબંધો અમદાવાદ ખરીદી કરવા ગયા અને રાત્રે પાછા ભાવનગર આવતા હતા ત્યારે નારી ચોકડી પહોંચતા પહેલા તેનાથી આગળ ગાડીનું અકસ્માત થતા ગાડી નાળાની નીચે પાણીમાં કાદવમાં ખુચી ગઈ તેમાં મારા પપ્પા અને તેના ત્રણ -ચાર દોસ્તોનું એક સાથે મૃત્યુ થયું આ સમાચાર સાંભળીને ઘરમાં જાણે આભ તૂટી પડ્યું.

તા.૧૬/૦૭/૨૦૧૧ આ દિવસ હું ક્યારેય નહી ભૂલી શકું. પપ્પા શબ્દ અઢી અક્ષરનો પણ મારા માટે ખુબ અધુરો થઇ ગયો. ત્યારે હું ૧૨ વર્ષની હતી અને મારા પપ્પા અમને મુકીને દુર ચાલ્યા ગયા કે જ્યાંથી કદી પાછા ન આવી શક્યા અને મારા મમ્મી ૪ ભાઈ હું અને મારી બહેન ત્યારે ૨ વર્ષની હતી. અમને એકલા મુકીને પપ્પા ભગવાનને પ્યારા થઈ ગયા. તે દિવસથી મને ભગવાન ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો. તા. ૧૬-૭-૨૦૧૧ના રોજ સવારે પપ્પાને ઘરે લાવવામાં આવ્યા તે દિવસને હજી સુધી ભૂલી શકી નથી. હજી



પણ ક્યારેક હું આંખ બંધ કરું તો તે બધું મને નજરે દેખાય છે.

મારા પરિવારવાળા અમને ખૂબ જ સાચવે છે. અમને અમારા પપ્પાની ખૂબ જ યાદ આવે છે. કેટલીક વાર મમ્મી, પણ તેમને યાદ કરીને રડતા. પરંતુ અમારી સામે હંમેશાં હસીને રહેતા એટલું જ નહિ આટલું બધું થવા છતાં પણ મારી મમ્મીએ કોઈ દિવસ પપ્પાની કમી થવા દીધી નથી. તે માટે હું મારી મમ્મીની ખૂબ આભારી રહીશ. દાદા, કાકા, તેમજ અમારા પરિવારનો સાથ સહકાર હોવાથી અમને તકલીફ થવા નથી દીધી. પપ્પાના ગયા પછી અમને વધારે સાચવે છે. મારા મમ્મીને પુત્રવધૂની જગ્યાએ દીકરી તરીકે રાખે છે. પપ્પા જીવતા હતા ત્યારે મમ્મીને બહાર કામે જવા નહોતા દેતા. પણ પપ્પા ચાલ્યા જવાથી પછી અમારી ઈચ્છા, સપનાઓ પૂર્ણ કરવા અમને ભણાવવા માટે થઈને બહાર કામે જાય છે. મમ્મી હીરાના કારખાનામાં કામ કરે છે અને રજાના દિવસે બંગલાના ઘરકામ કરવા જતી રહે છે. અમારી માટે થઈને મમ્મી ખૂબ જ મહેનત કરે છે. થોડાક વર્ષ પછી મારા કાકા મારા માટે માગું લાવ્યા અને પછી સગાઇ થઇ. એકાદ વર્ષ સગાઇ રહી પછી લગ્ન માટેની વાત ચાલતી હતી. ત્યારે અમારા સગા સબંધીએ પી.પી. સવાણી પરિવાર દ્વારા થતા સમૂહલગ્ન વિશે વાત કરી. ઘરના મોટા વડીલ મારા દાદાને આ બધી વાત કરી. ત્યારે દાદાએ હા પડી અને ફોર્મ લેવા માટે ઓફિસે ગયા પરંતુ ત્યારે અમને ફોર્મ ના મળ્યું ત્યારબાદ મહેશપપ્પાની ઓફિસે ગયા તો ત્યારે ત્યાં ફોર્મ મળ્યું અને થોડાક દિવસો પછી ફોન આવ્યો અને ફોર્મ પાસ થઇ ગયું ત્યારે હું અને મારા ઘરના બધા અને હું ખૂબ ખુશ થઇ ગયા હતા.

જયારે અમારે પહેલી મિટિંગનો ફોન આવ્યો અને જે દિવસે હું મહેશપપ્પાને મળી તે દિવસે ફાધર્સ ડે હતો. તે દિવસે વિશ્વાદીદીને મળ્યા બાદ મહેશપપ્પા સાથે મુલાકાત થઇ તે દિવસે મને મહેશપપ્પાને મળીને અહેસાસ થયો કે મને મારા પપ્પા મળી ગયા. તે દિવસે હું ખૂબ ખુશ થઇ ગઈ હતી. અમારામાં કહે છે કે કન્યાદાન પતિ-પત્ની સાથે બેસીને કન્યાદાન કરે પણ મારી ઈચ્છા એવી હતી કે મારા મમ્મી કન્યાદાન કરે અને મિટિંગમાં જયારે મહેશ પપ્પાએ કીધું કે છોકરીના માતા કન્યાદાન કરવા બેસસે તો હું ખૂબ ખુશ થઇ ગઈ. મહેશ પપ્પાએ મારી ઈચ્છા પૂરી કરી દીધી.

Thanks a lot dear for coming in my life.

મારા ઘરના બધા જ સભ્યો મને ખૂબ જ પ્રેમ કરે છે. મારા દાદા, કાકા, મામા વગેરે બધા જ મને ખૂબ રાખે છે, મારા પપ્પાની જેમ પ્રેમ કરે છે. બીજાને જયારે જેમ કે મારી બહેનપણી કે બીજાને તેને તેના પપ્પાની વાતો સાંભળું તો મને પણ પપ્પાની યાદ આવી જાય અને રડવું આવી જાય. દાદા, કાકા, મામા બધા પપ્પા જેવો પ્રેમ કરે પણ તેને પપ્પા એમ તો ન જ કહી શકું. પપ્પા શબ્દને હું મારા મનમાં દબાવીને રાખતી મને પણ મહેશપપ્પા કહેવાનું મન થાય પણ શું કરું પણ મહેશપપ્પા તમે મારી જિંદગીમાં આવ્યા તો



હવે હું ખુલ્લા મનથી કહી શકું છું કે, પપ્પા મહેશપપ્પા કોઈ તહેવાર હોય કે પ્રસંગ હોય ત્યારે મને મારા પપ્પાની યાદ ખુબ જ આવે છે મારી સગાઈના દિવસે મને મારા પપ્પાની ખૂબ જ યાદ આવતી હતી અને એમ થયું કે મારા પપ્પા જીવિત હોત તો.... સગાઈમાં તો નહી પણ ભગવાને મારા લગ્નમાં મારા પપ્પાને મહેશપપ્પાના રૂપમાં મોકલી દીધા એમ મને લાગે છે.

I miss you so much papa.

તા. ૨૨-૭-૨૦૧૭ ના રોજ મહેશપપ્પા મારા ઘરે આવ્યા તે દિવસે હું ખૂબ જ ખુશ થઇ હતી. તે દિવસે હું એટલી બધી ખુશ હતી કે તે હું વ્યક્ત કરી શકતી નથી. મારા ઘરના બધા જ સભ્યો ખૂબ જ ખુશ થયા હતા.

**"ભગવાન કંઈક છીનવી લે છે, તો તેના કરતાં બે ગણું આપી દે છે"**

ભગવાન આ સૃષ્ટિમાં બધી જ જગ્યાએ નથી પહોચી શકતા એટલે તેને મહેશપપ્પા જેવા વ્યક્તિને તેમનો પડછાયો બનાવીને આ ધરતી પર મોકલ્યા હોય તેમ લાગે છે એક પપ્પા પોતાની સગી દીકરીને સાચવે છે તે રીતે મહેશપપ્પા મને સાચવે છે. મહેશપપ્પાના સ્વરૂપમાં જાણે કોઈ ભગવાનનો અવતાર હોય તેમ લાગે છે.

તા. ૪/૮/૨૦૧૭ના રોજ શોપિંગ કરવા ગયા હતા ત્યારે તે દિવસે બધી જ અમને મનગમતી સાડી, ડ્રેસ પાનેતર બધી જ વસ્તુ અમને ગમતી મહેશપપ્પાએ અપાવી. મોટા બિઝનેશમેન આટલી મોટી હસ્તી હોવા છતાં દીકરીઓ માટે સમય કાઢીને બધીઓ જ દીકરીઓની સાર સંભાળ લે છે. જેવી રીતે એક પિતા પોતાના બધાં જ સંતાનોને એક સરખો વહાલ આપે છે તેમ મહેશપપ્પા લોહીનો સબંધ ના હોવા છતાં બધી દીકરીઓને એક સરખો પ્રેમ આપે છે. એક સરખી રીતે રાખો છો. એ તમારી સૌથી મોટી ખાસિયત છે.

પપ્પા દરરોજ સવાર સવાર સાંજ તમારો મેસેજ મને મળે છે. સવારે ઉઠીને હું દરરોજ સારા અને સુંદર વિચારો વાંચી મન પ્રફુલ્લિત થઇ જાય. પપ્પા તમે જે તમારા પરિવારની સભ્ય બનાવી અને જેમાં તમે નિ:સ્વાર્થ પ્રેમ, લાગણી સ્નેહથી પપ્પા મારા આધાર વગરના અંધકારમય જીવનને ફરી સુગંધિત તમે બનાવ્યું છે.

છેલ્લે એટલું જ કહીશ મારા પપ્પાને ભગવાન ખુબ જ આયુષ્ય આપે તમને મારા પ્રણામ તમને મારો પત્ર વાંચી કઈ પણ ભૂલ ચૂક લાગી હોય તો મને નાની નાદાન દીકરી માનીને માફ કરજો.

"Hokar bhi kabhi khatam Na ho Ye,
Rista  Hamara ye Papa,
Ek Ek khushi k Liye Apke Ye Papa,
Me to khud ko jala du."

**From :- Your Lovely Dika, Pinki**



## નાય રશ્મિ મનુભાઈ

જન્મતારીખઃ- ૨૯/૦૬/૧૯૮૫

પિતાની પુણ્યતિથિઃ- ૧૪/૧૨/૧૯૯૯



**જય રામાપીર ,**

**My Dear papa,**

**ભૂલો ભલે બીજું બધું ,**
**મા-બાપને ભૂલશો નહિ**
**અગણિત છે ઉપકાર એના,**
**એહ વિસરશો નહિ.''**

હું ૧૫ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનો છાંયો મારા પરથી જતો રહ્યો. અમે ૪ બહેન છીએ. મારે ભાઈ નથી.

આજે પણ એ દિવસ યાદ છે હું સ્કૂલ જતી હતી ને મારા પપ્પાએ મને એમ કીધું કે, “બેટા, આજે સ્કુલ નઈ જા.” ત્યારે મને ખબર નહોતી પડી તેમના ગયા પછી મને ખબર પડી કે મને શા માટે રોકતા હતા. મારા પપ્પાને કાનનું કેન્સર હતું. મારા મમ્મીએ તેના દાગીના વેચીને દવા કરી અને લોકોના ઘરકામ કરીને અમને સાચવ્યા છે. સગા વહાલાનો કોઈ નો સાથ નહોતો. મારી બે બહેનોના લગ્ન પપ્પા કરીને ગયા હતા. એક બહેનના લગ્ન મમ્મીએ સમૂહમાં કર્યા. હું નાની હતી ત્યારથી નોકરી કરીને મમ્મીનું અને મારું ગુજરાન ચાલવું છું. મને ભણવાની ઈચ્છા હતી પણ ભણવા ન મળ્યું.

Thank You Maheshpapa...મારી લાઈફમાં આવ્યા અને મારું જીવન બદલાઈ ગયું. જે અંધકારમય જીવન હતું એ પ્રકાશિત થઇ ગયું. મારી લાઈફમાં મેં ક્યારેય આવું નહોતું વિચાર્યું કે મારા લગ્ન આવા ધૂમધામથી થશે. હું જયારે ખરીદી કરવા ગઈ ત્યારે મને એવો અનુભવ થયો કે જાણે મારા પપ્પા ખરીદી કરાવી રહ્યા છે. હું જયારે ઘરે આવી ત્યારે મારા ૩ બહેનો મને કહેવા લાગ્યા કે, પપ્પા આપણને વહેલા કેમ ન મળ્યા. સમાજમાં બધા સામાજિક કાર્ય કરતા હોય છે, પણ પોતાનું નામ કમાવા. પણ મહેશપપ્પાએ તો દરેક જ્ઞાતિની દીકરીઓને દત્તક લઈને કન્યાદાન આપીને એક સાચા પિતા તરીકેની ફરજ અદા કરી છે પિતા બન્યા પણ છે. ‘પપ્પા’ શબ્દ અઢી અક્ષરનો છે પણ મારી માટે લાખો શબ્દોથી બહુ મોટો છે.



મને પપ્પા પણ મળ્યા અને મારી લાઈફમાં રક્ષાબંધનના દિવસે પાંચ ભાઈઓનો પ્રેમ પણ મળ્યો જયારે મારી લાઈફમાં એક પણ ભાઈ ન હોતો. માટે જ હું ગર્વથી કહી શકું છું કે મારા પપ્પા મહેશપપ્પા છે.

I LOVE YOU PAPA<br>
I MISS YOU PAPA<br>
GOD BLESS YOU PAPA,..<br>
JAY RAMAPIR.

**લિ. તમારી લાડકી દીકા,**<br>
**રશ્મિ .**



# ભલાણી નીતા મધુભાઈ

જન્મતારીખઃ- ૧૬/૦૬/૧૮૮૯
પિતાની પુણ્યતિથિઃ- ૩૧/૦૧/૨૦૦૯



**હું નીતા ભલાણી મહેશપપ્પાને દિલથી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માગું છું. અને દિલથી મહેશપપ્પાનો આભાર વ્યકત કરું છું.**

Dear papa,

પપ્પા બધા લોકો એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા ફરતા નથી. પરંતુ ભગવાને મને કુદરતના આ નિયમોની વિરુધ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. પપ્પા તમે મારી જિંદગીમાં આવીને મને ખૂબ જ ખુશીઓ આપી છે. તેથી હું દિલથી આભાર વ્યક્ત કરું છું.

***Thanks a lot dear papa for Coming in my life.***

દુનિયામાં બધા જ લોકો ખુશ નથી હોતા. દુઃખ અને સુખનો સામનો કરવો જ પડે છે. એમાં મારો પણ સમાવેશ થાય છે. મારે પણ ઘણા બધા દુઃખનો સામનો કરવો પડ્યો હતો.

મેં P.T.C. પૂર્ણ કર્યા બાદ થોડાક જ મહિના પછી મારા પપ્પાને હાર્ટ અટેક આવવાથી Expired થઇ ગયા. મારા ફેમિલીમાં દાદા-દાદી, કાકા-કોઈ ના હતું. વડીલ તરીકે ગણી શકાય તો એક માત્ર મમ્મી. મારા પપ્પાના મૃત્યુ બાદ મારા પરિવારનું જીવન અંધકારમય બની ગયું હતું. મારા પપ્પાના મૃત્યુ બાદ મારી દીદીનું બી.એ. પૂર્ણ કરાવ્યું અને મારા ભાઈ અને બહેનના લગ્ન કર્યા.

મારા પપ્પાના મૃત્યુ બાદ હું દુઃખી હતી. મને એમ થતું કે કુદરતે મારી સાથે શું કામે આવું કર્યું હશે. મને મારા પપ્પાની આજે પણ ખુબ જ યાદ આવે છે. કોઈની પણ જોડે જયારે મારા પપ્પાની વાત કરતી હોઉ ત્યારે મને એમ થાય મારે નથી રડવું તેમ છતાં રડાય જાય છે. પણ ખેર કુદરતને જે ગમ્યું તે સાચું.

આજે હું જયારે ભૂતકાળને યાદ કરું ત્યારે મારા પપ્પાના ફોટા સામે રડી લઉ છું. Papa You are great. મહેશ પપ્પાને હું મળી ત્યારે મારા દુઃખનો અડધો ભાર ઓછો થઇ ગયો. પપ્પા હું તમારી જીવનભર ઋણી રહીશ. તમે જીવનમાં હંમેશાં ખુશ રહો અને બધાને આવી જ રીતે ખુશ રાખતા રહો.



Thank you papa...I love you So much Papa...
**લિ. તમારી વહાલી દીકા, નીતા.**



# ગામીત પ્રિયંકા અરવિંદભાઈ

જન્મતારીખઃ- ૧૩/૦૧/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૩૦/૦૧/૨૦૦૯

**DEAR PAPA,**
**PRAISE THE LORD**

**પ્રેમી સલામ,**

મારૂ મૂળ ગામ અંધારવાડી દૂર છે. તાલુકો ડોલવણ જીલ્લો તાપીની વતની છું.

મારા પપ્પા વિશે હું શું લખું ? જેટલું લખું એટલું ઓછું છે.

હું એક ગરીબ પરિવારમાંથી છું મારા પિતાનું અવસાન થયું ત્યારે હું અગીયારમીમાં અભ્યાસ કરતી જયારે ઘરની બધી જવાબદારી મારી મમ્મી પર આવી ગઈ જયારે તહેવાર કે કોઈ પ્રસંગ આવે ત્યારે મને પપ્પાની ખુબ જ યાદ આવતી અને મારી મમ્મીએ લોકોના ખેતરોમાં મજુરી કરીને મને અભ્યાસમાં આગળ લઈ  ગયા હું પછી કલીનીકલ લેબોરેટરીમાં જોબ કરીને મારી મમ્મીને મદદ કરવા લાગી.

“હમણાં હું કોઈ જીદ નથી કરતી પપ્પા કારણ કે તમે નથી આવતા મારી જીદ પૂરી કરવા અને મને મનાવવા” MISS YOU PAPA .........

જયારે હું પહેલીવાર મહેશપપ્પાને મળી ત્યારે કે જાણે મારા પપ્પા મળી ગયા અને તમે દીકા કહીને બોલાવ્યા આજથી તમારી તમામ દિકાઓની જવાબદારી મહેશપપ્પાએ લઇ લીધી આટલા ઉદાર દિલના માણસ પહેલીવાર જોયા એમનો આભાર કઈ રીતે માનવો તે સમજાતું નથી.

બસ આટલું જ કહીશ પપ્પા તમારા માટેની લાગણીઓ વ્યક્ત કરવા માટે તો લખું એટલું ઓછું છે.

JESUS ને એટલી જ પ્રાર્થના કરીશ કે તમને લાંબુ આયુષ્ય, આપે અને અમારા જેવી અનેક દીકરીઓના પિતા બની અને પિતા વગરની દીકરીઓને પિતાનો પ્રેમ આપો એટલું લખીને હું પેન અટકાવું છું.

THANK YOUSO MUCH PAPA

**લિ. તમારી વહાલી દીકા**
**પ્રિયંકા.**



# બલર નીલમ ધીરુભાઈ

જન્મતારીખઃ- ૦૫/૦૭/૧૯૮૮
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૦૧/૨૦૧૭



**માનનીય પપ્પા,**
**જય રામાપીર,**

દુનિયામાં વાત્સલ્યપૂર્ણ કોઈ સંબંધ હોય તો હું માનું છું કે તે દીકરી અને પિતાનો છે. અમે સાત બહેનને એક ભાઈ છીએ. મારો ભાઈ નાનો છે. મારા પપ્પાએ અમને બધી બહેનને લાડકોડથી ઉછેરીને મોટી કરી છે. અમારી બધી જ જરૂરિયાત પૂરી કરી છે. અમે જે માગ્યું તે બધું જ લઈ આપ્યું છે.

મારા પપ્પાએ કોઈ દિવસ કોઈનું ખરાબ કર્યું નથી કે વિચાર્યું પણ નથી. તેનાથી જેટલી મદદ થાય તે કરી આપતા. પપ્પા અમને બધાને હંમેશાં એક વાત સમજાવતા કે ક્યારેય કોઈનું ખરાબ ન કરવું કે ન બોલવું. મારા પપ્પાએ હંમેશાં બધાની મદદ કરી છે પણ તમારે જરૂર હશે ત્યારે કોઈ તમારી મદદ કરશે? ત્યારે કહેતા, ‘કોઈ મદદ કરે ના કરે ઉપરવાળો તો જુએ છે ને.’ મારા પપ્પાના સારા કર્મ આજ અમને ફળ્યા છે મહેશપપ્પાના રૂપમાં.

મારા પપ્પાનું અવસાન હાર્ટએટેકથી થયું છે. એ દિવસ હું ક્યારેય નહીં ભૂલું કેમ કે મેં મારા પપ્પાને મારી આંખ સામે અમને છોડીને જતા જોયા છે. જયારે હું પપ્પા, અને મમ્મી મારો ભાઈ જમતા હતા અને એ છેલ્લી નજર અમારી સામે જોયું બસ પછી તો આંખો રાહ જોતી રહી ગઈ.

મારા પપ્પાની એક ઈચ્છા હતી. તે સમયે મારી નાની બહેન કિનલ મારા માસીના ઘરે હતી. પાંચ વાગ્યે પપ્પાએ કીધું હું કીનલને લઈ આવું પણ મમ્મીએ કીધું બે દિવસ ભલે રોકાતી પછી જજો પણ અમને કયા ખબર હતી કે પપ્પા અમને છોડીને જતા રહેવાના છે. જો પપ્પા કીનલને લઈ આવ્યા હોત તો એની ઈચ્છા પૂરી થઈ જાત.

આજે એક વાતની ખુશી છે કે મને મારા સસરા પણ મારા પપ્પા જેવા જ મળ્યા છે. મારા સાસુ-સસરા ખૂબ જ પ્રેમાળ સ્વભાવના છે. અને મારા મહેશપપ્પા પણ મારી સાથે છે



તો હું ખૂબ જ ખુશ છું. દુનિયામાં દરેક દીકરી માટે તેના પપ્પા બધું જ હોય છે. દરેક બાપને દીકરીઓ ખૂબ જ વહાલી લાગતી હોય છે. મહેશપપ્પા તમે એ બધું

જ કરી બતાવ્યું છે જે એક પિતા કરી શકે.

અંતમાં એટલું જ કહીશ કે અમારી બધી જ દીકરીઓના ખાસ પપ્પા મહેશપપ્પાનું જીવન સદા આરોગ્યમય, સુખ શાંતિભર્યું બને. ભગવાનને મારી એક જ પ્રાર્થના છે કે તમારા દરેક કાર્યમાં તમને ખૂબ જ સફળતા મળે. તમારું જીવન અને તમારા પરિવારજનોનું જીવન હંમેશા સુખમય રહે. તમે તન, મન, અને ધનથી ખુશ રહો. આપશ્રી મહેશપપ્પાને મારા કોટિ-કોટિ વંદન.

***"જીવન એવું જીવી ગયા કે કદીએ ભુલાય નહીં,***
***દુ:ખને દેખાડ્યું નહિ સુખને છલકાવ્યું નહિ,***
***હસતો રાખી ચહેરો ઓચિંતા લીધી વિદાય,***
***જીવનભર મહેનત કરી શૂન્યમાંથી સર્જન કર્યું.***

પરિવાર પર ફેલાવી સ્નેહની સુવાસ, આપની ખોટ કદી વિસરાય નહિ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ મારી હૃદયથી પ્રાર્થના છે. મહેશપપ્પા ખુબ જ સારા છે અને એમણે બધી દિકાને પ્રેમ અને સ્નેહ આપ્યો છે.

**THANK YOU PAPA.**
**લિ.**
**તમારી વહાલી દીકા,**
**નીલમ.**



## બલર કિનલ ધીરુભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૪/૧૯૯૨
પિતાની પુણ્યતિથિઃ- ૧૯/૦૧/૨૦૧૭



### My Best Maheshpapa

**જય રામાપીર,**

**'દરિયાને જેમ પાણી વગર નથી ચાલતું,**
**સૂર્યને જેમ કિરણ વગર નથી ચાલતું,**
**તેવી જ રીતે મારે પણ મારા પપ્પા**
**વગર નથી ચાલતું.'**

**આદરણીય પપ્પા,**

સહર્ષ જણાવવાનું કે પપ્પાના શુભાશિષ મેળવવાથી તમારી વહાલી દીકરી ખૂબ જ આનંદિત છે. તમે બધાં પણ ખુશી મજામાં હશો. મારા અહોભાગ્ય કે મને આજે મારા પપ્પા વિષે કંઈક લખવાનો અનમોલ અવસર મળ્યો છે. પરંતુ પપ્પા નામના આ અઢી અક્ષરના શબ્દ વિશે મહેસૂસ ઘણું બધું કરી શકાય પરંતુ તેમના પ્રત્યેની લાગણી, હેત વગેરે શબ્દોમાં વર્ણન કરવું ખુબ જ મુશ્કેલ છે.

મારા પપ્પાનું અવસાન હાર્ટએટેકના લીધે થયું હતું. મારા પપ્પાને બે દિવસથી થોડી તકલીફ હતી પણ તેને અમને જાણ જ ન કરી અને એ સાંજે જમીને બેઠા તરત જ ઢળી પડ્યા. ત્યાર બાદ તેમને દવાખાને લઇ ગયા. એ વખતે હું મારા માસીના ઘરે હતી. હું મારા પપ્પાને છેલ્લી ઘડીએ ન મળી શકી એનો અહેસાસ અમને આખી જિંદગી થશે કેમ કે મને મારા પપ્પા વગર ઘડીક પણ ચાલતું ન હતું.

મારા પપ્પાના અવસાન પછી તો ઘરમાં મન જ નહોતું લાગતું ઘર સાવ ખાલી ખાલી લાગતું હતું. જયારે મારા પપ્પા હતા ત્યારે તો હું પપ્પાનું નામ લેતા થાકતી જ ન હતી પણ અચાનક આ દુનિયામાં મને ભગવાન કરતા પણ વિશેષમાં વિશેષ મારા પપ્પા માટે મને માન, સન્માન અને ખૂબ જ પ્રેમ હતો. મને મારા પપ્પા વગર બિલકુલ ચાલતું ન હતું. અત્યારે પણ મને મારા પપ્પાની ખૂબ જ યાદ આવે છે. ત્યારે મારી આંખોમાં આંસુ આવી જાય છે.

અમારા પરિવારમાં અમે સાત બહેનો અને એક જ ભાઈ છે. હું બધા કરતા નાની છું એટલે મારા પપ્પાને ખૂબ જ વહાલી હતી. અમારા ઘરની



પરીસ્થિતિ સામાન્ય હતી. પણ મારા પપ્પાએ કદી મહેસૂસ થવા જ નથી દીધું. મારા પપ્પાને મહેશપપ્પાની જેમ દીકરીઓ ખૂબ જ વહાલી હતી.

મહેશપપ્પા વિશે જેટલું લખુ એટલું ઓછું છે. જયારે પહેલી મિટિંગમાં ગઈ ત્યારે પપ્પાએ કહ્યું, 'કેમ છે દીકા' ત્યારે મને મારા પપ્પાની છબી દેખાઈ હતી અને મને ખૂબ જ આનંદ થયો. મહેશપપ્પા અમારી જિંદગીમાં જીવન જીવવાનો પ્રકાશ સ્વરૂપ આવ્યા છે.

મહેશપપ્પા દીકરીઓના લગ્ન કરાવીને એમની ફરજમાંથી મુક્ત નથી થતાં લગ્ન થયા પછી પણ પપ્પા અમારું ઘણું ધ્યાન રાખે છે હું તો દિલથી પપ્પાને પામીને ધન્ય થઇ ગઈ છું અને હું ઈશ્વરને લાખ લાખ વંદન કરીને ધન્યવાદ કરું છું કે દુનિયામાં મારા જેવી દીકરીઓને મહેશપપ્પાનો પ્રેમ મળે. એવી જ હું ભગવાનને પ્રાર્થના કરું છું. અને મારા માટે તો પપ્પા જાણે સ્વયં ઈશ્વરનું જ રૂપ છે. આવા આ પરમ શ્રી આદરણીય મહેશપપ્પાને હંમેશાં આવા સારા કામોમાં આગળને આગળ ખૂબ જ આગળ વધારજો અને હંમેશા અમારી બધી જ દીકાના પપ્પાને ખૂબ જ ખુશી આપજો. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે મારા મહેશપપ્પાને આવીને આવી જ હિંમત પ્રદાન કરજો. તમને મારા લાખ-લાખ વંદન પપ્પા......

**I LOVE YOU PAPA**
**જય રામાપીર.**
**લિ. તમારી લાડલી દીકરી,**
**કિનલ.**

# કથીરિયા મિતલ નરસિંહભાઈ

જન્મતારીખઃ- ૧૯/૦૫/૧૯૯૧
પિતાની પુણ્યતિથિઃ- ---



**પ્રિય પપ્પા,**

**સવિનય જણાવવાનું કે તમારી દીકરી તમને સાચા મનથી અને લાગણીમય પત્ર લખી રહી છે. પહેલા તો મારે એ કહેવું છે કે જિંદગીમાં પહેલીવાર પત્ર લખું છું.**

પપ્પા જે તમે મારી અને મારા જેવી હજારો દીકરીઓ માટે કર્યું છે તે જિંદગીમાં કોઈ પણ ના કરી શકે અને કરશે પણ નહિ. તે માટે હું તમારો સહદિલથી આભાર વ્યક્ત કરું છું. જો કહીએ તો પિતાને ભગવાન પણ કહી શકીએ કેમ કે ભગવાન આપણી ઈચ્છા અને લાગણીને તે પોતે સમજતા નથી પણ તેને સમજવા માટે પિતાની અને પિતા જેવા પવિત્ર સબંધની રચના કરી છે. પિતા, જે માતા કરતા પણ વધારે પરિશ્રમ કરીને આપણી અથવા આપણા પરિવારની કાળજી રાખે છે તેવી જ રીતે પપ્પા મારી સંભાળ લે છે.

પપ્પા તમે અમારી જિંદગીમાં આવ્યા ત્યારથી અમારા જીવનમાં નવી પ્રેરણા જાગી છે. જેથી અમે પણ કહી શકીએ કે અમારું પણ કોઈ છે જેને આપણે આપણા મનની વાત દિલથી કહી શકીએ. પિતા અને માતા જે જીવનની શરૂઆતથી લઈને અંત સુધી આપણા કરતા વધારે આપણને વધારે સમજે છે. તે જગ્યા મારા દિલમાં મહેશપપ્પાની છે. પપ્પાએ મારા એકનું નહિ પરંતુ મારા જેવી અનેક દીકરીઓનું ધ્યાન રાખે છે અને અમારી સંભાળ લે છે. પપ્પા જયારે તમે અમારી જિંદગીમાં આવ્યા ત્યારે અમને નવી જ જિંદગી મળી છે. મારી જે લાગણી તમારા પ્રત્યે છે એને પપ્પા તમે જ કહો કે ક્યારેય લાગણીને શબ્દોથી રજુ કરી શકાય કે દેખાડી શકાય?..લાગણીનો તો અહેસાસ થાય છે જે ક્યારેય વ્યક્ત કરી શકાતો નથી. જેથી દિલથી હું તમને માન આપું છું.

પપ્પા 'THANK YOU' એ માત્ર બે શબ્દોથી બનેલો છે જો હું તમને THANK YOU કહીશ તો એ તમારી લાગણીને માન આપ્યું ના કહેવાય. કેમ કે દીકરી માટે પિતાનું શું મહત્વ છે એ મારા કરતા વધારે તમે જાણો છો. મને યાદ છે જયારે મારી સાથે કોઈ નહોતું ત્યારે મહેશપપ્પાએ પિતા તરીકેની બધી ફરજ નિભાવી અને પિતા કરતા વિશેષ પ્રેમ આપ્યો. તેમજ હંમેશાં દીકરીની જેમ જ મારી સંભાળ લીધી



છે અને મને એકને જ નહિ પરંતુ મારા જેવી અનેક દીકરીઓને પિતાની છત્રછાયા મળી છે.

હું તમને THANK YOU નહિ કહું કેમ કે THANK YOU કહીને તમારી અમારા પ્રત્યેની હદયસ્પર્શી લાગણીને ઠેસ પહોચાડવા નથી માગતી. જિંદગીમાં પહેલીવાર પત્ર લખ્યો છે એટલી સમજ તો નથી પણ જે મારા દિલમાં હતું તે વ્યક્ત કર્યું છે. જો મારાથી કઈ ભૂલ થઇ હોય તો તમારી નાદાન દીકરી સમજી માફ કરી દેજો.

**જય રામાપીર, પપ્પા.**
**લિ. તમારી વહાલી દીકા,**
**મિતલ કથીરિયા.**



# બરવાડીયા અંકિતા ગોરધનભાઈ

જન્મતારીખઃ- ૨૭/૦૩/૧૯૯૮
પિતાની પુણ્યતિથીઃ- ૧૫/૦૫/૨૦૦૭



પપ્પા મારા પત્રની શરૂઆત તમને વંદન કરીને કરું છું. પપ્પા શબ્દ એવો છે કે જે બોલીને મનમાં શાંતિ મળે છે. અમારા ઘરમાં અમે ૪ બહેનો અને એક નાનો ભાઈ છે. હું ચોથા નંબરની છું અને મોટી ત્રણ બહેનોના લગ્ન થઇ ગયા છે. મારા પપ્પાનું અવસાન ૨૦૦૭માં થયું હતું અને ત્યારે અમે બધા નાના હતા. ત્યારથી ઘરની બધી જ જવાબદારી મારા મમ્મી પર આવી ગઈ ત્યારે મમ્મીને કોઈ મદદ કરે તેમ ન હતું. મારી મોટી બહેન સ્કૂલમાં નોકરી કરતી હતી અને મમ્મી ઘરે ઈમીટેસનનું કામ કરતા હતા. તેમાંથી બધા ભાઈ બહેનોને ભણાવ્યા, ગણાવ્યા અને મોટા કર્યા.

મોટી બહેનોનો લગ્ન સમય આવ્યો ત્યારે મમ્મી બહુ ચિંતા કરતા હતા. કે તેના લગ્ન કેવી રીતે કરીશું. બહેનોના લગ્ન મમ્મીના ઘરેણા વેચીને મોટી બહેનોના લગ્ન કર્યા. હવે મારા લગ્નની વાત કરતા હતા. કે હવે મારા લગ્ન કેવી રીતે થશે. પરંતુ એવામાં અમને વિશ્વાદીદીના ફઈબા મળ્યા. એમણે અમને મહેશપપ્પા વિશે જણાવ્યું. એટલે મમ્મીએ કહ્યું કે મારે તો એમાં જ લગ્ન કરાવવા છે. હવે તેમાં મારા લગ્ન છે અને હવે મહેશપપ્પાએ મારા લગ્નની જવાબદારી લીધી ત્યારથી મારા મમ્મીની ચિંતા દૂર થઇ ગઈ. આજે મને ગર્વ છે કે મને મહેશપપ્પા મળ્યા. હું ગર્વ અનુભવું છું. પપ્પા કહેવાનો મને કેટલાં વર્ષો બાદ મોકો મળ્યો છે. જેથી આજથી મને પપ્પા મળી ગયા.

**"માનવીનું સંવેદન દીકરી માટે લગભગ એકસરખું જ હોય છે,**
**દીકરી જયારે પરણીને સાસરે જાય છે,**
**ત્યારે સૌથી વધુ વ્યક્તિ પિતા જ હોય છે."**

**જય રામાપીર પપ્પા. જય શ્રીકૃષ્ણ...**
**લિ. તમારી વહાલી દીકરી,**
**અંકિતા.**





# વેકરીયા કોમલ જિજ્ઞેશકુમાર

જન્મતારીખઃ- ૧૬/૦૧/૧૯૯૨
પિતાની પુણ્યતિથીઃ- ૨૮/૦૬/૨૦૧૫

**મારા પ્રિય આદરણીય પિતા,**
**જય સ્વામીનારાયણ,**
**એક પિતાનો પ્રેમ ઝંખતી**
**દીકરી,**

પપ્પા,તમારા માટે હું શું લખું અને લખવાની શરુઆત ક્યાંથી કરું એટલા શબ્દો છે. લખવા માટે ઘણું બધું છે પણ શબ્દો ઓછા પડે છે. પણ તમારા જીવન વિશે લખવા બેસું તો ઘણું બધું છે. મને નથી ખબર પિતાના પ્રેમ વિશે કેમકે હું જયારે હું ધોરણ ૮માં આવી ત્યારે મારા પપ્પાની પરિસ્થિતિ સાવ નબળી હતી અને તોય મારા પપ્પાએ મને કીધું કે તુ ભણ અને પછી હું હોસ્ટેલમાં ભણવા ગઈ. મેં ધોરણ ૮થી કોલેજ સુધી ભણી પછી કોલેજ પૂર્ણ કર્યું અને પછી મારે T.Y.B.comનું પરિણામ ફર્સ્ટ ક્લાસ આવ્યું અને મારી બે દીદીના લગ્ન થયા અને પછી મારે B.ed કરવું હતું. મારા પપ્પા પાસે પૈસા નહોતા. છતાં પણ મને ભણાવી અને મારું ભણવાનું ચાલુ રાખ્યું. નોકરી પણ ચાલુ રાખી. હું ધોરણ ૮થી B.ed સુધી સરદાર પટેલ કન્યા છાત્રાલયમાં હું રહેતી અને ત્યાં એક ગૃહમાતા તરીકે નોકરી કરતી. હું જયારે ફોર્મ ભરવા ગઈ ત્યારે મારા મમ્મીએ મને કહ્યું કે બેટા તું હવે નઈ ભણે તો નહિ ચાલે. તારા પપ્પા પાસે પૈસા નથી. મેં કહ્યું કે હું તેની પાસેથી એક પણ રૂપિયો નહિ લઉ. ભણતી જઈશ અને નોકરી પણ કરતી જઈશ અને મેં મમ્મીને કહ્યું કે મમ્મી હું ભણીશને તો આગળ કામ આવશે. મારા પપ્પા એક ખેતમજૂરી કરતા અને અમારું ઘર ચલાવતા અને ૭ ભાઈ-બહેનને ભણાવતા.

એક દિવસ મારા પપ્પાને તાવ આવી જતો. દિવસે દિવસે તાવ વધતો ગયો અને રીપોર્ટ કરાવતા તેના પેટમાં એક ગાંઠ હોવાથી મારા મમ્મી બધા સગાસબંધી પાસેથી લઈને મારા પપ્પાને રાજકોટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને ત્યાં તેની સંભાળ ન લેતા વડોદરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. મારા પપ્પાને ૪ મહિના હોસ્પિટલમાં રાખ્યા તો પણ સારું ન થયું. મારા પપ્પા સાથે હું ૧૧દિવસ રહી અને અગિયારસના દિવસે તેમનું મૃત્યુ થયું. પપ્પાએ અમારા બધાનો હાથ પકડીને કીધું કે 'બેટા, ધ્યાન રાખજો.' અને પછી મારા કાકાને કહ્યું કે 'ગીધા, આજથી તુ મારા પરિવારનું



ધ્યાન રાખજે.' પછી મારા કાકાએ કીધું કે, 'હા ભાઈ! એ દીકરીઓ મારી જ છે.' પછી અમે ૧ વર્ષ ખેતમજુરી કરી પછી કાકાએ અમને બધાને સુરતમાં શિફ્ટ કરી દીધા અને કામ પણ શોધી આપ્યું. અત્યારે કાકા અમારું ધ્યાન રાખે છે. મને એક સ્કૂલમાં નોકરી મળી ગઈ. આથી મારી બધી આશા પૂરી થઇ ગઈ અને મને એક મહેશપપ્પા જેવા પપ્પા મળ્યા કે જે મને મારા પપ્પાને પણ ભુલાવી દીધા છે. જયારે હું આ ગ્રુપમાં જોડાઈ પછી મને એમ જ થાય છે કે મારા પપ્પા મારી સાથે જ છે.

**'સપનું નહી પણ રાત બદલાય છે,**
**મંજિલ નહી પણ રાહ બદલાય છે,**
**આશા જીવંત રાખજો વ્હાલા,**
**નસીબ બદલાય કે ન બદલાય પણ સમય જરૂર બદલાય છે.'**

DI- દિલથી વહાલ, KA- કહી શકાય તે દીકા.

વલ્લભદાદાની સેવાની ભાવના છે. સવાણી પરિવાર માટે કંઈક ઈચ્છા છે અને ઘણું બધું કર્યું પણ છે. હવે મારી ભગવાનને પ્રાર્થના છે કે મહેશપપ્પા અને વીરા મિતુલ જેવા ભાઈ દરેક દીકરીને મળે.

**'જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહી,**
**દુ:ખને દેખાડ્યું નહી સુખને છલકાવ્યું નહી,**
**હસતો રાખી ચહેરો ઓચિંતી લીધી વિદાય,**
**જીવનભર મહેનત કરી શૂન્યમાંથી સર્જન કર્યું,**
**પરિવાર પર ફેલાવી સ્નેહની સુગંધ,**
**આપની ખોટ કદી ભુલાય નહી.'**

**લિ. તમારી વહાલી દીકરી,**
**કોમલ.**





# દોમડીયા રંજન જાદવભાઈ

જન્મતારીખ:- ૦૭/૦૭/૧૯૯૧
પિતાની પુણ્યતિથિ:- ૨૮/૦૩/૨૦૧૭

**મારા વહાલા પપ્પા,**
**હું ક્યાંથી લખવાનું ચાલુ કરું?**
**ને ક્યાં પૂરું કરું?**
**એમ થાય છે.....**

મારા પપ્પાનું અવસાન આજથી ૮ મહિના પહેલા થયું. મારા પપ્પાને કેન્સરની બીમારી હતી ૬ મહિના બીમાર રહ્યા અને અમને છોડીને ચાલ્યા ગયા. અમે પાંચ બહેનો અને બે ભાઈઓ છે. મારા બંને ભાઈ હજુ બહુ નાના છે. મારા મમ્મીને બહુ ચિંતા થવા લાગી. ઘર કઈ રીતે ચાલશે અને પ્રસંગો કઈ રીતે કરીશ? એટલામાં અમને એક પિતાની છત્રછાયા મળી એટલે કે વાત મળી કે જે દીકરીના પિતા ન હોય તેના લગ્ન કરાવી આપે છે એમનું નામ છે મહેશભાઈ સવાણી. તેમને પોતાની સગી દીકરીની જેમ રાખે છે અને દીકરીની બધી જવાબદારી લે છે. મારા પિતાના અવસાન બાદ મારી સગાઈ થઈ અને મને સારું ઘર મળ્યું એ પરિવારમાં જેની હું શોધ કરતી હતી તેવા પિતા સમાન સસરા મળ્યા જેમાં હું મારા પિતાની છાયા જોવું છું.

"હામ છે હૈયામાં, હિંમત આપી છે પપ્પાએ, ઉત્સાહ છે આનંદમાં, તો ઉજળું કરવાનું શક્તિ આપી છે પપ્પાએ..." ***love you so much papa..***

મહેશપપ્પાનો દિવસ દીકરીઓને 'good morning'થી શરુ થાય છે અને 'good night'થી પૂરો થાય છે. ગમે તેવો કામનો બોજ હોય તો પણ પપ્પા દીકરીઓને મેસેજ કરવાનું ભૂલતા નથી. હંમેશાં અમારી ખુશીઓનો વિચાર કરે છે. કોઈ પણ દીકરીઓના પપ્પા ગમે તેવી મુશ્કેલી આવે ત્યારે રડતા નથી પણ જયારે પોતાની દીકરીને સાસરે વળાવતી વખતે રડવા લાગે છે અને હંમેશાં આશીર્વાદ આપે છે.

બસ પપ્પા, હવે તમારા વિશે શબ્દોમાં વર્ણવવું બહુ મુશ્કેલ છે. જેટલું લખીશ એટલું ઓછું છે. તો બસ આટલું લખીને મારી પેનને વિરામ આપુ છું.

**જય રામાપીર પપ્પા**
**લિ. તમારી લાડકી દીકરી, રંજન દોમડીયા.**
**i love you papa**



# કંસારા પ્રિયા અમૃતલાલ

જન્મતારીખ:- ૨૩/૦૮/૧૯૯૦
પિતાની પુણ્યતિથિ:- ૦૧/૦૧/૨૦૦૦



**Dear papa,**
**jay ramapir,**

મહેશપપ્પા તમારા માટે શું લખું? તે મને સમજાતું નથી. પરંતુ મારા મનમાં રહેલી વાત આજે હું તમને કહેવા માંગું છું.

મારું નામ કંસારા પ્રિયા અમૃતલાલ છે. હું મધ્યમવર્ગની દીકરી છું. અમારા ઘરમાં મારી મમ્મી અને અમે ચાર બહેનો એમ નાનું પરિવાર છે. મારા પપ્પાનો સ્વર્ગવાસ લાંબી બીમારીના કારણે થયો. સૌ પ્રથમ મારા પપ્પાને પથરીનું ઓપરેશન કરાવ્યું. ઓપરેશન થતા એમ લાગ્યું કે પપ્પાને ધીરે ધીરે સારું થઇ જશે. પરંતુ થોડા સમય પછી પપ્પા પાછા બીમાર પડ્યા. બીમારીના કારણે પપ્પા પથારીવશ થઇ ગયા. પપ્પા સતત બીમાર રહેવા લાગ્યા. તેમની બીમારી દરમિયાન હોસ્પિટલનો ખર્ચ અને દવાઓના કારણે મારા ઘરની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી પડી ગઈ. ઘરમાં પપ્પા સિવાય કોઈ કમાતુ ન હતું. બીમારીના કારણે તારીખ ૦૧/૦૧/૨૦૦૦ના રોજ રાત્રે અચાનક પપ્પા મૃત્યુ પામ્યા. પપ્પાના મૃત્યુ બાદ ઘરમાં અંધકાર છવાઈ ગયો. સમજાતું ન હતું કે આગળ શું થશે. પપ્પાના મૃત્યુ સમયે અમે ખૂબ જ નાના હતા. જેથી ઘરની બધી જ જવાબદારી મમ્મી પર આવી ગઈ.

પપ્પાના મૃત્યુ બાદ અમારા સગા-વહાલા સૌ સાથ છોડી ચાલ્યા ગયા. ત્યાર બાદ આજ સુધી કોઈ જ સગા-વહાલા અમારી ખબર અંતર કે દેખ રેખ રાખી નથી કે ચાર છોકરીનું કોણ ભરણ પોષણ કરશે. એમાંય મારી નાની બહેન મંદબુદ્ધિના છે. પપ્પાના મૃત્યુ બાદ ઘરની આર્થિકસ્થિતિ દિવસેને દિવસે ખૂબ જ ખરાબ થઇ ગઈ. આવી કપરી પરિસ્થિતિ હોવા છતા મારી મમ્મી હિંમત ન હારતા ખૂબ જ મહેનત કરતા અને પોતે ઓછું જમતા અને અમને જમાડતા. અમે નાના હતા ત્યારે પપ્પાની ખૂબ જ યાદ આવતી. આવી કપરી પરિસ્થિતિ હોવા છતાં મમ્મીએ કોઈ દિવસ પપ્પાની કમી થવા દીધી નથી. હું મારી મમ્મીની ખૂબ જ આભારી રહીશ. પપ્પાના જવાથી ઘરમાં ખૂબ જ તકલીફો ભોગવવી પડતી હતી. અમારા ત્રણેય બહેનો ભણવાનો ખર્ચ બધી જવાબદારી કારણે મારી મમ્મી ઘરની બહાર



જઈ શકતા ન હોવાથી મારી બંને બહેનો ભણતર અધૂરું મૂકી નોકરી કરી. મમ્મીને મદદ કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા. થોડા સમય પછી મારી બહેનના લગ્ન થયા. અમે બહુ જ ખુશ હતા. પરંતુ અમારી ખુશી વધારે સમય ન રહેતા મારા બહેનના લગ્ન જીવનમાં ખૂબ જ મુશ્કેલી આવી પ્રેગન્સી દરમિયાન સાસરી પક્ષથી શારીરિક, માનસિક ત્રાસ પૈસાની માંગણી કરતા તેનાથી મારી બહેનનું સાતમાં મહિનામાં ગર્ભમાં બાળકનું મૃત્યુ થયું. તે દરમિયાન મારી બહેન અમારી સાથે રહેવા આવી ગયા. જેથી મારી મમ્મી ખૂબ ચિંતા થવા લાગી કે હવે શું થશે? ચિંતાના કારણે મમ્મીની તબિયત સારી ન રહેતી. પપ્પા જયારે મારી સગાઇ થઇ હતી ત્યારે મને ડર હતો કે મારી મમ્મી મારા લગ્ન કેવી રીતે કરશે? પરંતુ પપ્પા તમે આવ્યા પછી અમારા ઘરમાં ખૂબ જ ખુશીઓ આવી ગઈ. પપ્પા મને જરાય ડર લાગતો નથી કે હવે શું થશે જયારે મને પી.પી. સવાણીમાંથી દીદીનો ફોન આવ્યો કે તમારું ફોર્મ સિલેક્ટ થઇ ગયું છે તો હું મારા મમ્મી અને મારી દીદી ખૂબ જ ખુશ થયા.

પહેલીવાર મિટિંગમાં મળ્યા ત્યારે મને થયુ કે આટલા મોટા માણસની સામે હું કેમ બોલીશ? પરંતુ મહેશપપ્પા તમને જોઈ મને મારા પપ્પાની ઝલક દેખાઈ અને મારો બધો ડર દુર થઇ ગયો. પપ્પાની યાદ આવતી પપ્પા મને ખૂબ જ લાડથી રાખતા જેમ તમે પણ મને રાખો છો. મહેશપપ્પા અત્યારના સમયમાં મારા જો કોઈ સગા-વહાલા હોત તો પણ પોતાની દીકરી માનીને આટલું ન કરી શકતા હોત એટલું તમે અમારા માટે કરો છો. સાચે જ મહેશપપ્પા હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મારા લગ્ન મહેશપપ્પાના આશીર્વાદથી થઇ રહ્યા છે. તમે મને લગ્નજીવનની જરૂરીયાત વસ્તુ, કપડા, વાસણ, ઘરેણા, ઈલેક્ટ્રિક વસ્તુઓ મને મનગમતી આપી. હું ભગવાનને એટલી જ પ્રાર્થના કરીશ કે મારી જેવી બધી જ પિતાવિહોણી દીકરીને મહેશપપ્પા મળે.

**મહેશ પપ્પા દિલથી તમારો,**
**દીદીનો અને તમારા પરિવારનો ખૂબ જ આભાર.**

Thank you so much papa

I love you papa

**લિ. તમારી વહાલી દીકા,**
**પ્રિયા.**



## આશા લાલજીકુમાર પરમાર

જન્મતારીખઃ- ૧૦/૦૫/૧૯૯૪
પિતાની પુણ્યતિથિઃ-૨૯/૦૯/૨૦૦૭
માતાની પુણ્યતિથિઃ-૦૫/૧૦/૨૦૧૫



**Only for you my mahesh papa,**

પપ્પા તમારા માટે શું લખું? તે સમજાતું નથી. મારા મનમાં એટલું બધું છે કે ક્યાંથી શરૂઆત કરું? મારા પપ્પાને કેન્સર હોવાને કારણે અવસાન થયું હતું. તેમનું અવસાન થયા પછી હું બહુ જ ઉદાસ હતી. પપ્પા તમારા વગર મારી જિંદગી અધૂરી છે. મારા માટે તો મારા પપ્પા જ બધું હતા. અત્યારે હું મારા પપ્પાને બહુ જ યાદ કરું છું. કોઈ પણ છોકરીઓને તેના પપ્પા સાથે વાત કરતા જોવ ત્યારે મને ખૂબ જ ખોટું લાગે છે. મને એમ થાય કે મારા પપ્પા હોત તો હું પણ તેમની સાથે બધે ફરવા જાઉ. એમની પાસે લાડ કરું. મારા પપ્પા માટે બસ આટલું જ લખું છું. એમના માટે ગમે એટલું લખું તો પણ ઓછું પડે.

મહેશપપ્પા મળ્યા પછી મારી જિંદગી જ બદલાઈ ગઈ છે. પપ્પા મારી બધી જ જરૂરિયાત પૂરી કરે છે અને મારા મમ્મીના દવાખાનાનો ખર્ચો પણ ઉઠાવે છે. અમારા સગા પિતાની જેમ જ અમારું ધ્યાન રાખે છે. મહેશપપ્પા મને પિતાનો પૂરેપૂરો પ્રેમ આપે છે. પપ્પા તમે મારા ભગવાન બનીને મારા જીવનમાં આવ્યા છો. જે રીતે કૃષ્ણ ભગવાને નરસીંહમહેતાની લાજ રાખી હતી. તે જ રીતે તમે મારી બધી જ ઈચ્છાઓ પૂર્ણ કરી છે. જીવનમાં ક્યારેય જે વસ્તુઓ હું ખરીદી નહોતી શકતી એ તમે મને આપી છે. કદાચ મારા પપ્પા પણ આટલું ના કરી શકેત. પપ્પા તમે બધી જ દીકરીઓને એક સમાન માનો છો અને બધાને સરખો વહાલ કરો છો. તે અહેસાસ મને ખૂબ જ આનંદ આપે છે. મને પણ પપ્પા પાસેથી શીખવા મળ્યું છે કે બધા સાથે કઈ રીતે રહેવું. આજે પણ હું ખૂબ દુઃખી હોઉ ત્યારે મારા ભૂતકાળને યાદ કરીને હું પપ્પા સામે રડી લઉ છું અને જયારે હું રડતી હોઉ ત્યારે આવું આશ્વાસન આપે અને મને હસાવી દે છે. પપ્પાએ મારા માથા પર હાથ મુક્યો ત્યારે હું બહુ જ ખુશ થઈ.

I love you papa..
**જય રામાપીર પપ્પા.**
**લિ. તમારી લાડકી દીકરી, આશા.**





# સરવૈયા મિતલ વિજયભાઈ

જન્મતારીખ:- ૦૫/૦૪/૧૯૯૩
પિતાની પુણ્યતિથિ:-૦૨/૦૩/૨૦૦૯

***Dear papa,***
***My Mahesh papa.... I am alone without you papa, I love papa..***
***Jay ramapir,***

**મહેશપપ્પાને મારા કોટિ કોટિ પ્રણામ,**

તમારી દીકરી તમને સાચા મનથી આજ પત્ર લખી રહી છે. "પપ્પા" શબ્દ બહુ જ મોટો છે. દીકરી વહાલનો દરિયો છે. તેમના કાળજાનો કટકો હોય છે. મારી સુખ દુ:ખના ભાગીદાર ઈશ્વરે નીમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારા મમ્મી અને મારો ભાઈ છે દીકરીએ સાપનો ભારનો નહિ તુલસીનો ક્યારો છે.

તમે એક મહાન પિતા છો. તમે પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલી કેટલીય દીકરીઓના હૃદયમાં સ્થાન મેળવ્યું છે. મારા હૃદયમાં પણ તમારું સ્થાન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. મારું નામ મિતલ છે. હું ૧૧ માં ધોરણમાં ભણતી હતી ત્યારે મારા પિતાનું અવસાન થયું હતું. અમે ત્રણ બહેન અને એક મોટોભાઈ છે. મારા પિતાના અવસાન પછી બધી અમારી જવાબદારી મારા ભાઈ ઉપર આવી ગઈ હતી, અમે બધાને તનતોડ મહેનત કર્યા પછી અમે પપ્પાના ગયા પછી અમે અમારું મકાન બનાવ્યું. મારા ભાઈએ અમારા ત્રણ બહેનો માટે ઘણી જ મહેનત કરી છે. મારા ભાઈને નાની ઉંમરે જ તેમના પર બધી જવાબદારી આવી ગઈ હતી. મારા પપ્પાનો સ્વભાવ ખૂબ પ્રેમાળ હતો. મારા પિતા ચોથા માળેથી પડી ગયા હતા. તે દિવસે ૦૨/૦૩/૨૦૦૯ તારીખે રાત્રે ૮:૨૫ અમારા પપ્પા અમને બધાયને મૂકીને વૈકુંઠ ધામમાં જતા રહ્યા હતા. અમારા ઘરની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. અમે ત્રણેય બહેનો અને મારા મમ્મી ઘરે બેઠા ભરતકામ કરતા અને મારો ભાઈ હીરામાં જઈને અમે રાત-દિવસ મહેનત કરી અમે અમારા પપ્પાના ગયા પછી અમે એક નવું મકાન બનાવ્યું. મારા ભાઈએ અમને ત્રણેય બહેનોને ભણાવી અને અમારી બધી ઈચ્છાઓ પૂરી કરી છે. મારો ભાઈ ખૂબ જ સારો છે. આવો દેવતા જેવો ભાઈ બધી જ બહેનોને અને એક માંને આવો શ્રેષ્ઠ દીકરો મળે. મારા ભાઈએ હમણા મારી નાની બે બહેનના લગ્ન ૨૩/૦૫/૨૦૧૭માં લગ્ન કર્યા. ગયા વર્ષે. અમે પી.પી.સવાણીમાં ફોર્મ ભર્યું. થોડુંક મોડું થયું એટલે ફોર્મ સિલેક્ટ ન થયું અમે



થોડુક માથે દેવું કરીને એક ખર્ચ બે બહેનના લગ્ન કરી નાંખ્યા. આજે અમારો પરિવાર ખૂબ જ સુખી છે. અને શાંતિપૂર્વક જીવનજીવી રહ્યા છે. મહેશપપ્પા તમારો ખૂબ ખૂબ આભાર હું ઈશ્વરને હૃદયથી પ્રાર્થના કરું છું કે મારા મહેશપપ્પાને ભગવાન આવાજ સત્કાર્યો માટે લાંબુ આયુષ્ય આપે.

**દીકરી એટલે** દી. દિલ સાથે જોડાયેલો એક અતુટ શ્વાસ.
ક. કસ્તુરી ની જેમ સદાય મહેકતી અને મહેકાવતી.
રી. રિદ્ધિ-સિદ્ધિ આપનારી અને પરિવારને ઉજળો કરે એવી એક પરી.

**લિ. તમારી લાડકી દીકા,**
**સરવૈયા મિતલ.**





# રાણા મીનાક્ષી વસંતલાલ

જન્મતારીખ:- ૧૨/૧૧/૧૯૯૦
પિતાની પુણ્યતિથી:- ૧૧/૦૨/૧૯૯૬

મહેશપપ્પા તમે કહ્યું કે એવું નહિ કહેવાનું કે હું પપ્પા વગરની છું ત્યારે મને મારા પપ્પા તમારા સ્વરૂપમાં દેખાય છે તમે પણ મજામાં હશો હું પાંચ વર્ષની હતી ત્યારે મારા પપ્પાનું અવસાન થયું ત્યારે મારી બહેન સાત વર્ષની હતી અને અમારી બીજી બહેન છ વર્ષની હતી અને હું પાંચ વર્ષની હતી મારા મમ્મીની હાલત બહુ ખરાબ હતી તેથી અમારે અભ્યાસ છોડવો પડ્યો. અમે ત્રણ બહેનો કામ કરીને અમારું ગુજરાન ચલાવતા. મારી બે બહેન પરણી પછી મને તકલીફ પડી અમને મહેશપપ્પા વિશે જાણ થઇ એટલે કે અમને ભગવાન જેવા મહેશપપ્પા મળી આવ્યા ત્યારે લાગ્યું કે અમને અમારા પપ્પા નહિ પણ મારા પપ્પા જેવા મહેશપપ્પા મળી આવ્યા ત્યારે લાગ્યું કે એમનો અમારા પપ્પા નહિ પણ મારા પપ્પા જેવા મહેશપપ્પા મળી ગયા એટલે મારી મમ્મીનું ટેન્શન દૂર થઇ ગયું કેમકે ભગવાન જેવા મહેશપપ્પા મળ્યા હું બહુ ખુશ છું હું એમણે એમ કહેવા માગું છું કે દીકરી તો પારકી થાપણ પણ દીકરી ભાગ્યશાળી પણ એટલી કહેવાય છે. પપ્પા તમારી દીકરીને તમે ક્યારેય ભૂલશો નહિ. ૨૫ વર્ષ પછી પપ્પાનો પ્રેમ મળ્યો છે. ખૂબ જ ભાગ્યશાળી છું કે મને તમારા જેવા પપ્પા મળ્યા. મહેશપપ્પા અમને શોપીંગ બહુ જ સરસ કરાવી છે આવી શોપીંગ તો અમારા પપ્પા પણ ન કરાવી શકત. જેવા કપડા અમારે જોતા હતા તેવા તમે અપાવ્યા છે. અમારી પસંદગીનું તમે અમને આપ્યું છે તેવું દુનિયામાં કોઈ ન આપી શકે. સૌથી કીમતી વસ્તુ જે છે તે તમારો પ્રેમ છે પપ્પા જે અમને મળ્યો છે તેના માટે હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું કે તમે મને પપ્પા સ્વરૂપે મળ્યા છો.

પપ્પા મારાથી લેટર લખવામાં કઈ ભૂલ ચૂક થઇ હાય તો માફ કરજો. મારા વહાલા પપ્પા તમારી વહાલી દીકરી.

**લિ. તમારી લાડકી દીકા,**
**મીનાક્ષી.**



# હેમિલ્ટન સોફિયા બેન્જામીનભાઈ

જન્મતારીખઃ- ૦૫/૦૭/૧૯૯૦
પિતાની પુણ્યતિથિઃ- ૦૪/૧૧/૨૦૧૫



***Praise the lord papa***
***Dear dad, you are my hero, my role model the man who I always look up to and my dreams to become.***
***My Dearest papa,***

ઈસ દુનિયા મેં હર લડકી કા સપના હોતા હે કી ઉસકી શાદી બહુત અરછે સે હો. બહુત સે લોગ ઉસકી શાદી મેં આયે ઔર ઉસકો બહુત બ્લેસીંગ દે ઔર લડકી દુલ્હન બને મેરા ભી યે ડ્રીમ થા પાપા જો આપકે દ્વારા પુરા હો રહ હૈ.

મેરે પાપા કી ડેથ ૦૪/૧૧/૨૦૧૫ કે બાદ મુજકો લગા અબ મેરા કોઈ નહિ જો મેરે સબ ડ્રીમ કો પુરા કર પાયે ક્યોંકી હમ ફીનાસીયલી ઇતને સ્ટ્રોંગ નહિ થે કી શાદી કા ખર્ચા ઉઠા પાયે. ફિર મૈને શાદી કે બારે મેં સોચતા ભાઈ બંદ કર દિયા ફિર મુજે રાહુલ મિલા ઔર જબ ઉસને શાદી કી બાત કહી તો મૈને કહા હમ એબલ નહિ હૈ કી શાદી કા ખર્ચા કર પાયે ફિર જબ મૈને બાઈબલ ખોલી તો મુજકો એક વચન મિલા જિસમેં લિખા થા કી વહ તેરી સરી કલ્પનાઓ કો પુરી કરેગા. ફિર મૈને આપકે બારે મેં નેટ મેં સર્ચ કિયા ફિર આપ સે મિલકર બહુત અચ્છા લગા. પાપા આપ બહુત નમ્ર હૈ આપકે પાસ સબ કુછ હૈ પર એક ચીજ નહી વહ હૈ ઘમંડ, આપકી યે બાત મુજે બહુત પસંદ આઈ. મેં ભી આપકી તરહ બનના ચાહતી હું પાપા.

મેં ભી ચાહતી હું કી મેં બહુત લોગો કી સેવા કરું ઓર મેં લોગો કી ખુશીકા કારણ બનું પર મુજે અવસર નહી મિલા. લેકિન આપકો મિલકર બાત કરકે બહુત અચ્છા લગા. 'you are best father'. જબ આપ યે બોલતે હો કી મુજે Praise the lord papa બોલો તો મુજકો પાપા જૈસી feeling આતી હૈ એક અનજાન જગહ પર અપનાપન સા એહસાસ હોતા હૈ.

સચ મેં પાપા you are the best જો બિન બોલે સમજ જાતે હો કી મુજે ક્યાં પસંદ હૈ thank you papa to u my father, thanks for everything.



ભજન સંહિતા 18:28

**“હા તું હી મેરે દીપક કો જલાતા હૈ મેરા પરમેશ્વર યહોવા મેરે અંધેરે કો ઉજીયારા કર દેતા હૈ”**

ભજન સંહિતા ૨૦: ૪

**“વહ તેરે મન કી ઈરછા પૂરી કરે ઔર તેરી બારી ચૂકતી કો કુબૂલ કરે”**

**God Bless you Papa.**

**I Love You Papa.**

***Your Doughter***
***Sofiya Hemilton***
***Bhopal***



# વાઘેલા રિધ્ધિ ભરતભાઈ

જન્મતારીખઃ- ૦૧/૦૭/૧૯૯૬
પિતાની પુણ્યતિથીઃ- ૨૦/૦૬/૨૦૦૯



જય રામાપીર,

હું વાઘેલા રિધ્ધિ ભરતભાઈ મહેશપપ્પાને હદયથી મારી લાગણીઓ વિશે થોડું કહેવા માંગુ છું અને હદયથી મહેશપપ્પાનો આભાર વ્યક્ત કરું છું.

***Dear papa........***

પપ્પા બધા લોકો એવું માને છે કે ભગવાન પાસે ગયેલા લોકો ક્યારેય પાછા ફરતા નથી. પરંતુ ભગવાને મને કુદરતના નિયમોની વિરુધ્ધ જઈને મહેશપપ્પાના સ્વરૂપમાં મારા પપ્પાને આપ્યા. હું મહેશપપ્પામાં મારા પપ્પાને મહેસૂસ કરું છું પપ્પા તમે મારી લાઈફમાં આવીને મને ખૂબ જ ખુશીઓ આપી છે. તેથી હું દિલથી તમારો આભાર વ્યક્ત કરું છું.

પપ્પા હવેથી તમે જ મારા પપ્પા છો મારી પપ્પા સાથેની પહેલી મુલાકાત ઓફિસમાં થઈ હતી. પછી થી જાણે કે તમે મને બોલ્યા હતા. “દીકા” કે જે શબ્દ સાંભળ્યો તેના વર્ષો વીતી ગયા હતા. તે શબ્દો પાછા સાંભળવા મળ્યા મેં સપનામાં પણ નહોતું વિચાર્યું કે મને ફરીથી પિતાનો પ્રેમ મળશે....... પપ્પા તમે મારી સાથે વાત કરી અને મને કહ્યું કે આજથી હું તારા પપ્પા છું. દિકા તારે કોઈ દિવસ ટેન્શન લેવાની જરૂર નથી. પછી થી મારી તો જિંદગી જ બદલાઈ ગઈ છે.

***Thanks alot dear papa..***

***for coming in my life..***

દુનિયામાં બધા જ લોકો પણ ખુશ નથી હોતા. બધા જ લોકોને સુખ અને દુઃખનો સામનો કરવો જ પડે છે. આવામાં મારો પણ સમાવેશ થાય છે.

મારા ઘરમાં મારા પપ્પા, મમ્મી અને મરાઠી મોટોભાઈને મારી દીદી અમે બધા જ ખુશીથી રહેતા હતા. પછી સમય જતા ભાઈ અને દીદીના મેરેજ કર્યા. હું પણ બોવ જ ખુશ હતી એવામાં અચાનક મેરેજના એક મહિના પછી પપ્પા અમને છોડીને ચાલ્યા ગયા.

એવું કેમ હોય છે. જેણે આપણે વધારે પ્રેમ કરીએ છીએ તે જ આપણને છોડીને ચાલ્યા જય છે. મારા પપ્પાનું અવસાન થયાને આજે ૯ વર્ષ થયા છે. હું



અને મારો પરિવાર આજે પણ તેમને નથી ભૂલ્યા.....

***I Miss you papa..***

છેલ્લે બસ આટલું જ કહીશ મહેશપપ્પા તમે જે મારા માટે કર્યું છે. તે શબ્દોમાં કહી શકાય તેમ નથી. તમે મારા માટે જીવનમાં સૂર્યની જેમ આવી બધો અંધકાર દૂર કર્યો છે.

ભગવાનને એવી જ પ્રાર્થના કરું છું કે તમે હંમેશા ખુશ રહો અને અમે બધી જ દીકરીઓ પણ ખુશ રહીએ એવા આશીર્વાદ આપો. તમારી છત્રછાયામાંથી અમને કદી ન કરતા. પપ્પા,

Thank you so much papa...
My papa is best in life in the world..
I love you papa..
I miss you papa..

**લિ. તમારી વહાલી દિકા,**

**રિધ્ધિ.**



# કાછડિયા દક્ષા ભીખુભાઈ

જન્મતારીખઃ- ૨૮/૦૪/૧૯૮૩
પિતાની પુણ્યતિથિઃ- ૦૩/૦૬/૧૯૮૬



**My Dear Papa**

દરિયાને જેમ પાણી વગર નથી ચાલતું,
સૂર્યને જેમ કિરણ વગર નથી ચાલતું,
તેવી જ રીતે મને પણ મારા પપ્પા વગર નથી
ચાલતું.

I Love you so... much papa...

જય શ્રી કૃષ્ણ મહેશપપ્પા. મારા મનમાં પપ્પા વિષે જે પ્રેમ છે, જે લાગણી છે, તે વ્યક્ત કરવા માટે કદાચ આ પત્રમાં શબ્દ પણ ઓછા પડશે.

હું અહીં મારા બાળપણની થોડી વાત કરવા માગું છું. જયારે મારા બાપુજીનું અવસાન થયું, ત્યારે મારી ઉમર માત્ર ૩ વર્ષની જ હતી. બાપુજીના અવસાન દરમિયાન મારા પરિવારની પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. તેઓ ખેતીકામ કરતા. તેનું જયારે અવસાન થયું ત્યારે મારા પરિવારની અંદર અચાનક અંધારું છવાઈ ગયું, ત્યારે મારા મોટાભાઈ ધોરણ ૮માં ભણતા હતાં. તેણે ભણવાનું છોડીને હીરા ઘસવાનું શરૂ કર્યું. ત્યાર બાદ મારી મોટી બહેનના લગ્ન કર્યા અને પછી મેં પણ ધોરણ ૧૦નો અભ્યાસ છોડીને મારા મમ્મીને ખેતીકામમાં મદદ કરવાનું પસંદ કર્યું. જયારે હું નાની હતી, ત્યારે મને ખબર પણ ન હતી કે પપ્પાનો પ્રેમ શું હોય ? મને પણ એવું થતું કે કદાચ જો મારા પપ્પા હોત, તો હું પણ તેની ગોદમાં બેસીને પ્રેમથી બધી વાતો કરું. પપ્પાની ગેરહાજરીમાં ખૂબ જ દુઃખ લાગતું હતું. મહેશભાઈ મારા ભાઈ હોવા છતાં પપ્પા શબ્દ સંબોધવા કહ્યું અને હું જે શબ્દ બોલવા ઈચ્છતી હતી એ શબ્દ મને આપ્યો એ જ મારી મોટામાં મોટી ભેટ છે.

મારા પપ્પા વિષે તો હું શું કહું ? પહેલા વિવાહ પાંચ ફેરાના, સંબંધ ભવોભવના, લાગણીના વાવેતર, સંવેદના એક દીકરીની, દીકરી દિલનો દીવો, આ નામ જોતા ખબર પડે કે મારા પપ્પાની લાગણીઓ કેવી હશે? અને આ વાત તે જ દીકરી સમજી શકે જેણે મહેશપપ્પા સાથે સંબંધ હોય,



**“એક દો આંગન ગુજરા મીઠા સૂર ભરી શરણાઈ,**
**પાનેતરમાં લાડકીને જાણે લજામણી શરમાઈ,**
**કંકુ ભીના પહલા પડતા લઈ જશે એનો છેલ,**
**દીકરી મારા ઘરનો દીવો અંજવાળાની હેલ,**
**દીકરી એટલે રોજ દિવાળી સુખની રેલમ છેલ”.**

આ કવિની કલ્પના પણ ઓછી પડે એવા મારા પપ્પાના વિચાર છે.

**“લઈને આવી કેટલું પૂછે દુનિયા એટલું,**
**પૂછો તો ખરા કેટલું છોડીને આવી છે,**
**પોતાના છોડ્યાને છોડી દીધા વતન.”**

આવી વિદાયને મારા પપ્પા સમજી શકે છે. એનો મને બહુ જ આનંદ છે Thank you so much papa. અમારી લાઈફમાં આવવા બદલ અને અમારું બધું જ ટેન્સન દુર કરવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર.

હું હવે છેલ્લે એટલું જ કહેવા માંગુ છું કે પપ્પા તમે મારા જીવનમાં ભગવાન બનીને આવ્યા છો. તમારામાં અમને સાચા પિતાના દર્શન થાય છે. પપ્પા જયારે મને દીકા કહીને બોલાવે છે ત્યારે મને ખૂબ જ ખુશી થાય છે. પપ્પા તમારા વિષે લખવા જતાં કાગળ અને કલમ પણ ઓછાં પડે છે તેવા મારા પપ્પા દુનિયાના બેસ્ટ પપ્પા છો.

જેનો ઉલ્લેખ કાગળ કે પેનથી નહિ થાય એ તો મારું દિલ જ જાણે કે પપ્પાનો પ્રેમ કેવો હોય ??

**લિ. તમારી વહાલી દીકા**
**દક્ષા.**
**જય શ્રી કૃષ્ણ**



## તરસરિયા મમતા ધનજીભાઈ

જન્મતારીખઃ- ૦૨/૦૬/૧૯૮૮
પિતાની પુણ્યતિથિઃ- ૦૬/૦૨/૨૦૧૨



**જય સ્વામીનારાયણ**
**જય રામદેવપીર**

**મંજિલ દર અને સફર ઘણી બધી છે**
**નાનકડી આ જીંદગીમાં ફિકર ઘણી બધી છે**
**આ દુનિયા ઓ ક્યાર ની મારી નાખત**
**પણ `પિતા`ના પ્રેમની અસર ઘણી બધી છે**
**કહેવાય છે કે પિતા પરમાત્માનું બીજું રૂપ છે**
**તેવી જ રીતે મારા પપ્પા પણ  મારા માટે**

સાક્ષાત પરમાત્મા જ હતા. હું વિચારું છું કે પપ્પા વિષે તો કંઈ કહેવાની જરૂર પડે..? એતો સૌ જાણતા જ હોય છે કોઈ કદાચ લખી પણ ના શકે પપ્પા વિષે લેખ. લેખ કાગળમાં નહિ પણ હ્રદય માં હોય છેએ પણ એક દીકરી ના હદય માં કેમ કે પિતા દુનિયામાં સર્વ શ્રેષ્ઠ હોય છે.મારા પરિવારમાં ૩ બહેન અને ૨ ભાઈ એમ ૫ ભાઈ બહેન. એમાં હું સૌથી નાની અને મારા પપ્પા મને ખુબજ લાડલડાવી બહુ જ વહાલ કરતા હતા. ને મને બેટા કહી ને બોલાવતા હતા મારા માટે બેટા શબ્દ બહુ જ અમૂલ્ય છે મને કોઈ બેટા કહીને બોલાવે ત્યારે મને મારા પપ્પાની મને બહુ જ યાદ આવે છે ને કોઈ દીકરીને બેટા કહીને બોલાવે મારા મનને એ દુઃખ લાગે કે કે કદાચ મારા પિતાનો પ્રેમ, પિતાનો સ્નેહ અને પિતાના લાડકોડ અને બેટા કહી ને બોલાવવું એ કદાચ ભગવાન ને નહિ મંજૂર હોય મારા પપ્પા મને છોડી ને ગયા પછી મને મારી જીંદગીમાં આ દુનિયામાં કોઈ નથી એવું લાગે જીંદગીમાં હસી ને રહેવાની મજા આજે આંખ ભીંજવી ગઈ પપ્પા હોય તો જીંદગીની ફૂલ્કિત ખીલેલી રહે છે પણ જયારે પપ્પાનો સાથ અમારી સાથેન હોય ત્યારે એક એવો એહસાસ થાય છે કે કેમ અમારી સાથે આવું થયું હશે ભગવાને કેમ મારી સાથે આવું કર્યું હશે હું પ્રભુને પ્રાર્થના કરું કે પપ્પાનું દુઃખ કડી કોઈ ને ન આપજો. પપ્પાની છત્રછાયા વગર આજે એક દીકરી ભલે ને બંગલા માં રેહતી હોય અને ખુશી હોય અને બહુ જ ખુશ હોય પણ તોઈ તે એ હદયમાં દુઃખી જ હોય છે કેમ કે તેમને પણ પપ્પાની છત્રછાયાની જરૂર હોય છે



**પિતા:**

થાક ઘણો હતો ચેહરા પર પણ,
અમારી ખુશી માટે અનહદ પરીશ્રમ કરતા જોયા છે
આંખમાં ઊંઘ હતી ઘણી છતાં પણ,
ચિંતા માં જાગતા જ જોયા છે
તકલીફો ચારે બાજુથી હતી પણ!
હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જ રહ્યા છે

કોઈને તકલીફ વર્ણવતા ન હતા, પણ અડધી રાતે ખુલ્લી આંખે અમારા ભવિષ્ય ના સપના સજાવતા જોયા છે.

પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે એ ખુશી માટે પોતાના સમણાઓને રોળાતાં જોયા છે અમારી પસંદગીને અપનાવતા જોયા છે વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે. "પપ્પા" શબ્દ વિષે હું શું કહું કારણ કે માતાના માતૃત્વ વિષે તો સાહિત્યકારો લેખકો અને કવિઓ બધા જ લખી શકે છે પણ વાત જયારે એક પિતાની આવે ત્યારે ભલભલાની કલમ રોકાય જાય છે. દીકરી અને પિતા વચ્ચેની વેદનાઓ અને ભાવનાઓનો ઉલ્લેખ કોઈ કરી શકાતો નથી તે તો માત્ર દિલમાં જ રહે છે. પ્રેમ શબ્દ જે બોલી ને નહિ પરંતુ જતાવી ને જીવે છે એ અસામાન્ય વ્યક્તિ છે તે પિતા . પોતાના સંતાન ને દુનિયા અને દુનિયા દારી બંને કોમળતા અને કઠોરતા બેલેન્સ કરીને શીખવાડે છે.તે દુનિયાના શ્રેષ્ઠ શિક્ષક છે.તે પિતા.પોતાના પરિવારને સુરક્ષિત રાખીને પણ એમને નવા રસ્તાની દિશાઓ શોધવા સ્વતંત્રતા આપતા પરિવારના છત્ર છે. તે પિતા પોતાનાં સંતાનોને સાચા-ખોટાનો ભેદ સમજાવી ભૂલ કરવાની છૂટ આપતા પોતાની ભૂલ માંથી નવો પાઠ ભણાવતા શીખવાડતાં અને જરૂર પડે નાની-મોટી સજા આપીને સાચા રસ્તે વાળતાં તે દોસ્તો હમદર્દ ફિલોસોફર અને પંથદર્શક છે.તે પિતા.

મા વિશે તો આપણે જેટલું કહીએ એટલું ઓછું છે.પરંતુ આપણા સાહિત્યમાં કે લેખોમાં પિતા વિશે ઓછુ લખવામાં આવ્યું છે. અને જે લખાવ્યું છે.તે ખુબ ઓછા લોકો દ્વારા વંચાયું છે.

અને પાછળ એક કારણ એ પણ હોય શકે છે.આપણા સમાજમાં પુરુષના ઘરનાં મોભી પાલનહાર કપરા સમયમાં પણ તટસ્થ રહેનાર વ્યક્તિ તેમજ જવાબદારી ઓને પૂર્ણ કરતી વ્યક્તિ તરીકે જોવામાં અને આલેખવામાં આવે છે. પરંતુ આ કઠોર વ્યક્તિમાં પણ એક કોમળ હદય છુપાયેલું છે. એક પુરુષ અથવા એક પિતા કોને કહેવાય તેની સૌથી સારી વ્યાખ્યા એક દીકરી કરતા વધુ સારી કોઈ આપી જ ના શકે દરેક પિતા તેની દીકરી ને સારા



ઘર માં પરણાવા ઈચ્છતા હોય છે. આથી દીકરી પરણી ને સાસરે જાય છે ત્યારે વિદાય સમયે દીકરી દુ:ખી હોય છે કે તે પપ્પા નો સાથ છોડી ને પપ્પા નું આંગણું છોડી ને ચાલી જાય છે. ત્યારે એક પિતા એટલા રડતા હોય છે ને રડતા રડતા દીકરી ને આશીર્વાદ આપતા હોય છે જા દીકરી તું સુખી થા અને કુળ ની લાજ રાખજે પણ દીકરી ને આવા આશીર્વાદ આપવા હોય ત્યારે વિદાય વખતે પપ્પા સાથે ના હોય તો..? તે દીકરી કેટલી દુ:ખી હોય છે જયારે આજે દુ:ખી દીકરી ને આશીર્વાદ આપવા મહેશપપ્પા આવીને પપ્પાનો પ્રેમ, પપ્પાની હુંફ આપી પપ્પા નો સહારો આપી ને સારી જવાબદારી લઈ દીકરીઓને સારી વસ્તુ લઈ અને દીકરીઓને કન્યાદાન કરી એક પપ્પાનો પ્રેમ આપી કેટલી દીકરી ને વિદાય આપીને સારી રીતે સાસરે મોકલીને એ દીકરીઓ મહેશપપ્પા ને thank you કહે છે. આજે હું પણ મહેશપપ્પાને thank you કહેવા માગું છું. મહેશપપ્પા આજે કેટલી બધી દીકરી ના લગ્ન કરાવે છે તે માટે હું ભગવાનને પ્રાથના કરીશ કે "મહેશપપ્પાને સારી સંપતી અને લાંબી ઉમર આપી તે સારા કામ કરાવે પ્રભુ પાસે મારી પ્રાથના"

**"પિતા"**

માના નામ અને અટક વચ્ચે જેનું નામ શોભે છે તે પિતા જેણે આંગળી પકડીને ચાલતા શીખવાડ્યું જવાબદારી અંદ સંસ્કાર નો પાઠ શીખવાડ્યો તે પિતા કર્તવ્ય ના પાલક, સ્નેહ ના પોષક તે પિતા મારા ગુરુ જનક રક્ષક ને ભાગ્ય વિધાતા તે પિતા

પ્રદર્શિતના થતો અનંત પ્રેમ તે પિતા જીવન અને શક્તિ દાતા પરિવારનું અનુશાસન તે પિતા જીવનભર જગત માં મારી ઓળખાણ તે પિતા

love you papa

**લી.તમારી દિકા**
**મમતા**



# પાપા નું પારેવડું





પાપાનું પારેવડું ને માતાનું લાડકડું
પાંખો આવે ઊડી જશે છોડીને મૈયરિયું
    હરતું ફરતું, કિલ્લોલ કરતું ,
    નાની ગલિઓમાં રમતું ભમતું,
    એનો માળો તૂટશે, માયા છૂટશે.
    એ જાણીને થરથર ધ્રૂજતું...
કોયલ, કબુતર, કાબર, ચકલી
ઘૂ ઘૂ કરતા આંબલી પીપળી
આ ઢેલડી જશે મોરના દેશે,
કિલકાર એનો કાનોમાં રેશે...
    કુદરત તારી કેવી કરામત,
    આજે મારી કાલે એની અમાનત
    પાપા પાસે જંખે, મા પાસે ફફડે
    અંતે પારેવડું મનને મનાવે...
પાપાનું પારેવડું ને માતાનું લાડકડું
પાંખો આવે ઊડી જશે છોડી ને મૈયરિયું

ગીતઃ યોગિતા પટેલ





ISBN : 978-93-83944-38-5

RUDRA PUBLICATION

9 789383 944385

RNI No. : GUJGUJ/2006/21077
શિક્ષા સાગર

Printing Design By +91 9825108550